ભાવી બારમા તિર્થંકર

# શ્રી અમમસ્વામિ ચરિત્ર

ભાગ. ૧



અનુવાદકઃ- મુનિ ભાનુચંદ્રવિજય.

## એક નવું પ્રકાશન.....

પ્રાકૃત વિજ્ઞાન પાઠમાળાથી પ્રાકૃત ભાષા[illegible]અભ્યાસીઓ હવે અજાણ્યુ રહ્યા ન[illegible]આવૃત્તિ પૂર્ણ થતાં અનેકવિધ સુધારા-વધારા સાથે તૃતિયાવૃત્તિનું પ્રકાશન કાર્ય પૂર્ણ થયું છે તો અભ્યાસીઓએ વહેલાસર મંગાવી લેવા ધ્યાન રાખવા જેવું છે.

કિંમત : રૂા. ૫-૦૦ (પોસ્ટેજ અલગ)

## પૂર્વ પ્રકાશિત

**૧ અભિધાન ચિંતામણીકોષ—**

આ કોષનાં ત્રણ ચાર-પૂર્વનાં પ્રકાશનો કરતાં અનેક પરિશિષ્ટો, અભિધાન બીજું, શેષ શિલોંછ, પંચવર્ગ પરિહાર, નામમાલાદિ, તથા વિસ્તૃત અનુક્રમણિકાદિ વિવિધ સામગ્રીયુક્ત ચંદ્રોદય ગુર્જર ટીકાયુક્ત. આ પ્રકાશન વધાવવા યોગ્ય છે.

[illegible]૦-૦૦ (પોસ્ટેજ અલગ)

[illegible]ણુ કહાઃ

[illegible] પ્રાથમિક અભ્યાસીઓને [illegible] સહાયક બનનાર આ કથા-સંદોહના વાચનની અભ્યાસકોને ખાસ જરૂર લાગે છે.

કિંમતઃ રૂા. ૩-૦૦ (પોસ્ટેજ અલગ)

પ્રાપ્તિસ્થાન—

**જસવંતલાલ ગિરધરલાલ શાહ**

૩૦૯/૪ ડોશીવાડાની પોળ, અમદાવાદ-૧

પૂજ્યપાદ વિજય-નેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરિસદ્‌ગુરુભ્યો નમઃ

—શ્રીમદાચાર્ય મુનિરત્નસૂરિ વિરચિત—

ભાવિ જિનેશ્વર

# શ્રી અમમસ્વામિ ચરિત્ર

## ભા. ૧

( ગુજરાતી ભાષાંતર )

卐

ભાષાંતરકર્તા

મુનિશ્રી ભાનુચંદ્રવિજયજી

★

કીંમત ૪-૦૦

---

યશોન્દુ પ્રકાશન ૧૯૬૩ :: ગ્રંથ ૧૪

પ્રકાશક
જસવંતલાલ ગીરધરલાલ શાહ
૧૪૭, તંબોળીનો ખાંચો
ડોશીવાડાની પોળ, અમદાવાદ.

પ્રાપ્તિસ્થાન

૧. **જૈન પ્રકાશન મંદિર**
૩૦૯-૪ ડોશીવાડાની પોળ,
ખત્રીની ખડકી-**અમદાવાદ.**

૨. **રતીલાલ બાદરચંદ**
ડોશીવાડાની પોળ-**અમદાવાદ.**

૩. **સરસ્વતી પુસ્તક ભંડાર**
હાથીખાના, રતનપોળ-**અમદાવાદ**

૪. **શ્રી સોમચંદ ડી. શાહ**
જીવનનિવાસ સામે-**પાલીતાણા.**

૫. **શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર**
ઠે. ગોડીજીની ચાલ, કીકાસ્ટ્રીટ, **મુંબઈ-૨**

પ્રથમાવૃત્તિ

વીર સંવત ૨૪૮૯ — વિક્રમ સંવત ૨૦૧૯
ઈ. સન ૧૯૬૩ — ધનતેરશ.

સર્વ હક્ક પ્રકાશકના છે.

મુદ્રક :
મણીલાલ છગનલાલ શાહ
નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસ
ઘીકાંટારોડ :: અમદાવાદ.

# સમર્પણ

જેઓની શિતળ છાયાએ,
વાણીએ, સ્નેહની લાગણીઓએ
મને સંયમમાર્ગની આરાધનામાં
સ્થિર બનાવ્યો એવા
પ.પૂ. શાંતમૂર્તિ, સમયજ્ઞ, ભવોદધિતારક
આચાર્ય મહારાજ શ્રીમદ્

**વિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજ સાહેબના**
**કર કમલમાં.**

---

આપનો શિશુ
ભાનુચંદ્ર

# પ્રકાશકીય–નિવેદન

જગતના સમસ્ત જીવોનું કલ્યાણ કરવાની ભાવનાવાળા ભૂત–ભવિષ્ય અને વર્તમાનકાળના સર્વ તીર્થંકર ભગવંતોને નમસ્કાર થાઓ.

પોતાના જન્મના ત્રીજા ભવમાં વીશસ્થાનક તપનું વિધિપૂર્વક આરાધન કરીને જગતના સર્વ જીવોનું કલ્યાણ કરવાની ભાવના હૃદયમાં રાખીને તીર્થંકર નામકર્મ જેઓએ ઉપાર્જન કર્યું છે. તેવા તથા

તીર્થંકર નામકર્મ બાંધ્યા પછી યથાયોગ્ય સમયે તે પદ ભોગવતા સમસ્ત પૃથ્વીતલ પર વિચરી, જગતના સર્વ જીવોને ઉપદેશ આપી, તેમાંના લગભગ ઘણા જીવોનું ઉત્કૃષ્ટ જીવન બનાવનાર તે તીર્થંકર કહેવાય છે.

જૈન શાસ્ત્રમાં ભૂતકાળમાં ઘણા તીર્થંકરો થઈ ગયા છે. ભાવિમાં પણ અનંત તીર્થંકરો થશે અને વર્તમાનમાં શ્રી સીમંધરસ્વામિ પ્રમુખ ૨૦ તીર્થંકરો છે. તે તે તીર્થંકરો જગતના સમસ્ત જીવોના હૃદયના ભાવો સારી રીતે જાણે છે. અને પ્રકાશે છે.

સામાન્ય રીતે ઉત્સર્પિણી અને અવસર્પિણીના ૬–૬ વિભાગ કરવામાં આવ્યા છે. તેમાં ૬ વિભાગ–આરા ચડતા કાળના અને ૬ વિભાગ–આરા પડતા કાળના કહ્યા છે.

આવા દરેક વિભાગ–આરામાં ૨૪–૨૪ તીર્થંકરો જ જગતના જીવોના કલ્યાણ કરવાને તે તે સમયે જ્યારે જ્યારે તેઓ જે કાળમાં હયાત હોય તે તે કાળમાં પોતાનું શાસન પ્રવર્તાવે છે, અને તેમાં પ્રથમ સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકારૂપ–શ્રી ચતુર્વિધ શ્રી સંઘની સ્થાપના કરે છે અને તે શ્રી સંઘ કેમ આગળ વધે, આગળ વધીને શાસનની શોભા કેમ વધારે, તે તે રીતે તેઓને પોતાના સદુપદેશદ્વારા આગળ લાવે છે.

જેમ રાજા પોતાની પ્રજાનું ન્યાયપૂર્વક પાલન કરે છે અને તેથીજ તે નૃપ શબ્દ કહેવાને માટે લાયક બને છે અને **'नून् पाति इति नृपः'** એ વ્યુત્પત્તિથી એટલે સમસ્ત પ્રાણીઓનું રક્ષણ કરે તે રાજા. આ વ્યુત્પત્તિને સિદ્ધ કરે છે.

સામાન્ય રીતે દરેક કાળમાં, દરેક **આરામાં** લગભગ બધા જ ધર્મોમાં ૨૪ ની સંખ્યાવાળા ઉત્તમ પુરૂષો હોય છે, પણ કોઈ કાળમાં તેથી વધારે ઉત્તમ પુરૂષો પ્રાયઃ હોતા નથી.

**જેમકે,** વિષ્ણુ લોકોમાં ૨૪ આવતારરૂપે તે ૨૪ ને માને છે. મુસલમાન લોકો તે તે ઉત્તમ ૨૪ પયગંબરો માને છે. તેમ **જૈનો** ૨૪ તીર્થંકરોને માને છે.

આગામી કાળના ૨૪ તીર્થંકરો પૈકી આ શ્રી ૧૨ મા **અમમ** નામના શ્રી તીર્થંકર ભગવંતનું જીવન ચરિત્ર પૂજ્ય આચાર્યશ્રી મુનિસુંદરસૂરિજીએ શ્લોકબદ્ધ બનાવેલ છે, તે ચરિત્ર શ્લોકબદ્ધ હોવાના કારણે સામાન્ય જ્ઞાની જીવો તેનો યથાયોગ્ય સ્વયં બોધ ન પામી શકે તે સાહજિક છે.

આવા અલ્પજ્ઞાની જીવોના બોધને માટે સુંદર અને સરળ છતાં રોમાંચક શૈલિથી તેનો ગુજરાતીમાં અનુવાદ કરવામાં આવ્યો છે.

આ અનુવાદ પૂજ્યપાદ આચાયશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજશ્રીના પ્રશિષ્ય શ્રી ભાનુચંદ્રવિજયજીએ ખૂબ પરિશ્રમદ્વારા તૈયાર કરેલ છે. તેઓનો આવો સુંદર પ્રયાસ ખરેખર પ્રશસ્ય છે.

આ અનુવાદમાં ભાવિ–જિનશ્રી અમમસ્વામીના દરેકે દરેક ભવોનું–તે તે ભવોમાં તેઓએ કેવા કેવા કાર્યો તથા જનહિત આદિ જે જે કર્યું છે, તે સંપૂર્ણતઃ સારી રીતે સમજાવ્યું છે.

પૂ. ભાનુચંદ્રવિજયજી મહારાજશ્રીએ આવો સુંદર અનુવાદ આ ગ્રંથનો તૈયાર કરી લોક ભોગ્ય બનાવ્યો છે તે બદલ સમસ્ત વાચક ગણ તેઓશ્રીનો પ્રયાસ આ અનુવાદ વાંચી સફળ બનાવશે તેવી આશા રાખવામાં આવે છે.

પ્રાન્તે આ અનુવાદમાં કંઈ પણ જીનાગમ વિરૂદ્ધ લખાયું હોય અથવા દૃષ્ટિદોષથી યા પ્રેસ દોષથી જે કંઈ ત્રુટી રહી હોય તે સુધારી વાચક ગણ અમોને ક્ષમા આપશે. એજ

—પ્રકાશક.


# શ્રી વિવિધ પૂજા સંગ્રહ

(ભાગ ૧ થી ૧૧)

પં. વીરવિજયજી, પં. રૂપવિજયજી, શ્રી લક્ષ્મીસૂરિજી ઉ. યશોવિજયજી આદિ અનેક પૂર્વાચાર્યોવિરચિત તથા અર્વાચીન મુનિ મહારાજાઓની બનાવેલી પૂજાઓનો સંગ્રહ,

પૃષ્ટ ૮૫૬ દ્વિરંગી ભાવવાહી જેકેટ સુંદર કાગળ
પાકુ બાઈન્ડીંગ, મૂલ્ય રૂા. ૬=૦૦

વિવિધ પૂજા સંગ્રહ ભાગ ૧ થી ૬ રૂા. ૩=૫૦
" " " " ૧ થી ૯ રૂા. ૫=૦૦

જૈન ધર્મના દરેક ભાષાનાં દરેક વિષયના પુસ્તકો
માટે પૂછાવો :

**જૈન પ્રકાશન મંદિર**

૩૦૯૪, દોશીવાડાની પોળ અમદાવાદ–૧

# નૈવેદ્ય

મારા સંયમ જીવનના શૈશવકાળ દરમિયાન કથાઓ વાંચવામાં સાંભળવામાં આવતી. સમયના પસાર થવાની સાથે એવી સાંભળેલી, વાંચેલી, ધાર્મિક, સામાજીક અને નૈતિક જીવન ઉત્થાનની કથાઓને નવા વાઘાઓ પહેરાવીને મેં વાંચકો સમક્ષ મૂકી છે.

પણ, આ પુસ્તક તમારા હાથમાં આવે છે. તે તો મારા જીવનની અનેક વિટંબનાઓ માંહેનું એક છે. કારણ કે જ્યારે લખવા માટે પ. પૂ. સમર્થ વ્યાખ્યાનકાર, કવિરત્ન, પન્યાસ પ્રવર યશોભદ્રવિજયજી મહારાજે મને પ્રેરણા આપી, ત્યારે મને લાગ્યું, અને મેં કહ્યું પણ ખરું કે આ મહાન ગ્રંથના દશ હજારથી અધિક શ્લોકોનું ભાષાંતર ગુજરાતીમાં કરવું.

તે તો મારી શક્તિ બહારની વાત છે. વળી ચાતુર્માસમાં અનેક પ્રકારની પ્રવૃત્તિઓમાં ભગીરથ કાર્ય થવું મુશ્કેલ છે. પરંતુ તેઓની અનહદ લાગણી અને મમતાએ મારા ઉપર જીત મેળવી, મેં શ્રી અમમસ્વામિ (મહાકાવ્ય)નું ભાષાંતર કરવાનો વિચાર અમલમાં મૂક્યો, જેમ જેમ ભાષાંતરનું કાર્ય આગળ વધતું ચાલ્યું. તેમ તેમ તે ગ્રંથમાં આવતા તમામ કથાનકોમાં અત્યંત મનોહર આનંદ અનુભવવા લાગ્યો, જેનું વર્ણન હું કરી શકું તેમ નથી. પણ મારા આ પ્રયાસનો સર્વાંગી નિચોડ વાંચકો જ આપશે.

હું સિદ્ધહસ્ત લેખક નથી, તેમ મેં આ મહાકાવ્યનું ભાષાંતર કરવામાં જરાપણ છૂટછાટ લીધી નથી. પ્રથમ ભાગ સર્ગ ૧ થી ૫ સુધી લખાઈ છપાઈ બે મહિનાના અલ્પ સમયમાં બહાર પડે છે.

તે તો ઘણો અલ્પ સમય કહેવાય જેથી સ્ખલના થવાનો સંભવ રહેલ છે.

સુજ્ઞ વાંચકો આ પુસ્તકમાં રહેલી ક્ષતિઓ દર્શાવે તો બીજી આવૃત્તિમાં યોગ્ય સુધારા વધારા કરી શકાય.

મારા આ અલ્પ પ્રયત્નને વાંચકો વધાવી લેશે. એજ શુભંભવતુ.

વિલા-પારલા
મુંબઈ
૨૦૧૯ ધનતેરશ.

ભાનુચંદ્રવિજય


અમારૂં નવું પ્રકાશન

**શ્રી જિનેન્દ્ર દર્શન ચોવીશી તથા અનાનુપૂર્વી**

**( બીજી આવૃત્તિ )**

સંપૂર્ણ પરિકર સાથેના ચોવીશ ભગવાન તથા ગૌતમસ્વામી, સિદ્ધચક્ર, વીશ સ્થાનક, ઘંટાકર્ણ, માણિભદ્ર, પદ્માવતીદેવી, ચક્રેશ્વરીદેવી તથા અંબિકાદેવીના પૂર્ણ રંગી ચિત્રો સાથે, ભારે આર્ટ પેપર ઉપર સુઘડ છપાઈ સાથે, કિંમત ૧=૫૦ નયા પૈસા. વધુ લેનારને યોગ્ય કમિશન આપવામાં આવશે. જુજ નકલો સીલીકમાં રહી છે. નવી આવૃત્તિ સુધારા–વધારા સાથે, ૪૪ ચિત્રો સાથે પાંચપદ તથા નવપદની અનાનુપૂર્વી સાથે ટૂંક સમયમાં બહાર પડશે.

**જૈન પ્રકાશન મંદિર**

૩૦૯।૪ દોશીવાડાની પોળ, અમદાવાદ.

### શ્રીમદાચાર્ય મુનિરત્નસૂરિ વિરચિત પ્રાચીન તાડપત્રીય

# ભાવિજિનેશ્વર શ્રી અમમસ્વામિ ચરિત્ર

## ગુજરાતી ભાષાંતર

## પ્રથમ સર્ગ

બધા ક્ષેત્રોમાં એક કાળમાં હંમેશા ભવ્યાત્મરૂપી કમલો ને વાણીરૂપી કીરણોથી જ્ઞાનરૂપ લક્ષ્મીને આપવાવાળા તીર્થંકરરૂપી સૂર્ય સર્વાત્માઓને પવિત્ર કરે.

કસ્તૂરીથી બનાવેલી પાનની રેખાઓની શોભાની જેમ વિરતિરૂપી જટાઓનો વિશાળ સમુદાય જેમના બંને ખભા ઉપર રહેલો છે. એવા આદીશ્વર ભગવંત આપણું કલ્યાણ કરો.

રાજ્યકાલમાં જેઓની સેવામાં નવનિધિઓ રહેલી છે. એવી રીતે સંયમકાળમાં પણ સંપૂર્ણ કમલના સ્વચ્છ પત્રોએ અનુકરણ કર્યું છે એવા શ્રી શાંતિનાથ ભગવંતને મારા નમસ્કાર થાઓ.

હંમેશા નવીન આનંદને આપવાવાળા, શંખ અને ચક્રોથી શોભતા ચરણવાળા, નવીન શ્રેષ્ઠ પુરૂષરૂપ શ્રી નેમિનાથ ભગવાન ઈચ્છિત લક્ષ્મીને આપવાવાળા થાવ.

મેઘમાલી દૈત્યના વિજ્યોત્સવના અવસરે સ્વયં શેષનાગે (ધરણેન્દ્રે) વિજયને જણાવનાર અને આશ્ચર્ય આપનાર ફણારૂપી છત્રથી ઉંચે ઉપાડયા, એવા શ્રી પાર્શ્વનાથ પ્રભુ જયવંતા વર્તો.

ઉપસર્ગના સમૂહનો નાશ કરવાવાળા, જેઓનો મનોહર વાણીરૂપી સિંહનાદ, સર્વ ઠેકાણે ફેલાયેલો છે, કામાદિ અનંત વેરીઓનો ઘાત કરવાવાળા શ્રી વીર ભગવાન્ તમને કેવલલક્ષ્મી પ્રાપ્તિને માટે થાઓ.

લક્ષ્મીના નિવાસ સ્થાનરૂપ બન્ને ચરણકમલો જેના રહેલા છે. એવા પદ્મનાભ સ્વામિની અમે સ્તુતિ કરીએ છીએ.

જેઓના ચરણકમલને સર્વ ઈન્દ્રોએ પોતાના મસ્તકના અલંકાર બનાવ્યા છે. વળી બારે સૂર્ય ( બાર સંક્રાંતિ ) ના તેજને ધારણ કરવાવાળા એવા સર્વ ગુણસંપન્ન અમમ નામવાળા ભાવી બારમા તીર્થંકર તમારી અનુપમ કૈવલ્યલક્ષ્મીને મુનિન્દ્રોની વંદના તથા પ્રણામથી પણ ઉત્કૃષ્ટ લક્ષ્મીને પ્રાપ્ત કરવાવાળા ભાવી તીર્થંકર શ્રી અમમસ્વામિને મારો નમસ્કાર થાઓ.

કવિયોના હૃદયરૂપ સમુદ્રમાં નિરંતર રહેવાથી જાણે કે પાણીના પરપોટાનો સમુદાય ભેગો ન થયો હોય? એ કારણથી નવિન કેવડાના ફુલોની અંદરના પત્રોની સમાન સફેદ કાંતિવાળી સરસ્વતીદેવી વિજયને પ્રાપ્ત કરે છે.

શ્રી જિનેશ્વર દેવોની વાણીથી અલંકૃત, સમયે સમયે પંડિત પુરૂષોને જન્મ આપનાર, મોટા મોટા પર્વતોથી પણ ક્ષોભ નહી પામનાર, નવિન સિદ્ધાંતરૂપ સમુદ્ર " **યાવચ્ચંદ્ર દિવાકરો** " સુધી જયવંત વર્તો.

ગૌતમ આદિ અગ્યાર ગણધરોની સ્તુતિ કરૂં છું.

જેઓએ દ્વાદશાંગી બનાવી ગુરૂ (ભગવાન મહાવીર સ્વામિ) ની ત્રિપદી (ઉપ્પનઈ, વિગમઇ, ધુવ્વઇ) ની સમસ્યાને પૂર્ણ કરી.

શ્રી શય્યંભવ સ્વામિ તમારા કલ્યાણને માટે થાવ, જેઓએ સર્વ અંગોમાંથી પરિપૂર્ણ દશવૈકાલિક સૂત્રની રચના કરી.

શ્રી ભદ્રબાહુ સ્વામિ તમારી પ્રીતિને માટે થાવ, જેઓએ અમૃતમય દશ નિર્યુક્તિઓની રચના કરી, શંકાને દૂર કરવાવાળા, વિશેષ અતિશયવાળા વચનોથી જિનમુદ્રાને ધારણ કરવાવાળા ક્ષમાક્ષમણ શ્રી જિનભદ્ર સ્વામિની સ્તુતિ કેવી રીતે કરી શકાય ?

વાચક શ્રી ઉમાસ્વાતિજીના વચનોના ઘંટારવનો સુંદર ટંકાર કોના હૃદયમાં આજે પણ ધ્વનિત નથી થતો ?

શ્રી જિનેશ્વરના સિદ્ધાંતરૂપ આકાશમાં ઉદયને પ્રાપ્ત કર્યો છે. પોતાના વચનોથી કવિરાજ પંડિત રાજાઓના તેજને હરણ કર્યું છે. એવા શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિની સ્તુતિ પણ કેવી રીતે થઈ શકે !

શ્રી હરિભદ્રસૂરીશ્વરજીની હું સ્તુતિ કરૂં છું. જેઓએ ૧૪૪૪ ચૌદસો ચુમ્માલીસ ગ્રંથોની રચના કરીને માતાની માફક '**મહત્તરા**' જિનવાણીની રક્ષા કરી.

આજે પણ ઉપમિતિ ભવ પ્રપંચ કથા ગ્રંથની રચના-વડે કરીને જેઓના વિજયડંકા વિશ્વમાં વાગી રહ્યા છે. તે કવિ શ્રેષ્ઠ સિદ્ધર્ષિ વિજયને પ્રાપ્ત કરો.

મહાન શ્રુતસાગર જેમાંથી તરંગ લોલા કથાનું ઝરણું પ્રગટ થયું, એવા શ્રી પાદલિપ્તસૂરિ જયવંતા વર્તો.

શતવાહન અને ભોજ રાજાના નામરૂપી માનસરોવરમાં હંસની સમાન, નિવાસ કરવાવાળા શ્રી માનતુંગસૂરિ તથા દેવભદ્રસૂરિ અવશ્ય સ્તુતિ કરવા યોગ્ય છે.

ગુર્જરરાજ પરમાર્હત કુમારપાલ મહારાજાના ગુરૂ, ચારવિદ્યાના પ્રધાન રચયિતા, ત્રેસઠશલાકા પુરૂષોનું વર્ણન કરવાવાળા, પ્રતિભાસંપન્ન, મહાકવિ જેઓ સ્તુતિ કરવા યોગ્ય છે એવા શ્રી હેમચન્દ્રાચાર્યની સમાન વાણીમાં બીજા કોઈ થઈ શકનાર નથી.

દર્શનશાસ્ત્રોને શુદ્ધ કરવામાં હંસસમાન, અપૂર્વ અભ્યૂદયવાલા શ્રી ચન્દ્રપ્રભસૂરિ આત્મસિદ્ધિને પ્રાપ્ત કરો.

ચૈત્ર મહીનામાં નવીન મંજરીઓ વૃક્ષના અલંકારરૂપ બને છે. તેમ સજ્જનોના કાનને વિષે અલંકારરૂપ તિલક-મંજરીની રચના કરી. એવા મહાકવિ ધનપાલ કોને પ્રિય નથી ?

જેઓની વાણીનો વૈભવ ગ્રન્થ સર્જન તથા મહાકાવ્યની રચનાઓમાં નવીનતર છે. એવા આચાર્યભગવંતો વિજયને પ્રાપ્ત કરે, બીજાઓ તરફથી મળતા દોષોને દૂર કરી કવિયોની કૃતિઓને નિષ્કલંક બનાવે એવા સજ્જનો વંદનીય છે.

સજ્જન પુરૂષો પુરૂષોત્તમરૂપે વિષ્ણુસમાન છે. શત્રુ-

ઓને દૂર કરવામાં શંકર સ્વરૂપ છે. પદ્માસન રૂપી આસન સ્વરૂપે બ્રહ્મા છે. તેવા સજ્જનોને કોની ઉપમા આપવી ? અથવા સર્વોત્તમ પુરૂષ છે.

અમૃતને વરસાવવાવાળા, કલાવાન એવા પૂર્ણચંદ્રથી પણ સજ્જન પુરૂષો શ્રેષ્ઠ છે. કારણ કે ચંદ્રમા કાલકૂટ ઝેરનો ભાઈ છે. કેમકે બંન્નેને સમુદ્ર સાથે સંબંધ છે.

શ્રેષ્ઠ કવિઓના માર્ગમાં પ્રસ્થાન કરવાવાળા પંડિતોને પ્રતિકુળ શબ્દોદ્વારા, ધન લાભને આપનારો ખલ, પણ પ્રશંસનીય છે.

જેમ યોગીઓ ( જીતેન્દ્રિય )ની ઉપર સ્ત્રીયોની નેત્ર બાણ ( કટાક્ષ )ની કાંઈ જ અસર થતી નથી. તેમ રસથી ભરેલા પદોથી યુક્ત કવિઓની રચનાઓમાં ખલની ચેષ્ટાઓ કાંઈ અસર કરી શકતી નથી.

સુકુમાળ પદ રચના જેમાં આશ્રય કરે છે. એવા સુંદર કાવ્યરૂપ શરીરની રચના કરવામાં કવિઓની સુંદર કુશળતા વિજયને પ્રાપ્ત કરે.

શ્રેષ્ઠ કવિઓ શુકલ પક્ષના ચંદ્રમાની જેમ વૃદ્ધિને પામે છે. કુકવિઓ કૃષ્ણ પક્ષના ચન્દ્રમાની જેમ ક્ષીણતાને પામે છે.

કવિઓની શુદ્ધ કૃતિઓ કપુરની માફક સજ્જનો દ્વારા હૃદયથી ગ્રહણ કરાય છે. ત્યારે અશુદ્ધ કૃતિ કપાળમાં લગાડેલી કસ્તૂરીની માફક ધોવાઈ જાય છે, ઉડી જાય છે.

જિન પ્રતિમાની પ્રતિષ્ઠા જેમ આચાર્ય મહારાજથી થાય છે. તેમ ભાવને પ્રગટ કરવાવાળી કવિઓની કૃતિ પંડિત સમાજમાં પ્રતિષ્ઠાને પામે છે. ગ્રિષ્મ ઋતુના દીવસોમાં આમ્રફલમાં જેમ રસનો પરિપાક થાય છે. તેવી રીતે વાકયમાં સુન્દર રસનો પરિપાક કરવાવાળા શ્રોતાજનો લાંબા કાળને માટે વૃદ્ધિને પ્રાપ્ત કરો.

કૃપા, જ્ઞાન, તેજ, લાવણ્યતા, શાંત ગુણવાળા શ્રોતાઓ અને કવિઓ, પુણ્યથી પ્રાપ્ત થાય છે.

જેઓની કૃતિ ( કાવ્ય ) લોકોત્તર શબ્દ તથા અર્થના ગૌરવથી યુક્ત છે. તેવા ગ્રન્થકાર સરસ્વતી દેવીના હાથમાં રહેલા કંકણની સમાન લાંબા કાળસુધી પૃથ્વીની ઉપર આનન્દને પ્રાપ્ત કરે. એવી જ રીતે પ્રાચીન કવિઓની ઘણા અર્થોથી સુંદર, માણિકયની સમાન રચનાઓ સહૃદય આત્માઓના કાનને શોભાવી રહેલ છે.

થોડા અર્થવાળી હોવા છતાં પણ નિર્મલ જાઈની ફુલમાળાની જેમ સુગંધને આપવાવાળી, સજ્જનોના કંઠને અલંકારની માફક શોભા આપનારી આ મારી કૃતિ પણ માન્ય થાઓ.

નાયકના ગુણોથી ગવાયેલ, કવિઓની સાધારણ કૃતિ પણ આવશ્ય આશ્ચર્યને આપવાવાળી બને છે.

એ પ્રમાણે વિચારીને ભાવી શ્રી અમમસ્વામિ તીર્થંકરના ગુણો ગાવાના બહાનાથી બનાવી છે, આ રચના અવશ્ય સજ્જનોને સેવવા યોગ્ય થશે, પહેલ ભવમાં કુલ

પૂત્ર બે ભાઇઓ હતા, બીજા ભવમાં રાજલલિત અને ગંગદત્ત નામના વણિક બન્ને ભાઇઓ હતા, ત્રીજા ભવમાં બંન્ને દેવ થયા, ચોથા ભવે બલરામ અને શ્રીકૃષ્ણ થયા, પાંચમા ભવમાં નાને ભાઈ વાલુકા પૂત્ર થયો, છઠ્ઠા ભવમાં રાજકુલમાં સંપૂર્ણ સાત સાગરોપમના આયુષ્યવાળા શ્રીમાન્ અમમસ્વામિ નામે બારમા તીર્થંકર થશે. બલરામ પાંચમા ભવે બ્રહ્મદેવલોકમાં દેવ બનીને, છઠ્ઠે ભવે અમમસ્વામિના તીર્થમાં મુક્તિપદને પ્રાપ્ત કરશે. આ ચરિત્ર સંક્ષિપ્ત વાંચનાવડે આ રીતે કહેવાયું. વિસ્તાર વાંચનાથી તેનું વર્ણન આગળ કહેવાશે.

શ્રી અમમસ્વામિના યથાર્થ સમયનું જ્ઞાન ક્યાંથી થયું ? એ શંકા બરાબર નથી, કારણકે દ્વાદશાંગીમાં શ્રી તીર્થંકર પરમાત્મા, તથા ગણધર ભગવંતોથી આનો નિશ્ચય કરવામાં આવેલો છે. જેમાં કૃષ્ણ વાસુદેવને તીર્થંકર નામ-કર્મથી ઓળખવામાં–કહેવામાં આવેલા છે.

તેમનો જીવ ત્રીજી નરકમાંથી ( વાલુકાપ્રભામાંથી ) નીકળી, શ્રી પુંડ્ર નામના દેશમાં શતદ્વાર નગરમાં શ્રી ભદ્રા નામની રાણી, અને સમ્મતિ નામના રાજાના પુત્ર, ભાવી ઉત્સર્પિણીમાં શ્રી તીર્થંકર ભગવાનની ચોવીશી થવાની છે તેમાં ત્રૈલોક્યસ્વામિ શ્રી **'અમમ'** નામના બારમા તીર્થંકર ભગવાન થશે, જેઓએ અમમસ્વામિને તેરમા તીર્થંકર કહ્યા છે. તે વાત સત્ય નથી. પણ તેઓ શ્રી સિદ્ધાંતની આશા-તના કરે છે. ફક્ત કેવલી ભગવંતો તત્ત્વને જાણે છે. એવો

નિશ્ચય કરીને મારાથી કરાયેલા 'અમમ' ચરિત્રને વિદ્વાનજનો જરૂરથી સાંભળશેઃ–

દ્વીપોમાં ચક્રવર્તિપણાને ધારણ કરનાર, વિશાલ જંબુવૃક્ષથી શોભાયમાન, સંપૂર્ણ પૂર્ણિમાના ચંદ્રમાની જેમ ગોળાકાર એકદ્વીપ છે. શ્રી શેષનાગની વિસ્તૃત ફણાઓના ગોળાકાર છત્રની જેમ, આ દ્વીપમાં સુવર્ણકલશની શોભાને ધારણ કરનાર, અનેક દિવ્ય રત્નોથી ભરપુર સુવર્ણાચલ ( મેરુ ) વિરાજમાન છે. દીપક ઉપર રહેલા કાજળના ઢાંકણની જેમ જગતની લક્ષ્મીરૂપ મેરૂ પર્વત ઉપર કાજળઘેરૂ આકાશ શોભે છે, પુત્રોમાં પીતાની જેમ, ક્ષેત્રમાં માનદંડની જેમ, નદીઓમાં જળની જેમ, રાશીઓ વડે, પૃથ્વીનું વિભાજન કરતા સૂર્ય ચંદ્ર કીરણોની જેમ મનુષ્યલોકની લક્ષ્મીના દર્પણ સમાન મેરૂપર્વત શોભાયમાન છે, તે જંબુદ્વીપમાં હીમાલયના દક્ષિણ ભાગમાં ઘણા વાદળા સ્વરૂપ આગમોથી સિંચાતા એવા મનુષ્યોને પુણ્યરૂપી ધાન્ય આપવાવાળું ભારત વર્ષ નામે સુંદર ક્ષેત્ર છે. ગંદાની જેમ સિંધુ નદી, નન્દકની સમાન ગંગા નદી, અને શારંગ ધનુષ્યની સમાન હીમાલયને ધારણ કરતાં સનાતન વિષ્ણુની સમાન ભારત વર્ષ ક્ષેત્ર શોભી રહ્યું છે. જેમાં ઋષભકુટનામનો પર્વત હમણાં પણ ચક્રવર્તિઓના પોતાના હસ્તકમલથી, લખાયેલી નામની પંક્તિઓ મોતીઓના હારની જેમ ધારણ કરીને શોભી રહેલ છે. જ્યાં રૂપા તથા મણિના કીરણોથી ભસ્મની શોભાને ધારણ કરનાર ગંગા તથા

સિંધુનો આશ્રિત વૈતાઢ્ય નામનો પર્વત છે. ભલમનસાઈ રાખનાર પુરૂષોને જેમ સ્ત્રી ખંડિત કરે છે તેમ, બહારથી ઉંચા શિખરો વડે શોભતો, હૃદયથી કુટનિતિમાં ચતુર, ભરત ક્ષેત્રના બે વિભાગ કરીને પોતાની પત્નિરૂપ ગંગા-સિંધુ દ્વારા ભરતક્ષેત્રના છ ટુકડા કરનાર વૈતાઢ્ય પર્વત શોભી રહ્યો છે.

## સૌરાષ્ટ્રનું વર્ણન

છએ ખંડોમાં દક્ષિણ દિશાના અર્ધ ભારતના મધ્ય ખંડમાં છ દર્શનમાં શ્રેષ્ઠ એવા જૈનેન્દ્ર દર્શનની સમાન અત્યંત ઉત્તમ મધ્યખંડ છે. સંપત્તિઓથી ભરપુર અને આપત્તિઓથી રહિત, અતિવિસ્તાર યુક્ત દેવલોકના એક ભાગ સદ્દશ સૌરાષ્ટ્ર નામે દેશ છે. પ્રવેશ અને નિર્ગમન કરવા માટે પવિત્ર સંઘના વિશાળ ચોક રૂપ છે, સજ્જનોના કાનને અમૃતસમાન એવા તીર્થંકર પરમાત્માના યશોગાન આજે પણ ગવાય છે. આજે પણ તીર્થંકર પરમાત્માના વિહારથી ભયભીત બનેલા દુકાળ તથા ભય તે ભૂમિમાં પ્રવેશી શકતા નથી. જ્યાં આજે પણ પુનમના દિવસે થતા ઉત્સવો વિમળાચલ ઉપર મૂક્તિએ ગયેલા મુનિયોની યાદ આપે છે. શ્રી પુંડરિક સ્વામિનું સ્મરણ કરીને શત્રુંજય પર્વતમાંથી નીકળતા અને ખડખડ અવાજ કરતાં ઝરણાંઓ જાણે કે રૂદન કરતા અને આંસું સારતાં હોય તેમ વહી રહ્યા છે. જ્યાં અદ્દભૂત તીર્થ ગીરનારજીના પગને પશ્ચિમનો સમુદ્ર પોતાના પાણીથી પુણ્યાર્થી આત્માની જેમ પ્રક્ષાલિત કરે છે. ગિરનારની વનરાજીઓમાં દેવાંગનાઓ ભગવાન નેમિ-

નાથના શૃંગાર રસને શાન્ત કરનાર, કરૂણારસ પ્રધાન ચારિત્રને યાદ આપતી ગીતો ગાય છે, ત્રણ લોકમાં વિખ્યાત એવા કૃષ્ણનું ચરિત્ર ઘેર ઘેર અનેક મૂખોથી બોલાય છે. જ્યાં વહાણો દ્વારા દૂર દૂર દેશોથી રત્નોને સમુદ્ર, લાવી રાજરાણીઓને, તથા સર્વે સ્ત્રીઓને અલંકારથી વિભૂષિત કરે છે. પ્રત્યેક ગામમાં પ્રત્યેક ગામના વાડામાં, ચારિત્રવંત સ્ત્રીઓને નજદીકમાં લવણ સમુદ્ર હોવાથી લાવણ્યમય દેખાય છે. જ્યાં સરોવરમાં રાત્રિએ કમલની સુગંધ હોતી નથી. પરંતુ હંમેશા લક્ષ્મીની સુગંધથી તેઓ પમરાટને અનુભવે છે. ચંદ્રમાની જેમ પરિવાર સમજીને આપવામાં આવેલ સોરઠ રાગ સર્વને આનંદ આપે છે.

જ્યાં સરસ વિશાલ સ્તનવાળી વેશ્યાઓની જેમ દરેક માર્ગમાં રહેલી પાણીની પરબો મુસાફરોને આકર્ષે છે. ગામની બહાર અનાજના ઢગલા ગામના લોકોથી કરવામાં આવેલ છે. તે ઢગલાઓ સૂર્યોદય અને સૂર્યાસ્ત વખતે વિશ્રામસ્થાનની જેમ શોભે છે. સજ્જન માણસોના મનની જેમ સ્વચ્છ, સત્ કવિઓના કાવ્યોની જેમ સુસ્વાદિષ્ટ, ઉદાર પુરૂષોની સંપત્તિની જેમ નદીઓનાં પાણી સર્વેને માટે સામાન્ય છે.

કીનારે ઉભા રહેલા વૃક્ષો સૂર્યના તાપથી જાણે કે સંતપ્ત બની સ્નાન કરવા માટે પાણીમાં 'ન, પડ્યા હોય તેમ પ્રતિબિંબિત થયેલા દેખાય છે. જ્યાં પર્વતો ઉપર તીર્થ, દર જગ્યાએ નિધાન, દરેક ગામે વિલાસિની સ્ત્રીઓ,

અને પ્રત્યેક વનમાં મુનિ વૃન્દ શોભે છે. જ્યાં પ્રત્યેક યોજન ઉપર મોટા મોટા કોટ, નગરમાં ગગન ચુમ્બીમંદિર, પ્રત્યેક માર્ગમાં ભરવાડની સ્ત્રીઓ મુસાફરોને બોલાવી બોલાવી દૂધ દહીં, ઓદનાદિથી આતિથ્ય કરે છે. કાળા મગ, કંકુ, ઘી, કાચી સોપારી, તથા તાંબુલ પત્રોથી પરિપૂર્ણ છે.

મોરની પીંછી રૂપ છત્રને ધારણ કરેલ વૃક્ષની હરોળ નાયકની જેમ દેખાય છે. વિદેશમાં પણ સર્વના મોં લાલ કરનાર નાગરવેલના પાન સૌરાષ્ટ્ર દેશને યશસ્વી બનાવે છે, પોતાની મેળે ઉત્પન્ન થયેલી નાગરવેલના પાનની વેલીઓ વડે બંધાયેલ સોપારીના ઝાડ જ્યાં છે. ત્યાં બાળકો હીંચકા ખાય છે. સમુદ્ર કીનારા પ્રત્યેક ઉદ્યાનમાં નાગર વેલડીના મંડપોમાં કુમારીકાઓ ક્રીડા કરતી વખતે નાગ કન્યાની જેમ દેખાય છે. કવિઓથી કંટાળેલી સરસ્વતી કાશ્મિરથી ચાલીને આ દેશમાં ન આવી હોય ? તેમ બાલાઓ અપૂર્વ પ્રકારના 'દૂહાઓની રચના કરે છે. જ્યાં ચારણો રાજાઓની સભામાં હાથી માફક ગર્જના કરતાં રાજાની સ્તુતિ કરે છે અને દુશ્મન રાજાઓના પક્ષને દૂર કરતાં, મિથ્યાત્વીઓના મિથ્યાત્વને નાશ કરનારી, બિરૂદાવલી ગાય છે. અજ્ઞાન તો અંજનાચલ પર્વત ઉપર જઈને રહ્યું છે અને કવિઓએ આકાશને પત્ર બનાવ્યું છે. શેષનાગની ફણાઓરૂપી હજાર હાથોથી લખવાવાળા કવિઓ ભગવાનના ગુણો લખવાના પારને પામી શકતા નથી. એવા મહાન વિદ્વાનો

સૌરાષ્ટ્રમાં રહેલા છે. તે સૌરાષ્ટ્ર દેશમાં નીરંતર નદીઓના શિતલ જળથી સિંચાયેલા, નજીકના વૃક્ષોથી શોભતા, સુંદર પરિવારથી શોભિત કુશસ્થલ નામે એક ગામ છે, જેમ ભેંસોમાં લુચ્ચાઈ, પામર માણસમાં અજ્ઞાનતા, કીનારા પર રહેલા વૃક્ષોનું અસ્થિરપણું, વૃક્ષોને ખરાબ જમીનની સંગત, દહીની ગોળીમાં મંથન કરવામાં આંખનું ફરકવું, વનમાં ખાખરાના ઝાડ આ બધું સ્વાભાવિક છે પણ માંસાહારી કોઈ મનુષ્ય હતું જ નહી. સમાજમાં બધાં જ શાકાહારી હતા, જ્યાં કેરડાના છોડથી અત્યંત ઢંકાયેલ પીલુ હતા, તે વૃક્ષના સ્કંધ ઉપર નિશ્ચિંત હતા એટલે કોઈ પણ માણસ બીજાની વસ્તુ પૂછ્યા સિવાય લેતો પણ નહી. પોતાની ભેંસોનું રક્ષણ કરવામાં કુશળ, પોતાની સ્ત્રીના અનુરાગી, લાવણ્યમય, ઘૃતનું ભોજન કરવાવાળા, ગોવાળો સૂખપૂર્વક રહેતા હતા, જ્યાંના કૌટુંબિક લોકો, દીર્ઘ નૈત્રવાળા, જોવામાં ધનુષ્ય સમાન વક્ર આંખોવાળા, લાંબા કાનવાળા, ગોળ સ્તનવાળા, ભરાવદાર શરીરવાળા પોતાના બાહુબળથી ક્ષેત્રોને ધારણ કરતા હતા.

## ચંદ્ર અને શુરની કથા

ત્યાં ક્ષત્રિય કુળમાં મસ્તકના અલંકાર સમ, તેજસ્વિઓમાં અગ્રગણ્ય **ચંદ્ર** અને **શુર** નામે બે ભાઈઓ છે, જેવું નામ છે તેવાજ ગુણ છે. તે બન્નેમાં બાલ્યાવસ્થાથી જ અનુપમ, અત્યુત્તમ, પ્રેમ હતો, તે બન્ને પરસ્પર એક બીજાના પ્રતિબિંબ સમાન હતા, ચન્દ્ર સ્વભાવથી શાંત,

ક્ષમાવાન્, સત્યપ્રિય, પરોપકારી તથા કૃપાળુ હતો, પરંતુ શૂર સ્વભાવથી કુર હતો. ગાયોના વાડામાં ભરવાડ ગાય દોહે છે તે સમયે નીકળતી દૂધની ધારાઓ વાગતા શંખની માફક જાણે કે મુસાફરોને બોલાવી રહી છે.

તે બન્ને ભાઈએ કોઈ વખત નજીકમાં ઉંચી નીચી જમીનવાળા રસ્તા ઉપર ઘુરકતા કુતરાની સાથે મોટી ફાળ મારતા, તો કોઈ વખત પૂંછડાને ઉંચા કરી ઉંચા કુદકા મારતા ન પકડી શકાય તેવા વાછરડાઓની સાથે, તો કોઈ વખત દૂધ પીને રૂષ્ટ પૂષ્ટ થયેલા લોકોની સાથે, તો કોઈ વખતે ભરવાડોના દેખતા; કોઈ વખત વરસાદથી ભીજાયેલા અને હળના અગ્રભાગથી ખેડાયેલી જમીનની સુગંધીવાળા, નેત્રને આનંદ આપે તેવા નવપલ્લવિત ધાન્યના કયારાઓને જોઈ હર્ષિત બનેલી સ્ત્રીઓના મનોહર ગીતોથી ગુંજતા, લક્ષ્મીનું જે સ્થાન ખેતરો તેની તરફ સુખ પૂર્વક જતા હતા, કોઈ કોઈ વખત વૃદ્ધો દ્વારા પ્રાચીન સમયની કથાઓ સાંભળવા આનંદથી બેસતા, અને સમય પસાર કરતા, કપુરની કાંતિની જેમ ઉજ્જવલ દંતપંક્તિથી હસતો શુદ્ધ મનવાળો ચંદ્ર પોતાના ભાઈ શૂરને કહેવા લાગ્યો, હે વત્સ! આપણા પૂર્વજોથી સ્વીકારાયેલી આજીવિકાઓમાં આપણા બન્ને માટે ખેતી કરવી સર્વ શ્રેષ્ઠ છે. કેમકે સર્વેની ઇચ્છા ભીન્ન ભીન્ન હોય છે. કેવળ ખેતી જ સ્વતંત્રતા પૂર્વક બધી અભિલાષાઓને આપવાવાળી અને દરિદ્રતાને નિર્મૂળ વિનાશ કરનારી છે. અને વાર્તાઓમાં હોંશિયાર વિદ્વાનોના સમુદા-

ચમાં કહેવત છે ને 'મહામહીને ખેડૂતો દ્વારા સુધારેલી ભૂમિ સુવર્ણમય ફલને આપવાવાળી છે. માટે ગાડી જોડો અને ત્યાં જઈને મજુરોથી ખેતી કરાવીએ,' જેવી આપની આજ્ઞા, આ પ્રમાણે કહીને પ્રેમપૂર્વક શૂર તૈયાર થયો, ગાડીમાં બેસી બન્ને ભાઈઓએ પ્રસ્થાન કર્યું, થોડું દૂર ગયા પછી અખંડ મંગલ દ્વારની ભૂગળ (અર્ગલા) સમાન, હાથીની સૂંઢના સમાન ધીમે ધીમે ચાલવાવાળી 'ચક્કલુંડા' નામે મોટી સાંપણને બન્ને ભાઈઓએ જોઈ, દયાથી ભીંજાચેલા ચિત્તવાળા 'ચંદ્ર, એ ગાડી હાંકતા' શૂરને કહ્યું વત્સ ? જો–જો. આ કેવું આશ્ચર્ય છે. કાજલના જેવી કાળી, પૃથ્વીરૂપ ગણિકાની વેણી સમાન બિચારી સાંપણ રસ્તા ઉપર કેવી રીતે ચાલી રહી છે. અરે ! પગલાં પડવાના ભયથી ડરતી અને આળસથી ધીમે ધીમે ચાલતી ત્યાંને ત્યાં જ દેખાય છે. હે આયુષ્યમાન્ ! મારૂં વચન માનીને સાંપણની રક્ષા કર, તેની બીજી બાજુથી ગાડી ચલાવ, તે સાંપણે અમૃત સમાન વાણી સાંભળીને મનમાં વિચારવા લાગી. અરે ! આ તો વિના સંબંધ ભાઈ, વિના કારણે મિત્ર, દયાળુ અને વાત્સલ્ય ભાવને ધારણ કરનાર છે, વધારે તો શું કહું ? તેની અમૃતમય વાણીથી હું જીવંત રહી, બીજા ભવમાં પણ હું તેને નહી ભૂલું, શૂરે કહ્યું આર્ય ! હું શું બોલું કારણ કે આપની વાણીનું ઉલ્લંઘન થઈ શકે નહી. પરંતુ ગાડાના વાંકાચૂકા ચીલાથી દબાયેલી સાંપણના શરીરમાંથી 'ટ્સ, શબ્દ કેવો નીકળે છે. તેને સાંભળવાની ખુબ ઈચ્છા છે. વળી આપની વાણીના ઉલ્લંઘન કરવાથી

થનાર પાપનું પ્રાયશ્ચિત હું કરીશ, આ પ્રમાણે કહીને પાપી શૂરે બળદને જોરથી દોડાવ્યા, અને સાંપણની પાસે પહોંચ્યા, વ્યાકુળ બનેલી સાંપણ વિચારવા લાગી કે આ શત્રુ છે, મેં તેનો કાંઈ અપરાધ કર્યો નથી, બન્ને ભાઈઓના મનમાં, વિચારોમાં કેટલો બધો તફાવત છે. મને તો એક જ વખતે અમૃત અને ઝેરનો સ્વાદ મલી ગયો. ખીન્ન મનવાળી, અભાગણી એવી હું મરાઈ ગઈ, આ પ્રમાણે શંસય કરતી મોટાભાઈના ના, કહેવા છતાં જન્મ અને કર્મથી નાના શૂરથી ચૂરેચૂરા કરી નાખી, તે સાંપણ તરત જ પીડાથી મૂર્છિત બની ક્રોધ રહિત પણે મનુષ્ય આયુ બાંધીને મરી ગઈ, ગાડાના પૈડાથી મૃત્યુ પામેલી સાંપણના શરીરમાંથી નીકળેલા 'ટસ, શબ્દને સાંભળી' શૂર, સંતુષ્ટ બન્યો, પાપીઓને ધિક્કારતો ચન્દ્ર અત્યંત દુઃખી થયો અને બોલ્યો ! ભાઈ! તારી આચરણા મલેચ્છને શોભે તેવી છે, પરલોકની વિરૂદ્ધનું કાર્ય કરતા એવા તેં સજ્જનોથી નિન્દિત માર્ગનું અનુસરણ કર્યું છે. અતિદુષ્કર પાપના કાદવમાં પડી લાંબા કાળ સુધી અપયશરૂપ કલંકને પ્રાપ્ત કર્યું છે. કેમકે વૃક્ષમાં કલ્પવૃક્ષ, નક્ષત્રોમાં ચન્દ્રમાની સમાન, સર્વ ધર્મોમાં જીવદયા મૂખ્ય છે. અગણિત પૂણ્યશાળી, તથા દયાથી પ્રાપ્ત થતો પુરૂષ તીર્થોમાં જંગમ તીર્થ છે. કોઈ પણ કારણ વીના કરેલો વિરોધ આ જન્મમાં તથા બીજા જન્મમાં પણ પ્રાણીઓને ફળ આપવાવાળો થાય છે. તો પછી મૃત્યુની તો શું વાત કરવી, આ સર્પજાતી ચાંડલોને પણ મારવા યોગ્ય નથી, કારણકે નાગ પંચમીના દિવસે શુદ્ર (ચાંડાલો)

પણ સર્પની પૂજા કરે છે. સર્પ ભિષણ હોવા છતાં પણ વિષ્ણુના મંત્રી તથા શંકરના આભૂષણ રૂપ છે. માટે સર્પ મારવા યોગ્ય કેમ ગણાય? તને ધિક્કાર છે. રત્નોથી પણ અમુલ્ય, પ્રાણીઓના પ્રાણની સાથે કુતુહલ દષ્ટિથી જુગાર ખેલવાને તૈયાર થયો છે તો સાંભળ.

એક વખત આપણા ગામમાં જૈન સાધુ આવ્યા હતા, તેમાંથી મુખ્ય સાધુએ અવસરને ઉચિત ધર્મ સંભળાવ્યો, હે સૌમ્ય? સંસારમાં બધા જીવો સુખની ઈચ્છા રાખે છે, પણ મોક્ષ વિના સુખ નથી, કર્મ ક્ષય વિના મોક્ષ નથી, ધર્મ ધ્યાન અને શુકલધ્યાન દ્વારા જ કર્મ ક્ષય થાય છે. ધર્મનું મૂલ દયા છે. માટે સર્વ પ્રકારથી દયાનું પાલન કરવું જોઈએ, પરસ્પર વિરૂદ્ધ વચનો બોલવાવાળા પાખંડીઓએ પણ દયાની બાબતમાં વિવાદ કર્યો નથી. અને કહ્યું છે કે ધર્મને શ્રવણ કરો, સાંભળીને હૃદયમાં ઉતારો, કે જેથી આપણા હાથે બીજાનું ખરાબ ન થાય, જે હીંસા કરે છે, અણગમતું બોલે છે, પારકાની નિન્દા કરે છે, તે મરેલા મડદાના ખોખા જેવા છે. જે મૂર્ખાઓ ઘટચક્ર ન્યાયે કરી જીવોની હીંસા કરે છે. તે લોકો દયાળુ હોવા છતાં, તેમનું અજ્ઞાન દોષિત છે. ઉત્તમ પુરૂષને દુર્લભ રાજ્ય લક્ષ્મીની પ્રાપ્તિથી પણ અધિક પ્રિય, પોતાના આત્મા કરતાં બીજાના આત્માઓની રક્ષા કરે છે. દુઃખની વાત છે કે નીચ માણસો તેને મારે છે. જીવહીંસા કરનારા બીજા ભવમાં કુરૂપ, ભાગ્યહીન, દુર્ભાગી, દુઃખી, પાંગળા, કોઢીઆ,

લંગડા થાય છે. 'દામનકે' કોઈ ભવમાં દયાનું પાલન કરી, થોડીક વિરાધના કરી હતી, વિરાધનાથી દુ:ખી થયો અને જીવદયાનું પાલન કરવાથી કલ્યાણનો ભાગી બન્યો. મેં વચમાં પૂછ્યું કે હે મુનિ ! આપે હમણાં કહ્યું તે 'દામનક' કોણ હતો તે કૃપા કરીને જણાવો મારે તેનું ચરિત્ર જાણવું છે.

## દામનકનો પૂર્વભવ અને નન્દકની કથા

સાક્ષાત્ સરસ્વતીની રાજધાનીરૂપ મુનિશ્વર મુહપત્તિનો ઉપયોગ આપી 'દામનક'ની કથા કહેવા લાગ્યા, કાશી દેશમાં સ્વર્ગ અને ઈંદ્રાપુરીની સમાન અતિ વિશાલ ક્ષેત્રવાળી નગરી છે. જેણીએ જિનમંદિરના શિખરો ઉપર રહેવાવાળી દેદીપ્યમાન સૂવર્ણ કલશો તથા આકાશમાર્ગે વિહરતા વિદ્યાધરોની ઈચ્છાને તૃપ્ત કરવા માટે ધજાઓ ફરકાવી હતી, પોતાના ગુણોથી સજ્જનોના સંસર્ગમાં નહી પણ માનસરોવરના સંસર્ગમાં હતી. વારાણસી નગરી આવા ઘણા ગુણોથી અલંકૃત અતિ અદ્ભુત હતી. જ્યાંના મન્દિરોમાં દરરોજ સન્ધ્યા સમયે થતી આરતીના દીવાઓના કાજળ સમાન આકાશ શોભતું હતું.

જેની નજીકમાં પાપથી મુક્ત કરાવનારી, ગગનગોખે પહોંચવા માટે ઉછળતા જલસમૂહથી ભરપુર ગંગા નદી શોભે છે, તેમાં યમરાજની સમાન અત્યન્ત ક્રુર ચિત્તવાલા, ઘણા માછીમારો દરરોજ આવીને માછલીઓને પકડે છે.

વરુણની આજ્ઞાથી જગતને કમ્પિત કરવાવાળા પવનોની સેના લઈ વરૂણના સામન્ત હેમંત ઋતુ આવી, સૂર્યના કીરણો ઓછા હોવાથી હીમગ્રસ્ત રાત્રીઓ મોટી થવા લાગી. વારાણસીની રમણીઓના ભાલપ્રદેશ પર વિલાસ કરવાવાળા કેશપાશોને કંપાવનારો હીમાલયનો પવન ચારે તરફથી આવતો હતો. સન્ધ્યા સમયે ઠંડીથી આર્ત બનેલો 'નન્દક, નામે માછીમાર' જાળ, લઈને ગંગા નદીથી ઘેર જઈ રહ્યો હતો, તે વખતે આતપનામાં લીન, ઉર્ધ્વમૂખ મુનિને જોયા, અને બોલી ઉઠ્યો, 'આ ધન્ય છે કે આવું સુંદર તપ કરે છે.'

આ મહાત્મા મુનિના ચારિત્રથી હું આશ્ચર્ય અનુભવું છું, જંગમ તીર્થ જેવા આ મુનિના ચરણકમલોથી પવિત્ર બનેલું આ ગંગાતીર્થ આજે જગતમાં યશસ્વિતાને પામે છે. હવે સન્ધ્યા વખતે તો 'દાંતની બન્ને પંક્તિઓ, ને વીણા વાદનનું શિક્ષણ આપવાવાળો પવન રાતમાં મુનિને કેટલી પીડા આપશે, હીમથી કમલની જેમ મુનિ એકદમ કરમાઈ જશે. મારી પાસે પણ ફક્ત એક જ કપડું બચેલું છે. તેનાથી કેવી રીતે હું મુનિને આચ્છાદિત કરૂં, હા, પણ! મારી પાસે જાળ છે, તેનાથી મુનિના શરીરને ઢાંકી દઉં જેથી કરીને મુનિની આખી રાત શાંતિથી પસાર થશે, ખૂબ હર્ષોલ્લાસિત બની માછીમારે પુણ્યતર વૃત્તિથી જાલ વડે મુનિના શરીરને ઢાંકી દીધું. સમાધિરૂપ લક્ષ્મીની અવિરત ઉપાસના કરવાવાળા મુનિને માટે રાતમાં 'જાલ, ખૂબ જ ઉપયોગી બની, માછીમાર આનંદથી મુનિને હૃદયમાં

ધારણ કરતો ઘેર ગયો, જલ્દીથી સૂઈ ગયો, સૂતા સૂતા ઉંઘ આવતી નથી. અને મુનિશ્વરની ચિંતામાં તેનું મન રહેલું છે. ‘મને તો અહીં ખાટલો, ઓઢ્ડી, રજાઈ, સ્ત્રી-આલિંગન, અગ્નિ, અને ચોતરફથી બંધ એવું મકાન હોવા છતાં સખ્ત ઠંડીથી શરીર ધ્રુજી ઉઠે છે, તો પછી જલ-પ્રવાહથી યુક્ત સખ્ત ઠંડીમાં ઉભા રહેલા વૃક્ષોની જેમ તે મુનિશ્વરને કેમ હશે? જેમ જેમ રાત વધતી જાય છે. તેમ તેમ ટાઢ પણ પોતાની માત્રા મૂકે છે. ‘ નન્દક, પણ મુનિશ્વરના વિચારો કરતો ખાટલામાં પડયો છે.

મનરૂપ સગડીમાં સળગતા ધ્યાનાગ્નિમાં ઉપાસના કરતાં તે સંયમીની પાસે ટાઢ કેમ કરીને જાય? અરે! મારા પુણ્યનો પરિપાક અદ્ભૂત છે. કેમકે મેં મત્સ્ય હિંસા રૂપ પાપમાં કારણભૂત ‘ જાળ, ને ધર્મનું ઉપકરણ બનાવ્યું, માછીમારને મોડી રાતે ઉંઘ આવી અને સ્વપ્નમાં મુનિશ્વરને સખ્ત ઠંડીમાં નદી કીનારે સ્થિર રહેલા મુનિને જોયા, અને ’ તે કેમ હશે, એવી વિચારણા કરી. તે નન્દક માછી-માર પ્રાતઃ–કાળ થતા પહેલા માછલી લાવવાને માટે મુનિશ્વર રૂપી અલંકારથી શોભતી ગંગા નદીના કીનારે ગયો. વિચારમાં અને વિચારમાં ઘણા સમય સુધી ઘડીકમાં મુનિશ્વર તરફ, તો ઘડીમાં નદીમાં રમતી માછલીઓ તરફ જોતો નદી કીનારે બેસી રહ્યો. ઉદયાચલથી ઉષારાણી સૂર્યોદયના વધામણા આપવા ગગનના ગોખે આવ્યા. અને અવનિના આત્માઓને કર્તવ્ય પરાયણતાના સમાચાર આપ્યા. થોડીક-

વારમાં સૂર્યનારાયણે ગગનમાંથી પોતાનું મોં બહાર કાઢયું અને પોતાનું પ્રથમ કીરણ, વાદળા વિનાના ચંદ્રમાની કાંતિ સમાન મુનિશ્વરના ઉપર નાખી પ્રથમ નમસ્કાર કર્યો. સૂર્યોદય પછી કાઉસ્સગ્ગ પાળીને કામધેનુની જેમ આશિર્વાદ રૂપી ધર્મલાભ આપી મુનિશ્વર બેઠા, જાણે કે એક વખતમાં બધો ધર્મ કહેતા હોય તેમ ગંગા નદીના કીનારા વાસીઓને વાણી દ્વારા, વાત્સલ્ય ભાવને વરસાવતી અહિંસા પ્રધાન હૃદયંગમ દેશના મુનિશ્વરે આપી. ક્ષયોપશમ હોવાથી મુનિના વચનો તમામ આત્માઓને ખુબ જ રૂચીકર બન્યા, સ્વાતિ નક્ષત્રમાં છીપલામાં પડેલું પાણીનું બિંદુ મોતી બનાવે છે. તેમ 'નન્દક, માછીમાર મુનિશ્વરનો ધર્મોપદેશ સાંભળી બોલી ઉઠયો, હે ભગવન્! પાપી એવા મને ધિક્કાર છે? અરે! મારૂં પેટ ભરવા માટે કરોડો જીવોની હિસા કરૂં છું; માટે આજથી મારે જીવ હિંસા ન કરવી, તેવો અભિગ્રહ આપો. આજે મારા પ્રબળ પુણ્યથી સમુદ્રમાં જહાજની જેમ આપ મને મલ્યા છો, મુનિશ્વરે કહ્યું કે મહાભાગ! તમારા જેવા લોકો માટે આ અભિગ્રહનું પાલન નહી થઈ શકે.

કેમકે પ્રકૃતિની સમાનવૃત્તિ (આજીવિકા) મનુષ્યોને માટે દુઃખથી છોડવા યોગ્ય છે. નન્દકે કહ્યું હે સ્વામિન્! જિતેન્દ્રિયોને માટે શું આ કઠીન છે? હું પ્રાણાંતે પણ આપની પાસેથી લીધેલો નિયમ નહી છોડું, આ પ્રમાણે ભાવાવેશમાં આવેલા 'નન્દક, માછીમારે' જીવહિંસા ન

કરવાનો અભિગ્રહ લીધો, મુનિએ તેને નિયમના યથાવિધ પાલન કરવાનો ઉપદેશ આપ્યો, માછલીઓના વધસ્થાન રૂપ જે જાળ, તે ફાડી નાખી મુનિને નમસ્કાર કરી નન્દક ઘેર આવ્યો, ઘેર આવ્યા બાદ, 'તમને લજ્જા નથી આવતી કે સવારના પહોરમાં ઘેર આવ્યા,' આ પ્રમાણે તેની સ્ત્રી બોલવા લાગી અને નિન્દા કરવા લાગી, અરે! તને ખબર નથી કે વ્યવસાયથી જ જીવન ચાલે છે. અરે તું શું બોલે છે! આ પ્રમાણે નન્દકે તેની સ્ત્રીના બોલવાથી કરીને તમામ હકીકત કહી સંભળાવી, ક્રોધમાં આવેલી સ્ત્રી બોલી ઉઠી હે દુર્બુદ્ધિ આ તેં શું કર્યું! રે નીચ! મુંડ પાખંડીઓએ તને ઠગ્યો છે. માછલી પકડ્યા વિના તું ભીખારી બની ભીક્ષા માટે રખડીશ! તેં તારી આજીવિકાની સાથે સાથે જાલને પણ છોડી દીધી. નન્દકની સ્ત્રીના જોરથી નિકળતા વચનો સાંભળી આજુબાજુના બધા માછીમારો ત્યાં ભેગા થઈ ગયા, તેણીએ નન્દકની તમામ હકીકત માછીમારોને કહી, માછીમારોએ કહ્યું કે હે ભદ્ર! આ ઉચિત નથી, તું સમજ, અર્થમાં નુકશાન કરાવે તેને ધર્મ ન માની શકાય, નીચ પાખંડીઓએ આજીવિકાનો ઉચ્છેદ કરાવી તને ધર્મની શીખામણ આપી છે. માટે આવા ધર્મની આપણને જરૂર નથી, સુવર્ણ કાન છેદવાના કામમાં આવતું હોય તો તે સુવર્ણની આપણને જરૂર નથી, વળી કુલાચાર પણ ધર્મ છે, માટે આપણો કુલાચાર માછલાં પકડવાનો હોવાથી માછલાં પકડવા તે આપણો ધર્મ છે. પોતાના કુલાચારને છોડવાથી ધર્મ કેમ કરી શકાય, તે માટે ઉઠ, અને આવા

ધર્મનો મોહ છોડી દે. અને અમારી સાથે નદી ઉપર ચાલ, બધી વાતોને છોડી દઈ, આપણી સાત પેઢીથી ચાલ્યા આવતા માર્ગમાં સ્થિર બન, નન્દકે કહ્યું શું પાપાચાર વિના આજીવિકા નહી ચાલે ? શું દ્રારિદ્ર કુલમાં ધનિક જન્મ લેતો નથી ! શું રોગીઓના કુલમાં નિરોગી નથી જન્મતો ?

શું બાપના કુતરાને ખભા ઉપર ચઢાવાય ખરો કે ? અરે મૂર્ખ લોકો ! તમે બધા લોકો ! તમે બધા આ શું બોલો છો ! તમે પણ આ ધંધાને છોડી દો, ત્યારબાદ મોટેથી બુમો મારતા માછીમારોએ હઠ પૂર્વક બાળકની જેમ 'નન્દક' ને ઉઠાવી મત્સ્ય હત્યા રૂપ વિદ્યાનું ઘર જે નદી છે ત્યાં લઈ ગયા, દુસ્તર ભવસાગરમાં ડુબાડતા હોય તેમ, નન્દકના હાથમાં માછીમારોએ બળજબરીથી જાળ આપીને ફેંકાવી, જાળમાં મૃત્યુના ભયથી મૂર્છિત બનેલી અને તડફડતી માછલીઓને જોઈ દયાના આંસુઓને વરસાવતા નન્દકે માછલીઓને છોડી દીધી, તે બધી માછ-લીઓમાં એક માછલીની પાંખ ટુટવાથી નન્દક ખુબ દુઃખી થયો, ફરીથી માછીમારોએ 'નન્દક'ની પાસે જાળ નંખાવી, અને 'નન્દકે' પહેલાની માફક માછલીઓને છોડી મૂકી, ત્યારે માછીમારો ખીન્ન બનીને બોલ્યા કે તું જીવે કે મરે, હવે પછી અમે તને કાંઈ કહેવાના નથી, મૂર્ખ માણસોની ઉપેક્ષા કરવી જોઈએ, એમ વિચારીને માછીમારો, પોતાના સ્થાને ગયા, ત્યારથી દોષરહિતપણે વ્રતનું પાલન કરતો 'નન્દક' પોતાના કુટુંબનું પાલન કરે છે.

## દામનકની કથા

મહીતલના આભૂષણરૂપ મગધ નામે દેશ છે. મધ્યાહ્નને તપતા સૂર્યની જેમ સર્વ દેશોના માથા બિરાજમાન છે. તે દેશમાં લક્ષ્મીના ભવનરૂપ, હંસથી સેવાતા કમલરૂપ રાજગૃહ નામે નગર છે. શત્રુઓને શાંત કરનાર તારાચંદ્ર નામે રાજા રાજ્ય કરે છે, જેના હાથમાં શૂરતારૂપી સૂર્યની છાયા સમાન તલવાર શોભે છે, તે રાજાને સર્વે અંગોમાં નેત્ર સમાન અને સર્વે કાર્યોમાં મુખ્ય નગરમાં શ્રેષ્ઠ એવા સમુદ્રદત્ત અને માણિભદ્ર નામે બે શ્રેષ્ટિ મિત્રો છે. માણિભદ્રને રોહિણી નામે સ્ત્રી હતી, પૂર્વના ઋણાનુબંધ તથા મનુષ્યાયુ બાંધીને માછીમાર 'નન્દક'નો જીવ રોહિણીની કુક્ષીને વિષે ઉત્પન્ન થયો, પૂર્ણ દીવસે જન્મ થયો, પૂર્વ જન્મમાં પહેલા કરેલી જીવહિંસાના પાપોદયથી જન્મતાંની સાથે જ તેની માતા રોહિણીનું મૃત્યુ થયું. જ્યારે ત્રણ વર્ષનો થયો ત્યારે નગરમાં ફેલાયેલી મહામારીના ભયંકર રોગમાં તેના પીતાજીનું અવસાન થયું, દાવાગ્નિની માફક તેના કુલમાં ફેલાયેલી મહામારીએ ઘણાને મારી નાખ્યા.

પૂર્વ જન્મમાં પાળેલી દયાના વિપાકથી આખા કુળમાં તે એકલો બાળક બચી ગયો, મહા મારીને અટકાવવા માટે ગામના ભદ્રિક લોકોએ તેના ઘરની ચારે બાજુ મોટી દિવાલ ઉભી કરી, બહાર નીકળવાનો રસ્તો નહી હોવાથી ઘરમાં રહી ગયેલા, ભૂખ અને તરસથી વ્યાકુલ બનેલા ચતુર બાળકે હાથ વડે જે કાંઈ ખાવા યોગ્ય વસ્તુઓની પ્રાપ્તિ થઈ તેનાથી ભોજન કરી પાણી પીને પોતાના પ્રાણની રક્ષા

કરી, ખાવા યોગ્ય વસ્તુઓ ખૂટી જવાથી બહાર નીકળવાનો માર્ગ તે બાળક શોધવા લાગ્યો, આમ તેમ ફરતાં ફરતાં તે બાળકે કુતરાથી કરાયેલા મોટા બિલ ( દર ) ને જોયું. અનેક પ્રકારના દુઃખોથી વ્યાકુળ બનેલો તે બાળક પોતાના પુણ્યોદયે બીલમાં પેઠો. જેમ પાંજરામાંથી પક્ષી ઉડી જાય તેમ તે બાળક જલ્દીથી બહાર આવી ગયો.

સમાન વયના બાળકોની સાથે સ્વેચ્છાપૂર્વક ઘણા સમય સુધી રમત રમ્યો, સન્ધ્યા સમયે તે બાળક આશ્રય સ્થાનને શોધતો એક વ્યાપારીની દુકાને બેઠો, તેજ વખતે પોતાના મહેલની અગાશીમાંથી સમુદ્રદત્ત શ્રેષ્ઠિએ તે બાળકને જોયો, શ્રેષ્ઠિ બાળકને જોઇ વિચારમાં પડ્યો, કે ધૂળમાં દટાયેલા રત્નસમાન મનોહર આકૃતિવાળો ધૂળથી મેલો થયેલો આ કોઈનો બાળક છે. ત્યારે શ્રેષ્ઠિએ પોતાના નોકરને પૂછ્યું. ‘આ કોણ છે? કોનો છોકરો છે? તેની દુઃખી પરિસ્થિતિ કેમ? શેઠ માણિભદ્રને ત્યાં નોકરી કરતો માણસ તેમના મૃત્યુ બાદ નોકરી છોડીને સમુદ્રદત્ત શ્રેષ્ઠિને ત્યાં નોકરી રહેલો હતો તે બોલ્યો કે હે સ્વામિન્! આ માણિભદ્ર શ્રેષ્ઠિનો પુત્ર છે.

સેવકના વચનો સાંભળી સમુદ્રદત્તની આંખોમાંથી આંસુ પડવા લાગ્યા. માણિભદ્ર શેઠની યાદ આવી, વ્યથિત હૃદયે બોલ્યા, માણિભદ્ર મારો બાલ્યાવસ્થાથી અનુપમ મિત્ર હતો. હાય! તે એકાએક પરિવાર સહિત કેવી રીતે મરી

ગયો ? અને આ બાળક પોતાના ગુણોથી મને અત્યંત વહાલો લાગે છે, તેમાં પણ માણિભદ્રનો પુત્ર છે. માટે મારે તો બહુમાન કરવા યોગ્ય પાત્ર છે.

ત્યારબાદ બાળકને મંગાવી પોતાની ગોદમાં શ્રેષ્ઠિએ બેસાડી આલિંગન કર્યું. હર્ષાવેશમાં આંખમાંથી ઉનાં આંસુઓ પડવા લાગ્યા જાણે કે ધૂલથી ખરાબ થયેલા બાળકને નવડાવતા હોય તેવું લાગતું હતું, હે વત્સ ! મહામારીના ભયથી લોકોએ તારા ઘરને કોટથી ઢાંકી દીધું હતું. હાય ! મારા મિત્ર કુળના તન્તુરૂપ તું બચી ગયો, તે કોઈને ખબર નથી, મારા પુત્ર સાગરદત્ત તથા પુત્રી વિષાની સમાન તું છે.

એ પ્રમાણે કહીને બાળકને લઈ સમુદ્રદત્ત શ્રેષ્ઠિ અગાશીમાંથી ઉતરી ઘરમાં ગયો, પોતાની સ્ત્રી તથા સેવકવર્ગ અને આપ્તજનોને કહ્યું કે આ મારો બાળક ગૌરવ લેવા જેવો છે, આત્માની સમાન તેની રક્ષા કરજો, સુંદર રીતે લાલનપાલન કરાતો બાળક બાલસ્વભાવથી તેની ચંચળતા વધી ગઈ, તેનાથી બધા ત્રાસી ગયા, અને પરસ્પર મંત્રણા કરી, "પારકો માણસ આપણને શા માટે હેરાન કરે છે ?

જેમ પડોશમાં વાગતા વાજિંત્રના નાદ બીજાને ત્રાસ રૂપ બને છે તેમ આ બાળક પણ આપણને ત્રાસ રૂપ છે. માટે તેને બાંધીને ક્યાંક મૂકી દઇએ, આવો નિશ્ચય કરી પશુઓને બાંધવાની જગ્યામાં તેને લઈ જઈ, પંડિતજી જેમ પોતાના ખરાબ વિદ્યાર્થીને બાંધે છે, તેવી રીતે દોરડાથી બાળકને બાંધ્યો, શ્રેષ્ઠિ જ્યારે પૂછે કે 'બાળક

ક્યાં છે,' ત્યારે પરિજનો જવાબ આપતા કે, તે, રમવા ગયો છે. કોઈ કોઈ વખત તે બાળકને લાવી શ્રેષ્ઠિને બતાવતા પણ હતા, દોરડાથી તેને બાંધેલો તેથી તે બાળકને લોકો દામનક કહેતા, બંધનમાં બંધાયેલા તે દામનકમાં ધીમે ધીમે વિનય અને વિવેક આવવા લાગ્યા, થોડાક સમયમાં દામનકને બંધનમાંથી મૂક્ત કરવામાં આવ્યો. અનેક પ્રકારના કાર્ય કરતો, સહજ કોમળતાવાળો દામનક થોડા જ વખતમાં પરિજનો તથા સ્વજનોમાં પ્રિય બની ગયો.

એક વખતે ગોચરી માટે બે મુનિઓ શ્રેષ્ઠિના ઘેર પધાર્યા, મુનિએ દામનકને જોયો. અવધિજ્ઞાનના ઉપયોગથી દીશાઓનું અવલોકન કરી, મોટા મુનિશ્વરે ધીમેથી નાના મુનિને કહ્યું કે જો બીજાઓથી પોષાયેલો આ બાળક જે દેખાય છે. તે આ ઘરનો માલીક થશે. બીજા ખંડમાં બેઠેલા શ્રેષ્ઠિએ બારીમાંથી મુનિશ્વરના વચનો સાંભળ્યા, તરત જ શ્રેષ્ઠિનું મૂખ પડી ગયું, આઘાતથી અને ચિંતાથી મૂખ ઉપર કરચલીઓ પડી ગઈ, શેઠે વિચાર્યું હાય! આ સમય વગરનો વજ્રઘાત કેમ? શું નોકર ઘરનો માલીક બનશે? આ હું શું સાંભળું છું?

જ્ઞાની અને સત્યવાદી મહામુનિશ્વરોની વાણી કદાપિ અસત્ય હોતી નથી. હાય! હું હણાઈ ગયો? મારાં જીવતા આ કેમ બને? મેં સાપને દૂધ પીવડાવ્યું, મેં ઝેરી વૃક્ષને પાણી પાયું, આને મોટો કરીને મેં શત્રુ ઉભો કર્યો છે. અરે! આ શું વિચારૂં છું? શું મારામાં સ્ત્રીના જેટલી

કાયરતા, કેમ? મારી બુદ્ધિ ત્રણે લોકમાં પહોંચી વળે તેમ છે. તેની સામે આ કાંઈ વિસાતમાં નથી.

આ ગુપ્ત શત્રુ ઉપેક્ષા કરવા યોગ્ય નથી પણ વધ કરવા યોગ્ય છે. માટે ગુપ્તતાથી આનો 'વધ' કરવો જોઇએ, નહિતર લોકમાં મારી આબરૂને કલંક લાગશે, ત્યારબાદ શ્રેષ્ઠિએ 'યમદાસ' નામે વધસ્થાનાધિકારી–ચાંડાલને એકાંતમાં બોલાવ્યો, અને કહ્યું કે મેં તને એક કામ માટે બોલાવેલ છે. તું મારૂં કાર્ય કર, ઉઘરાણીના બહાને કાલ બપોરના હું જેને તારા ઘેર મોકલું, તેનો એકાંતમાં વધ કરજે, અને તેની એક આંગળી કાપીને મને બતાવજે, કે જેથી તેના મૃત્યુનો મને વિશ્વાસ આવે, તને ઈનામમાં ઘણું દ્રવ્ય આપીશ, તારા ઉપર મારો વિશ્વાસ છે. તે માટે આ વાતનું રહસ્ય ગુપ્ત રાખજે, ચાંડાલે શ્રેષ્ઠિની વાતનો સ્વિકાર કર્યો.

ચાંડાલના ગયા પછી માયાવી શ્રેષ્ઠિએ દામનક પ્રત્યે અત્યંત પ્રેમ બતાવ્યો, અને તે દિવસને ખૂબ જ દુઃખીત હૃદયે શ્રેષ્ઠિએ પસાર કર્યો, બીજા દિવસે બપોરના સમયે નિર્દય શ્રેષ્ઠિએ ઉઘરાણીને બહાને દામનકને ચાંડાલના ઘેર મોકલ્યો, 'જેવી આપની આજ્ઞા, કહી દામનક નિઃશંક બાળકનો ખેલ હોય તેવી રીતે નિર્ભયતાથી ગયો, મરેલા પશુઓથી વ્યાપ્ત, શ્મશાનના યુવરાજરૂપ, સાક્ષાત્ યમરાજની રાજધાનીરૂપ, નરકના પ્રતિબિંબસમાન, મોતના શરીરરૂપ, લોહીથી ભરપૂર, હિંસાના તાંડવસમાન, હાડકાંના

પરસ્પર અથડાવાથી થતા અવાજોથી વ્યાકુલ એવા ચાંડાલને ઘેર દામનક આવ્યો, યમદાસે દામનકને જોઈ મનમાં વિચાર કર્યો. અરે! આની કાંતિ, લાવણ્ય, અને આકૃતિ કેવી સરસ સુંદર છે, રૂદ્ર એ જેવી રીતે કામદેવનો અંત કર્યો તેવી રીતે હું આનો જીવન અંત કેવી રીતે કરૂં, એક તો પહેલેથી જ જીવ વધ રૂપ ઈન્ધનોથી મારો પાપાગ્નિ સળગી રહ્યો છે.

તો પછી નરહત્યારૂપી ઘીની આહૂતીથી તે અગ્નિને શા માટે પ્રજ્વલિત બનાવું, એટલામાં દામનકે ઉઘરાણીની માંગણી કરી, યમદાસ તેને એકાન્તમાં લઇ જઈ ધીરેથી બોલ્યો, મારે શેઠની સાથે કોઈપણ જાતની લેતી દેતી નથી, પણ શેઠે એકાન્તમાં તમારો વધ કરવા માટે આદેશ આપ્યો છે. આનંદિત દામનક બોલ્યો કે મારા પ્રાણ શેઠને આધીન છે, કેમકે કુતરાના કાન ત્યાં સુધી જ બચે છે કે જ્યાં સુધી તેનો માલીક સહન કરે, હું પણ તૈયાર છું; કર્તની (મારવાનું સાધન) તમારા હાથમાં છે. મને મારી આજ્ઞાનું પાલન કર, તેમની આજ્ઞાને પાલન કરનાર કોઈ પણ વ્યક્તિ મને પ્રિય છે. યમદાસે વિચાર કર્યો અરે! આનું સાહસ કેવું છે? આની કુલીનતા કેવી છે? આની ભાષા કેટલી મીઠાશવાળી છે? તને મારવા માટે મારા હાથ ઉપડતા નથી. આ કીરપાણ પણ દયાળુતા દાખવતી હોય તેમ તને મારવા ઈચ્છા કરતી નથી, તને મારવાની વાત કરતાં શ્રેષ્ઠિની જીભ કેમ ઉપડી. તમારો અપરાધ

તમને જોતાં એમ લાગે છે કે એવો નહિ હોય કે જેની શિક્ષા મૃત્યુદંડ હોય, વિનિતોના મસ્તકાલંકારરૂપ અને સાત્વિકતાના દ્રષ્ટાંતરૂપ એવા તમને મારીને નરકમાં પણ મને સ્થાન પ્રાપ્ત નહી થાય.

માટે હે વત્સ ! તું એવી જગ્યાએ ચાલ્યો જા કે શ્રેષ્ઠિને તારો ભેટો જ ન થાય, તું જીવંત છે. એવી ગંધ પણ આવશે તો આપણા બંન્નેનું કલ્યાણ નથી, પરંતુ શ્રેષ્ઠિને વિશ્વાસ આવે માટે તારી એક આંગળી આપ, અને દામનકે પોતાની આંગળી આપી, દયાળુ હોવા છતાં યમદાસે આંગળી કાપી લીધી, પાછળના રસ્તેથી દામનકને વિદાય કર્યો, શ્રેષ્ઠિને યમદાસે આંગળી બતાવીને પોતાનો ઉપહાર ( ભેટ ) લીધો. શ્રેષ્ઠિ પોતાના શત્રુના વધથી પ્રસન્ન થયો, અને બીચારો 'દામનક' ટોળાથી છૂટા પડેલા હરણીઆની જેમ આમતેમ ભટકવા લાગ્યો, યાતાયાત કરતો દામનક ગાડાના બળદની જેમ વનમાં ફરવા લાગ્યો.

ત્યારબાદ ત્યાંથી ફરતો ફરતો શ્રેષ્ઠિના ગોકુળમાં આવ્યો, જો કે નજીકમાં ક્રીડા કરતી ગોવાલણોના ગીતોથી ખેંચાઈને આવ્યો હતો, પહેલાં રાજગૃહમાં જોયેલો હોવાથી દામનકને ગોવાળોએ શેઠનો માણસ સમજી ઓળખ્યો. અને સન્માન કર્યું. દૂધ, દહી આદિ ભોજન કરાવ્યું, અને ત્યાંજ રાખ્યો, દામનક પણ બાલ્યાવસ્થામાં માતાના મરી જવાથી દૂધ ઈચ્છાપૂર્વક પીવા નહી મળ્યું હોવાથી અહીંઆ ઈચ્છા મુજબ દૂધ અને દહીનો આહાર લેવાથી, થોડાક

દીવસમાં રૂષ્ટ પુષ્ટ બન્યો, ગોપીઓના નેત્રના અંજન રૂપ યૌવનને દામનકે પ્રાપ્ત કર્યું. સાક્ષાત્ શરીરધારી કામદેવ સમાન અત્યંત સુંદર દેખાવા લાગ્યો.

એક દિવસ સમુદ્રદત્ત શ્રેષ્ઠિ જોવા માટે ગોકુળમાં આવ્યા, સન્ધ્યા સમયે વૃદ્ધ ગોવાળાએ, પ્રત્યેક ગાય તથા દરેક મનુષ્યો શ્રેષ્ઠિને બતાવવામાં આવ્યાં, એકાએક શ્રેષ્ઠિએ માણિભદ્ર પુત્રને જોયો, અને વિચારવા લાગ્યો કે 'શું આ તે જ હશે દામનક કે બીજો ? ના....ના....ના....આ દામનક કયાંથી હોય ? કારણ કે દૂષ્ટનો તો મેં વધ કરાવ્યો છે. કદાચ એમ પણ હોય કે આ યુવાન બીજો હોય, તો પણ મારૂં ચિત્ત આકુલ વ્યાકુલ થાય છે. ઠીક તેની કાપેલી આંગળી જોઉં–સરલ સ્વભાવી દામનકે આવી શ્રેષ્ઠિને પ્રણામ કર્યા, ગોવાળોએ પણ તેનું નામ લઈને 'આ આપનો છે,' એમ કહ્યું. શ્રેષ્ઠિએ પણ કપાયેલી આંગળી જોઈ મનમાં નિશ્ચય કર્યો, અને વિચારવા લાગ્યો, કે શું આ સ્વપ્નું છે ? શું આ મતિભ્રમ છે ? શું આ ઇન્દ્ર જાલ હશે ? શું મારા જીવતાં હું શત્રુને આજે મારી સમક્ષ જોઈ રહ્યો છું મારા ગોકુળમાં રહીને બળદમાં સાંઢની માફક સર્વે ગોવાળોમાં બલિષ્ઠ થઈ ગયો છે.

વાઘ જેવા યમદાસ ચાંડાળની પાસેથી મૃગલાસમાન દામનક કેવી રીતે ભાગી છૂટયો હશે ? અથવા મુનિ વચન કોઈ દિવસ મિથ્યા ન થાય, આ પ્રમાણે અનેક સંકલ્પ, વિકલ્પોને કરતા દુષ્ટાશયી શ્રેષ્ઠિએ, સભ્યતાથી દામનકને કહ્યું.

દામનક ! મેં તને ઘણા દિવસથી જોયો નથી તું કુશલ છે ને ? આવ દામનક નજીક આવ ! હું તારા માટે ખુબ જ ઉત્સુક હતો, વત્સ ! તને તે વખતે ચાંડાલના ઘેર મોકલ્યો હતો, ત્યારથી મેં તારી ખુબ જ રાહ જોઈ. ઘરમાં, ગામમાં, ખળામાં, ખેતરમાં, વાવમાં, સરોવરમાં, જંગલમાં તારી તપાસ કરી પણ કયાંય તારો મેળાપ થયો નહી, તારો મેળાપ નહી થવાથી હું વ્યાકુલ બન્યો.

ઘરમાં તારા વિના ગમતું નહોતું, તું કદાચ ગોકુળમાં હોઈશ, તેમ માની તારી તપાસ કરવા માટે હું અહીં આવ્યો છું; શું મારાથી કે પરિજનોમાંથી કોઇએ તારા સ્વમાનનો ભંગ કર્યો છે કે જેથી અત્યંત રોષમાં આવી તું પરિભ્રમણ કરે છે. તું હમણાં કયાં રહે છે ? જો કે તું ગોકુળમાં આવી ગયો તે તો તેં ઠીક કર્યું છે, તું મને કહે કે તું હતો કયાં ? મને સાંભળવાની ખૂબ જ ઇચ્છા છે. દામનકે વિચાર કર્યો. અત્યંત આદરમાન પણ શંકા નિર્માણ કરે છે. મારો વધ કરાવવા તૈયાર થયેલા શ્રેષ્ઠિ હમણાં મારી ઉપર આટલો બધો સ્નેહ કેમ વરસાવી રહ્યા છે ? અરે ? આ શેઠ મારા માટે આવો વિચાર કરે જ નહિ. કારણકે માતા પિતાના વિયોગ પછી મને ઉછેરીને મોટો કરનાર શું આવો વિચાર કરે ખરો કે ? ઉઘરાણી નહી આપવાની દાનતે ચાંડાલે મને ઠગી લીધો લાગે છે.

ત્યારબાદ ચાંડાલના તમામ વૃતાંતને દામનકે શેઠને કહી બતાવ્યો, શ્રેષ્ઠિએ મનમાં વિચાર કર્યો કે ભાગ્ય

દામનકના પક્ષમાં છે. અને વિશ્વાસઘાતી દુષ્ટ ચાંડાલે મને ઠગી મારા શત્રુને બચાવ્યો, તો હવે ચાંડાલ તું પણ ક્યાં જઈશ! ઠીક છે. આ બધી વાતોને હું પહોંચી વળીશ, આ પ્રમાણે વિચારતો શ્રેષ્ઠિ બોલી ઉઠયો હે વત્સ! તું અમારા પુણ્યોદયથી બચી ગયો.

ચાંડાલ જેવા પાપીઓને અકૃત્ય જેવું કાંઈ હોતું જ નથી. ચાંડાલોના હાથમાંથી છટકવું ખૂબ જ મુશ્કેલ છે. તારે શંકા કરવાનું કાંઈ કારણ નથી કારણ કે તને મારવાથી મને કાંઈ લાભ થવાનો નથી, શેઠે ગોવાળોને પણ કહ્યું કે તમે દામનકને તમારી સાથે રાખ્યો તે તમોએ ઘણું સારૂં કર્યું, ગોકુળ તો મારૂં બીજુ ઘર છે તેમ આ દામનક મારો બીજો પુત્ર છે. આ પ્રમાણે શ્રેષ્ઠિએ પોતાની મેલી મુરાદ પાર પાડવા માટે દામનકના મનમાં વિશ્વાસ ઉત્પન્ન કર્યો, ગોવાળોને પાછા કામે મોકલી શેઠ પોતાના સ્થાને આવ્યો. જેમ તપેલી ભૂમિ પર સાપ તરફડીઆ મારે, તેવી રીતે પથારીમાં શ્રેષ્ઠિ તરફડીઆ મારવા લાગ્યો, રાતભર તેને શાંતિ નહોતી, દામનકને મારવાના વિચારો મનમાં તેને સતાવતા હતા, રાત્રીના છેલ્લા પહોરે તેણે ઉપાય શોધી કાઢયો. સવારના દામનકને પ્રેમ પૂર્વક બોલાવી કહ્યું કે હે વત્સ! મારા અંગત કાર્યોમાં તું હંમેશાં પાવરધો છે, માટે એક મારૂં અંગત કાર્ય છે, અને વળી ગુપ્ત પણ છે, માટે તું રાજગૃહ નગરમાં સાગરદત્તની પાસે જા, જેવી આપની આજ્ઞા, શ્રેષ્ઠિએ લેખ લખીને આપ્યો અને કહ્યું

કે 'જલ્દીથી જા, લખેલું કાર્ય જલ્દીથી પતાવી પાછો આવ, શ્રેષ્ઠિની આજ્ઞાને મસ્તકે ચઢાવી, લેખને કપડામાં બાંધી, ધનુષ્યને ખભે ધારણ કરી દામનક રાજગૃહના માર્ગે જવા નીકળ્યો, જમણી આંખ, જમણું અંગ અને જમણો હાથ, ફરકવાથી શુભ શુકનને માની દામનક પાણી-ના રેલાની જેમ પુર ઝડપે ઉપડચો, રાજગૃહી નગરીની સમીપમાં મનોરમ્ય ઉદ્યાન છે ત્યાં દામનકે પ્રવેશ કર્યો. દૂરથી મધ્ય ભાગમાં કામદેવનું ગગનચુંબી મંદિર દેખાયુ અને અનુરાગ રૂપ સમુદ્રના મોજાની સમાન લાલ ધ્વજા-ઓથી સુશોભિત, પદ્મરાગ મણિમય કામમંદિર જોયું, અને દામનક ત્યાં ગયો, તેના એક ભાગમાં જઈને સૂઈ ગયો.

આ બાજુ સમુદ્રદત્તની પુત્રિ 'વિષા, ત્યાં આવી, મનગમતા પતિને પ્રાપ્ત કરવાની ઈચ્છાથી તે દરરોજ કામદેવની ઉપાસના કરવા મંદિરમાં આવતી હતી, વિષાએ સૂતેલા દામનકને જોયો, અને મનમાં કામદેવનો સંશય આવ્યો, વિષાની આંખો દામનકના રૂદય, કંઠ, ઓઠ, મૂખ વિગેરે જોવા લાગી, દામનકના તમામ અવયવોની સુન્દરતા જોઈને આશ્ચર્યને અનુભવતી, જાણે કે કામદેવના બાણથી હૃદયમાં વિંધાયેલી હોય તેમ માથાને હલાવવા લાગી, ઘણા દીવસો બાદ દાઢી મૂછવાળા, માંસથી ભરપૂર શરીર વાળા પુરૂષને જોઈ વિચારવા લાગી કે આના જેવો કોઈ પણ હજુ સુધી જોવામાં આવ્યો નથી, વળી બાહ્યવેષ તથા આભૂષણ સિવાયનું સૌંદર્ય ખીલતા કમલ જેવું છે.

તેના લાવણ્યરૂપ પંકમાં મગ્ન એવી મારી ગાય રૂપી દષ્ટિને કેવી રીતે બહાર કાઢી શકું. તેના શિકારી જેવા પ્રેમ-બંધને, મારા મૃગ રૂપી મનને બાંધી લીધું છે.

તેના શરીર આદિ અવયવો ઉપર વળેલા પ્રસ્વેદના બિંદુઓ કહી રહ્યા છે. કે ભારે શ્રમિત બનીને હમણાં જ અહીં આવી સુતેલ મુસાફર છે.

આ યુવાન કોઈપણ જાતનો હોય તેની સાથે મને કોઈ સંબંધ નથી. તો પછી કુલાદિથી મને શું? પણ મનગમતો યુવાન મારો સ્વામિ થશે. પ્રેમ કોઈ નિમિત્તની અપેક્ષા રાખતો નથી, પાંચાલિકાની સમાન સ્થંભની પાસે નિશ્ચલ અને નિર્નિમેષ ઉભી રહેલી વિષાએ યુવાનના વસ્ત્રમાં ગાંઠ જોઈ, કૌતુકથી ગાંઠ ખોલીને ‘ લેખ જોયો, તપાસ્યો, બન્ને તરફ પિતા તથા ભાઈનું નામ જોવામાં આવ્યું. પિતાના અક્ષરને જોઈ લેખમાં શું હશે? કુતુ-હલતા પૂર્વક લેખ ખોલીને વિષા વાંચવા લાગી, સ્વર્ગ જેવા ગોકુળમાં દરરોજ ઉત્સવોથી બિરાજમાન સમુદ્રદત્ત તરફથી રાજગૃહ નગરમાં માનનીય અગ્રગણ્ય પુત્ર સાગર-દત્તને જણાવું છું કે અમે સર્વે સકુશળ છીએ, અને મોકલાવેલ માણસને આવતાની સાથે તરત જ જરૂરથી ‘ વિષ, આપજે. પુત્ર! આ કાર્યમાં વિકલ્પ કે વિલંબ જરાપણ કરીશ નહી. કાર્યને જલ્દીથી સિદ્ધ કરવાનું છે.

હું પણ આવતી કાલે ત્યાં આવી જઈશ, લેખના અર્થને વિચારતી વિષા વિષાદથી બોલી ઉઠી. હે તાત! વૃદ્ધા-

વસ્થામાં પણ આપની બુદ્ધિ કેમ બગડી છે ? નૃશંસ ! બોલો, આ મનુષ્ય રત્નને મારવાથી તમારૂં કયું કાર્ય સિદ્ધ થવાનું છે ? ભાગ્યે જ આવા પુત્ર રત્નને સ્ત્રીઓ જન્મ આપે છે. પિતાજીએ ઝેર આપવાનું લખ્યું છે. તો આજ્ઞાંકિતભાઈ જરૂરથી ઝેર આપી દેશે, શું આ પત્રને ફાડી ફેંકી દઉં ? અથવા બીજો લખીને મૂકી દઉં, અથવા અક્ષરને બદલી નાખું, કે જેનાથી બીજો અર્થ નીકળે, અરે ! સમજી ગઈ 'વિષમ્‌ની જગ્યાએ 'વિષામ્' કરી નાખું, ઘણા પુણ્યથી આવી બુદ્ધિ જડી આવી, આ સુંદર જીવશે અને મારો સ્વામિ પણ બનશે, એક જ ક્રિયાથી આંબાના ઝાડને સિંચન પણ થશે, અને પિતાજી તૃપ્ત પણ થશે, આંખમાં આંજેલા કાજળને આંસુથી ભીંજાવી નખ વડે 'વિષ'ની જગ્યાએ 'વિષા' કરી નાખ્યું. જેનાથી વિષ આપજે તેના બદલે 'વિષા, આપજે આવો અર્થ બની ગયો, લેખ હતો તેવી રીતે વસ્ત્રમાં બાંધી દીધો, વિષા કામદેવના મંદિરમાં પૂજા કરવા ગઈ, પૂજા થયા પછી બોલી કે હે દેવ ! આપે મારી ઉપર પ્રસન્ન થઈ યુવાનને બતાવ્યો છે તો હવે આપ પ્રસન્ન થઈને આ પુણ્યાત્માની સાથે મારા લગ્ન થાય તેવું વરદાન આપો, બોલીને વિષા ઘેર આવી.

દામનક ઉંઘમાંથી ઉઠીને શ્રેષ્ઠિના ઘેર ગયો, સાગર-દત્તે મધુર વચનોથી દામનકનો સત્કાર કર્યો, દામનકે સાગરદત્તને સમાચાર તથા લેખ આપ્યા, લેખ વાંચી અર્થ સમજીને વિચારવા લાગ્યો કે, 'લેખ લઈ આવનારને તરત જ વિષા આપજો.'

આવી પિતાજીની એકાએક આજ્ઞા કેમ ? આવો વિચાર કરવો યુક્ત નથી, કારણકે કુલીનોને માટે વડીલ તરફથી મળેલા આદેશમાં વિકલ્પ કરવો ઉચિત નથી. સ્વપ્નમાં પણ પિતાજી ખોટું વિચારતા નથી.

આવનાર વ્યક્તિ વિષાના પતિ તરીકે રૂપ, શીલ, કુલાદિક્રમથી સર્વથા યોગ્ય છે. લેખને પોતાના પાસે રાખી સાગરદત્તે વિષાને કહ્યું બ્હેન ! પિતાજીએ તારા લગ્ન માટે આવનાર વ્યક્તિને મોકલાવેલ છે.

આ સાંભળી મનમાં હસતી વિષાએ મર્યાદા ને શરમથી માથું નીચું કર્યું, જ્યોતિષિઓને બોલાવી આદરપૂર્વક લગ્નને માટે પૂછ્યું. જ્યોતિષિઓએ કહ્યું કે આજે અર્ધ રાત્રિના સમયે લગ્ન ઉત્તમ છે. જો આજે તે બંન્નેના લગ્ન ન થાય તો બે વર્ષ સુધી લગ્ન શુદ્ધી આવતી નથી. આજના ગ્રહબલ ઉત્તમ અદ્‌ભુત અભ્યુદયને આપનાર છે. ગ્રહ યોગોનું વિવેચન થઈ શકે તેમ નથી, સાગરદત્તે જ્યોતિષિઓની પૂજા કરી વિદાય કર્યા, સુંદર દિવસ હોવાના કારણે પિતાજીએ આનંદપૂર્વક આજ્ઞા આપી જણાય છે.

શ્રેષ્ઠિપુત્રે તરત જ દ્રવ્ય વ્યય કરીને સુલભ વસ્તુઓ મંગાવી લગ્નની તૈયારી કરી. સ્ત્રીઓએ મંગળ ગીતો ગાયાં, રાત્રે સુંદર વેષવાળી વિષાના દામનકની સાથે લગ્ન થયાં, સવાર થતાં જ પ્રસન્ન ચિત્તે શ્રેષ્ઠિ ઘેર આવ્યા, દૂરથી

માણુસોનો કોલાહલ, વિષાની વિદાયગીરીના કરૂણારસવાળા લગ્નના ગીતોના શબ્દો શેઠે સાંભળ્યાં, કેળના થાંભલાથી યુક્ત તોરણો, સાથીઆથી યુક્ત દ્વારો, લગ્નની ચોરી, સજાવેલા મંડપો,આવેલા સજ્જનોને અપાતાં પાનો,કુટુંબ પરિવારને અપાતી બક્ષીસો વિગેરે શેઠે જોયું. અને મનમાં શેઠ આશ્ચર્ય પામ્યા, નવદંપતિને શેઠે જોયા, લગ્નનો વેશ અને મંગલસૂત્ર ધારણ કરેલા દમ્પતિએ શેઠને નમસ્કાર કર્યા.

બહારથી હસતા અને અંતરમાં ઉદ્વેગથી છલકાતા શ્રેષ્ઠિએ પોતાના પુત્રને એકાંતમાં બોલાવ્યો, અને પૂછયું હે વત્સ ! આ શું ! ત્યારે સાગરદત્તે કહ્યું કે પિતાજી આપ જાણો છો, હું શું જાણું ! સાગરદત્તે વિચાર્યું કે સ્મરણ શક્તિનો અભાવ પિતાજી માટે અનિષ્ઠકારક છે. મારા પિતાજી દીર્ઘાયુ હો, આ પ્રમાણે વિચાર કરી કહ્યું. હે તાત ! ગઈ કાલે લેખમાં આપેલી આજ્ઞાને આપશ્રી ભૂલી ગયા કે શું ? શ્રેષ્ઠિએ કહ્યું હે વત્સ ! લેખમાં મેં તને શું આદેશ આપ્યો હતો ?

શ્રેષ્ઠિપુત્રે કહ્યું 'વિષાને આપો, વત્સ! લેખ ક્યાં છે ? પિતાજી ' સાગરદત્તે પોતાની પાસેથી લેખ કાઢી પિતાને આપ્યો. લેખ વાંચી શ્રેષ્ઠિ ખિન્ન બન્યો, અને ચિન્તા કરવા લાગ્યો, હાય ! વિષના બદલે વિષા કેવી રીતે બન્યું, કદાચ મેં જ આ પ્રમાણે લખ્યું હશે.

આ મારી મોટી ભૂલ છે. ના....ના....આ વિષયમાં

મારી કે મારા પુત્રની ભૂલ નથી. આ ભૂલમાં ભાગ્ય જ મારૂં પ્રતિકુળ છે. પોતાના મનની વ્યાકુળતા શ્રેષ્ઠિએ પુત્રને જણાવી નહી. કારણ કે ગૂઢ રહસ્ય કોઈ દીવસ કોઈને કહેવું જોઈએ નહી, એવો નિશ્ચય કરી શ્રેષ્ઠિએ પુત્રની પ્રશંસા કરી, કહ્યું કે તારા સિવાય આટલી ઉતાવળથી આ કાર્યને બીજો કોઈ કરી શકે નહી. માટે તું ધન્યવાદને પાત્ર છે. વૃદ્ધાવસ્થાના કારણે કાલે જ તને જણાવેલું કાર્ય હું ભૂલી ગયો છું. હવે આજથી બધો કારભાર તારે જ સંભાળવાનો છે. હું નિશ્ચિંત બનું છું.

ત્યારબાદ શ્રેષ્ઠિ ચિત્રશાલમાં જઈ ક્રોધરૂપી વડવાનલ વાળો, ચિંતારૂપી સમુદ્રમાં બળવા લાગ્યો, આ દુરાત્માને મારવા માટે મેં ઘણા ઉપાયો કર્યા, પણ ભાગ્યનો દોષ કે એકપણ પ્રયત્ન સફળ થયો નહી. વળી હે દામનક ! તેં તો ઘાની ઉપર વિસ્ફોટકની ગરજ સારી છે. તું મર્યો નહી પણ જમાઈ બન્યો. કેટલી વિધિની વિચિત્રતા છે કે મુનિના વચન કદાપિ પણ અસત્ય હોઈ શકતા નથી, અને હોય પણ નહી. નખથી છેદવાની વસ્તુ હવે કુહાડા વડે છેદવા યોગ્ય બની છે. હું હાથી સમાન અને દામનક વૃક્ષ સમાન છે. તેને હું નિર્મૂલ કરીને જ શાંતિ મેળવીશ, વિષાને વૈધવ્યદશા પ્રાપ્ત થાય તે સારૂં છે. પણ આ દુષ્ટ જીવતો રહે તે ખોટું છે.

કારણ કે દીવાના ઝાંખા પ્રકાશ કરતાં અંધકાર વધારે સારો છે. આ નગરમાં યમદાસ અને કાલપાશ

નામના બે ચાંડાલો છે, તેમાં ચંમદાસ પહેલેથી જ અવિશ્વાસુ નીકળ્યો. હવે કાલપાશને કહું કે દામનકનો દૂરથી વધ કરે, કારણકે દામનકને દેખવાથી ચાંડાલને દયા આવશે, માટે દૂરથી વધ કરાવીને કુળદેવી ચંડિકાને ભેટ ધરું, આવો નિશ્ચય કરીને સમુદ્રદત્ત શ્રેષ્ઠિએ પોતાની પત્નીને કહ્યું કે હે પ્રિયે! પુત્રીના અનુરૂપ આપણને જમાઈ મલ્યો હોવાથી, આપણા મનોરથ પૂર્ણ થયા છે. લગ્નનો ઉત્સવ નિર્વિઘ્ને પૂર્ણ થયેલો હોવાથી તે બંનેને આપણી કુલદેવી ચન્ડિકાના મંદિરે દર્શન કરવા તે બંનેને મોકલવાના છે. નૈવેદ્યની તૈયારી કરો, કહીને શ્રેષ્ઠિ ચાંડાલોના ઘર તરફ ચાલ્યો, ગામની બહાર દૂર ઉભા રહી. કાલપાશ ચાંડાલને બોલાવ્યો, એકાન્તમાં કહ્યું કે તું મારૂં એક કામ કર, મારો શત્રુ છે તેને તું મારીશ તો તને એક હજાર સુવર્ણ મુદ્રાઓ આપીશ, તેના મરવાથી મારા અંતરમાં શાંતિ થશે, તું ધનુષ્ય લઈને માલ્યવનમાં જજે, સંધ્યા સમયે હાથમાં ફુલની ડાળી લઈને ચંડિકાના મંદિરમાં એક યુવક અને એક સ્રી જતાં હશે, તેમાં યુવકને એવી રીતે મારજે કે મરતી વખતે એક શ્વાસ પણ ન લઈ શકે, 'જેવી આપની આજ્ઞા'

આ પ્રમાણે કહીને કાળપાશ ચાંડાળ પોતાનાં ઘેર ગયો, નીચવૃત્તિવાળા શ્રેષ્ઠિએ પુત્રિ સહિત દામનકને બોલાવી કહ્યું કે મિત્ર પુત્રને જમાઈ બનાવીને અમો ખુબજ ભાગ્યશાળી બન્યા છીએ, આ નગરની બહાર અમારી

કુલદેવી ચંડિકાનું મંદિર છે ત્યાં તમે તમારા હાથમાં ફુલની ડાળી લઈને વિષાની સાથે ચંડિકા દેવીને નમસ્કાર કરજો. અને અમારા કુલની મર્યાદા છે કે નમસ્કારની વેદી ઉપરથી ઉઠીને તમો એકલા દેવની પૂજા કરજો, મારો પુત્ર આ બધી બાબતોથી અજાણ છે. માટે હું તેને તમારી સાથે નથી મોકલી શકતો, કારણ કે અજાણ એવા સાગરદત્તથી કાંઈ ભૂલ થઈ જાય તો મહા અનિષ્ઠ થવાનો સંભવ છે. માટે તમો બંન્ને જણા જલ્દીથી જાઓ.

'જેવી આપની આજ્ઞા' કહીને સસરાએ આપેલો નૈવેદ્યનો થાળ વિષાને આપી, પોતે ફૂલની ડાળી લઈને ચંડિકાના મંદિરમાં જવા માટે દામનક નીકળ્યો, વિષાને શંકા થઈ કે પિતાજીએ કપટનો બીજો પાસો કેમ ન ફેંકયો હોય? મારૂં મન કંપે છે, વિષા બોલી ઉઠી કે હે આર્યપુત્ર! આપ પાછા ફરો, પિતાજીનો 'આ વિચાર મને સારો લાગતો નથી, દામનકે કહ્યું કે હે પ્રિયે! તું ધીરજ ધર, ચંદ્રમાંથી કોઈ દિવસ અંગાર વૃષ્ટિ થાય જ નહી. તે પ્રમાણે વાતો કરતાં બન્ને જણા ચાલવા લાગ્યા, રસ્તામાં સાગરદત્તે બંન્નેને જોયા, અને પૂછયું કે તમે બંન્ને જણા કયાં જાવ છો? દામનકે બધી વાત કરી ત્યારે સાગરદત્ત હસ્યો અને બોલ્યો, કે દેવી પૂજનને માટે પિતાજીએ સંધ્યાસમય અને ચંડિકાનું ભયાનક સ્થાન આવા સમયે કેમ નક્કી કરેલ હશે, તમે બંન્ને જણ નવવિવાહિત, અપરિચિત અને સહાયતા વિનાના છો માટે

ઘેર પાછા વળો, દેવીના મંદિરે કાલે જજો, દામનકે શ્રેષ્ઠિ પુત્રને કહ્યું કે તમારે આવું ન બોલવું જોઈએ, કોઈપણ સંજોગોમાં ' શ્રેષ્ઠિની આજ્ઞાનું ઉલ્લંઘન કરીશ નહી.' બીજું બીક તો છોકરાઓને હોય, ચાંડાલની પાસે મોકલવામાં આવ્યો ત્યારે પણ ગોકુળમાં જઈ હૃષ્ટ પુષ્ટ બન્યો, તમારી પાસે આવ્યો ત્યારે મને સ્ત્રી મલી, અત્યારે પણ મને કોઈને કોઈ રીતે સારૂં ફલ મલશે, એવો મને વિશ્વાસ છે.

સાગરદત્તે કહ્યું કે જો એમજ છે તો તમારા બદલે હું જાઉં છું. આપણા બંન્નેમાં ભેદભાવ ક્યાં છે? તમે અહીંઆ ઉંચા આસને બેસો, દામનકને બેસાડી હાથમાં ડાળી લઈને સાગરદત્ત વિષાની સાથે ચાલ્યો, વિષાએ વિચાર કર્યો કે પિતાજીએ કોઈ ઘાતકને રાખ્યો હશે તો મોટો અનર્થ થશે, વળી ઘેરથી નિકળ્યા પછી અત્યાર સુધીમાં સારા નિમિત્ત કે શુભ શુકન મલ્યા નથી, તો પણ ભવિતવ્યતાને વશ બનીને માલ્યવનમાં પ્રવેશ કર્યો. પહેલેથી સુસજ્જિત બનીને વૃક્ષની પાછળ છૂપાયેલા કાલપાશે તેને ઓળખ્યો નહી. અને બાણ માર્યું. સાગરદત્ત ચક્કર ખાઈને નીચે પડ્યો અને મૃત્યુ પામ્યો.

રક્ષા કરો રક્ષા કરો, ના પોકારો પાડતી, વિષા ચંડિકાના મંદિરના પત્થરોને રોવડાવતી હોય તેમ રોવા લાગી, તેના કરૂણ આક્રંદથી લોકો ભેગા થઈ ગયા, અને નગરમાં ' શ્રેષ્ઠિ પુત્ર મૃત્યુ પામ્યા, એવી વાત ફેલાઈ ગઈ,

તે સાંભળીને શ્રેષ્ઠિએ વિચાર કર્યો કે ઘણું સારૂં થયું. કે લોકોમાં મારા પુત્રના મૃત્યુની પ્રસિદ્ધિ થઈ, ભાગ્યથી દુષ્ટાત્મા બે વખત બચી ગયો, પણ આજે તો મરી ગયો, કારણ કે ચોર પણ ત્રીજી વખત પકડાઈ જાય છે. વિધાતાના માથા ઉપર પગ મૂકીને મેં મુનિવચનને ખોટું પાડયું છે. હવે હું નિશ્ચિંતતાથી રાત્રી ભર ઉંઘી જઈશ.

આ સમાચારથી મને લાગે છે કે મેં બીજો જન્મ ધારણ કર્યો છે. શ્રેષ્ઠિ બનાવટી શોકને ધારણ કરી બોલવા લાગ્યો હે દામનક ! હવે તમે કયાં મલશો ! આ પ્રમાણે બોલતો શેઠ ચાલતો ચાલતો આવતો હતો ત્યારે માલ્યવન નજીકમાં પોતાના જ આસને બેઠેલા પ્રિયપુત્ર દામનકને જોયો, ચન્દ્રસમાન કાંતિવાળા દામનકને જોઈ શ્રેષ્ઠિ મલિન મૂખવાળો બની ગયો, દામનકને પૂછયું. સાગરદત્ત કયાં છે ? શું તમે ત્યાં નથી ગયા ? દામનકે શ્રેષ્ઠિ સમુદ્રદત્તને બધી હકીકત કહી બતાવી, શ્રેષ્ઠિ વિચારે છે કે જમાઈની જગ્યાએ પુત્ર માર્યો ગયો છે. હાય ! વિધાતા ! જાતે જઈને તપાસ કરૂં. કેમકે ઘણી વખત જનસમુદાયની વાતો ખોટી ઠરે છે.

આ આશાથી પ્રેતવન સમાન માલ્યવનમાં દામનક સાથે શ્રેષ્ઠિ ગયો, વિષાના આક્રંદને સાંભળ્યું, પુત્રનું શબ જોયું, હાય ! દૈવ ! આ શું થયું. ધિક્કાર છે મને નિર્ભાગીને, વત્સ ! સાગરદત્ત ! તું મને છોડી કયાં ચાલ્યો ગયો, વત્સ ! તને ખબર નથી કે તારા સિવાય હું એક ક્ષણ

જીવી શકું તેમ નથી, પુત્ર ! ‘ આવ ’ તારા દર્શન આપ ! તું ઉપેક્ષા કેમ કરે છે.

આ પ્રમાણે વિલાપ કરતા શોક અને દુઃખથી શ્રેષ્ઠિનું હૃદય ફાટી ગયું અને મૃત્યુ પામ્યો, વિષાનું આક્રંદ વધી ગયું. હે તાત ! નગરમંડન ! એકાએક અમારા કુળનો નાશ કેમ થયો, કુટુંબ પરિવાર પણ આવીને રડવા લાગ્યો, પિતાપુત્રના અગ્નિ સંસ્કાર કરી પરિવાર પોતપોતાના ઘેર પાછા વળ્યા.

પ્રાતઃકાલે મહાજનોએ રાજા તારાચન્દ્રને વિનંતિ કરી કે અમારા સ્વામિ સમુદ્રદત્ત પુત્ર સહિત કાલે મરી ગયા છે. માટે હવે અમારા સ્વામિ કોણ ! રાજાએ મહાજનને કહ્યું કે તેના સંબંધીમાંથી જે કોઈ ગુણવંત હોય તેને તે સ્થાને બેસાડો, મહાજને કહ્યું કે રાજન્ ! તેના ગોત્રમાં બીજું કોઈ નથી, પરંતુ મૃત્યુલોકમાં શ્રેષ્ઠ એવો તેનો એક જમાઈ છે. રાજાએ દામનકને બોલાવી વંશ તથા કુલોત્પત્તિ [illegible] ર્વોલ્લાસથી તે સ્થાને બેસાડયો, શ્રેષ્ઠિનું ધન–ભવન–ગોકુળ આદિ દામનકને સમર્પણ કર્યું, રાજાએ ખુશ થઈને “ પૈતૃક, પદવી આપી.

ત્યારબાદ દામનક શ્રેષ્ઠિ પોતાના ઘેર ગયો, એક દિવસ વિષાએ એકાંતમાં ‘ લેખ, સંબંધી વાત કરી ત્યારે શ્રેષ્ઠિની પોતાના પ્રત્યેની શત્રુતાનો વિશ્વાસ આવ્યો, આનંદમાં દિવસો વ્યતિત થાય છે. એક દિવસ એક વ્યક્તિએ આવીને કહ્યું કે ઘણા વખત પહેલાં શેઠના વહાણો સમુદ્રની

સફરે ગયા હતા, તેનો આજ દિન સુધી પત્તો મલ્યો નહોતો, તે વહાણો આપના પુણ્યોદયથી આજે મલ્યાં છે. જેથી આપ મહાન પુણ્યશાલી છો, સમાચાર આપનારને ભેટ આપી વિદાય કર્યો. પોતે જોવાને માટે ગયો, ચોકમાં ઘણા લોકોને જોયા, અને વહાણના માણસો દ્વારા બનેલી હકીકત જાણી, કે-સુખ દુઃખાદિમાં ભાગ્ય જેના પલ્લામાં બેઠેલું હોય છે. તેને તેવું ફલ પ્રાપ્ત થાય છે.

એકાએક અનુભૂત અર્થને કહેવાવાળી ગાથાઓ સાંભળી પ્રસન્નતાથી એક લાખ સોનૈયા ઈનામમાં આપ્યાં. બીજી વખત સાંભળી બીજા લાખ, ત્રીજી વખત સાંભળી ને ત્રીજા લાખ આપ્યા, આ રીતે ઉદારાશયી દામનકે, ત્રણ લાખ ઈનામમાં આપ્યા.

રાજાએ વાત સાંભળીને દામનકને બોલાવ્યો, કહ્યું કે હે શ્રેષ્ઠિન્! બીજાને ધન આપી શકાય છે. પણ તેં એક વસ્તુ સાંભળીને ત્રણ લાખ આપી મારી અને તારી બંન્નેની પ્રતિષ્ઠા નાશ કરી છે. ગુણોમાં દાન સુંદર છે. સર્વ શ્રેષ્ઠ છે. પરંતુ ઉચિત્તતા સાચવીને આપવું જોઈએ. ત્યારે દામનકે કહ્યું કે રાજન્! ત્રણ લાખ તો અતિ અલ્પ છે, જે મેં સાંભળ્યું છે તેને માટે સર્વસ્વ આપું તો પણ અલ્પ છે.

કારણ કે આ ગાથાઓ સાંભળતાં જ ભૂતકાળની વાતો સ્મરણ થઈ ગઈ, આ પ્રમાણે દામનકે રાજાને પોતાનું આખું ચરિત્ર કહ્યું.

રાજાએ પણ વિસ્મિત બનીને તેની પ્રશંસા કરી,

અને તેનો સત્કાર કર્યો, દામનક પોતાના ઘેર આવ્યો ત્યારબાદ હંમેશા પરોપકારમાં લીન રહેવા લાગ્યો, યાચકોને યથેચ્છ દાન આપતો, વિષાની સાથે વિલાસ અને વિષય સુખો ભોગવવા લાગ્યો, આ પ્રમાણે દામનકની કથા કહીને કૃપાનિધાન 'ચન્દ્રે' નિર્દય એવા શૂરને કહ્યું કે અન્વયવ્યતિરેકથી જેના માટે મેં કહ્યું હતું તેજ આ પવિત્ર ચારિત્રવાળો દામનક છે.

પૂર્વ જન્મમાં કરેલી હિંસાથી બાલ્યાવસ્થામાં વંશનો નાશ થયો, અને મુનિ ઉપરના વાત્સલ્યભાવથી શ્રેષ્ઠિના ઘેર ઉછર્યો, ત્રણ વખત માંછલાને ગ્રહણ કર્યાં અને નદીમાં છોડ્યા, તેથી ત્રણ વખત મૃત્યુથી દામનક બચ્યો, માછલીની પાંખ તુટવાથી તેની આંગળી કાપવામાં આવી, અહિંસાનો અભિગ્રહ હોવાથી તે કુલીન, નિરોગી, શ્રીમાન્, કલાવાન્, આયુષ્યમાન્, યશસ્વી, તથા રૂપવાન્ થયો. તે માટે હે વત્સ! જીવહિંસાના વિપાક ઘણા કષ્ટદાયક છે, જીવદયાનું ફળ પણ ઘણું ઉત્કૃષ્ટ હોય છે.

પહેલાં તો દામનકે ઘણા કષ્ટો જોયાં, પરંતુ પાછળથી અનુપમ સુખની પ્રાપ્તિ કરી, ક્રુરમાં ક્રુર એવા તારા માટે શું શું થશે તે તો સર્વજ્ઞ ભગવંતજ કહી શકે. વિશિષ્ટ ફળને આપવાવાળી કૃપાળુ એવા 'ચંદ્રે' શૂરને ઘણી કથાઓ સંભળાવી, બળદ ગાડું ખેતર પાસે પહોંચ્યું, ઉતરીને બન્ને ભાઈઓ પોતપોતાના કાર્યમાં પડ્યા, ચંદ્રે કહ્યું કે હે શૂર! હું તને ફરીથી પણ ઘણી કથાઓ

કહીશ, પણ હમણાં આપણે કાર્ય કરીએ, શૂર પણ ભાઈની સરસ કથાઓ સાંભળી હૃદયાર્ત બન્યો.

ખેતરનું કામકાજ પતાવી બન્ને ભાઈઓ સમયસર ઘેર આવી ગયા, સ્વભાવથી દાનધર્મવાળા, શીલ સંયમ-વાળા, બન્ને ભાઈઓ ઘણા સમય સુધી, એક બીજા પ્રત્યે શાંતિપૂર્વક રહેતા હતા, પોતાના કાર્યમાં રાગવાળા એવા બન્ને ભાઈઓ પ્રત્યે ઈર્ષાવાળી વૃદ્ધાવસ્થાએ વાર્તારહિત બનાવ્યા, વૃદ્ધાવસ્થાથી દાંત ગયા, શરીર જર્જરિત બન્યું છતાં બન્નેનો પ્રેમ અજોડ હતો, યૌવનાવસ્થાને શોધતાં હોય તેમ કમ્મરમાંથી વાંકા વળી ગયા છતાં સ્નેહ સ્થિર હતો.

આખા કુટુંબનો ભાર શૂરને સુપ્રત કરી, પોતાનું આયુષ્ય પૂર્ણ કરી, સ્વભાવથી આર્ત અને રૌદ્ર ધ્યાન રહિત, શુદ્ધાશયી 'ચન્દ્ર' સમાધિપૂર્વક મરણ પામ્યો, ભાઈના વિરહમાં ઝુરતા અને જોરશોરથી રોતા એવા 'શૂરે' બંધુનો અગ્નિસંસ્કાર કર્યો, ઘર, ખેતર, ખળાં, આદિમાં પ્રતિદિન ભાઈનું સ્મરણ કરતો શૂર ઘણા સમય સુધી શોક કરે છે. સ્વજનોથી પ્રતિબોધ પામીને શોક ઓછો થયો, ત્યારે પોતાની પૂર્વ પ્રકૃતિ મુજબ ભાઈના પ્રેમને બદલે ભ્રાતૃપુત્રો પ્રત્યે પ્રેમવંત બન્યો, અનુક્રમે શૂર પણ મૃત્યુ પામ્યો, ચન્દ્ર અને શૂરના મૃત્યુ બાદ નવીન દીપક-રૂપ તેઓના પુત્રોએ ઘરને આનંદથી ભર્યું.

**ઇતિ દામનક કથા તથા ચંદ્ર-શૂર પ્રથમોભવઃ**

**: ઇતિ પ્રથમસર્ગ :**

# સર્ગ બીજો.

હવે મનુષ્ય તથા દેવ ભવના સંબંધથી પણ અધિક મનોહર એ જ ચન્દ્ર તથા શૂર બે સહોદર ભાઈઓની કથા કહેવાય છે.

જંબુદ્વીપના ભરતક્ષેત્રના મધ્યખંડમાં સ્વર્ગીય-તુલ્ય સાધનોથી સંપન્ન, લક્ષ્મીથી સમૃદ્ધ, કુરૂજંગલ નામે દેશ છે. તેમાં પૃથ્વીના અલંકારરૂપ **હસ્તિનપુર** નામે નગર છે. જેની સમૃદ્ધિથી અંજાઈને ઈન્દ્રપુરી તથા ભોગવતી સ્વર્ગ અને પાતાલમાં ચાલી ગઈ, જ્યાં ચંદ્રકાંત મણીમય જેવા દેવમંદિરોની પ્રભાથી અંજાઈને રાત્રીએ છૂપાયેલા ચંદ્રને ભૂલી, પોતાના પ્રિયતમને શોધવા માટે દેવમંદિરોની આસપાસ રોહિણી ભ્રમણ કરી રહી છે. જ્યાં સ્ત્રીઓના મણિ કુંડલોવાળા કપોલ મંડલમાં ઘર્ષણ ન થાય, કારણ કે તેમાં પ્રતિબિંબિત થયેલ ચંદ્રમાને જોઈ હરણ આકાશના ચંદ્રમા તરફ દૃષ્ટિપાત કરતો નથી. જિન-મંદિરોની ધ્વજાપતાકાઓ મોતિની કાંતિના ઝરણા મંદાકિની (આકાશગંગા)ની શોભા આપે છે.

જ્યાં પ્રત્યેક ઘરમાં પરસ્પર કોઈપણ જાતના વિખવાદ વિના, સુખી, પરસ્પર પ્રીતી ધરાવનારા ધર્મ–અર્થ અને કામને સેવે છે, ત્યાં પોતના વૈભવથી કુબેરના વૈભવને તુચ્છકાર કરવાવાળો **લલિતાંગ** નામનો યુવાન છે, પુરૂ-

ષોમાં ઉત્તમ, ધનિક તથા વિદ્વાનોમાં શ્રેષ્ઠ હોવા છતાં મોક્ષ પ્રાપ્તિ માટે વીતરાગ પરમાત્માઓની અદ્ભુત પ્રકારે પૂજા કરનાર તરીકે પ્રસિદ્ધ છે, રાજહંસની માફક સારાસારનો વિચારક છે. હંમેશાં ગુરૂ ચરણકમલની સેવના કરે છે, ત્યાં જીર્ણ ચંદનસમાન, ચંદન નામે વૃદ્ધ શ્રેષ્ટિને રાજાએ નગરશેઠની પદવી આપેલી છે. તે વૃદ્ધ ચન્દન શ્રેષ્ઠિના સ્થાને રાજાએ અધિક ગુણવાન્ લલિતાંગને પ્રતિષ્ઠિત કર્યો, રાજાઓ હંમેશાં કોઈના થતા જ નથી. પદભ્રષ્ટ થવાથી ચંદનના મિત્રો પણ દુશ્મન બન્યા, વૃદ્ધાવસ્થા આવવા છતાં પોતાની પ્રતિષ્ઠાની ઈચ્છા ખાતર, લલિતાંગની સેવા કરવા માંડી, હાય ! ભાગ્યની વિચિત્રતા ગહન છે.

તે જ વખતે અકામ નિર્જરાથી મરી ગયેલી **ચકલુંડા** સાંપણ ચન્દન શ્રેષ્ઠિની પત્નિ ચંપાની પુત્રી રૂપે ઉત્પન્ન થઈ. પિતાએ મહોત્સવથી રતિસમાન સુંદર પુત્રીનું નામ લીલાવતી રાખ્યું, બાલ્યાવસ્થાથી અત્યુત્તમ બુદ્ધિ હોવાથી તે બ્રાહ્મી, વસુમુખી, બાલવિદુષીના નામથી લોક પ્રસિદ્ધ બની ચન્દ્રમાની જેમ દીનપ્રતિદિન મોટી થવા લાગી. દરરોજ અવનવી કળાને શીખતી કલાનિપુણ બની, તેનું અમૃત પરિપૂર્ણ કુંભરૂપ લાવણ્ય, સુવર્ણ કમંડલયુક્ત કામરૂપી મહા મુનિના તપોવનરૂપ યૌવન વિગેરેથી પરિપૂર્ણ બની, અતિશય ઠંડીની શિશિરઋતુ શરૂ થઈ, જેથી સ્ત્રીઓના મુખારવિંદ કાન્તિ રહિત બન્યા. રાત્રી લાંબીથતી

ગઈ અને દિવસ નાનો બનતો ગયો. જાણે કે સ્ત્રીઓએ પુરૂષો પર વિજયપ્રાપ્તિ કરી. સમયને આધીન પ્રતાપી પુરૂષો પણ શું કરી શકે?

કેમકે સૂર્યના પ્રબળ પ્રભાવમાં પણ હીમવર્ષાથી પદ્મીની સ્ત્રીઓની ખરાબ દુર્દશા થઈ, રાતના સમયે હીમાલયના ઠંડા પવનના સુસવાટાથી ગરીબ માણસો દાંત કચકચાવવા લાગ્યા, જાણે કે દંત વીણાવાદન થવા લાગ્યું, બીજે દીવસે ઠંડીના સખ્ત સુસવાટાથી કંટાળીને લલિતાંગ શ્રેષ્ઠિ બીજા લોકોની સાથે સૂર્યની આતાપના લેવા માટે મહેલની અગાશી ઉપર બેઠા, નજીક રહેલા સરોવરને જોઈને શ્રેષ્ઠિ બોલી ઉઠયો, કોઈપણ માણસ આ સરોવરમાં કંઠ સુધી પાણીમાં જઈને રાતભર રહી શકે છે?

ચંદને કહ્યું શેઠ! જે રહે તેને શું મલશે, લલિતાંગે સંકોચરહિતપણે કહ્યું. એક લાખ સોનૈયા, આજે રાતના હું સરોવરમાં રહીશ, એવી પ્રતિજ્ઞા કરીને ચંદન ગયો. અને બોલ્યો નિર્ધનતા કેટલી વિચિત્ર છે; સવાર થતાંની સાથે ચંદને આવી લાખ સોનૈયાની માંગણી કરી, નહી આપવાની ઈચ્છાથી બીજા (લલિતાંગે) એ કહ્યું. આમાં સાક્ષી કોણ છે, બોલો! ચંદને કહ્યું કે મારૂં શરીર સાક્ષી છે. લલિતાંગે કહ્યું કે એક પ્રહર પણ સરોવરમાં રહેવાથી તમારા જેવું શરીર બની શકે છે. મારા પહેરેગીરે તમને જોયા નથી, કારણકે તેઓ નહોતા, તો પછી તમારો વિશ્વાસ કોણ કરે!

ચંદને કહ્યું કે હું બીજી રીતે વિશ્વાસ આપું છું, તમારા મહેલના સુવાના ઓરડામાં રાત્રીના ચારે પ્રહર દીવા બળતા હતા, લલિતાંગ હસતાં હસતાં બોલ્યો, કે હું સમજી ગયો છું, તમે સળગતા દીપકની જ્યોતના બળે કરીને રાત્રી વીતાવી છે. 'હા,' જી, 'હા', કરનારા શેઠના મિત્રોએ શ્રેષ્ઠિના વચનનું સમર્થન કર્યું. બન્ને બાજુથી વિલક્ષ (લાખ સોનયા રહિત–વૈલક્ષ્યયુક્ત) ચંદન શ્રેષ્ઠિ એકાએક ઉઠીને ઘેર ગયો, લાંબા શ્વાસોશ્વાસ લેતો તૂટેલા ખાટલા ઉપર જઈને પડ્યો, પાણીમાં રહેવાથી થયેલી પીડા કરતાં પણ લલિતાંગના કપટનું દુઃખ વધારે હતું.

લીલાવતીએ પિતા સામે જોઈને દુઃખનું કારણ પૂછ્યું, ચંદને આદિથી અંત સુધીનું વૃતાંત કહ્યું, પુત્રીએ કહ્યું હે પિતાજી! આપ દુઃખ મનમાં ન ધરશો, લાખ સોનયા આપણા હાથમાં જ છે, એમ સમજો, પરંતુ આપ પ્રથમની જેમ જ પ્રેમથી રહો, અને કોઈ દિવસ પણ આપ આપનાં અપમાન જનિત દુઃખને લક્ષિત બનાવતા નહીં, એ પ્રમાણે લીલાવતીએ પિતાને સમજાવ્યા, ખાટલા ઉપરથી ઉઠાડીને ઉપચાર દ્વારા શ્રેષ્ઠિને સ્વસ્થતા પ્રાપ્ત થઈ, ચંદન શ્રેષ્ઠિ પાછો કામ માટે લલિતાંગને ત્યાં ગયો, એકદા દુર્જનની જેમ લોકોને ભય પમાડનાર, ગ્રીષ્મ ઋતુની શરૂઆત થઈ, જેમાં મુસાફરો અત્યંત તરસથી પીડાતા હા, હા, શબ્દો બોલતાં પ્રેતની સમાન લોકોની પાસે પાણીની યાચના કરવા લાગ્યા, નવીન યોગી સમાન તેની શક્તિ માટે બોલવા

કોણ સમર્થ બને? જેણે વૃદ્ધાવસ્થામાં સ્ત્રીઓને સૌભાગ્યાતિશય પ્રાપ્ત કરાવ્યું, એવી ગ્રીષ્મ ઋતુ શરૂ થઈ.

...ઠ હઠીસિંહની વાડી, અમદાવાદ.

બાલપંડિતા લીલાવતીએ પિતાજીને સમજાવીને લલિતાંગના ઘેર મોકલ્યા, ચંદને લલિતાંગને એકાંતમાં બોલાવીને કહ્યું કે હે શ્રેષ્ઠિવર્ય! આજ આપ મારા ઘેર ભોજન માટે પધારો. કારણ કે પદસ્થોનું, ગૌરવ કરવું એ અમારૂં કર્તવ્ય છે. લલિતાંગ શ્રેષ્ઠિએ આમંત્રણનો સ્વિકાર કર્યો, ચંદને આવી પોતાની પુત્રીને સૂચના આપી, તેણે પણ મીઠું વધારે નાખી સ્નિગ્ધ ભોજન બનાવ્યું, બહુમૂલ્ય આસન આપી બાજુમાં રહેલા મંચ (પાણીના ઘડા મૂકવાનું સાધન) ઉપર ઠંડા પાણીથી ભરેલા પાણીના બે ઘડા મૂકયા, સમયસર ચંદન લલિતાંગ શ્રેષ્ઠિને લઈ પોતાના ઘેર આવ્યો, લીલાવતીએ સન્માન કર્યું, અને ભોજન કરવા બેઠા. લીલાવતીએ શ્રેષ્ઠિ પાસે ભોજન સામગ્રી મૂકી, લલિતાંગ પ્રસન્ન ચિત્તથી ભોજન કરવા લાગ્યો, ભોજ્ય વસ્તુમાં અતિશય મીઠું (ખારૂં) તથા ઉનાળાની ભયંકર ગરમી હોવાથી, અર્ધું ભોજન કર્યા બાદ તરસથી વ્યાકુલ બનેલા લલિતાંગે પાણીની માંગણી કરી

વિદુષિ લીલાવતીએ કહ્યું કે પાણીથી ભરેલા ઘડા તો આપની સામે જ પડયા છે, તેમાં પાણી છે. આપ આપની ઈચ્છા મુજબ પાણી પી શકો છો. લલિતાંગે કહ્યું હે સુંદરી! પાણીથી ભરેલા ઘડાઓ જોઈ ને પાણીની તરસ કેવી રીતે મટી શકે છે? લીલાવતીએ હસીને કહ્યું આપતો નૈગમમાં

હોશિયાર છો, માટે આપે આપના વચનોની વિરૂદ્ધ બોલવું તે ઉચિત નથી, આ પ્રમાણે બોલવું તે તો મૂર્ખોનું કામ છે. જેવી રીતે દીપ શિખાને જોવાથી ઠંડીની પીડા શાન્ત થાય છે, તેવી જ રીતે પાણીથી ભરેલા ઘડાને જોઈ આપની તરસ પણ મટી શકે છે, ત્યારે અપ્રતિમ બની શ્રેષ્ઠિએ કહ્યું હે ભદ્રે ! તમે યથાર્થ કહ્યું છે, હવે હું તમને એક લાખ સોનૈયા જરૂર આપીશ.

બાલપંડિતા લીલાવતીએ કહ્યું કે લાખ સોનૈયા આવ્યા પછી જ આપ પાણી પી શકશો, શ્રેષ્ઠિએ કહ્યું કે તમને જેમ ઉચિત લાગે તેમ કરો, શ્રેષ્ઠિએ પોતાના માણસની પાસે ઘેરથી એક લાખ સોનૈયા મંગાવીને લીલાવતીને આપ્યા, અને પાણી પીધું, ત્યારબાદ લલિતાંગ ઘેર ગયો, લીલાવતીએ મારા સ્વમાનનો નાશ કરી બળજબરીથી એક લાખ સોનૈયા લીધા, ક્રોધમાં આવેલો લલિતાંગ શ્રેષ્ઠિ બદલો લેવા માટે વિચાર કરવા લાગ્યો, કે જો આની સાથે લગ્ન કરૂં તો જ મારા કબજામાં લીલાવતી આવી શકે, તે સિવાય તેને કબજામાં લેવી મુશ્કેલ છે.

આ પ્રમાણે વિચારીને લલિતાંગ શ્રેષ્ઠિ ચન્દન પ્રત્યે અધિક પ્રેમ બતાવવા લાગ્યો, અને તેની પુત્રી સાથે પોતાના લગ્નની માગણી કરી, ચંદન શ્રેષ્ઠિને લલિતાંગ ઉપર વિશ્વાસ નહી હોવાથી કહ્યું કે પુત્રીને પૂછીને પછીથી જણાવીશ, આ પ્રમાણે કહીને નીતિ કુશલ ચંદન પોતાના ઘેર ગયો, પુત્રીએ પિતાજીને પૂછયું હે પિતાજી ! શું આજે લલિતાંગે

આપની ઉપર ફરીથી અપકાર કર્યો છે કે જેથી આપ આટલા બધા ઉદાસ બન્યા છો, અને ચિન્તાતુર તથા દુઃખિત દેખાઓ છો પિતાએ બનેલી તમામ હકીકત લીલાવતીને કહી સંભળાવી, લીલાવતીએ કહ્યું કે આપ ખુશીથી મારા લગ્ન લલિતાંગ સાથે કરો ગભરાતા નહી,

હું ખુબ જ સાવધાન છું, આપ સાવધાન બની નિર્ભયતાથી ઉચિત સમયે તેની પાસે જાઓ, અને તે ખુબ જ આગ્રહ કરે, યાચના કરે ત્યારે જ આપ સ્વિકાર કરજો, ચંદન લલિતાંગ શ્રેષ્ઠિને ત્યાં ગયો, અને લલિતાંગના અતિ આગ્રહથી તેને પોતાની પુત્રીના વિવાહની હા, કીધી. શુભ દિવસે લલિતાંગ તથા લીલાવતીના લગ્ન થયા, લગ્ન બાદ લીલાવતી પિતાના ઘેર આવી, અને દરરોજ પિતાની પાસે પતિના ઘરના સમાચાર મંગાવવા લાગી, એક દીવસ પિતાએ કહ્યું કે હે વત્સે! તારો પતિ વ્યાપારની ઇચ્છાથી કાશી જવાનો વિચાર કરે છે. અને તૈયારીઓ કરે છે. કોઈ પણ કારણથી ઘરના પાછળના ભાગમાં ઉપરથી સાંકડો વચ્ચેથી પહોળો, અંદરથી સંપૂર્ણ અંધકારમય એક મોટો કુવો ખોદાય છે.

પુત્રીએ કહ્યું કે મારા પતિ ક્રોધિત બનેલા છે. તે, મને કુવામાં ફેંકી પોતે કાશી જશે, માટે તેનો પ્રતિકાર કરવો પડશે. હે પિતાજી! આપના ઘરથી કુવા સુધી એક સુંદર ભોંયરૂં (સુરંગ) આપ સત્વર બનાવડાવો કે જેથી આફતના સમયે હું સહીસલામત રહી શકું.

પુત્રીના કહેવાથી પિતાએ મોટી સુરંગ (ભોંયરા વાટેનો રસ્તો,) બનાવડાવી. લલિતાંગે લીલાવતીને પોતાના ઘેર બોલાવીને સંબંધીઓ તથા પરિવારની સમક્ષ કહ્યું; કે તું મોટી પંડિતા છે માટે નરકના જેવા આ કુવામાં પ્રવેશ કર. અને ત્યાં સૂખ પૂર્વક રહેજે, કપાસ કાંતજે અને કોઈ પણ પ્રકારથી મારા ત્રણ પુત્રોને જન્મ આપજે, અને સ્વજન દોરીના માંચાથી દરરોજ ભોજન આપશે, આ પ્રમાણે કહીને એક ભાર કપાસ સહિત લીલાવતીને કુવામાં ફેંકીને પોતાના વેરનું શમન કર્યું. ત્યારબાદ રાજાને, પ્રજાજનોને, બંધુવર્ગ અને મિત્રોને મલીને બીજાને નગરનો ભાર સુપ્રત કરી પોતાના મિત્ર ગંગ સાથે તથા અન્ય પરિજનો સાથે બળદ અને ઉંટોની પીઠ ઉપર અનેક પ્રકારનો માલ લઈ શુભ દિવસે કુબેર સમાન મોટા મોટા વ્યાપારીઓની સાથે લલિતાંગ કાશી ચાલ્યો.

આ બાજુ બાલપંડિતા લીલાવતી સુરંગદ્વારા પોતાના પિતાજીને ઘેર પહોંચી, અને કહ્યું કે આ પિંજરા પાસે કપાસને પીંજાવો, કંતાવો, કોઈ આપ્તજન પાસે દરરોજ ભોજન મંગાવી લેશો, હું મારી ઈષ્ટ સિદ્ધિ માટે શેઠની પહેલાં જ કાશી પહોંચીશ, પિતાજીની આજ્ઞા અને જોઈતી સામગ્રી લઈને, ચતુર એવી ચતુરિકા નામની ગણિકાને સાથે લઈ ઝડપી વાહનદ્વારા બીજા રસ્તે કાશી ગઈ, અને વેશ્યાના મહોલ્લામાં પૈસા આપી મકાન તથા તમામ પ્રકારની સાધનસામગ્રી લીધી. ત્યાં તેને પોતાના ગામનું નામ પુષ્પપુર અને પોતાનું નામ ત્રૈલોક્યસુંદરી બતાવ્યાં,

ભમરાઓ જેમ કેતકીની આજુબાજુ ભમ્યા કરે છે. તેમ ત્રૈલોકયસુંદરીની આજુબાજુ યુવાનવર્ગ, શ્રીમંતો, કોટ્યાધીશો, ફરવા લાગ્યા, પણ તે કોઈની તરફ દ્રષ્ટિપાત કરતી નથી, આખા નગરમાં તે પુરૂષ દ્વેષિણી છે, તેવા સમાચાર ફેલાઈ ગયા હતા.

ત્રૈલોકયસુંદરી પોતાના પતિ લલિતાંગના આગમનના સમાચાર જાણુવા ઉત્સુક હતી. બીજે દીવસે લલિતાંગે કાશી પહોંચી નગરની બહાર પોતાનો મુકામ કર્યો. રાજાને જોવા માટે ભેટ સૌગાદો લઈને રાજમહેલ જવા લલિતાંગ નીકળ્યો, ત્રૈલોકયસુંદરી (લીલાવતી) એ પોતાના પતિનું કાશી નગરમાં આગમન જાણી અત્યુત્તમ શ્રૃંગાર કરીને વિમાનમાં બેઠેલી દેવાંગનાની જેમ પોતાના આવાસના ગવાક્ષમાં બેઠી.

રસ્તે જતા, લલિતાંગ શ્રેષ્ઠિએ જોઈ, જોતાની સાથે જ કામબાણથી લલિતાંગ વિંધાઈ ગયો, ત્રૈલોકયસુંદરીએ તેના તરફ જોયું પણ નહી. શ્રેષ્ઠિ દુઃખિત રૂદયે જેમતેમ કરીને રાજમહાલમાં પહોંચ્યો. રાજાને ભેટણું આપ્યું. રાજાએ તેનું રાજગૌરવ કર્યું પણ આંખને અમૃતસમાન આનંદ આપવાવાળી, ત્રણે લોકમાં રહેલી ગણિકાઓમાં શીરોરત્ન સમાન, શંકરજીથી ભસ્મિભૂત થયેલા કામદેવને નવજીવન પ્રાપ્ત કરાવનાર સંજીવની ઔષધી જેવી તે પદ્માક્ષી (ત્રૈલોકયસુંદરી) અંતરને અદ્દભુત રીતે ગમી ગઈ, અને સાથોસાથ નરદ્વેષિણી પણ લાગી.

આ પ્રમાણે વિચારતો કામાતુર લલિતાંગ પોતાને ઘેર આવ્યો, અને સુંદરી માટે તપાસ કરવાની મિત્ર ગંગને વાત કરી, ગંગે કહ્યું કે તે નરદ્વેષિણી છે. ક્ષણમાત્ર વિચારીને લલિતાંગ બોલ્યો કે એટલા માટે જ તેણીએ મારા સન્મુખ જોયું પણ નથી, પોતાની બુદ્ધિથી ગંગદત્ત સુંદરીને પ્રાપ્ત કરવાનો વિચાર કરવા લાગ્યો.

ત્યાં શ્રેષ્ઠિ કહેવા લાગ્યો, કે ગુપ્તતાથી ઘણું ધન આપી તેણીની ચેટ્ટી ( અક્કા ) ને મલવું કે જેથી કરીને તે અક્કા આપણને નરદ્વેષનું કારણ બતાવશે. પુરૂષદ્વેષનું કારણ જાણ્યા પછી તેનો ઉપાય જાણી શકાય, લલિતાંગની વાત અને વિચારણા મુજબ ગંગદત્તે એ પ્રમાણે કર્યું.

લીલાવતીએ ચતુરિકાને પૂછયું. સખિ ! આ કોણ છે? શું આપે છે ? અને શું પૂછે છે ? ચતુરિકાએ કહ્યું આવનાર પુરૂષને ઘણું પૂછવા છતાં તે પોતાનું કાંઈ જ બતાવતો નથી, અને કેવળ આપના નરદ્વેષીપણા માટેનું કારણ પૂછે છે.

ત્રૈલોકયસુંદરીએ કહ્યું. હે સખિ ! હું સમજી ગઈ છું; નિશ્ચયથી લલિતાંગનો મિત્ર છે. હવે તને પૂછે તો હું તને જે કહું તેમ તું કહેજે, ચતુરિકાને સમજાવી, શીખવાડીને ગંગદત્તની પાસે મોકલાવી, ગંગદત્તે ઘણી આજીજીપૂર્વક કહ્યું ત્યારે ચતુરિકા બોલી કે પુષ્પપુર નગરની પ્રસિદ્ધ, નૃત્યાંગના કમલશ્રીની પુત્રી ત્રૈલોકયસુંદરી

છે, હું તેની પ્રાણ પ્રિય વિશ્વાસપાત્ર સખી છું. અનુક્રમે તેને યૌવનાવસ્થા પ્રાપ્ત થઈ.

એક દીવસ હું તેના ઘેર ગઈ, ત્યારે તે દુઃખિત રૂદયે લાંબા શ્વાસોશ્વાસ લેતી પથારી ઉપર પડી હતી, મેં તેને આવી સ્થિતિનું કારણ પૂછયું, ત્યારે તેણીએ કહ્યું કે હે ચતુરિકા ! તારાથી કોઈપણ વસ્તુ, વાત છુપાવવી યોગ્ય નથી. માટે હું તને કહું તે સાંભળ, રાતના અંત ભાગમાં મને સ્વપ્નામાં લાગ્યું કે હું કોઈ મોટા નગરમાં ગઈ છું; કૌતુકથી ત્યાંના કામકેલીવનની સમાન ઉદ્યાનમાં જઈને નંદનવન વાટિકામાં ક્રીડા કરતા ઈન્દ્ર સમાન મધુર આકૃતિ-વાળા. "હે કાશ્યપ કુલભૂષણ આપની જય હો."

હે ગજપુર શ્રેષ્ઠિ ! શ્રેષ્ઠિ ! લલિતાંગ ! તમારૂં કલ્યાણ થાવઃ.

આ પ્રમાણે યુવાનોના પરિવારવાળા એક યુવાનને સ્તુતિ કરાતો જોયો, તેણે સાત્વિક તથા સ્થાયિ ભાવથી મને આલિંગન આપ્યું. અને હું કામદેવના બાણોથી વિંધાઈ ગઈ. તે પુરૂષને આજે પણ મારી સામે જોઉં છું ત્યારે તે પુરૂષ વિશ્વમાં શ્રેષ્ઠ અને હું તેમનામાં જ તન્મય બનું છું; આથી વધારે શું કહેવું ? સ્વપ્નની વાતમાં કદાચ સજ્જનને મારા ઉપર વિશ્વાસ ન આવે તો પણ મારે તો અગ્નિમાં બળવું અથવા તેની સાથે લગ્ન કરવાં, તેજ નિશ્ચિત છે.

ત્યારે મેં (ચતુરિકે) કહ્યું કે તેં ગજપુર નગરમાં શ્રેષ્ઠિ પુત્ર લલિતાંગને સ્વપ્નમાં જોયા છે. તો પછી કોઈ આપ્ત વ્યક્તિને ત્યાં મોકલાવી નિશ્ચય કરવો, તેની અનુમતિથી મેં પણ તેજ રીતે કર્યું. તપાસ કરવા જનાર માણસે પાછા આવીને સ્વપ્નની વાત સાચી છે તેમ કહ્યું. સ્વપ્નની વાત સત્ય જાણીને મારી સખી ખુબ જ હર્ષિત બની, જાણે કે અમૃતપાન કર્યું, આ પ્રમાણે સુખી બની.

જ્યારથી સ્વપ્નનો બનાવ બન્યો છે. ત્યારથી માંડીને મારી સખી સ્વપ્નામાં પણ લલિતાંગ ઉપર વિશ્વાસ રાખી, મનને કાબુમાં રાખે છે. બીજા કોઈ પણ પુરુષને શત્રુની સમાન માને છે. માતાની પરાધીનતાથી, સ્વપ્ન દ્રષ્ટ પુરૂષને પ્રાપ્ત ન કરી શકી, કમલશ્રીના ખુબ સમજાવ્યા છતાં પણ તેણીએ પોતાનો આગ્રહ છોડયો નહી. માતાએ ક્રોધાવસ્થામાં તેણીને કાઢી મૂકી, તેણી ગજપુર જવા ચાલી નીકળી, હું પણ તેણીની સાથેના અત્યંત સ્નેહથી તેણીની સાથે અહીં આવું છું. અહી આવ્યા બાદ જાણવામાં આવ્યું કે લલિતાંગે ગજપુરનગરમાં એક કન્યા સાથે લગ્ન કરી લીધા, ત્યારથી ત્રૈલોકયસુંદરી કોઈ પ્રકારનો નિર્ણય કરી શકતી નથી. અને દીવસો વીતાવી રહી છે. નવ યૌવનને પ્રાપ્ત થયાં છતાં વેશ્યાદુર્લભ કૌમાર્ય વ્રતનું પાલન કરી રહી છે.

ચતુરિકાની વાત સાંભળી ગંગે કહ્યું કે ત્રૈલોકય-

સુંદરીના ભાગ્યથી લલિતાંગ હમણાં ગજપુર નગરથી વેપાર માટે અહીંઆ આવેલ છે. દૈવયોગે તેણીના પ્રત્યે તેનો અનુરાગ પણ છે. હે સુમુખિ ! જે કારણથી તમારી સખી અહીંઆ રહી છે. તે નવીન સ્ત્રીને પરણી તરત જ લલિતાંગે તેણીને કુવામાં નાખી છે. હું જાઉં છું. અને મારા મિત્રને અમૃત વૃષ્ટિ સમાન આ વાત કહું છું; ગંગે આવી લલિતાંગને સર્વ હકીકત કહી સંભળાવી. શ્રેષ્ઠિ અનહદ હર્ષિત બન્યો, માયાવી વેશ્યા (લીલાવતી અથવા ત્રૈલોકય સુંદરી)ને ઘેર ગયો, અનહદ રાગાન્ધ બનેલો શ્રેષ્ઠિ તેણીને ઓળખી પણ ન શકયો, ત્રૈલોકયસુંદરીએ પોતાની કલા કુશલતાથી લલિતાંગને વધારે વધારે મોહપાશમાં બાંધ્યો કે સ્વપ્નમાં પણ તેને બીજી સ્ત્રીનો વિચાર પણ ન આવ્યો, ધન દ્વારા ખરીદાયેલા મોટા મહેલમાં બંન્ને જણા લાંબા સમય સુધી મળેલા દુન્યવી સુખનો ઉપયોગ વિલાસ અને વાસનાની તૃપ્તિ માટે કર્યો.

ત્રૈલોકયસુંદરી તથા લલિતાંગના અનહદ પ્રેમની જાણે કે ઈર્ષા કરતા હોય તેમ ચતુરિકા અને ગંગનો પ્રેમ અનહદ વધી ગયો. અનેક પ્રકારના બહાના નીચે ત્રૈલોકય સુંદરીએ લલિતાંગ પાસેથી અનર્ગલ ધન ખેંચવા માંડયું. સાથે નન્દ, આનન્દ અને સુનન્દ નામના ત્રણ પુત્રોને જન્મ આપ્યો. ત્યારબાદ શ્રેષ્ઠિ પણ મનફાવતા ધનની પ્રાપ્તિ કરીને ત્રૈલોકયસુંદરી સહિત ત્રણે પુત્રોને લઈ ગજપુર નગર આવ્યો, પ્રવેશના સમયે તેણીએ કહ્યું.

હે નાથ ! મને વેશ્યા સમજી આપના કુટુંબીજનો જરૂરથી આપની સામે રોષ કરશે. માટે આપ પુત્રો સહિત મને બીજાના ઘરમાં રાખો, પછીથી યુક્તિ પ્રયુક્તિ દ્વારા આપ ઘેર બોલાવી લેશો, કેમકે કુલવંતોને માટે વેશ્યા પતિ બનવું કલંકિત છે. લલિતાંગને પણ ત્રૈલોકયસુંદરીની વાત ગમી અને લલિતાંગ પોતાના ઘેર ગયો, માયાવી વેશ્યા અથવા લીલાવતી પોતાના પુત્રો સહિત પિતાજીને ઘેર ગઈ, લીલાવતી, પુત્રો તથા કપાસના સુતર સહિત સુરંગ દ્વારા કુવામાં ગઈ.

લલિતાંગ પણ રાજાને નમસ્કાર કરી નગરજનો સહિત પોતાના ઘેર આવ્યો, અને કુવા પાસે પરિવાર સહિત જઈને બોલ્યો, કે હવે તો ચન્દન પુત્રી મરી ગઈ હશે ? કુવામાં કોઈ કોદરાનું ભોજન લે છે કે નહી ? સેવક દ્વારા જવાબ મલ્યો કે ‘ લે ’ છે. આ પ્રમાણે કહેવાથી લલિતાંગે લાકડાની માંચીને કુવામાં નાખી, બાલ પંડિતા લીલાવતીએ સુતરને માંચી ઉપર મૂકયું. લોકો સુતર જોઈને આશ્ચર્ય પામ્યા, બીજી વખત માંચીને નાખવાથી લીલાવતીએ પોતાના મોટા પુત્ર ‘ નન્દ ’ને માંચી ઉપર બેસાડચો, માંચી જ્યાં બહાર આવી કે તરત જ તાત ! તાત ! કહીને લલિતાંગ શ્રેષ્ઠિને ‘ નન્દ ’ વળગી પડચો, ત્યારે શ્રેષ્ઠિ અને પરિવાર તર્ક સહિત આશ્ચર્યમાં મગ્ન બની ગયા, ત્રીજી વખત માંચી નાખ્યા પછી ‘ આનન્દ ’ નામનો પુત્ર આવ્યો, અને પિતાના ખોળામાં

બેઠો, ચોથી વખતે 'સુનન્દ' સહિત પાતાલ કન્યા સદૃશ સુલોચન એવી લીલાવતી બહાર આવી. તેને જોઈ લલિતાંગ બોલ્યો હે પ્રિયે! ત્રૈલોકયસુંદરી! તું ત્રણે પુત્રો સાથે અહીં કેવી રીતે આવી? બોલ! મને ઘણું આશ્ચર્ય લાગે છે.

તે બોલી નાથ! હું તો લીલાવતી છું; તો પછી સ્વજનોની સામે બીજા નામથી બોલાવી મને શા માટે કલંકિત કરો છો? તમારી આજ્ઞા મુજબ મેં પ્રતિજ્ઞાનું પાલન કર્યું છે. વિષાદ, આશ્ચર્ય, દુઃખ અને હર્ષથી વ્યાકુલ લલિતાંગે ક્ષમા આપી, ઘરની સ્વામિની બનાવી.

લલિતાંગ શ્રેષ્ઠિએ પોતાની પ્રેયસી લીલાવતીને શરીર, ધન, મન, ઘર વિગેરે સર્વસ્વ સમર્પણ કરીને પોતાની પ્રાણપ્રિયા પાર્વતિને દેહાર્ધ આપનાર શંકરની મશ્કરી કરી, પરંતુ સતી લીલાવતીની પતિ ભક્તિ ધીમે ધીમે ઓછી થવા લાગી, એક દીવસ સ્વપ્નમાં તેણીએ જોયું કે તેને કોઇએ બે ફળ આપ્યા છે. તેમાંથી મેં એક રાખ્યું અને એક ફેંકી દીધું છે, સૂર્યોદય થતાંની સાથે જ પોતાના પતિ લલિતાંગને લીલાવતીએ વાત કહી. તે વારે લલિતાંગે કહ્યું કે હે પ્રિયે! તને બે પુત્રો થશે. તેમાંથી એકને તું ઉછેરીને મોટો કરીશ જ્યારે બીજાને તું તરછોડીશ. સ્વપ્નના અનુમાનથી તને બે સંતાન થશે.

હવે 'ચન્દ્ર'નો જીવ મનુષ્યાયુ બાંધીને મધ્યમ

ગુણોથી લીલાવતીની કુક્ષીમાં ગુફામાં સિંહ ઉત્પન્ન થાય તેમ ઉત્પન્ન થયો. પૂર્વભવોના સંબંધથી જાણે અમૃતપાન ન કર્યું હોય તેવી પૂર્ણ ઉલ્લાસથી ઘણા યત્નપૂર્વક લીલાવતી ગર્ભનું પાલન કરે છે. લીલાવતીને ઉત્પન્ન થએલા તમામ દોહદો લલિતાંગ પૂર્ણ કરે છે.

જેમ પ્રાચીએ ચન્દ્રને જન્મ આપ્યો, પિતાએ જન્મોત્સવ કીધો, અને પુત્રનું નામ રાજલલિત રાખ્યું, સૌન્દર્ય, ધૈર્ય, ચાતુર્ય, લાવણ્ય, વિનયાદિ ગુણોથી, તે પુત્ર બાલચન્દ્રની જેમ વધવા લાગ્યો, અનુક્રમે રાજલલિત પાંચ વર્ષનો થયો, ત્યારે મહોત્સવ સહિત પિતાએ ભણવા માટે, ઉપાધ્યાયને સોંપ્યો, તેજ અરસામાં, લીલાવતીના ઉદરને વિષે કુર, 'સુર' નામનો જીવ ઉત્પન્ન થયો, પૂર્વ જન્મના વેરથી, ગર્ભાધાનના દીવસથી તેણીને ઘરમાં, ઉદ્યાનમાં, વનમાં, દીવસે કે રાત્રે કયાંય તેને ચેન પડતું નથી, તેણીને વિચિત્ર પ્રકારે પેટ પીડા શરૂ થઈ. જેમ ઝેર પીધું હોય અને મૂર્છિત અવસ્થા પ્રાપ્ત થાય તેવી રીતે પેટની પીડાથી લીલાવતી મૂર્છિત થતી હતી, ભૂખ, તરસ અને નિંદ્રા ચાલી ગઈ, મન શૂન્ય બની ગયું.

ગર્ભ નષ્ટ કરવા માટે અથવા ગર્ભપાત કરવા માટે ચતુરિકાને કહેવાથી ઘણા ઉપાયો યોજવા છતાં પણ વડવાનલ જેમ પાણીથી વધતો જાય તેમ ગર્ભ પણ વધતો ગયો. પૂર્ણ સમયે પુત્રનો જન્મ થયો, તેને જોતાંની સાથે લીલા-

વળી ક્રોધપૂર્ણ લાલ નેત્ર કરીને વિહ્વલ બની, ચતુરિકાને કહ્યું કે હે સખિ? આ મારો શત્રુ છે. જો હું તેને સ્વયં મારીશ તો તેના શરીરે થોડી પીડા થશે. માટે તું તેને પ્રેતવનમાં લઈ જઈને મૂકી આવ, કે જેથી તે ભૂખ અને તરસથી પીડાઈને મરી જશે, કાગડા શિયાલથી ભક્ષિત બને, અથવા તેને બળદ ગાડાના જવા આવવાના રસ્તા ઉપર મૂકી આવ કે જેથી ગાડાના પૈડાની નીચે કચડાઈને મરે, તેના શરીરના કચડાવાના ચિત્કારનો જે અવાજ થાય તેને શાંતિથી સાંભળજે.

આ પ્રમાણે લીલાવતીએ ચતુરિકાને આજ્ઞા કરી, પુત્રને પેટીમાં મૂકીને ફરીથી બોલી, ચતુરિકા આને લઈ જાવ અને કોઈને પણ ખબર ન પડે તેવી રીતે બધુ કામ કરીને સત્વર પાછી આવજે, ચતુરિકા માથા ઉપર પેટી લઈને જેવી ચાલી નીકળી કે તરતજ લલિતાંગે આવીને પૂછ્યું હે ચતુરિકા? આ શું છે? ત્યારે ચતુરિકાએ કહ્યું કે આપને બતાવવાનું નથી. ભાગ્યયોગે પેટીમાં બાળક રડ્યું. લલિતાંગે પેટી લઈ ખોલી તો તેમાં બાળકને જોઈ ક્રોધમાં ધમધમતા લલિતાંગે કહ્યું પાપી? આ શું! ત્યારે ચતુરિકા બોલી તેના ભાગ્યથી અથવા આપની પ્રાણપ્રિયાને પૂછો, લલિતાંગ શંકાશિલ બન્યો. અને એકાન્તમાં ચતુ-રિકાને પૂછ્યું ત્યારે ચતુરિકાએ સૌગંદ આપી, લલિતાંગને બધી વાત કરી, લલિતાંગે કહ્યું કે આમાં લીલાવતીનો દોષ નથી પણ પૂર્વ જન્મના વેરનો દોષ છે. આ બાળક મને

આપી દે, અને તું જઈને કહેજે કે તમારા કહ્યા મુજબ બધું જ કાર્ય થઈ ગયું છે. આ વાતને ગુપ્ત રાખજે.

ચતુરિકાના પાછા ગયા બાદ બાળકને લઇ લલિતાંગ પોતાના મિત્ર ગંગને ઘેર આવ્યો. ત્યાં તેની પત્નિ રેવતિને તરતની સુવાવડ આવેલી હોવાથી, ગંગ અને રેવતીને એકાન્તમાં તમામ હકીકત કહી બતાવી. અને હું બાળક તમને સુપ્રત કરૂં છું. તેનું રક્ષણ કરજો. આ પ્રમાણે કહીને લલિતાંગે રેવતીના ખોળામાં પૂત્રને મૂકયો, દરરોજ લલિતાંગ ગંગના ઘેર જઈને પુત્રની સંભાળ લઈ આવતો, સ્નેહ વરસાવતો, ગંગને આપવાથી પુત્રનું નામ 'ગંગદત્ત' રાખવામાં આવ્યું.

ધીર અને ગંભીર એવા મોટા પુત્ર રાજલલિતને એકાંતમાં બોલાવીને લલિતાંગે કહ્યું કે માતાથી છૂપાઈને તારા નાના ભાઈને મલતો જોતો રહેજે, પૂર્વ જન્મના સ્નેહથી રાજલલિત વિના ગંગદત્ત રમતો પણ નહી. મોટો ભાઈ નાના ભાઈ માટે દરરોજ અવનવી રમતોથી રમાડતો હતો, ઘેરથી જુરા જુદા પ્રકારની ખાવા લાયક વસ્તુઓ લાવી, ખવરાવતો હતો.

નાનાભાઈનો પ્રેમ મોટાભાઈ પ્રત્યે અનહદ હતો, ધીરે ધીરે ગંગદત્ત સાત વર્ષનો થયો. પણ તેની માતા લીલાવતીને તેનો ખ્યાલ જ ન હોતો ચતુરિકાની વાતથી તે આનંદિત હતી, પૂર્વજન્મના દ્વેષથી તેનો ત્યાગ કર્યો છતાં

પુત્ર જીવંત રહ્યો, લલિતાંગની આજ્ઞાથી ગંગદત્ત જીવંત છે તેવી વાત કોઈએ કહી ન હતી, એક દિવસ કૌમુદી મહોત્સવ આવ્યો, તે અવસરે આવેલા સગાસંબંધીઓને જમાડવા માટે અનેક પ્રકારના ઉત્તમોત્તમ પાક બનાવવા માંડયા, ભોજન સમારંભ જોઈને રાજલલિતને ભાઈ યાદ આવ્યો, રાજલલિતે લલિતાંગને કહ્યું કે હે પિતાજી! આજે તો હું મારા ભાઈને લાવીશ, લલિતાંગે કહ્યું કે હે વત્સ! થોભી જા, તારી માતા તેના માટે બહુ ખરાબ છે. માટે ગંગદત્તને લાવી મૃત્યુ સન્મુખ મૂકીશ નહી.

રાજલલિતે કહ્યું પિતાજી! આપ મને આજ્ઞા આપો, અને જરા સરખી પણ ચિન્તા કરશો નહી. હું એવું કાર્ય કરીશ કે જેનાથી બધું જ સારૂં થશે, શ્રેષ્ઠિની આજ્ઞા મળવાથી અને માતાને ભોજન સમારંભના કાર્યમાં મગ્ન જોઈને ગંગદત્તને રાજલલિત લઈ આવ્યો અને પડદામાં રાખ્યો, ધીમેથી સાવચેત પૂર્વક ભોજન મંડપમાં લાવ્યો, પહેલેથી કાણું પાડેલા વેત્રાસનમાં ગંગદત્તને બેસાડી તેની પાસે રાજલલિત બેઠો. લલિતાંગ પોતાના પરિવાર સહિત ભોજન માટે બેઠો, લીલાવતીએ પીરસવા માંડયું. માતા દૂર ગઈ એટલે લોકોની દૃષ્ટિ ન પડે તેવી રીતે રાજલલિતે ગંગદત્ત તરફ ભોજ્ય વસ્તુઓ ફેંકી.

અને ગંગદત્તે વેત્રાસનને ખસેડી પક્ષીની માફક આપેલી વસ્તુઓ લઈ લીધી, એટલામાં તારક નામનો સન્માન

કરવા યોગ્ય એક મહેમાન આવ્યો, શ્રેષ્ઠિએ 'આસન, આસન, કહી બૂમો પાડી. પણ તમામ આસનો મહેમાનોથી રોકાયેલા હોવાથી લીલાવતી વેત્રાસન તરફ ગઈ, રાજલલિતે તેના ઉપર બેસીને આસન રોકી લીધું, લીલાવતીએ ક્રોધમાં આવી, રાજલલિતને ઉઠાડી વેત્રાસન ઉઠાવ્યું, તો તેમાં પૂર્વજન્મના વૈરી ગંગદત્તને જોઈ લીલાવતી કાલ રાત્રીના જેવી ભયંકર બની, રે પાપી ! તું આજ સુધી કેવી રીતે જીવતો રહ્યો ?

એ પ્રમાણે બોલતી લીલાવતી ગંગદત્તને મારવા લાગી, મોટો કોલાહલ ઉત્પન્ન થયો, લોકો ભોજન કરતાં કરતાં અર્ધું મૂકી ઉઠી ગયા, 'અરે મારી નાંખ્યો, કહીને લલિતાંગ પણ દોડી ગયો, રાજલલિત રડવા લાગ્યો, આપ્તજનો બુમો પાડવા લાગ્યા, વસ્તુ સ્થિતિથી અજાણ મહેમાનો 'આ શું થયું, તેમ બોલવા લાગ્યા, મારથી મૂર્ચ્છિત બનેલા બાળકને માતાએ ઘરની પાસેના ખાડામાં ફેંકી દીધો, શ્રેષ્ઠિ લલિતાંગ મૂર્ચ્છિત બાળક ગંગદત્તને લઈ આવ્યો, રાજલલિત પાણી લાવ્યો, લલિતાંગે પાણીથી બાળકને ધોઈ સ્વચ્છ બનાવ્યો, એટલામાં સાક્ષાત્ ધર્મ સમાન અવધિજ્ઞાની 'મુનિચંદ્ર, નામના મુનિશ્વર આહાર માટે આવ્યો.

શ્રેષ્ઠિએ 'નમસ્કાર, કરી મુનિશ્વરને પૂછયું, કે સ્નેહ યોગ્ય પુત્ર તરફ માતાને આટલો બધો દ્વેષ કેમ છે ? પુત્ર

કદાચ દુષ્ટ હોઈ શકે છે. પણ માતા દુષ્ટ હોઈ શકતી નથી. મુનિશ્વરે કહ્યું કે પૂર્વ ભવોમાં કરેલા શુભાશુભ કર્મોનું પરિણામ છે. તેના વિપાકથી જીવ સુખ અને દુઃખનો અનુભવ કરે છે. જગતના તમામ પ્રાણીઓ કોઈ ઉપર પ્રેમ તો કોઇ ઉપર દ્વેષ કરે છે. તેમાં પૂર્વ જન્મોના કરેલા ઉપકાર અથવા અપકાર કારણભૂત રહેલા છે.

જેને જોવાથી પ્રેમ વધે છે અને ક્રોધ ઓછો થાય છે તેને પૂર્વ ભવનો બંધુ જાણવો, જેને જોવાથી ક્રોધ વધે છે અને પ્રેમનો ક્ષય થાય છે. એને પૂર્વભવનો વેરી સમજવો જોઈએ, જે કાંઈ વર્તમાનમાં સુખદુઃખ કે રાગ દ્વેષ અનુભવીએ છીએ તે બધા પૂર્વે કરેલા કર્મોનો વિપાક છે. બીજાઓ તો કેવળ નિમિત્ત માત્ર બને છે. આ બંને પૂર્વ ભવમાં સગા ભાઈઓ હતા, અને લીલાવતી ચક્કલુંડા નામે ભયંકર સાંપણ હતી.

મોટાએ તેની રક્ષા કરી, અને નાનાભાઈએ ગાડાના પૈડા નીચે કચરી નાખી, માટે એકના પ્રત્યે પ્રેમ અને બીજાના પ્રત્યે દ્વેષ થયો તેનું મૂખ્ય કારણ આ છે. લીલા-વતીએ ગંગદત્તને જીવથી મારી ન નાખ્યો, તેનું કારણ પણ એજ છે કે ગંગદત્તના જીવે પૂર્વભવમાં સાંપણને દ્વેષથી નહી પણ કૌતુકથી મારી હતી, એટલો તેનો કર્મ-મંદ હતો, તીવ્રતર નહોતો, જીવમાત્રની ગતિ, કર્મ પરિણામ તથા પુદ્દગલોના આવર્તને કહેવામાં તીર્થંકર પરમાત્મા સિવાય બીજા કોઈ સમર્થ નથી. કૃપા, ધર્મનું

મૂળ છે. શાસ્ત્રોનું અધ્યયન મૂક્તિરમણીની દૂતિ છે, અને હિંસા પાપની મોટી ખાણ છે. અવિવેક રંગસ્થલી છે. ભવરૂપી વેલની વૃદ્ધિના કારણભૂત મહાકન્દ છે.

તેના દૃષ્ટાંત તરીકે આ બંન્ને ભાઈઓ છે, મુનિના વચનો સાંભળવાથી બંન્ને ભાઈઓને જાતિ સ્મરણ જ્ઞાનની પ્રાપ્તિં થઈ અને વૈરાગ્યથી બંન્ને જણાએ દીક્ષાની અનુમતિ માગી, સંસારની અસારતા જાણી શ્રેષ્ઠિ લલિતાંગે બંન્નેનું અનુકરણ કર્યું, મુનિશ્વરે કહ્યું કે હું તો આહાર લેવા માટે આવેલ છું. કોઈના ઘેર રોકાવું અને કોઈની કથા કહેવી તે અમારા સાધુ ધર્મ તરીકે ઉચિત નથી. પણ ગૌરવ લાઘવતાનો વિચાર કરી મેં આ બંન્નેનો પૂર્વભવ કહ્યો છે. દીક્ષા તો ગુરૂ મહારાજ આપે છે, જેઓ કુસુમાકર નામના ઉદ્યાનમાં છે. આજે જ શ્રી ચન્દ્રપ્રભસૂરીશ્વરજી પધાર્યા છે.

હાથી જેવી રીતે પાણીને સૂંઢમાંથી છોડે છે. તેવી રીતે વૈભવ સહિત લીલાવતીને છોડી નન્દ, સુનન્દ અને આનન્દને ઘરનો વહેવાર સુપ્રત કરી બંન્ને પુત્રો સહિત લલિતાંગ કુસુમાકર ઉદ્યાનમાં આવ્યો, શ્રી ચન્દ્રપ્રભસૂરિજીને વંદના કરી, તેમના ચરણમાં નમસ્કાર કરી, અમૃત સમાન સ્વચ્છદેશનાનું પાન કર્યું. તેઓએ હાથ જોડી સૂરીશ્વરજીને વિનંતિ કરી કે હે ભગવંત! અમે ભયાનક સંસારથી ગભરાયેલા છીએ, માટે સંસારથી રક્ષણ કરવા માટે અમોને આપશ્રી સંસાર તારણ દીક્ષા આપો,

ગુરૂજીએ દીક્ષા આપી, અને ત્રણે જણાએ ગુરૂમહારાજની સાથે વિહાર કર્યો, અનુક્રમે અનશન કરીને લલિતાંગ મૂનિ કાળધર્મ પામ્યા, બંન્ને ભાઈઓ સંયમ માર્ગમાં સ્થિર રહ્યાં. એકાદશાંગનો અભ્યાસ કર્યો, બંન્ને મુનિઓએ તપસ્યાઓ આદરી, રત્નાવલી આદિ ઘોર તપો કર્યા, બાર વર્ષ સુધી સંલેષણા કર્યા બાદ વિધિ પૂર્વક અનશન આદર્યું. એકદા ગંગદત્ત મુનિના ચિત્તમાં ઉપશમ સુખની અર્ગલા રૂપ દુઃકર્મ નિમિત્ત વિચિત્ર દુર્ભાવના પ્રગટ થઈ. મારો જન્મ કેમ વ્યથા ગયો. બીજાની વાત તો શું કરૂં પણ માત. એ દ્વેષ કરીને મને ત્યજી દીધો, કોયલ પોતાના ઇંડાને કોઈ દીવસ સેવતી નથી તેમ મને જન્મ આપી માતાએ તરત જ ત્યજી દીધો, બીજાથી પોષણ પામી મોટો થયો, સ્વજન તરફથી લાલન પાલન દ્વારા સુખનો અનુભવ સ્વપ્નમાં પણ 'ન' મલ્યો, હે આર્ય લલિત! બાલ્ય-કાળમાં મને કેટલું ભયંકર દુઃખ પડયું હતું.

આર્ય લલિતે તેને દુર્ધ્યાનથી દૂર રહેવા માટે સમજાવ્યો, પણ આર્ય ગંગદત્તે કાંઈ સાંભળ્યું નહી અને બોલ્યો કે આ તપનું ફલ જો મને મલે તો હું આવતા ભવમાં મોટો ભાગ્યવાન બનું, આર્ય લલિતે કહ્યું કે નિયાણું બાંધવું તે સાધુને માટે યોગ્ય નથી.

આવા સુંદર તપથી તેં સાધારણ સુખની ઇચ્છા રાખીને મુનિઓમાં તેં તારી મૂર્ખતા જાહેર કરી છે. શ્રમણ અવસ્થાને નષ્ટ કરી આગામિક ભવમાં **ક્ષુદ્રક** રૂપ

દુઃખને પ્રાપ્ત કરવાની ચેષ્ટા ના કરીશ, આર્ય ગંગદત્તે આર્ય લલિતના વચનોનો તિરસ્કાર કર્યો. પરંતુ બીજા મુનિઓએ ક્ષુદ્રક કથાની જિજ્ઞાસા બતાવવાથી આર્ય લલિતે કથાની શરૂઆત કરી.

લક્ષ્મીથી ભરપુર ઈન્દ્રની અમરાવતીને લજ્જાળુ બનાવીને સ્વર્ગમાં મોકલનાર 'પારેત' નામે એક નગર છે. જેની ચૈત્ય ધ્વજાઓ બીજા નગરને આકાશમાર્ગે સંદેશો આપી રહી છે. રત્નકલશો તથા શતાવધિ સૂવર્ણમય શિખરોથી ચૈત્યો અદ્વિતિય શોભાયમાન છે. તે નગરમાં ટિટિભની સમાન જ્વલન નામે એક બ્રાહ્મણ રહેતો હતો. તેની દરિદ્રતા પારાવાર હતી, અમર્યાદિત ગરીબાઈમાં બ્રાહ્મણ જીવતો હતો, તેને તેના જેવી જ્વાલિની નામે સ્ત્રી હતી, જ્વાલિનીના ભયથી લક્ષ્મી તેની પાસે આવવાનો પ્રયત્ન કરતી જ નહોતી, દારિદ્રરૂપી વૃક્ષને ઘટાટોપ બનાવવામાં મંજરી સમાન જ્વાલિનીએ પંદર કન્યાઓને જન્મ આપ્યો હતો. પતિ–પત્નિના ઉત્કૃષ્ટ પાપોદયે કરીને તમામ પ્રકારના કુલક્ષણોથી યુક્ત, દુર્ભાગ્યવંત, કુરૂપ પૂત્રને જ્વાલિનીએ જન્મ આપ્યો. પુત્રનું નામ ક્ષુદ્રક રાખવામાં આવ્યું.

તેની આઠ વર્ષની ઉંમર થઈ ત્યારે આકસ્મિક રોગથી જ્વાલિની મરણ પામી, નિશ્ચયથી ભાગ્ય પણ દૂર્બળનો ઘાત કરે છે. જ્વલન વિલાપ કરવા લાગ્યો. તેની સાથે શુદ્રક તથા પંદર પુત્રીઓ વિલાપ કરવા લાગી, એક તો દરિદ્રતા, પંદર પુત્રીઓ, સ્ત્રીનું મરણ, આ બધી ત્રિવિધ ભયંકર

આફતોની પરંપરાથી જ્વલન ઘેરાઈ ગયો, રડતાં બાળકોને પણ જોઈ શકતો નહોતો, આશ્વાસન પણ કેવી રીતે આપી શકે.

આવું જીવન જીવવું મારા માટે યોગ્ય નથી, પાણીમાં પડીને મરી જવું વધારે સારૂં છે. આવા વિચારો જ્વલન કરવા લાગ્યો, દરેક પુત્રીને તેલસેતિકા આપીને પોતે શુદ્રકને સાથે લઈને દક્ષિણ દીશામાં વિન્ધ્યાચલ તરફ ચાલી નીકળ્યો, ચાલતાં ચાલતાં રાજપુરનગરની નજદીકમાં એક વૃક્ષની છાયામાં વિશ્રામ કરવા બેઠો, તેને નગરમાંથી નન્દનવનમાં ઘણા નાગરિકોને જતાં જોયા, જ્વલનના પૂછવાથી ખબર પડી કે તીર્થંકૃત, અનેક ગુણોથી યુકત, એવા સુપ્રસિદ્ધ ધર્મઘોષસૂરિ નામના સદ્ગુરૂ બિરાજમાન છે, મોક્ષના સાધક, નિષ્પરિગ્રહી એવા આચાર્ય મહારાજને જોઈ પરિગ્રહથી લજ્જા પોમેલા સપ્તર્ષિઓએ પોતાનું સ્થાન આકાશમાં નિશ્ચિત બનાવ્યું. ચાર જ્ઞાનથી યુકત આચાર્ય ભગવંતને વંદના કરવા માટે જનસમુદાયને જતો જોઈ કૌતુકથી જ્વલનપણ ત્યાં ગયો. ત્યાં દુઃખાગ્નિને શાંત કરવાવાળી મેઘસમાન દેશનાનું શ્રવણ કર્યું. આચાર્ય ભગવંત પાસે જઈને બેઠો.

આચાર્ય મહારાજે પૂછયું કે તમો કોણ છો ? તમારા મૂખની પ્રસન્નતાથી લાગે છે કે તમો કોઈ ભવ્યાત્મા લાગે છો, જ્વલને પોતાનો તમામ વૃત્તાત કહી સંભ-

જાઓ, આચાર્ય મહારાજે કૃપાથી કહ્યું કે હે મહાભાગ ! આત્મહત્યા ! કરવી તે મહાપાપ છે. વધારે શું કહીએ, લોકો પોતાની મૂર્ખતાથી કર્મ ઉપર ક્રોધ કરે છે. કર્મના કર્તા ઉપર ક્રોધ કરતું નથી. આપઘાત કરીને મરવાથી કર્મ તો આત્માની સાથે જાય છે. માટે કર્મ ક્ષયના માર્ગનો વિચાર કરવો જોઈએ. તેનો ઉપાય તો જિનેશ્વર પ્રણિત ધર્મમાં રહેલો છે. તેને છોડી તું મોટી મૂર્ખતા કરી રહ્યો છે. મનુષ્યજીવન આદિ સામગ્રી ફરીથી મળવી ઘણી મુશ્કેલ છે.

માટે વ્રતને ગ્રહણ કરો, અને તેના ફળને ગ્રહણ કરો, વિચાર કરીને જવલને કહ્યું કે ભગવન્! આપ સત્ય કહો છો, પરંતુ હું હમણાં દીક્ષા લઉં તો આ બાળકની શું દશા થાય ? અથવા તેને પણ પ્રવજ્યા આપી, મારી ઉપર ઉપકાર કરો, ગુરુજીએ બન્નેને દીક્ષા આપી જવલન મુનિએ તલવારની ધાર સમાન વ્રતનું લાંબા સમય સુધી પાલન કર્યું. પરંતુ શુદ્રક મુનિ ઉપર પોતાનો પ્રેમ કાયમ રહ્યો, કેવલ કુટિલ શુદ્રક દરરોજ નવનવી વસ્તુઓની માંગણીથી, જવલનમુનિને હેરાન કરે છે. અણગમતું ખાવાથી પેટમાં પીડા થાય છે. તપથી ગ્લાનિ પેદા થાય છે.

બે ત્રણવાર સારી સારી વસ્તુઓ લાવીને આપતા હતા, એવી રીતે શુદ્રકને જ્યારે જે જે વસ્તુની આવશ્યકતા હોય ત્યારે જવલનમુનિ લાવીને આપતા હતા, મલમૂત્રાદિ-વાળા વસ્ત્રોને ધોતા હતા, જ્ઞાનાભ્યાસમાં તેનો કંઠ અને

તાળવું સુકાતા હતા, કેશ લોચમાં ક્ષમતા નહોતી, તેથી મુંડન કરાવવું પડતું હતું, દીવસના તથા સંધ્યા સમયે સૂઈ રહેવું તેને માટે આવશ્યક હતું, પુત્રની ઇચ્છા મુજબ વિહાર કરવો, જ્વલનમુનિને ફરજીઆત હતું, દુઃખના જેવો કોઈ સ્નેહી નથી. આ વાત શું મિથ્યા થશે, ગુરૂજીએ કહ્યું કે જ્વલન્! આ બાળક ઉપર વધારે સ્નેહ કરવા યોગ્ય નથી.

તમે તેના સ્નેહમાં પડી, તમારા ચારિત્રની વિરાધના કરો છો, ત્યારે જ્વલનમુનિએ કહ્યું કે તે વાત હું જાણું છું, પરંતુ અખંડ સ્નેહ વિચિત્ર છે. ગુરૂજીના વચનથી દુઃખિત થયેલા જ્વલનમુનિએ એકાન્તમાં શુદ્રક મુનિને કહ્યું. હે વત્સ ! તમારા લીધે મારે ગુરૂનો ઠપકો સાંભળવો પડે છે. જેમ ખટાશમાંથી કેરી પોતાનો સ્વંભાવ બદલીને મીઠી બને છે. તેમ તમો પણ તમારો સ્વભાવ બદલી નાખો, જેવી રીતે નિમ્બક પોતાની પ્રકૃતિને બદલી શક્યો હતો, ત્યારે શુદ્રક મુનિને કહ્યું કે નિમ્બક કોણ હતો, તે સાંભળીને જ્વલન મુનિએ કહ્યું.

અવન્તિ નગરીમાં આમ્રર્ષિ નામે બ્રાહ્મણ હતો, તેને માલુકા નામે પત્ની હતી, અને નિમ્બક નામે પુત્ર હતો, માલુકાના મૃત્યુબાદ અતિશય દુઃખી થયેલા આમ્રર્ષિએ પોતાના પુત્ર નિમ્બક સહિત ભદ્રેશ્વરાચાર્યની પાસે વ્રત ગ્રહણ કર્યું. ક્રૂર અને કલહ પ્રિય નિમ્બકે અલ્પ સમયમાં સર્વ મુનિયોની સાથે કલેશ કરવા માંડ્યો, મુનિઓએ ગુરુ મહારાજને કહ્યું કે આપ નિમ્બકને સમુદાયથી દૂર કરો,

અથવા અમને બધાને દૂર કરો, અમે તેની સાથે રહી શકીએ નહી, ત્યારે ગુરૂજીએ નિમ્બકને દોષિત કહી કાઢી મૂકયો, સ્નેહને લીધે આમ્રર્ષિએ તેનું અનુકરણ કર્યું. એ જ નગરીમાં બીજા ગચ્છના આચાર્ય મહારાજ પાસે બન્ને જણા રહ્યા, ત્યાં પણ નિમ્બકને કાઢી મૂકવામાં આવ્યો, ત્યાં પણ પિતાએ તેને છોડયો નહી. ઘણા ઘણા ગચ્છોમાંથી તેને આ રીતે કાઢી મૂકવામાં આવ્યો, નિમ્બક દોષોથી લોક પ્રસિદ્ધ બન્યો, એક દિવસ આમ્રર્ષિ રોતા રોતા મૂર્ચ્છિત બની ગયા, ભાનમાં આવ્યા ત્યારે પુત્રે મૂર્ચ્છિત અવસ્થાનું કારણ પૂછયું.

પિતાએ કહ્યું કે હે વત્સ ! તારી ભુલોથી અને તારા અવગુણોથી મને હવે કયાંય સ્થાન મલતું નથી, હવે હું શું કરૂં ? કયા જાઉં ? ત્યારે પશ્ચાતાપ કરતા અને સ્વનિન્દા કરતા નિમ્બકે કહ્યું. પિતાજી આપ એકવાર કોઈ ગચ્છમાં પ્રવેશ કરાવો પછી આપ આપના પુત્રને જુઓ, સાંભળી પુત્રને સાથે લઈ આમ્રર્ષિ દીક્ષાચાર્યની પાસે ગયા, અને પુત્રનો વિચાર ગુરુ મહારાજને જણાવ્યો, ગચ્છવાસની યાચના કરી, તે બન્નેને જોઈ સાધુઓને ગુરુ મહારાજે કહ્યું કે આજે આ બન્ને અતિથિ છે. માટે રહેવા માટે વસ્તી આપો.

ગુરુ મહારાજના આદેશથી મુનિઓની અનુમતી લઈને બન્ને જણા ત્યાં રહ્યા, થોડાક દીવસોમાં નિમ્બકે ભક્તિથી મુનિગણમાં પ્રેમ સંપાદન કર્યો. મુનિઓએ કહ્યું કે હે

નિમ્બક ! હવે તો તું તારી પ્રકૃતિથી આંબા સમાન મિષ્ટ બની ગયો, આવી રીતે નિમ્બક આમ્ર તરીકે પ્રસિદ્ધ બન્યો.

આ કથાના શ્રવણથી પણ શુદ્રકના ચિત્તમાં સંવેગ ભાવ પ્રગટ ન થયો, ફક્ત કથા જાણીને એક કથાનક તરીકે અંગીકાર કરી, શુદ્રકની બુદ્ધિ અતી તીવ્ર હતી, કથાઓના શ્રવણથી બહુ કથાશ્રુત બની ગયો હતો, એક દિવસ તેણે કહ્યું કે હે પિતાજી ! હવે હું યૌવનાવસ્થામાં આવી પહોંચ્યો છું માટે આપ મારો વિવાહ એક સ્ત્રીની સાથે કરાવી આપો, આ સાંભળી જવલન મુનિએ અનશનં ગ્રહણ કર્યું અને ખરાબ સ્વપ્નની માફક શુદ્રકને ભૂલી કાલધર્મ પામી દેવલોક ગયા, ત્યારબાદ સાધુઓ જ્યારે શુદ્રકને કામ બતાવે ત્યારે પિતાના ગુણોને યાદ કરી રડતો હતો, પ્રત્યેક મુનિઓની સાથે તેને વિરોધ થયો, છેવટે ગુરુ મહારાજાએ તેને કાઢી મૂક્યો, શુદ્રક એકલો ગામોગામ અને નગરમાં ફરવા લાગ્યો, અનેક પ્રકારની કથાઓને સંભળાવતો શુદ્રક ખ્યાતનામ બની ગયો, એટલે તેના ચિત્તમાં હર્ષોન્મત્ત બન્યો, જ્યાં જ્યાં ભોજન સમારંભ હોય ત્યાં ત્યાં વગર આમંત્રણે જવા લાગ્યો, એક દીવસ કોઈ ભોજન સમારંભમાં આહાર કર્યા પછી રસનેંદ્રિયની લોલુપતાથી બીજી વખત આહાર કર્યો અજીર્ણ થયું, અને બે પ્રહરમાં ખુબ પીડા થવાથી મૃત્યુ પામ્યો.

પૂર્વ દેશમાં '**કરાલા**', નામે મહા ભયાનક અટવી –જંગલ છે. જ્યાંની વનશ્રીની શોભા, નંદનવનની શોભાથી

અતિ અદ્‌ભૂત છે. ત્યાં એક વૃક્ષ ઉપર મનોહર વિસ્તૃત બખોલમાં પ્રેમવાળા જાતિવંત પોપટનું જોડકું રહેતું હતું. શુદ્રક મરીને પોપટની અંગના (સ્ત્રી) ની કુક્ષીમાં ઉત્પન્ન થયો, પૂર્ણ સમયે જન્મ થયો, માતાપિતા તરફથી મલતા સુંદર ભોજનથી રૂષ્ટપુષ્ટ બન્યો, એક દિવસ ભીલોએ (શિકારીઓએ) આખા વનને ઘેરી લીધું. ઘણા પશુ–પક્ષિઓનો તેઓએ શિકાર કર્યો, કીરયુગલ પણ ઉડીને ભાગી ગયું. પોપટનું બચ્ચું પોતાના પૂર્વ કર્મના વિપાકને અનુભવવા માટે તે જ વૃક્ષ ઉપર રહી ગયું, તેને પકડવા માટે ભીલો જંબુવૃક્ષ ઉપર ચઢ્યા, ભયથી ગભરાઈને તે બચ્ચું જંબુવૃક્ષથી બદરીવનમાં પડ્યું, પડવાથી તેને કાંટા વાગ્યા, જેનાથી તેની એક આંખ ફુટી ગઈ, અને એક પગ ભાંગી ગયો, જેનાથી તે બચ્ચું કાણું અને લંગડું બન્યું.

બદરીવૃક્ષની બખોલમાં સંતાઈ જતાં ભીલોએ તેને જોઈ લીધું. ભીલોએ ઝાડ ઉપરથી ઉતરીને તેને પકડી લીધું, મારવાની ઇચ્છાવાળા ભીલોએ તેને કપડામાં બાંધ્યું. પણ બચ્ચાના પૂણ્યોદયે એક વૃદ્ધે કહ્યું કે આ જાતવાન પોપટનું બચ્ચું છે, આને મોટું કરી નગરમાં વેચીશું તો ઘણું દ્રવ્ય મળશે, આને મારવાથી માંસ પણ અલ્પ મલશે, વૃદ્ધની વાતને માની ભીલો તે બચ્ચાને પલ્લીમાં લઈ ગયા, ત્યાં તેને ખવડાવી પીવડાવીને રૂષ્ટપુષ્ટ બનેલું તે બચ્ચું, બચ્ચું મટીને પોપટ બન્યો, ભીલોએ શિક્ષણ આપ્યું, વાણી દ્વારા પોપટ બોલવા લાગ્યો, તેની વક્તૃત્વાદિ ગુણોથી

આકર્ષાઈને ભીલોએ તેનું નામ ! નાસિકય, રાખ્યું, સુંદર પીંછા, લાલ ચાંચ, ગળે સુંદર કંઠો, જોઈ ભીલો હર્ષિત થયા, તેને વેચવા માટે નગરના ચાર રસ્તા ઉપર પાંજરામાં રાખ્યો, સર્વ ગુણોથી યુક્ત હોવા છતાં, કાણો તથા લંગડો હોવાથી તે પોપટને કોઈ ખરીદતું નથી, ખિન્ન વદને નિરાશાને અનુભવતા, ભીલો જમવાનો સમય થવાથી જમવા જતી વખતે ધન, નામના શ્રેષ્ઠિની દુકાન ઉપર પાંજરાને મૂકતા ગયા, તે જ સમયે ઉદ્યાનમાં રહેલા ધર્મઘોષસૂરીશ્વરજી નગરના ચૈત્યમાંથી ચૈત્યવંદન કરી ધન શ્રેષ્ઠિની દુકાન પાસેથી ઉદ્યાનમાં જઈ રહ્યા હતા, પરિચિત સાધુઓની સાથે પૂર્વજન્મના ગુરૂ મહારાજને પોપટે જોયા, અને જાતિસ્મરણજ્ઞાન પ્રાપ્ત થયું.

ચિંતા કરવા લાગ્યો, હા ? મને ધીક્કાર છે, કે નિંદિત તિર્યંચગતિ મને પ્રાપ્ત થઈ, અરે ! મારા પૂર્વના દૃષ્ટ કૃત્યોથી મારા માટે આ તો સારી ગતિ છે ? ભયંકર કૃત્યોના વિપાકરૂપે મને નરક ગતિ પ્રાપ્ત થવી જોઈએ. આપણા વિધાતાની દયા છે. કે હું કાણો છું પણ આંધળો નથી, લંગડો છું પણ પાંગળો નથી, હવે વધારે ચિંતા કરવાથી શું વળશે ?

હવે તો મને આ ભીલો લઈ જશે, મારી નાખશે માટે આત્મરક્ષા માટે કાંઈક વિચાર કરૂં, પોપટે ધન શ્રેષ્ઠિને કહ્યું કે તમે યથાર્થ બોલો, તમે શ્રાવક છો કે મિથ્યાદૃષ્ટિ ? મને ઘણું મોટું કામ છે. તે સાંભળી આશ્ચર્ય પામતો

શ્રેષ્ઠિ બોલ્યો, કે હું શ્રાવક છું; શ્રેષ્ઠિને શ્રાવક સમજી પોપટે પોતાનો પૂરેપૂરો વૃત્તાંત કહી બતાવ્યો. અને કહ્યું કે તમે સાધર્મિક છો, તો વાત્સલ્ય કરો, મને તમારા ઘેર લઈ જાઓ, પેલા દુરાત્માઓ તો મને કાંતો મારી નાખશે અથવા મિથ્યાદૃષ્ટિઓના હાથમાં વેચશે. બન્ને બાજુથી મારૂં મૃત્યુ થશે. માટે જિનધર્મ પવિત્રિત તમારા ઘરમાં રહેવું વધારે સારૂં છે. વળી શ્રાવકોના દાસ બનવું વધારે ઉત્તમ છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે જિનધર્મ રહિત ચક્રવર્તિપણું નકામું છે. પણ જિનધર્મયુક્ત ગરીબી વધારે સારી છે.

શેઠે કહ્યું કે અસતી પોષણથી મારા વ્રતનો ભંગ થાય છે. મારી સ્ત્રી ધનવતી મિથ્યાદષ્ટિ છે. મારો પુત્ર બકુલ વિધર્મી ધૂરન્ધર છે. શ્રાવક તો ફક્ત હું એકલો જ છું. માટે મારા કુલની પ્રશંસા શા માટે કરો છો? પોપટે કહ્યું કે હું સાધર્મિક હોવાથી તમને અસતીપોષણનો દોષ કેમ લાગે? સુશ્રાવક તો પ્રાણથી પણ અધિક સાધર્મિક ઉપર વાત્સલ્યભાવ ધરાવે છે. વળી હું તમારા બંધુ વર્ગમાં શ્રાવક ધર્મ અંગીકાર કરાવીશ. અને ઈહલૌકિક અસાધારણ ઉપકાર કરીશ. જ્યાં પોપટની વાત શેઠે માન્ય કરી ત્યાં તો ભીલો ભોજન કરીને પાછા આવી ગયા.

શ્રેષ્ઠિએ ભીલોને પૂછયું કે તમો આ પોપટને કયાંથી લાવ્યા અને કયાં લઈ જાઓ છો, ભીલોએ બધી વાત કહી સંભળાવી, અને કહ્યું કે આ પોપટને કોઈ લેનાર હોય

તો અમે થોડી કીંમતમાં પણ વેચવા તયાર છીએ, શેઠે બાહ્ય તિરસ્કાર દૃષ્ટિથી એક દીનાર આપી પોપટને લઈ લીધો, ભીલોના જવા પછી શેઠનો પુત્ર બકુલ આવ્યો, પોપટને જોઈ આનંદિત બન્યો, મિત્રોની સાથે પોપટને લઈ પોતાના ઘેર આવ્યો, સોનાના સળીઆવાળા સ્ફટીકમય પાંજરામાં દેવની માફક પોપટને રાખ્યો, ધનવતી પણ પોપટને જોઈ આનંદિત બની, અને સુંદર ખાવાનું પણ આપવા લાગી.

સંધ્યા સમયે પુત્ર, પત્નિ તથા આપ્તજનોના પરિવાર સહિત ધનશ્રેષ્ઠિ પોપટની વાતો તથા ઉપદેશ શ્રવણ કરવા લાગ્યા, પોપટની વાણીથી બધા આશ્ચર્યચકિત અને મુગ્ધ બન્યા, બીજા દીવસે ઘણા શ્રોતાઓ એકત્રિત થયા. પોપટે નવી નવી કથાઓથી ધનવતી, બકુલ તથા આપ્તજનોના પરિવારને પ્રતિબોધિત કર્યા. શ્રેષ્ઠિએ ધર્મઘોષસૂરિજીને પોતાના ઘેર પધારવા વિનંતિ કરી, આચાર્ય ભગવંત ધન શ્રેષ્ઠિના ત્યાં પધાર્યા. ક્ષમાપના, વંદન કર્યા બાદ પરિવારે યથોચિત ધર્મનો સ્વિકાર કર્યો. તેમના પરિજનોએ પણ માંસાદિ અભક્ષ્યનો ત્યાગ કર્યો. ત્યારથી શ્રેષ્ઠિ સહિત આખો પરિવાર દિવસમાં સાતવાર ચૈત્યવંદન, સાધુ મહારાજની વયાવચ્ચ, દર્શન, પૂજન, વંદનમાં નિયમિત બન્યા, દેશ વિરતિ ધર્મને પામ્યા, અને પોપટની કથાઓ પણ સાંભળતા રહ્યા,

**અનુક્રમે કામદેવ અંગનાની મૈત્રિણી, પંચમ આલાપ**

ઉપદેશક ઋતુરાણી વસંત આવી. સર્પોને આશ્રયસ્થાન આપનાર મલયાચલને છોડી પવને, કુબેરની દીશામાં પોતાનું આશ્રયસ્થાન બનાવ્યું. એક વખતે પોતાના મિત્રો સહિત બકુલ ઉપવનમાં ગયો, તે જ વખતે શૂરદેવ સાર્થવાહની કન્યા રત્નવતી પોતાની સખીઓ સહિત હિંડોલા ક્રીડા કરતી હતી, બકુલ તેણીને જોઈ વિસ્મિત બન્યો, અને વિચારવા લાગ્યો, કે આ કોઈ દેવાંગના છે ? ના, ના, આ તો કોઈ નાગકન્યા જેવી લાગે છે ? હા, આ તો ચંચલાક્ષી છે. આ પ્રમાણે અનેક વિકલ્પો કરવા લાગ્યો, તે વારે રત્નવતી હીંડોલા ઉપરથી ઉતરી વિણા વગાડવા લાગી.

સમાનવયવાળી, સખીયોથી વિંટળાયેલી રત્નવતી સાક્ષાત્ સરસ્વતી સમાન લાગતી હતી, તેણીને જોતાની સાથે જ બકુલ વ્યાકુલ બની ગયો, જાણે કે કોઈ તત્ત્વ-ચિંતક યોગી ધ્યાનમાં ન હોય તેવો તે લાગતો હતો. ક્રીડા સંબંધીના વિચારોને છોડી બકુલ ઘેર આવ્યો અને મિત્રોને વિદાય કરી પોતે શયનગૃહમાં પલંગ ઉપર જઈને સૂતો. અલ્પ પાણીમાં માછલીઓ જેમ અશાંતિને અનુભવતી તરફડીઆ મારે તેમ બકુલ પણ અશાંતિને અનુભવતો, પાસા ફેરવતો હતો, જમવાના સમયે શેઠ શેઠાણીએ બોલાવ્યો ત્યારે તે બોલ્યો કે મારી તબીયત સારી નથી. માટે મારે ભોજન કરવું નથી. ત્યારબાદ શેઠ પોતે બકુલ પાસે ગયા, તેને થયેલો આંતર રોગ જાણ્યો, શેઠે મિત્રોને બોલાવ્યા અને પુત્રની બાબતમાં પૂછ્યું. મિત્રોએ ઉપવનમાં બનેલી

હકીકત જણાવી દીધી. શેઠે ફરીથી પુત્રને સમજાવ્યો અને દુઃખ લગાડવાનું કોઈ આવશ્યક કારણ નથી, તે પ્રમાણે શેઠે બકુલને કહ્યું.

બકુલે ઉઠીને ભોજન કર્યું, ભોજન પછી બન્ધુજનોને લઈ ધનશ્રેષ્ઠિ શૂરદેવ સાર્થવાહને ત્યાં ગયો, શૂરદેવે શ્રેષ્ઠિનો સત્કાર કર્યો, ત્યારે ધનશ્રેષ્ઠિએ આદરપૂર્વક કહ્યું કે હે સાર્થવાહ ! આપણા બંનેના સંબંધો પ્રથમથી જ ઘણા સારા છે. પરંતુ હવે તે સંબંધોને આપણે વધારે મજબુત બનાવીએ, બકુલ મારો પુત્ર છે. અને રત્નવતી આપની પુત્રી છે. જ્યોત્સના અને ચંદ્રમા સમાન બંનેનો સમાગમ થાય તેમ મારી ભાવના છે, સાર્થવાહે કહ્યું કે દરેક બાબ-તમાં આપણે સમાન છીએ એટલે તમારી વાત ઠીક છે. પણ ! વિધર્મીને મારી પુત્રી ન આપવી તેવી મારી પ્રતિજ્ઞા છે. આપ શ્રાવક છો, હું ભગવાન સૂર્યદેવનો ઉપાસક છું, સમાન ધર્મવાળાઓને માટે વિવાહ સંબંધ સુખદ હોય છે. જ્યારે ધર્મની ભિન્નતા વિવાહ સંબંધમાં ભિન્નતા રખાવે છે.

શૂરદેવની વાત સાંભળી ધનશ્રેષ્ઠિ ખિન્ન વદને પોતાના ઘેર પાછો આવ્યો, બકુલની પણ સ્થિતિ વિષમ બની ગઈ, ધન, ધનવતી, બન્ધુજન વિગેરે ફરીથી ઉદ્‌વિગ્ન બન્યા, ઘરના બધાની આવી સ્થિતિ જોઈને પોપટ (નાસિકય) બોલ્યો. હે ભાઈ ! આજે ઘરના બધાની હાલત ચિન્તાતુર

કેમ છે. ધનશ્રેષ્ઠિએ સઘળો વૃત્તાંત પોપટને કહી સંભળાવ્યો, પોપટ ખુશી થયો, વિચારવા લાગ્યો કે ઉપકાર કરવાનો અવસર પ્રાપ્ત થયો છે. માટે આવી તક શા માટે જતી કરવી. તે વારે પોપટ બોલ્યો ! હે શ્રાવક ! ચિંતા કરવાની કોઈ જરૂરીઆત નથી.

અસાધ્ય કાર્ય હોવા છતાં પણ તમારૂં આ કાર્ય સિદ્ધ થયું સમજો, સૂર્યનો અનન્ય ઉપાસક શૂરદેવ છે. તેણે સૂર્યનું મોટું મંદિર બનાવેલ છે. તે મંદિરમાં પદ્મરાગ મણીની બનાવેલી સૂર્યની મૂર્તિ છે. તેની ઉપાસના શૂરવીર દરરોજ વિધિપૂર્વક સવાર, સાંજ અને મધ્યાહ્ન એમ ત્રણે કાળ કરે છે. કેતકીના પત્રોથી સૂર્યના મસ્તક ઉપર મુગટમાં બનાવે છે. તેમ મને ગુપ્ત રીતે રાતના તે મુગટ મૂકી દો અને પ્રભાત કાળે મને ત્યાંથી લઈ આવજો, આ પ્રમાણે પોપટના કહેવાથી શેઠે તે પ્રમાણે કર્યું. રાત્રી પડી અને શૂરદેવ મંદિરમાં સૂર્યદેવની પૂજા કરવા માટે ગયો, પ્રવેશ કરતાંની સાથે પોપટ બોલ્યો, કે તમે સપરિવાર કુશલ તો છોને ? હું સૂર્ય છું. તમારી અધિક ભક્તિથી ખુશી થઈ તને જોવાને માટે અને કાંઈક આજ્ઞા આપવા માટે હું અહીં આવ્યો છું. શૂરદેવે કહ્યું કે હે દેવ ! હું કૃતકૃત્ય છું, આપની કૃપાથી મારા આત્માને સંસારમાં શ્રેષ્ઠ માનું છું.

અને આપનો આદેશ હમણાં જ સાંભળવા ઇચ્છુ છું; માયાવી પોપટ બોલ્યો હે વત્સ ! તેં ગઈ કાલે એક

અનુચિત કાર્ય કર્યું છે. ધનશ્રેષ્ઠિની વિનંતિ છતાં તેં બકુલની સાથે રત્નવતીના વિવાહ ન કર્યા, તે તેં ઠીક નથી કર્યું, તારે પોતાને વિનંતિ કરીને તારી પુત્રી રત્નવતી તેને આપવી હતી, બકુલ મારો અવતાર છે. અને રત્નવતી તારી કન્યા છે. આ બંનેના સંબંધનો અસ્વીકાર કરીને તેં એકદમ અનુચિત કર્યું છે. હજુ પણ કાંઈ બગડયું નથી.

તું ધનની પાસે જઈ આગ્રહ કરીને પણ બકુલની સાથે રત્નવતીના વિવાહ કર, મંદિરમાં બનેલી બિનાથી શૂરદેવ આશ્ચર્ય પામ્યો, ઘેર જઈને પોતાના ભાઈઓની સામે આ વાત મૂકી, તે બધાને સાથે લઈને ધનશ્રેષ્ઠિને ઘેર જવા નીકળ્યો, ધનશ્રેષ્ઠિએ પ્રાતઃકાળમાં પોપટને લાવી પાંજરામાં મૂકયો, પોપટે બકુલ તથા શ્રેષ્ઠિને પોતાની પાસે બોલાવી બનેલી હકીકત કહી બતાવી. અને કહ્યું કે કાર્ય સિદ્ધ થયું સમજો, પરંતુ આ રહસ્યને કાયમ માટે ગુપ્ત રાખશો, નહીંતર રત્નવતી ન કરવા જેવું કરી નાખશે, લોકમાં તમારો અપયશ થશે. સ્ત્રીઓની સામે તો કોઈ દિવસ રહસ્ય ખોલવું નહી. કેમકે સ્ત્રીઓ દ્વારા બહાર પડેલું રહસ્ય વિનાશને નોતરે છે. પોતાની પત્નિ દ્વારા રહસ્ય ખુલી જવાથી, કાકજંઘ રાજાને કષ્ટનો અનુભવ કરવો પડયો.

કોંકણ દેશમાં સમુદ્રના કિનારે સોપારક નામે નગર છે. જેમ યાત્રિકોનો મેળો તીર્થમાં ભરાય છે. તેમ

અનેક નગરથી મુસાફરો આવતા ને મેળા જેવો દેખાવ લાગતો, ત્યાં દેહધારી વિશ્વકર્માના જેવો એક રથકાર હતો, તેને કોકાસ નામે દાસી પુત્ર હતો. તેની ઉત્પત્તિ દ્વિજાતિથી થઈ હતી, રથકારે પોતાના પુત્રોને નાના પ્રકારના શિલ્પોનું શિક્ષણ આપ્યું. કોકાસ બહેરા–મુંગાની માફક તેની પાસે બેસતો અને પોતાની બુદ્ધિમત્તાથી કોકાસ બધા શિલ્પોમાં નિષ્ણાત બન્યો, પરંતુ રથકારના બીજા પુત્રોએ કંઈપણ જ્ઞાન પ્રાપ્ત કર્યું નહી. રથકારના મૃત્યુ બાદ રાજાએ જેમ સૂર્યના અસ્ત બાદ ગુણાધિક દીપકને રાખવામાં આવે છે. તેમ દાસી પુત્ર કોકાસને રથકારની જગ્યાએ નિયુક્ત કર્યો.

આ બાજુ અવન્તિમાં પરમાર્હત રાજા થયો, જુદી જુદી કલાઓને જાણવામાં ચતુર એવા શ્રાવકો તેના સેવક બન્યા, તેમાં એક પાકશાસ્ત્ર નિષ્ણાત હતો. જેનાથી રાંધવામાં આવેલું ભોજન કર્યા બાદ એક પ્રહરમાં પેટમાં પચી જતું, બીજો તેલ મર્દન કરવામાં અતિ કુશલ હતો, ત્રીજો શય્યા કરવામાં અતિનિપૂર્ણ હતો, ચોથો લક્ષ્મીના ભંડારનો અધ્યક્ષ હતો, તેની વિચિત્રતા એ હતી કે ભાંડાગારમાં પ્રવેશ કરવા છતાં પણ બીજો માણસ કાંઈ કરી શકતો ન હોતો, અવન્તિ નરેશ અપુત્રીઓ હોવાથી વિષયોથી વિરક્ત બની, પ્રવ્રજ્યા ગ્રહણ કરવાની ઈચ્છાથી રાજકાર્યોમાં આદર રહિત બન્યો.

આ બાજુ પાટલીપુત્ર નરેશ જિતશત્રુએ મોટી સેના વડે અવન્તી ઉપર આક્રમણ કર્યું. ભાગ્ય યોગે અવ-

ન્તનો રાજા શૂલરોગથી પીડાતો હતો, અનશન કરી મૃત્યુ પામી, દેવલોક ગયો, નગરજનોએ નગરને અનાથ જાણી પાટલીપુત્ર નરેશને અવન્તિ નગરી અર્પણ કરી, રાજાએ ચારે શ્રાવકોને બોલાવ્યા, અને તેમને પૂછી તેમના પોતાના સ્થાને નિયુક્ત કર્યા, ભંડારીએ રાજ્ય ભંડાર બતાવ્યો, પણ રાજાને ખાલી દેખાયો, શય્યા નિપુણે એવી શય્યા બનાવી કે સૂતેલો માનવી માંદા માણસની માફક પ્રતિ-મુહૂર્ત જાગી જતો હતો, પાકશાસ્ત્રીએ એવી રસોઈ બનાવી કે જેનાથી ખાધેલું અનાજ પચતું નહી. ચોથા અંગમર્દકે એવી રીતે તેલ પગમાં લગાડયું કે જેનાથી પગમાં ખૂબ જ બળવા લાગ્યું, અંતે એ ચારે શ્રાવકોએ સ્વામિ વિયો-ગમાં વ્રત ગ્રહણ કર્યા. કાગડાના જેવા કાળા રંગના તે રાજાનું નામ નગરજનોએ કાકજંઘ રાખ્યું.

આ બાજુ સોપારક નગરમાં દુષ્કાળ પડવાથી રથકાર કોકાસ આજીવિકા માટે અવન્તિ આવ્યો, રાજાને પોતાનો પ્રભાવ બતાવવા માટે તે લાકડાના કબુતરોથી દરરોજ અનાજના કોઠારમાંથી ગન્ધશાળીના દાણા મંગાવી ભેગા કરતો, નોકરોની ફરીયાદથી રાજાએ કોકાસને આદર પૂર્વક બોલાવી સૂત્રધારાધિપ બનાવ્યો, હંમેશાં કલા, ઉન્નતિને આપનારી હોય છે. કોકાસે રાજાના માટે લાકડામાંથી સુંદર ગરૂડ બનાવ્યો, તે ખીલીથી યુક્ત હોવાથી જીવંતની જેમ આકાશમાં ઉડતો હતો.

રાજા, રાણી અને કોકાસ ત્રણે જણા ગરૂડ ઉપર બેસી

આકાશમાં ફરતા હતા, કાકજંઘ રાજાએ બીજા રાજાઓને વિસ્મય પમાડયા, ભય બતાવીને પોતાની આજ્ઞામાં રાખ્યા, એક દિવસ રાણીએ એકાંતમાં રાજાને પૂછયું કે લાકડાનો ગરૂડ આકાશમાં કેવી રીતે આવજા કરે છે ? કોકાસે નિષિદ્ધ કર્યા છતાં રાણી ઉપરના અત્યન્ત પ્રેમાધીન રાજાએ બે કાષ્ટની ખીલીઓ બતાવી દીધી, રાણીએ પોતાની સખીઓને બતાવી, એક ઈર્ષાળુ સખીએ ગરૂડને પાછા આવવાની ખીલી કાઢી લીધી, રાજાએ હરહંમેશના નિયમ મુજબ ગરૂડ ઉપર બેસી મુસાફરી શરૂ કરી, પાછા વળવાના સમયે બીજી ખીલી ન મળવાથી ઘણા પ્રયાસો કરવા છતાં ગરૂડ પાછો વળ્યો નહીં.

આકાશમાં વાતા મહાવાયુથી તેની પાંખ કપાઈ ગઈ. અને ગરૂડ કલિંગ દેશના સરોવરની નજીકમાં પડયો, તેને બરાબર કરવા માટે કોકાસ, નગરમાં શસ્ત્ર લેવા ગયો, કોઈએ જઈને કલિંગના રાજાને કહ્યું કે જેના બળથી કાકજંઘે બધા રાજાઓને પોતાના તાબામાં રાખ્યા હતા, તે કોકાસ, અહીં આવી ગયો છે. ભાગ્ય પલટાય છે ત્યારે મિત્ર પણ દુશ્મન બને છે રાજાએ કોકાસને પકડી મંગાવી સૈનિકો દ્વારા ખુબ જ માર મરાવ્યો, તેનાથી કોકાસે, રાજા–રાણીના સમાચાર પણ આપ્યા, કલિંગ નરેશના હુકમથી રાજારાણીને પકડી લાવ્યા, કલિંગ નરેશે ત્રણે જણને ખોરાક આપવો બંધ કર્યો.

પરંતુ નાગરિકોએ અપકીર્તિના ભયથી કાકડી, (કાક-

પીંડી) આપી, કલિંગ રાજાએ કોકાસને આદેશ આપ્યો કે મારા સો પુત્રોને માટે શતભૂમ મહેલ બનાવ, વળી તારા વિજ્ઞાનના બલથી હું પણ આકાશમાં ઉડુ અને બધા રાજાઓને મારી આજ્ઞા મનાઉં. કોકાસે પણ રાજાના વચનોનો સ્વિકાર કર્યો, ગુપ્તતાથી કાકજંઘ રાજાના પુત્રને સુચના આપી કે અમૂક દીવસે તેના પુત્રો સહિત કલિંગ નરેશને મારીશ, તું સેના સહિત ગુપ્તવેશમાં અહીં હાજર રહેજે.

રથકાર કોકાસે મહેલને બનાવ્યો, પુત્રો સહિત રાજાને મહેલમાં મોકલી કોકાસે ખીલીઓ ખેંચી લીધી, મહેલ કકડભૂસ કરતો પડયો, રાજા સહિત તેના સો પુત્રોને માર્યા. કાકજંઘનો પુત્ર સમયસર આવી પહોંચ્યો, રથકાર સહિત માતાપિતાને બંધન મુક્ત કરી. હર્ષોલ્લાસ પૂર્વક અવન્તિ નગરી પધાર્યા અને આનંદોત્સવ ઉજવ્યો. આવી રીતે સ્ત્રી તરફથી રહસ્ય ખુલ્લુ થવાથી કાકજંઘ રાજાને અત્યન્ત દુઃખનો અનુભવ થયો, વળી અધિક શું કહું ? જો રહસ્ય ખુલી જાય અને મને મરણને શરણ થવું પડે તો પણ તમારા ઉપકારની સામે મારા મોતને હું ઉત્સવ માનીશ. સાંભળવા પ્રમાણે સાત્વિકોમાં અગ્રગણ્ય દ્રઢમિત્ર ગણાય છે. તેણે અત્યન્ત દુર્લભ પોતાના પ્રાણને મિત્રની ખાતર તૃણ સમાન ગણ્યો હતો. ધનશ્રેષ્ઠિ અને બકુલે પૂછ્યું કે એ દ્રઢમિત્ર કોણ ? ત્યારે પોપટે (નાસિકયે) કહ્યું; સ્વર્ગ સમાન દંતપુર નામે એક નગર છે. ત્યાં દંતવક્ર નામે રાજા છે, કામદેવના દિવ્યશસ્ત્ર સમાન સત્યવતી રાણી છે.

જ્યારે તે ગર્ભવતી થઈ ત્યારે ગર્ભના પ્રભાવથી તેણીને હાથીદાંતના બનાવેલા મહેલમાં ક્રીડા કરવાનો દોહદ ઉત્પન્ન થયો, તેનાથી તેણી અંધારીઆના ચંદ્રમાની માફક ક્ષીણ થતી ગઈ, એકાંતમાં રાજાના અત્યન્ત આગ્રહથી રાણીએ કહ્યું. ત્યારે રાજાએ વિચાર્યું કે આ કાર્યમાં વિલંબ થવો ન જોઈએ, તેમ જાણી નગરમાં ઢંઢેરો પીટાવ્યો. કે હે વ્યાપારી ગણ ! તમે લોકો હાથીદાંત ખરીદીને લાવી આપો, જેની પાસે હશે અને નહી આપે તો પ્રાણદંડની શિક્ષા કરવામાં આવશે. વેપારીઓએ હાથીદાંત આપ્યો અને રાજાએ મહેલનો પ્રારંભ કર્યો.

તે જ નગરમાં ધનમિત્ર નામે એક મહાજન રહેતો હતો. તેને દઢમિત્ર નામનો શરીરે જુદો અને આત્માથી એક સદશ એવો મિત્ર હતો. ધનમિત્રને ધનશ્રી અને પદ્મશ્રી નામે બે પત્નિઓ હતી. તે બન્નેમાં પદ્મશ્રી તેની અત્યન્ત પ્રેમપાત્ર હતી. બન્ને સહપત્નિઓમાં કલહ ઉત્પન્ન થયો. તેમાં ધનશ્રીએ પદ્મશ્રીને કહ્યું કે પતિ પ્રેમનો એટલો ગર્વ શા માટે કરે છે. શું સત્યવતીની માફક તારા માટે પતિવલ્લભયશને વધારવાવાળું હસ્તિદંત મહેલ બનાવાય છે? પદ્મશ્રીએ કહ્યું કે તું આટલી ઈર્ષા શા માટે કરે છે? જો હસ્તિદંત મહેલ નહી બને તો હું મરી જઈશ, આ પ્રમાણે બોલી તે ચાલી ગઈ.

ધનમિત્ર પદ્મશ્રીને ઘરમાં ન જોવાથી વ્યાકુલ બન્યો, અને પરિજનોને પૂછવાથી પદ્મશ્રી જ્યાં હતી ત્યાં ધનમિત્ર

ગયો, બાહુ પસારીને પોતાની પાસે બોલાવી કારણ પૂછ્યું. ત્યારે પદ્મશ્રીએ હસ્તિદન્ત મહેલ બનાવવાનું કહ્યું. શ્રેષ્ઠિએ જણાવ્યું કે આ કાર્ય રાજઆજ્ઞા વિરૂદ્ધનું છે. પરંતુ પદ્મશ્રીએ જવાબ આપ્યો કે આ કાર્ય રાજઆજ્ઞા વિરૂદ્ધનું છે.

ત્યારે પદ્મશ્રી બોલી. મારી પ્રતિજ્ઞા ભયંકર પ્રલય આવે તો પણ બદલાશે નહી. એટલામાં દઢમિત્ર પણ ત્યાં આવ્યો, અને પદ્મશ્રીને ખૂબખૂબ સમજાવી, પણ તેણીએ પોતાની જીદ ન છોડી, દઢમિત્રે ધનમિત્રને કહ્યું કે પદ્મશ્રી પોતાની ઇચ્છા પૂર્ણ નહી થાય તો અવશ્ય મરશે. તેણીના વિના તારૂં જીવન મૃત્યુ જેવું છે, અને તારા વિના મારા પણ એ જ હાલ છે. આ પ્રકારે અનર્થની પરંપરા ઉભી કરવી તેના કરતાં ગુપ્તતાથી આ કાર્ય કરવું જોઈએ. હું જંગલમાં જાઉં છું. ભીલો પાસેથી હાથી દાંતની ખરીદી કરૂં છું અને ગુપ્તતાથી અહીં મોકલવાની વ્યવસ્થા કરૂં છું. જે દ્વારા તમારૂં કાર્ય સિદ્ધ થાય, ધનમિત્રને પોતાના મિત્રની વાત પસંદ પડી, અને સ્વીકારી.

દઢમિત્ર જંગલમાં ગયો, ભીલો પાસેથી હાથીદાંત ખરીદ કરી. ભીલોની સહાયતાથી હાથીદાંતને મજબુત બાંધી બળદગાડામાં નાખી, ચોતરફથી ઘાસ ભરી શહેરમાં લાવ્યો. કોઈ અશુભ સંયોગે એક બળદે ઘાસમાં પોતાનું મૂખ નાખી ઘાસ ખેંચ્યું. ઘાસના ખેંચવાથી હાથીદાંતનો એક ટુકડો નીચે પડયો. કોટવાલે હાથીદાંત જોયો, બધા ગાડા તપાસતાં ઘણો હાથીદાંત પ્રાપ્ત થયો, કોટવાલે દઢમિત્રને

આજ્ઞાભંગ કર્યાના આરોપસર રાજાની સમક્ષ હાજર કર્યો, રાજાએ ફાંસીની સજા કરી.

આ વાત સાંભળી ધનમિત્ર પણ રાજાની પાસે પહોંચ્યો, અને બોલ્યો કે હે રાજન્! મારા આદેશથી દઢમિત્રે આ કાર્ય કર્યું છે, મેં આજ્ઞા કરી છે માટે ગુનાની સજા ભોગવવા માટે હું તૈયાર છું; તેણે તો મારી આજ્ઞાનું પાલન કર્યું છે. તેથી તે સજા ભોગવવાને માટે યોગ્ય નથી. દઢમિત્રને બોલાવી રાજાએ પૂછયું. તો દઢમિત્રે જવાબ આપ્યો કે હું આ શ્રેષ્ઠિને જાણતો નથી એટલું નહી પણ કોઈ દિવસ નામ પણ જાણ્યું નથી. તો પછી તે મારો સ્વામિ અને હું તેનો દાસ કેવી રીતે હોઈ શકું. હું રાજ્યગ્રાહ્ય દીપકની સામે પતંગીઆ સમાન આપની સામે છું; રાજા બન્નેની વાતો સાંભળી વિસ્મિત બન્યો, બન્નેને અભયદાન આપી પ્રશંસા કરી, રાજાએ કહ્યું કે તમારા બન્નેમાંથી કોની સ્તુતિ કરૂં, કારણ કે બન્નેનાં પ્રાણ મિત્ર કાર્ય કરવામાં તૃણ સમાન દેખાયા છે.

છતાં પણ જગતને ચમત્કાર રૂપ કાર્ય કરવાવાળો દઢમિત્ર અધિક સ્તુતિ કરવા યોગ્ય છે.

દન્ત પ્રાસાદની અનુમતિ આપી બન્ને મિત્રોનું સન્માન કરી માન સહિત વિદાય કર્યા, બન્ને જણા ઘેર આવ્યા, બાદ હે શ્રેષ્ઠિન્! આ પ્રાણ તો જવાના હતા જ. પરંતુ જો મિત્રના કાર્યમાં પ્રાણ ચાલ્યા જાય તો આનાથી વિશિષ્ટ

લાભ શું હોઈ શકે ? આટલામાં શૂરદેવ, ધન શ્રેષ્ઠિના ત્યાં આવી પહોંચ્યો. ધનવતીએ સ્વાગત કર્યું, શૂરદેવે, શરૂથી અંત સુધીની હકીકત કહી સંભળાવી, અને ક્ષમા યાચના કરી, બકુલને પોતાની કન્યા આપી, બન્ને જણાએ દૈવજ્ઞોને બોલાવ્યા, તેઓએ ગ્રહબલથી યુક્ત લગ્ન દિવસ આપ્યો, બન્ને જણાએ મહોત્સવપૂર્વક ધામધૂમથી બકુલ, રત્નવતીના લગ્નનું મંગળ કાર્ય કર્યું.

**: ઇતિ અમમ ચરિત્ર, બીજો સર્ગ :**

# સર્ગ ત્રીજો.

ત્યારબાદ વૃદ્ધોના ઉપદેશ અને આશિર્વાદ તથા માતાપિતાની અનુમોદના પ્રાપ્ત કર્યા બાદ પતિની સાથે પ્રીતિપૂર્વક રત્નવતી સાસરે આવી, વહુએ જિનેશ્વર ભગવંત, ગુરૂમહારાજ વિગેરેને પ્રણામ તથા પૂજન કર્યા પછી શેઠના આદેશાનુસાર હર્ષથી પોપટને પણ નમસ્કાર કર્યો, પોપટે તેને શિખામણ આપી, હે વત્સે ! તું તારા ધર્મમાં તત્પર બનજે, ધર્મ લૌકિક અને લોકોત્તર સુખને આપનાર છે. સાંપણની જેમ હિંસાને અને ઝેરની માફક અસત્યને છોડજે. બીજાના ધનને માટી સમાન માનજે, પરપુરુષને માટીસમાન માનજે, ઉદ્ધતાઈને શત્રુસમાન, નરકની સમાન કુસંગથી ડરજે, શ્મશાનની સમાન પીશુતાથી અને રાક્ષસની સમાન દુરાત્માથી ડરજે, કલ્યાણિ ! સૌજન્ય તથા વિનયને વધારજે, ચાતુર્ય તથા દાન આપવાની વૃત્તિને પ્રાપ્ત કરજે, સાસુ સસરાને માતાપિતાની સમાન માનજે, નોકરોને પુત્રની જેમ માનજે, પતિને દેવતુલ્ય અને બીજાઓને પણ આત્માની સમાન માનજે, પરંતુ રત્નવતીને પોપટની શિખામણથી કાંઈ ઉપદેશ લાગ્યો નહી. વિશેષમાં પોપટની મશ્કરી કરવા લાગી, અભિમાનથી રત્નવતી પોતાના તરણાં સમાન અને મનોહર પોતાના શ્વસુરના કુલને ધૂલની માફક માનવા

લાગી, એક રાતના શય્યા ઉપર સુતેલા બકુલને ઉઠાડવા માટે પોતાના પગની ઠોકર રત્નવતીએ મારી અને બોલી કે સૌભાગ્ય (સુખ)ના બળે આટલો બધો ગર્વ શા માટે કરો છો ? હું કાંઈ મીઠું વેચવા તમારા ઘરમાં આવી નથી.

પરંતુ ભગવાન સૂર્યના આદેશથી તમારા ઘેર આવી છું; ત્યારે રત્નવતીની વાતથી બકુલ ખડખડાટ હસી પડયો. એકાએક બકુલના હસવાથી કરીને શંકાશીલ બનેલી રત્નવતીએ હસવાનું કારણ પૂછ્યું. પહેલાં તો બકુલે ના કહી. કારણકે પોપટે વાત કરવાની ના, કહી હતી. પણ રત્નવતીના આગ્રહની સામે બકુલે પોપટની વાત કહી દીધી, હાય ? આ દુષ્ટ પક્ષીએ કેવો ભયંકર અનર્થ કર્યો ? આ મારા વૈરીને હું અવશ્ય મારીશ એમ મનમાં વિચારતી અને મનના કલુષિત ભાવને છૂપાવતી, રત્નવતી બોલી, જેણે તને પતિ આપ્યો છે તે તારા દેવ સમાન છે. આ પ્રમાણે પોપટની પ્રશંસા કરવા લાગી, પણ અંદરથી બીલાડીની જેમ પોપટને મારવાનો સમય જોવા લાગી, પરંતુ પાપીણીને ઘણાં સમય સુધી મારવાનો અવસર પ્રાપ્ત થયો નહી. નગરમાં લક્ષ્મી નામે ધનશ્રેષ્ઠિની બહેન રહેતી હતી.

એક દિવસ તેણે પુત્રના લગ્નમાં આવવા માટે શ્રેષ્ઠિ કુટુંબને આમંત્રણ આપ્યું. લક્ષ્મીએ પોતાની ભાભીને કહ્યું કે તમારી પુત્રવધુને તૈયાર કરીને મોકલો. ધનવતીએ રત્નવતીનાં ખંડમાં જઈને પુત્રવધુને તૈયાર થવા કહ્યું. તે વારે પોપટ ઉપર વેરનો બદલો લેવાનો અવસર પ્રાપ્ત થયેલો

જાણી કહ્યું કે મારા માથામાં ભયંકર દુઃખાવો થાય છે. એટલે હું નહી જઈ શકું, અહીઆં રહીને ઘર સાચવીશ.

ધનવતિએ પોતાના પતિ ધનશ્રેષ્ઠિને કહ્યું, ત્યારે શ્રેષ્ઠિએ રત્નવતીને બોલાવી, ઘરના રક્ષણની શિખામણ આપી, પરિવાર સહિત પ્રસ્થાન કર્યું. બધાના જવા પછી ' રાખવાળા ઘડાને પોતાની પાસે રાખી પીંજરામાંથી પોપટને ઉતારી, પોતાના હાથ ઉપર રાખ્યો, હાય ! આ શું ! આ પ્રમાણે વિચારતા પોપટના પીંછાને ઉખાડતી, રત્નાવલી ઘા ઉપર રાખ નાખતી બોલવા લાગી.

રે મૂઢ ! નીચ ! હવે તારા કરેલા કૃત્યોનો અનુભવ કર ! દુષ્ટ ! તારી ચતુરાઈ લોકો જાણે છે. તો હવે તે ચતુરાઈથી તારૂં રક્ષણ કર ! પોપટે વિચાર કર્યો, કે તે રહસ્યનો ભેદ ખુલ્લો થઈ ગયો છે. તેનું જ આ ખરાબ પરિણામ છે. રે જીવ ! પૂર્વજન્મમાં તેં માથાના વાળનો લોચ કરવામાં કાયરતા બતાવી હતી. હવે આ સંપૂર્ણ શરીરના વાલનો લોચ કરે છે. અને ઉપરથી રાખ પણ નાખે છે. વળી તેના કરતાં વિશેષ વધારે દુઃખદ વાણીરૂપ રાખનો ઉપયોગ કરશે. નરકમાં જે જે કષ્ટોનો અનુભવ કર્યો છે તેનો તો આ કરોડમો ભાગ છે. તો પછી ખેદ શા માટે કરવો, શરીરને પીડા થાય છે. તેમાં હે આત્મન્ તને શું ? શરીર અને તું બન્ને જુદા છો, માટે તત્ત્વનું ચિંતન કર !

આ પ્રકારે આત્માને ભજતો પોપટ વિચારવા લાગ્યો

કે ધૃષ્ટતાથી બચવાનો ઉપાય છે. સમય પસાર કર્યા વિના કોઈ ઉપાય નથી, સમય પસાર કરવાથી જો કોઈ બીજા આવી જશે તો પ્રાણ બચી જશે, આવું વિચારીને પોપટ જોરથી બોલ્યો ! હું પંડિત નથી પણ પંડિત સુંદરી હતી. જેણીએ પોતાના પતિને ઉષ્ટ્ર વિંગોલ (ઉંટના લીંડા)નો વ્યાપાર કરાવ્યો, ત્યારે રત્નવતીએ વિચાર કર્યો કે પહેલાં પોપટ પાસેથી કથા સાંભળું પછી જે કામ કરવું છે તે કરીશ, તેણીએ પોપટને કહ્યું હે પોપટ ! સુંદરી કોણ હતી ! તેણે કહ્યું કે તું મને દુઃખ ન આપે તો હું તને વાત કરૂં. ત્યારે રત્નવતીએ પોપટની વાત કબુલ કરી.

શ્રી નિવાસપુર નામે નગરમાં ' નન્દ, નામે એક ધનવાન હતો, વ્યભિચારિણીઓમાં અગ્રગણ્ય સુન્દરી નામે તેને પત્નિ હતી, ભાઈઓથી તેણીને વ્યભિચારિણી કહેવા છતાં પણ નન્દને વિશ્વાસ ન આવ્યો, ' નન્દ, બધા કામો છોડીને ફકત સુન્દરીનું મોં જોવામાં આસક્ત રહેતો હતો, સુન્દરીએ ' નન્દ, ને કહ્યું કે હે સ્વામિ ! સ્રીના મુખને જોવા વાળાથી લક્ષ્મી દ્વેષ રાખે છે. નન્દે કહ્યું પ્રિયે ! આપણો વ્યવહાર ચાલુ છે. ઘરના કામોમાં અધિકારી વિગેરે તહેનાતમાં છે. હમણાં કોઈ ભાંડ પણ બહાર જવા-વાળા નથી.

માટે તારા પ્રેમના પાનરૂપ ઉત્સવનો અનુભવ કરૂં છું; ત્યારે સુન્દરીએ કહ્યું કે સ્રીના વચનમાં તમને વિશ્વાસ નથી. પણ કહું છું કે મધ્યદેશમાં જઈને ઉષ્ટ્ર વિંગોલ

( ઉંટનાલીંડા ) નો વહેપાર કરો, તે તમને મોટા લાભને આપવાવાળો છે. તમારી ઉપર મને ઘણો પ્રેમ છે. તો પણ મોટા લાભને માટે તમને મોકલી રહી છું; તમને જો કોઈ આ કામ કરવા ના, કહે તો, તેને તમો કહેજો કે સ્વપ્નમાં ઇન્દગોવા દેવીએ કહ્યું છે, નન્દે આ પ્રમાણે પોતાના બંધુઓને કહી, નોકરો દ્વારા ( ઉષ્ટ વિંગોલ ) ઉંટના લીંડાને ભેગા કરાવી, ગુણીઓ ભરાવી, ત્યાર બાદ શુભ મુહૂર્તે નન્દે પ્રસ્થાન કર્યું, સુન્દરી ઘણે દૂર સુધી મૂકવા ગઈ, અને કહેવા લાગી હે સ્વામિન્! હવે હું જાઉં છું; કેમકે સ્ત્રી પ્રવાસમાં બંધનરૂપ બને છે. તમારા વિના ઘરમાં મને ગમશે પણ નહી. હું કેવી રીતે રહી શકીશ, મારા માટે કોઈ પણ પ્રકારે કલ્યાણ લાગતું નથી. એકએક ગોલકનો ભાવ એકએક દીનાર થાય ત્યારે વેચીને આવજો, તે પહેલા મને જોવાને માટે અધીરા ન બનતા.

સુન્દરીના વિયોગથી માનસિક પીડાથી પીડાતો વ્યાકુલ બનીને શુભ શુકનથી પ્રેરાઈ નન્દે, પ્રસ્થાન કર્યું, સુંદરી પોતાના ઘેર આવી, શ્રેષ્ઠિ પ્રભાસ નગર પહોંચ્યો, ત્યાં ચાર રસ્તા ઉપર સામાન મૂકયો. બધા વ્યાપારીઓ એકઠા થયા, ગુણી ખોલીને વ્યાપારીઓ માલ જોવા લાગ્યા, માલ ભીનો હોવાથી પરસ્પર તાલીઓ આપતાં હસવા લાગ્યા, અને પોતપોતાના ઘેર ગયા, નન્દે, પોતાનો માલ વખારમાં નાખ્યો અને વાસસ્થલ તરફ પ્રયાણ કર્યું. ત્યાં ધૂર્ત શિરોમણી મૂલદેવ નન્દની પાસે આવ્યો, ભાગ્યયોગે બન્નેની

ખુબ જ સુંદર મિત્રાચારી થઈ, મૂલદેવ દરરોજ નન્દના ઘેર આવતો, પરસ્પર ધનની લેવડદેવડ વધતી ગઈ, સાથે સાથે મિત્રાચારી પણ ખુબ જ વધી ગઈ.

એક દિવસ મૂલદેવે નન્દને, અહીં આવી રહેવાનું કારણ પૂછયું. નન્દે તમામ હકીકત કહી સાંભળાવી, પોતાની સ્ત્રી જે સુંદરી છે. તેના ગુણોનું વર્ણન કર્યું. મૂલદેવે કહ્યું હે મૂઢ ! તારી સ્ત્રી વ્યભિચારિણી છે. તેણીએ કપટથી તને પ્રવાસ કરવા મોકલેલ છે. મૂલદેવની વાત સાંભળી કાનને બંધ કરી, નન્દે કહ્યું કે સુન્દરીની બાબતમાં આ પ્રમાણે બોલવાથી પાપના ભાગી બનશો, મૂલદેવે કહ્યું કે રાગી પુરૂષો દોષોને પણ ગુણરૂપે જુએ છે. વળી કોઈનો ઉપદેશ પણ માનતા નથી. આ એક સત્ય વસ્તુ છે. હે નન્દ ! તું તારી આંખોથી તેના ચારિત્રને જોઈ વિશ્વાસ કરજે, હું તેનું ચારિત્ર તને અવશ્ય બતાવીશ, હું કોઈ પણ રીતે તારા માલના ભાવ વધી જાય, તેવો માર્ગ કાઢું છું. મારી સાથેની મિત્રતાનું ફલ આવું હશે.

તે મૂલદેવ ધૂર્ત, દિવ્ય શણગાર પહેરીને બે દીવા પોતાની પાસે રાખી યાન્ત્રિક ગરૂડ ઉપર બેસીને રાત્રીએ નગરમાં પરિભ્રમણ કરવા લાગ્યો. લોકો હાથ જોડી નમસ્કાર કરતા પૂછવા લાગ્યા, હે સ્વામિન્ ! આપ કૃપા કરીને આપનો પરિચય આપશો, ત્યારે તે બોલ્યો કે હું આ નગરનો ધનંજય નામે યક્ષ છું, હું તમને લોકોને કાંઈક કહેવા માટે આવ્યો છું, તે તમે સર્વ સાંભળો.

આવતી કાલે રાતના શિશુમાર નામનો દુષ્ટ રાક્ષસ સર્વે બાળકોને મારી ખાઈ જશે, લોકોએ ભયથી ગભરાતાં પૂછયું કે હે નાથ! આપ રક્ષણનો કોઈ ઉપાય બતાવો, ત્યારે તે બોલ્યો કે હે નગરજનો! તે રાક્ષસ મન્ત્રતન્ત્રથી સાધ્ય તેમ નથી, પણ તેના માટે એક અમોઘ ઉપાય છે. દરેક બચ્ચાંના ગળે એકએક ઉષ્ટ્રવિંગોલ (ઉંટનું લીંડું) બાંધવામાં આવે તો આપત્તિ આવશે નહી, આ પ્રમાણે કહી મૂળદેવ ધૂર્ત અદશ્ય થઈ ગયો, લોકો ચિંતાતુર બનવા લાગ્યા કે અનુષ્ટ્ર (ઉંટ વિનાના) દેશમાં ઉષ્ટ્રવિંગોલ (ઉંટના લીંડા) મળશે કયાંથી? અરે! હવે ધ્યાનમાં આવ્યું કે આ વસ્તુ નન્દ,ની પાસે તૈયાર છે, તે લોકોએ નન્દને વિનંતિ કરી, ત્યાર પહેલાં મૂલદેવે બધી વાતચિત નન્દને કહી દીધી હતી.

નન્દે નગર નિવાસીઓને એક એક દિનારથી એકએક ઉષ્ટ્રવિંગોલ (ઉંટના લીંડા) વેચી નાખ્યા, ત્યારે ધૂતારાએ કહ્યું કે હે નન્દ! તારૂં કાર્ય સિદ્ધ થઈ ગયું છે. ત્યારે તે બોલ્યો કે હા, તમારી કૃપાથી તથા સત્ય વચનવાળી સુંદરીના અદ્દભૂત પ્રભાવથી મારૂં કાર્ય થઈ ગયું છે. ત્યારે મૂલદેવે કહ્યું કે હે નન્દ! જો વાત એ પ્રમાણે છે તો હું તને સુન્દરીના સતીત્વને બતાવું. દીનારોથી ગુણીઓ ભરીને હવે તમારા નગરમાં જઈએ, આ પ્રમાણે બન્ને જણાઓ નીકળ્યા, અને કાળના પ્રભાવથી વિશ્વના દીપકરૂપ સૂર્યનો અસ્ત થયો, તેનાથી ચારે તરફ અંધકાર ફેલાઈ ગયો, તે

સમયે બન્ને મિત્રો શ્રીનિવાસપુરમાં નન્દના ઘેર કાર્પટિક વેશમાં ગયા, મૂલદેવે સુન્દરીને કહ્યું કે હે ધર્મશીલે! અમે બન્ને વિદેશી પ્રવાસીઓ છીએ, રાત્રી પડી ગયેલી છે, માટે અમને રહેવા માટે પ્રબંધ કરાવી આપો.

સુન્દરીની આજ્ઞાથી તે બન્ને જણા દ્વારની ઉપરના ઓરડામાં રાત્રી રહ્યાં, મૂળદેવે નન્દને જાગતા રહેવાનો ઈશારો કર્યો, આગણામાં જાર પુરૂષોથી લાવવામાં આવેલી મદિરાનું પાન સુન્દરીએ કર્યું. થોડીવાર પછી તેણી હસવા અને નાચવા લાગી, અને જાર પુરૂષ તેણીને આલિંગન કરવા લાગ્યો, નન્દ બોલ્યો કે હે મિત્ર! જે જોવાનું હતું તે જોઈ લીધું. હવે આપણે ચાલો, મૂળદેવ બોલ્યો હે નન્દ! તું શાંત રહે, ઉતાવળ કરીશ નહી. ત્યારબાદ સુન્દરી ગાવા લાગી.

જે ગીતોનો ભાવાર્થ એવો હતો કે મારો પતિ વ્યાપારના માટે વિદેશ ગયેલ છે. તે સો વર્ષ જીવે પણ કદાપિ ઘેર પાછો આવે નહી. નન્દે કહ્યું સૌમ્ય? તમે મને ઘણું જ્ઞાન પ્રાપ્ત કરાવ્યું છે. આવી સ્ત્રીઓને તથા તેમની સાથે અનુરાગ કરવાવાળા પુરૂષોને ધિક્કાર છે, સ્ત્રીઓ કજીઆનું ઘર છે, વેરનું મૂળ છે, આસક્ત હોય કે વિરક્ત હોય તો પણ સ્ત્રી ઝેર સમાન છે.

આ પ્રમાણે સ્ત્રીઓની નિન્દા કરતો નન્દ, ઉઠીને બહાર ગયો અને મૂલદેવને ઘણું ધન આપવા લાગ્યો, મૂલદેવે ધન લેવાની ના કહી, મૂલદેવને વિદાય કરી નન્દે ઘરમાં

જઈ સુન્દરીનો હાથ પકડી બહાર કાઢી મૂકી, ભાઇઓને ભેટી (આલિંગન કરી) ધન સોંપી, સ્ત્રીઓના સ્પર્શને પણ પાપ સમજી ઘેરથી નીકળી ગયો, ઘણાં પ્રદેશોમાં પરિભ્રમણ કરતાં નન્દે, સામન્તસૂરિજીની પાસે વ્રતને ગ્રહણ કર્યું. વિધિપૂર્વક વ્રતનું પાલન કરીને સદ્ગતિ પ્રાપ્ત કરી.

આ પ્રમાણે પોપટે કથાની સમાપ્તિ કરી, ત્યારબાદ રત્નવતીએ ફરીથી પીછાંઓને ખેંચવા માંડયા, અને રાખ નાખવા લાગી, બોલી કે તું પંડિત છે તો તું તારૂં રક્ષણ કર, પોપટે કહ્યું કે હું પંડિત નથી, પંડિતા તો વસંતશ્રી હતી, જેણે સર્વાંગીલને જીતી પોતાની યશઃપતાકા ફરકાવી, હે પોપટ! વસન્તશ્રી કોણ હતી! પોપટે કહ્યું કે તું મને પીડા ન કરે, તો હું તે કથા કહું, રત્નવતીએ પોપટની વાત માન્ય કરી. પોપટે વસન્તશ્રીની કથા શરૂ કરી.

## વસન્તશ્રીની કથા

પૃથ્વીના સુવર્ણ અલંકારરૂપ કાંચનપુર નામે નગર છે. તે નગરમાં પોતાના ગુણોથી દેદીપ્યમાન કૃપ, નામે રાજા શિરોમણી છે. તે જ નગરમાં વિવેકી, ઉપશમ ભાવવાળો, સત્યવાદી, કૃપાળુ, પોતાના ગુણોથી પ્રસિદ્ધ, દેવનન્દી નામનો વણિક રહેતો હતો, તેના પડોશમાં દ્રોહી, લોભી, ઠગારો અને પોતાના અવગુણોથી પ્રસિદ્ધ લોભનન્દી નામે વણિક હતો, વળી ત્યાં ધૂતારામાં સર્વોપરી એકછત્ર રાજ્યવાળો સર્વાંગિલ નામે એક બ્રાહ્મણ પણ રહેતો હતો, વ્યભિચારિણી

સ્ત્રીઓ જેવી રીતે સતી સ્ત્રીઓની ઈર્ષા કરે છે. તેવી રીતે લોભનંદી દેવનન્દીની ઈર્ષા કરતો હતો.

એક દિવસ કોઈ બહાનાથી લોભનંદી અને સર્વાંગિલ એક બીજાની અદેખાઈ કરવા લાગ્યા, એક દિવસ દેવનન્દીને ત્યાં મુંજ નામે એક કાર્પટિક આવ્યો, તેને કહ્યું કે આ પાંચ બહુમૂલ્ય રત્નોને તમારી પાસે મૂકવા આવ્યો છું. દેવનન્દીએ કહ્યું કે મેં બીજાની થાપણ નહી રાખવાનો નિયમ કરેલો છે. માટે તમો બીજા સ્થાનની તપાસ કરો, ના, કહેવા છતાં .પણ તે દરરોજ આવવા લાગ્યો, લોભનંદીને પણ આ વાતની ખબર પડી ગઈ.

બીજે દિવસે કાર્પટિકને જતો જોઈ લોભનંદી મોટા આગ્રહથી પોતાની દુકાને લઈ આવ્યો, સર્વાંગિલે લોભનંદીના ચરિત્રને જાણવા માટે પોતાની પુત્રી કપિલાને કાંઈક લાવવાના બહાને લોભનન્દીની દુકાને મોકલી, તેણીએ કીંમત આપીને પૂજાની સામગ્રી માટે માંગણી કરી, લોભનન્દીએ પોતાની ધાર્મિકતાનો ઢોંગ અને દમામ બતાવવા માંડ્યો, હું બ્રહ્મસ્વનું દ્રવ્ય લેતો નથી માટે વિનામૂલ્ય તું દ્રવ્યો લઈજા.

આ પ્રમાણે કહીને લોભનંદીએ પૂજાનો સામાન આપ્યો, અને કપિલા સામાન લઈને ઘેર આવી. પિતાજીને સઘળા સમાચાર આપ્યા, બ્રાહ્મણે વગર કિંમતે આપેલા સામાનને માટે વિચાર કર્યો, અને પૂછ્યું કપિલા ! તેની દુકાને કોઇ હતું કે ? કપિલાએ કહ્યું કે એક કાર્પટિક હતો,

'હા, હું સમજી ગયો, કાર્પટિકને ઠગવાનો લોભનંદીએ પ્રયત્ન કર્યો, કમલા પણ હાથની તાળીઓ પાડતી પિતાજીની વિદ્વતાના વખાણ કરવા લાગી.

અને કહેવા લાગી કે હું જ્યારે ત્યાં ગઈ તે વખતે રત્નને થાપણ તરીકે મૂકવાની વાતચીત ચાલતી હતી, બ્રાહ્મણે વિચાર કરીને કમલાના હાથમાં એક તરણું આપી, સમજાવી લોભનંદીને ત્યાં મોકલી, આ બાજુ લોભનંદીના વિવેકથી કાર્પટિક (કપડાં વેચનાર) ઘણો પ્રસન્ન થયો, અને રત્નની થાપણ લેવા માટે લોભનંદીને આગ્રહ કરવા લાગ્યો, ત્યારે લોભનંદી અનેક પ્રકારના બહાના કાઢી અસ્વીકાર કરવા લાગ્યો.

કાર્પટિકના અત્યંત આગ્રહથી લોભનંદીએ રત્ન લેવા માટે હાથ લંબાવ્યો તેજ વખતે કપિલા ત્યાં આવી, પૂજાની સામગ્રીને પાછી આપતી કપિલા લોભનંદીને કહેવા લાગી. કે પિતાજી કિંમત આપ્યા વિના કોઈ વસ્તુ લેતા નથી. વળી હાથમાં તરણાને બતાવતી બોલી કે પિતાજી કણવૃત્તિને માટે તમારે ઘેર આવ્યા હતા તે વખતે તમારા મકાનના છાપરા ઉપરથી આ તરણું ઉડીને તેમના માથા ઉપર પડયું. પિતાજીને ખબર નહી હોવાથી તે તરણું ઘેર આવ્યું. જ્યારે ખબર પડી ત્યારે તે તરણું મને પેટીમાં તમને આપવા માટે મૂકી રાખેલું હતું. આજે પ્રસંગોપાત તેમને યાદ આવતાં મારી સાથે મોકલાવી આપેલ છે. તે તમો લઈ લો.

આ પ્રમાણે લોભનંદીના હાથમાં તરણું મૂકીને કપિલાએ ચાલવા માંડયું. ત્યારે કાર્પટિક ( કાપડીઆ ) એ વિચાર્યું કે બીજાના તરણાંને નહિ રાખવાવાળો નિશ્ચય લોભી નથી. આ વણિક કરતાં વધારે ગુણવંત છે. આ વણિકને છોડી તે પુણ્યાત્મા બ્રાહ્મણની પાસે જાઉં. લોભનન્દીએ લાંબા કરેલા હાથ એમ જ રહી ગયા અને કાર્પટિક કપિલાની પાછળ પાછળ બ્રાહ્મણના ઘેર ગયો, બ્રાહ્મણે કપિલાની પાછળ આવેલા કાર્પટિકનું સ્વાગત કર્યું, કપિલાને આસન લાવવા કહ્યું.

આસન ઉપર બેસાડી મન્દ હાસ્યપૂર્વક સર્વાંગિલ બ્રાહ્મણ બોલ્યો હે સૌમ્ય ! આપ કોણ છો ? કયાંથી આવો છો ? આપનું નામ શું છે ? કયાં જવાના છો ? કાર્પટિકે પોતાની સઘળી હકીકત કહી સંભળાવી, અને રત્નની થાપણ માટે આગ્રહ કર્યો, કપટી સર્વાંગિલે વાત સાંભળી કપાળ ઉપર કરચલીઓ પાડતો આવેશમાં આવીને બોલ્યો કે તમો આ શું વિચાર કરો છો. બ્રાહ્મણોને થાપણ રાખવાનો કોઈ અધિકાર નથી. કોઈની થાપણ રાખવી તે મહાન દોષનું કારણ છે. અને દુઃખ દાયક છે. માટે તમારે મને આ બાબતમાં આગ્રહ કરવો નહી. તમને દેવગુરૂના સૌગંદ છે.

તમે અતિથિ છો, ગૌરવ કરવા યોગ્ય છો, માટે મારા ઘેર ભોજન કરીને જજો, કાર્પટિકે કહ્યું, આપ મારી થાપણ સ્વીકારો પછી જ હું અહીંથી ઉઠીશ, આ પ્રમાણે

કહીને બ્રાહ્મણના ચરણમાં પોતાનું માથું ઝુકાવ્યું, ત્યારે બ્રાહ્મણ બોલ્યો હે કપિલા ! હું વ્રતથી બંધાયેલ છું. મારા વ્રતનો ભંગ ન થાય તે માટે 'આ, જેમ કહે તેમ કર, અને કપિલાએ કાર્પટિક પાસેથી થાપણ ગ્રહણ કરી. કાર્પટિકે સર્વાંગિલને કહ્યું કે આપનો જીવનભર માટે ઋણી છું. બ્રાહ્મણ બોલ્યો હે કપિલા ! અતિથિને સાક્ષી રાખી થાપણને મૂકજે, પછી આદરપૂર્વક ભોજન કરાવજે.

ભોજન કાર્ય પતી ગયા પછી બ્રાહ્મણની રજા લઈને કાર્પટિક પોતાના સ્થાને જવા નીકળ્યો, તેના જવા પછી બ્રાહ્મણે બીજી દિશામાં નવું ઘર લીધું. પોતાની પત્નિ તથા પુત્ર વધૂઓને પોતપોતાના પિયર મોકલી આપી, પુત્રોને કાર્યના બહાના નીચે બહાર ગામ મોકલ્યા, પુત્રીઓને સાસરે મોકલી આપી, દુષ્ટ સર્વાંગિલ બ્રાહ્મણે પોતાની કુરૂપતા વધારવાને માટે શ્રેષ્ઠ હજામને બોલાવી એક આંખ કઢાવી નાંખી અને કહેવા લાગ્યો કે 'આકાશ દેવીએ મારી આંખ લઈ લીધી, ઘર બંધ કરીને સાવધાની પૂર્વક રહેવા લાગ્યો, ભાઈઓ, મિત્રો, તથા મહેમાનોને ભેગા થવાનું બંધ કરી દીધું. આ પ્રમાણે પાપી બ્રાહ્મણે પોતાના વેશ તથા પરિવારનું પરિવર્તન કરી નાખ્યું. અને પડોશીઓને કહેવા લાગ્યો કે આ વાત તમો કોઈને કહેશો નહિ કે હું "અહિંયાં રહું છું." આ પ્રમાણે પાપી સર્વાંગિલ બ્રાહ્મણ દિવસો પસાર કરવા લાગ્યો.

આ બાજુ કાંચનપુરમાં તેજ અરસામાં એક અદ્‌ભુત

ઘટના બની, તે ઘટના હે રત્નવતી! તું સાંભળ! પોપટ બોલ્યો, કે દેવનંદીને ધનદ નામે ધાર્મિક પુત્ર હતો, અને લોભનંદીને વરૂણ નામે પાપી પુત્ર હતો, સંયોગવશાત્ બંનેની પરસ્પર અપૂર્વપ્રીતિ હતી, પરંતુ ગુણદોષમાં પરસ્પર જમીન આકાશ જેટલો ફેર હતો. છતાં એક બીજાના ગુણદોષની અસર એકબીજા ઉપર પડી નહોતી.

ધનદને પોતાના ગુણો અનુસાર 'સુમતિ અને વરૂણને પોતાના દોષો અનુસાર' દુર્મતિ, નામે લોકો ઓળખવા લાગ્યા, અને બોલાવવા લાગ્યા, બંને જણાએ એકાંતમાં બેસી વિચાર કર્યો કે આપણે પિતાજીની સંપત્તિનો ઉપયોગ કરવો નહી. વહેપાર કરીને પૈસા કમાવવા જોઈએ, જે માનવીઓ પરદેશ જઈને ધન પ્રાપ્તિ કરતા નથી તેઓ કુવાના દેડકા જેવા છે. માટે આપણે થોડુંક ધન લઈને વિદેશમાં જઇ વહેપાર કરીએ, શુભ દિવસે બંને જણાએ પિતાની આજ્ઞા લઈ પરદેશ જવા પ્રસ્થાન કર્યું. 'લાટ, આદિ દેશોમાં જઈને ઘણું દ્રવ્ય પ્રાપ્ત કર્યું.

થોડાક દિવસમાં પોતાના નગરમાં બંને જણા પાછા આવ્યા, નગરમાં પ્રવેશ વખતે 'ગધેડી'નો અવાજ સાંભળી અપશુકન થયા, ખિન્ન ચિત્તે નગરની બહાર વડના થડની પાસે બેઠા. બન્ને જણાએ પોતાના ધનને વહેંચી લેવાનો વિચાર કર્યો. સંકટ સમયે કામમાં આવે તે માટે બંને જણાએ એકમત થઈ વડની પૂર્વ દિશામાં ખાડો ખોદી અર્ધું ધન દાટયું અને નિશાની રૂપે તેની ઉપર પથ્થર

મૂકયો, બાકીનું અર્ધું ધન બંને જણાએ સરખા હિસ્સે વહેંચી લીધું, પ્રાતઃ સમયે બંને જણા પોતપોતાના ઘેર ગયા, થોડાક સમયમાં ઘણું ધન કમાઈને આવવાથી બંનેના પિતાને ખૂબ જ આનંદ થયો.

ત્યારબાદ સુમતિ, એ પોતાના ધનનું યથોચિત રક્ષણ કર્યું, જ્યારે દુર્મતિએ જુગારમાં પોતાના ધનને ખર્ચી નાખ્યું, સુમતિએ જુગાર અને દુર્મતિની નિન્દા કરી, છેવટે દુર્મતિની ઉપેક્ષા કરી, એક દિવસ કુન્દ નામના જુગારીની સાથે જુગારમાં દુર્મતિ પાંચસો સોનૈયા જીત્યો, સોનૈયાની માંગણી કદતાં કુન્દ દુર્મતિને નગરની બહાર સ્મશાન પાસે ઉભો રાખી, પોતે સ્મશાનમાં ગયો, અને પાંચસો સોનૈયા લાવીને દુર્મતિને આપ્યા, દુર્મતિને આશ્ચર્ય થયું.

અને સ્મશાનમાં ધનપ્રાપ્તિનું કારણ પૂછયું. પહેલાં તો કુન્દે દુર્મતિના પ્રશ્નની ઉપેક્ષા કરી. પણ અત્યંત આગ્રહથી કુન્દે કહ્યું કે એક મુનિ સ્મશાનમાં રહે છે તે મને ધન આપે છે. લોભી દુર્મતિએ મુનિના દર્શન કરાવવાની પ્રાર્થના કરી. કુન્દે, કાઉસ્સગ્ગમાં રહેલા મુનિના દર્શન કરાવ્યા, કહ્યું કે હે વત્સ! કલ્પદ્રુમ, કામધેનુ અને ચિન્તામણિ રત્ન સમાન, આ મુનિના પ્રભાવથી મને ધન મળે છે. અને હું આનન્દથી મારો સમય વ્યતિત કરૂં છું. દુર્મતિએ મુનિને નમસ્કાર કરી ઘણા સમય સુધી મુનિને જોયા કર્યું. બાદ તે પોતાના ઘેર આવ્યો.

ત્યારથી સર્વે કામોને છોડી, આળસ રહિત હંમેશાં મુનિની ઉપાસનામાં દુર્મતિ મગ્ન બન્યો, હે ભગવન્ ! કરુણાવતાર ! આપ કુન્દની ઉપર જે રીતે પ્રસન્ન થયા છો, તેવી રીતે મારી ઉપર આપ પ્રસન્ન થાઓ, આ પ્રમાણે વારંવાર દુર્મતિ મુનિને પ્રાર્થના કરતો ઉભો છે. તેજ વખતે મુનિએ કાઉસ્સગ્ગમાંથી નિવૃત્ત બનીને કહ્યું હે ભદ્ર ! મુનિઓ પાસે ધર્મની યાચના કરવી જોઈએ, જેની આરાધનામાં સર્વ વસ્તુઓની પ્રાપ્તિ રહેલી છે. ધનની માંગણી કરવી એટલે લવણ સમુદ્રની પાસે મીઠાની માંગણી કરવા જેવું છે તું કુન્દની વાતોથી ઠગાયેલો છે. તેથી તું મારી પાસે આવી માંગણી કરે છે. તે મિથ્યાભાષિને કાંઈજ મેં આપ્યું નથી, તે તો ફક્ત મેં જે વ્રતને ગ્રહણ કર્યું છે. તેના કારણને જાણે છે. દુર્મતિએ પૂછ્યું કે હે ભગવન્ ! આપના વ્રત ગ્રહણના કારણને તે કેવી રીતે જાણે છે? ત્યારે સાધુએ વાતની શરૂઆત કરી.

અહીંઆં કમલ નામે કંજુસ શિરોમણી એક ધનાઢ્ય હતો, એક દિવસ પોતાના વિમલ નામના પુત્રની સાથે એકાન્તમાં વાતચિત કરી કે, હે વત્સ ! લક્ષ્મી ચંચળ છે માટે તેના રક્ષણનો ઉપાય કરીએ. ઘરમાં રાખેલી લક્ષ્મી રાજા તથા ચોર વિગેરેના ભયમાં રહેલી છે. માટે બહાર કોઈ જગાએ રાખવી જોઈએ.

આ પ્રમાણે વિચાર કરીને પુત્રની સાથે બીકનો માર્યો લક્ષ્મીના કુંભસહિત ચારે તરફ દૃષ્ટિને ફેરવતો રાત્રીના સ્મશાનમાં આવી પહોંચ્યો, ગુપ્ત સ્થાનમાં મોટો ખાડો

ખોદ્યો, સુવર્ણથી ભરેલા છ ઘડા ખાડામાં અતિ મુશ્કેલીએ ગોઠવ્યા અને ખાડો માટીથી ભરી દીધો, ભાગ્યયોગે આ ધૃતારાએ (કુન્દે) સોનાના કુંભ લઈને ઘેરથી નીકળેલા પિતા પુત્રને જોયા, ગુપ્તરૂપે તે તેમની પાછળ પાછળ આવી પિતા પુત્રના કાર્યને જાણવાને માટે શ્વાસ રોકી મૃતકની માફક ભૂમિ ઉપર સૂઈ રહી પિતા પુત્રની ચેષ્ઠા જોવા લાગ્યો, કમલે પોતાના પુત્રને ચારે તરફ ફરીને જોવા માટે કહ્યું. તે વારેં પુત્રે કહ્યું કે પિતાજી! આપ તો અત્યંત ચતુર છો, આ સ્મશાનમાં તમે કોઇને બોલાવો તો પણ કોણ આવી શકે.

ત્યારે પિતાએ કહ્યું કે હે વત્સ! તો પણ તપાસ કરવામાં આપણને કયાં નુકશાન છે. પુત્ર ચારે તરફ જોવા લાગ્યો, મૃતકાવસ્થામાં કુન્દને જોઈ પિતાજીને કહ્યું કે કોઈ મરેલો કાર્પટિક (કપડાવાળો) છે. તે વારે પિતાએ કહ્યું કે હે પુત્ર! મુંડદુ બનીને કોઈ જોતો ન હોય! માટે તું શસ્ત્રદ્વારા તેના કોઈ એક અંગને કાપી લે, કે જેનાથી જીવંત કે મૃતકની ખબર પડે, વિમલે જઈને પિતાજીના કહેવા મુજબ છરીવડે તેનો એક કાન કાપી લીધો, અને પિતાજીને કાન બતાવ્યો તો પણ કમલને વિશ્વાસ ન આવ્યો, તેથી પોતાના પુત્રને ફરીવાર મોકલી નિર્દયતાથી બીજો કાન, નાક અને હોઠ કપાવી લીધા, કુન્દે નિશ્ચતન ભાવથી બધું સહન કર્યું. ધનના અભિલાષિ મનુષ્યો બધું જ કષ્ટ સહન કરે છે.

ત્યારબાદ તેને મરેલો જાણી નિશ્ચિત મનથી પિતા પુત્ર ઘેર આવ્યા, પિતા પુત્રના ગયા પછી કુન્દે બધા ઘડાઓ બહાર કાઢ્યા, બીજી જગાએ ખાડો ખોદી તે ઘડાઓને દાટી દીધા, બન્ને ખાડાઓને માટીથી વ્યવસ્થિત હતા તેવી રીતે પુરી દીધા, કુન્દ ધનના બળે કરી, રાજાઓથી પણ અધિક વિલાસો કરવા લાગ્યો, તેના આપેલા દાનથી યાચક વર્ગ સંતોષ પામી તેની પ્રશંસા કરવા લાગ્યો, મદિરાપાન તથા વેશ્યાઓની સાથે વિલાસોમાં તેના દિવસો પસાર થવા લાગ્યા, કમલ પણ દરરોજ સ્મશાનમાં આવી નિધિસ્થાનને જોતો હતો.

કુન્દના વિલાસોનું વર્ણન સાંભળી ભયભીત બનેલો કમલ પુત્રની સાથે નગરમાં તેને જોવા નીકળ્યો. કુન્દના કપાયેલા અંગો જોઈને અત્યન્ત વ્યથિત બન્યો, પુત્રને કહ્યું કે આ તો તે નહિ હોય ને? કે જેના અંગો કાપ્યા છે. પુત્રે કહ્યું કે આવી શંકા મારા મનમાં પણ થાય છે. કેમકે તેની આકૃતિ મલતી આવે છે. બાદમાં બન્નેએ જઈને સ્મશાનમાં જોયું તો ખાડો ખાલી હતો, કમલ તે જ વખતે મૂર્છા ખાઈને જમીન ઉપર પડી ગયો, બાદ પુત્રે કરેલા ઉપચારથી શુદ્ધિમાં આવ્યો.

અને રાજાની પાસે જઈને વિનંતિ કરી કે કુન્દને મારૂં સર્વસ્વ લૂંટી લીધું છે. રાજાના કોટવાલોએ કુન્દને બાંધી રાજા સમક્ષ હાજર કર્યો, અને કુન્દ બોલી ઉઠયો કે મને શા માટે કયા ગુનાસર પકડવામાં આવ્યો છે?

રાજાએ કહ્યું કે તેં આ શેઠનું સર્વસ્વ લૂંટી લીધું છે. ત્યારે કુન્દે કહ્યું કે મેં તેનું ધન લીધું છે તે વાત તદ્દન સત્ય છે.

પરંતુ હે રાજન્! તેણે પણ મારૂં કાંઈક લીધું છે. મારી વસ્તુ મને પાછી અપાવો, તો હું તેના ધનને પાછું આપું. હું જો પાછું ન આપું તો આપશ્રી ગમે તે દંડ મને કરી શકો છો.

ત્યારે રાજાએ કહ્યું કે હે કુન્દ! તારૂં આ શેઠે શું લીધું છે. કુન્દે રાજાને તમામ હકીકત કહી સંભળાવી, જે સાંભળીને કમલનું મૂખ પડી ગયું. અને રાજસભામાં બેઠેલા બધા આશ્ચર્ય પામ્યા, કમલ લજ્જાળુ બનીને પોતાના ઘેર ગયો, રાજાએ કુન્દને છોડી મૂકયો, માનહાનિ તથા ધનહાનિથી કમલ અત્યન્ત દુઃખી થયો. સંસાર ઉપર વૈરાગ્ય આવ્યો, પુત્રને તમામ સંસારનો ભાર સોંપી પોતે દીક્ષા લીધી, એ જ હું કમલ છું અને તારી સાથે જુગારમાં હારી જનાર એ જ કુન્દ છે. તે કુન્દ મારા વ્રતગ્રહણનું કારણ જાણે છે. માટે કુન્દે તને છેતર્યો છે. મુનિ પાસેથી ભૂતકાળ સાંભળી નિરાશ બનેલો દુર્મતિ ઘેર આવ્યો. સાધુની કથા સાંભળીને દુર્મતિને જરા પણ વિવેક આવ્યો નહિ. પણ દુર્નિતિ માટે તેને કથા કારણભૂત બની. કારણ કે સાપના મૂખમાં પડેલું સ્વાતિ નક્ષત્રનું પાણી ઝેર બને છે, દુર્મતિએ વિચાર કર્યો કે હું કુન્દના જેવો ભાગ્યવાન કેમ ન બનું?

સુમતિને જીતવા માટે કોઈ કપટ ખેલી તેના ધનને લઇ લઉં, હું પણ લોભનન્દીનો પુત્ર દુર્મતિ છું તે વાત

જગત જાણે છે. અગાઉ દાટેલા ધનને તે જગ્યાએથી કાઢી બીજી જગ્યાએ ખાડો ખોદી વ્યવસ્થિત મૂક્યું અને બન્ને ખાડા પ્રથમની જેમ જ હતા તેવા બનાવી દીધા, બીજે દિવસે સુમતિને કહ્યું કે હું જુગારમાં હારી ગયો છું અને મેં મારૂં મસ્તક દાવમાં મૂક્યું છે. માટે આપણા દાટેલા ધનમાંથી મને મારો અર્ધો ભાગ આપી દે, જેથી હું મારા ધનનો ઉપયોગ કરી શકું. સુમતિએ કહ્યું કે તે ધનને હમણાં તેમને તેમ રહેવા દઈએ, હું તને ધન આપું છું. તેનાથી તું તેનો પ્રતિકાર કર.

ત્યારે દુર્મતિએ કહ્યું કે તારા ન્યાય માર્ગે ઉપાર્જન કરેલા ધનનો દુર્વ્યયમાં ઉપયોગ કરૂં તો નરકથી પણ વધારે મારી અધોગતિ થાય. માટે મને તો દાટેલા ધનમાંથી મારો અર્ધો ભાગ જોઇએ છે. બન્ને જણા ઘેરથી નીકળીને જ્યાં ધન દાટ્યું હતું ત્યાં જઇને ખાડો ખોદ્યો, તો ખાડો ખાલી નીકળ્યો, દુર્મતિ છાતી કુટવા લાગ્યો, અને જોરથી બૂમો પાડતો ભૂમિ ઉપર પડી ગયો, અને બોલવા લાગ્યો કે અહીંઆ દાટેલા ધનની કોઇને ખબર નથી. માટે આ ધન હે સુમતિ! તેં જ લઈ લીધું છે.

ત્યારે સુમતિએ કહ્યું કે હે ભાઈ! આવો મિત્ર દ્રોહ હું કરતો નથી અને કદાપિ કર્યો પણ નથી. તે વારે દુર્મતિએ કહ્યું કે તો શું મેં તે ધનને લઈ લીધું છે? હે ભાઈ સુમતિ! કદાચ કાર્યવશ તેં આ ધન કાઢી લીધું હોય તો તેમાં તારો દોષ નથી, પણ દોષ તો ત્યારે જ

કહેવાય કે તું જ્યારે મારો અર્ધો ભાગ આપવાની ના કહે. તું લોભમાં પડીને મિત્રાચારીને નષ્ટ ન કર, હે સુમતિ! જો તું મને ધન નહિ આપે તો હું રાજાની પાસે ફરીયાદ કરીને પણ તારી પાસેથી ધન પ્રાપ્ત કરીશ.

ત્યારે સુમતિએ કહ્યું કે હે દુર્મતિ! સંપત્તિનો નાશ થવાથી સહુ કોઈની બુદ્ધિ ચલાયમાન થાય છે. તેવી રીતે તારી પણ બુદ્ધિ તે કારણથી ખરાબ થઈ ગઈ છે. માટે તને જેમ ઠીક લાગે તેમ કર, ત્યારે દુર્મતિ બોલ્યો હે સુમતિ! જો હું કરૂં છું તે તું જોતો રહેજે. એમ બોલીને દુર્મતિ સીધો રાજા પાસે જઈને કહેવા લાગ્યો કે અમે બન્ને જણાએ વડ વૃક્ષ નીચે ધનને દાટ્યું હતું, પણ સુમતિએ એકલાએ જઈને બધું ધન લઈ લીધું છે. માટે આપ મને ન્યાય આપો. રાજાએ સુમતિને બોલાવીને પૂછ્યું. ત્યારે શંકા રહિતપણે બનેલા બનાવ પ્રત્યે પોતે કાંઈ જાણતો નથી તેમ સુમતિએ કહ્યું.

કદાચ આપને વિશ્વાસ ન હોય તો આપ સૌગંદનો આદેશ આપો. રાજાએ કહ્યું કે ધન દાટતી વખતે કોણ સાક્ષી હતું, તેને હાજર કરો. દુર્મતિએ કહ્યું કે તે જ વડનું ઝાડ સાક્ષી છે. રાજાએ કહ્યું કે શું વૃક્ષ પણ બોલી શકે છે! અવશ્ય બોલી શકે છે. ત્યારે રાજાએ કીધું કે હવે વાદ વિવાદનું કોઈ કારણ નથી. કાલે સવારે ત્યાં જઈને વડના ઝાડને પૂછવું જોઈએ, આખા નગરમાં આશ્ચર્ય થયું. રાજાએ વડના ઝાડની નજીકમાં મોટો મંચ બનાવડાવ્યો.

આ બાજુ દુર્મતિએ ઘેર આવી, રાજસભામાં બનેલી તમામ હકીકત પોતાના પિતા લોભનંદીએ કહી બતાવીને કહ્યું કે હે પિતાજી! આપની સહાયતાથી મારી જીત થશે. આપ વૃક્ષની બખોલમાં પહેલેથી જઈને બેસી જાવ, અને ઉચિત સમયે સુમતિએ ધન લઈ લીધું છે એવી રીતે ખોટી સાક્ષી આપ આપો, સુમતિની હાર થવાથી હું બધું જ ધન આપને સમર્પણ કરીશ, ત્યારે લોભનન્દીએ કહ્યું હે વત્સ! ભાગ્યથી તું તો મારાથી પણ વધારે ચતુર નીકળ્યો.

આ પ્રમાણે કહીને લોભનંદીએ લોભને વશ બની પુત્રની વાતનો સ્વીકાર કર્યો. રાત્રિએ બહાર જઈને વડની બખોલમાં બેસી ગયો. પ્રાતઃ કાળમાં જેવી રીતે હજારો કિરણોથી યુક્ત સૂર્ય જેમ આકાશમાં આવે છે. તેવી રીતે હજારો સામંતો તથા નાગરિકો સહિત રાજા મંચ ઉપર આવ્યો, સુમતિ પણ જિનેશ્વર ભગવંતને નમસ્કાર કરી, પંચપરમેષ્ઠિનું સ્મરણ કરીને જ્ઞાતિજનોની સાથે વડના ઝાડની પાસે આવ્યો, દુર્મતિ પણ પિતાજી બહારગામ ગયા છે. આ પ્રમાણે બોલતો બોલતો લોકોને જણાવતો છતો વડના ઝાડ પાસે આવી પહોંચ્યો, કાંચનપુરની તમામ જનતા નગર બહાર આવી ગઈ હતી. તેથી નગર શૂન્યકાર દેખાતું હતું. આ બાજુ કારણવશાત્ ત્રણ વરસ બહાર રહીને કાર્પટિક (કપડાવાળો) પણ પોતાની મૂકેલી રત્નની થાપણ લેવા તેજ સમયે નગર સમીપ આવી પહોંચ્યો,

વડના ઝાડની પાસે જનસમૂહને જોઈ તેને ઘણું આશ્ચર્ય થયું. કોઈ નગરજનને પૂછવાથી મોટા આશ્ચર્ય સહિત જોવા માટે તે પણ જનસમૂહમાં જઈને બેઠો.

રાજાની આજ્ઞાથી અધિકારીઓએ વડવૃક્ષને વિનંતિ કરી કે, તમો વનસ્પતિના મસ્તકરૂપ આભૂષણ છે. પૃથ્વીના દિવ્યાલંકાર સમાન છો, વૃક્ષ જાતિના ગુરૂ છો, માટે પક્ષપાત કર્યા સિવાય યથાર્થ ઉત્તર આપજો. ત્યારે બખોલમાંથી લોભનન્દી બોલ્યો, હે રાજન્! હે પ્રમાણિક નાગરિકો! તમે બધા શાંત ચિત્તે સાવધાન બનીને સાંભળો, એક કાળી ભયંકર રાત્રિએ અહીંઆં આવીને સુમતિએ એકલાએ ધન લઈ લીધું છે. એવું મેં સ્પષ્ટ રૂપથી જોયું છે. લોકોએ તાળીઓ પાડી, દુર્મતિ વિજયી બન્યો, રાજાએ સુમતિને ક્રોધાવેશમાં કહ્યું કે હે સુમતિ!

ચેતના વિનાનું વૃક્ષ તો ખોટું બોલતું નથી ને? તે વારે સુમતિએ મનમાં વિચાર કર્યો કે વડમાંથી અવાજ તો લોભનંદીનો આવે છે. માટે આમાં કપટનીતિનો અવશ્ય પ્રયોગ થયેલ છે. માટે આની સામે કૂટ નીતિનો ઉપયોગ કર્યા વિના છૂટકો નથી. ત્યારે સુમતિએ રાજાને કહ્યું કે હે રાજન્! જરૂરથી મેં ધન કાઢયું છે. પણ જ્યારે હું કાઢીને ઘેર જઈ રહ્યો હતો ત્યારે રસ્તામાં નગરના રક્ષકોને જોઈ ભયથી પાછો ગયો, અને વૃક્ષની બખોલમાં ધનને મૂકયું.

બીજે દિવસે જ્યારે હું ધન લેવા ગયો ત્યારે મોટા

ફુંફાડા મારતો કાળો નાગ જોઈ હું ભાગી ગયો, ત્યાર-બાદ જ્યારે જ્યારે હું ધન લેવા ગયો, ત્યારે ત્યારે મને નાગના દર્શન થયા, માટે સર્પને મારવા માટે આ ઝાડને આગ લગાડી દો, સર્પ ગરમીથી ભાગી જશે. આપણને ધનની પ્રાપ્તિ થશે. 'ઘણો સારો ઉપાય છે' એમ નગર-જનો બોલવા લાગ્યા, અને સુમતિની પ્રશંસા કરવા લાગ્યા, ફક્ત દુર્મતિનું મુખ મ્લાન થયું ને કાંઈ જ બોલી શકયો નહી. રાજાના કહેવાથી વડના ઝાડને આગ ચાંપવામાં આવી, બખોલમાંથી લોભનંદી બૂમો પાડવા લાગ્યો, ત્યારે રાજાએ પૂછયું કે આ શું ?

સુમતિએ કહ્યું કે હે રાજન્ ! અગ્નિની જ્વાલાથી દુઃખી બનીને ઝાડ બોલે છે. ત્યારે ફરીથી અવાજ આવ્યો કે 'આપ મારી રક્ષા કરો' હું ખોટી સાક્ષી ભરવાવાળો પાપી લોભનન્દી છું; શબ્દો સાંભળતાં રાજાએ આગ બુઝા-વવાની આજ્ઞા કરી. આગ બુઝાઈ ગયા પછી લોભનન્દીને બહાર કાઢયો, લોભનન્દીએ બધી વાત જાહેર કરી. રાજા ક્રોધ, આશ્ચર્ય અને આનંદમાં મગ્ન બની ગયો, દુર્મતિની અનાર્યતા ઉપર, લોભનંદીની શઠતા ઉપર, અને સુમતિની સદ્વૃત્તિ ઉપર લોકો આશ્ચર્ય અનુભવવા લાગ્યા, રાજાએ દુર્મતિ તથા લોભનન્દીને મૃત્યુ દંડની સજા કરી, જ્યારે સુમતિએ બંનેને અભયદાન અપાવ્યું, વળી રાજાએ સુમ-તિને હાથી ઉપર બેસાડી વૈભવપૂર્ણ નગર પ્રવેશ કરાવી બહુમાન કર્યું. આગથી ક્લાન્ત બનેલો લોભનન્દી થોડાક દિવસ બાદ સ્વસ્થ બન્યો.

મુંજ કાર્પટિક બનેલી ઘટનાનો વિચાર કરવા લાગ્યો કે લોભનન્દીએ લોભને વશ બની આવું ખરાબ અને નિંદ્ય કાર્ય કર્યું છે. મારા દુર્ભાગ્યથી બ્રાહ્મણની ચિત્તવૃત્તિ તો બદલાઈ નહિ હોય ને ?

સંસારમાં હંમેશાં આવી ખરાબ ઘટનાઓ બનતી જ હોય છે. આજે મારૂં હૃદય કંપે છે, આમ વિચાર કરતો કાર્પટિક નગરમાં પહોંચી બ્રાહ્મણના ઘેર ગયો પણ ઘર સુમસામ હતું. પાડોશીઓને પૂછવાથી કોઈએ જવાબ આપ્યો નહી. મનની દૃઢતાથી કાર્પટિક બ્રાહ્મણના ઘરને શોધવા લાગ્યો, ઘણી મહેનતે બ્રાહ્મણનું ઘર જડ્યું. ઘણા સમય સુધી ઉભા રહેવા છતાં દ્વારપાલો ઘરમાં જવા દેતા નથી. એક દિવસ ઘરમાં જવાનો માર્ગ મલી ગયો.

મુંજ કાર્પટિકને જોતાની સાથે બ્રાહ્મણ ગભરાઈને બીજે ભાગી જવાનો વિચાર કરવા લાગ્યો, શંકાશીલ મુંજ કાર્પટિકે તેને નમસ્કાર કર્યો અને કહ્યું કે એક આંખ કેમ નષ્ટ થઇ ગઇ ? જુનું ઘર તમે કેમ તજી દીધું ? કપિલા આદિ પરિવાર કયાં ગયો ? દ્વારપાલની વ્યવસ્થા કેમ ? સાંભળીને બ્રાહ્મણે ક્રોધિત બનીને કહ્યું કે તમે કૌન છો ? હું તમને ઓળખતો નથી, ત્યારે કાર્પટિકે કહ્યું કે તમે આવી અસંગત વાત કેમ કરો છો. હું મુંજ કાર્પટિક છું; જેણે તમારા ત્યાં થાપણ મૂકી છે. અને તમે જેને આદરપૂર્વક ભોજન કરાવ્યું છે. 'તે હું મુંજ કાર્પટિક છું;

તેને પણ તમો ઓળખી શકતા નથી, હું મારી થાપણ લેવા આવ્યો છું. મને મારા પાંચ રત્નો આપી દો, એટલે હું જતો રહું.

બ્રાહ્મણે કહ્યું કે 'તમને ભ્રમ થયો લાગે છે, કોઈ બીજાની પાસે તમે થાપણ મૂકી હશે, મારી પાસે શા માટે લેવા આવ્યા છો ? મુંજ કાર્પટિકે કહ્યું કે ભ્રમ તો તમને થયો છે, કે જેથી તમે મને ભૂલી ગયા છો, કૃપા કરીને મને મારા પાંચે રત્નો આપી દો, બ્રાહ્મણે કહ્યું કે 'જ્યાં ગામ જ ન હોય ત્યાં સિમાડો કયાંથી હોય ? તું મને ઓળખતો નથી, હું સર્વાંગિલ છું. મારી પાસે તારી ધૂર્તતા ચાલવાની નથી. બ્રાહ્મણના કહેવાથી દ્વારપાલે મુંજ કાર્પટિકને મારી કાઢી મૂકયો, ખૂબ ચિંતાતુર બનીને જાણે પિશાચ વળગ્યો હોય તેમ નગરમાં આમતેમ ભટકવા લાગ્યો, રખડતો કાર્પટિક એક દિવસ નદી કિનારે ગયો ત્યાં ભાગ્યયોગે કમલનો પુત્ર વિમલ મલ્યો, કાર્પટિકે પોતાની તમામ વાત વિમલને કહી. કાર્પટિકના કહેવાથી વિમલે પોતાનો વૃત્તાંત કહ્યો.

સુવર્ણના છ ઘડાની વાત કહી અને એજ કારણથી પુણ્યાત્મા મારા પિતા વ્રત ગ્રહણ કરી આત્મ કલ્યાણ કરે છે, આ સાંભળી મુંજ કાર્પટિક ખુબ જ વ્યથિત બન્યો, ને કહેવા લાગ્યો કે કયાં જાઉં ? કોની પાસે જાઉં ? મારૂં રક્ષણ કોણ કરશે ? મને કોઈ સહાયક દેખાતો નથી આ પ્રમાણે બોલવા લાગ્યો, પારકાના દુઃખથી દુઃખિત

બનવાવાળા વિમલે મુંજ કાર્પટિકને આશ્વાસન આપ્યું અને કહ્યું કે હું તને તેનો ઉપાય બતાવું છું તે તું સાંભળ—

આ નગરમાં વસંતશ્રી નામે વૃદ્ધ વેશ્યા છે. જેની બુદ્ધિ સામે બૃહસ્પતિ પણ પાણી ભરે તેવી બુદ્ધિશાળી છે. સર્વાંગિલની ધૂર્તતાથી બચવાને માટે વસન્તશ્રીની હે કાર્પ-ટિક ! તું સેવા કર, કે જેથી કરીને તે તારી ઉપર પ્રસન્ન થાય, વળી વસંતશ્રી તારી ઉપર પ્રસન્ન થશે તોજ તેણી પોતાની બુદ્ધિ વડે કપટના સમુદ્ર રૂપ સર્વાંગિલને હરાવશે. "ઝેરની સામે ઝેર, નો પ્રયોગ જેવી રીતે કરવામાં આવે છે તેવી જ રીતે "ધૂર્તની સામે ધૂતારણ ઔષધરૂપ બની શકે છે."

ત્યારબાદ મુંજ કાર્પટિક વસન્તશ્રી વેશ્યાના ઘેર જઈને તેણીની સેવા કરવા લાગ્યો, ધીમે ધીમે તેને પોતાની વાત કહેવા માંડી, વસન્તશ્રીએ મુંજ કાર્પટિકની વાતને સ્વી-કારી કહ્યું કે હે વત્સ ! હવેથી તારે મારી સેવા કરવા માટે આવવાની જરૂર નથી. આજથી નવમે દીવસે તું મારા દેખતાં સર્વાંગિલ પાસે થાપણની માંગણી કરજે, તે વખતે તારી થાપણ સર્વાંગિલ આપશે. જો થાપણ નહિ આપે તો તેનું મૂલ્ય જરૂરથી આપી દેશે, એ પ્રમાણે વસન્તશ્રીએ કાર્પટિકને રવાના કર્યો અને પોતે રાજાની પાસે ગઈ, સમાજનોની સમક્ષ રાજાને વિનંતિ કરવા લાગી હે રાજન્ ! મેં કેવલ પાપમય જીવન ગુજારેલ છે. હવે

મને આત્મશુદ્ધિને માટે તીર્થયાત્રા કરવા જવાની ભાવના છે. માટે આપ મને આજ્ઞા આપો.

રાજાએ કહ્યું કે કલ્યાણ માર્ગમાં હું વિરોધ નથી કરતો, તું તારી ઇચ્છાને પૂર્ણ કર, વસન્તશ્રી રાજસભામાંથી નીકળીને પોતાના ઘેર આવી. તીર્થયાત્રાને માટે ઉચિત સામગ્રીની તૈયારી કરવા લાગી. નગરજનોને ખબર પડી ગઇ કે "વસન્તશ્રી તીર્થયાત્રા કરવા જાય છે" વળી વસંતશ્રીએ ચામડાની પાંચ મોટી પેટીઓ તૈયાર કરાવી, તેમાં ગુપ્ત રીતે મોટા પત્થરોના ટુકડાઓ ભરાવ્યા, નક્કી કરેલા દિવસે હૃષ્ટ પુષ્ટ મજુરોથી ઉપડાવીને કપટયાત્રાની શરૂઆતમાં તેણી સર્વાંગિલ બ્રાહ્મણને ઘેર ગઈ.

વસન્તશ્રીએ જતાની સાથે બ્રાહ્મણને નમસ્કાર કર્યો. નમ્રતાથી કહ્યું કે હે ભૂદેવ! હું ધર્મ કાર્ય માટે બહાર જઈ રહી છું. માટે મને તમે કાંઈક સહાયભૂત બનો, આ પાંચે પેટીઓને થાપણ તરીકે તમારા ત્યાં મૂકવાની ઇચ્છા રાખું છું, આની અંદર પાંચ લાખના મુલ્યવાન રત્નો છે. તીર્થયાત્રાએથી પાછા આવ્યા બાદ આ અમુલ્યરત્નો મારી આજીવિકાનું સાધન છે. વધારેનું જે ધન મારી પાસે છે, તેનાથી હું ધર્મ કાર્યો કરીશ, મને બીજાઓની ઉપર વિશ્વાસ નથી.

કારણ કે તમો બીજાના ઘરનું એક તરણું પણ ગ્રહણ કરતા નથી. માટે આ કષ્ટ તમને આપવા માટે આવી છું, એટલામાં મુંજ કાર્પટિકે આવી પોતાની થાપણ સર્વાંગિલ

પાસે માંગી. બ્રાહ્મણ ઉઠીને મુંજને ભેટી પડ્યો, નમ્રતાથી તેના પાંચે રત્નો આપી દીધા, અને કહેવા લાગ્યો કે જેવી રીતે મારી આંખ ચાલી ગઈ તેવી રીતે મારી જીંદગી પણ ચાલી જાય. અને થાપણ રહી જાય, તો મારી દુર્ગતિ થાય માટે તમો તમારી થાપણ બરાબર સંભાળી લો, મુંજ કાર્પટિકના હર્ષનો પાર પણ ન રહ્યો. વેશ્યાએ પણ સર્વાંગિલની ખુબ પ્રશંસા કરી, મુંજ કાર્પટિકને કહ્યું કે હું પણ સર્વાંગિલની પાસે મારી થાપણ મૂકવા માટે આવી છું કાંચનપુર નગરમાં સર્વાંગિલ સમાન કોઈ પણ પ્રમાણિક માણસ નથી.

વસન્તશ્રી વેશ્યા પોતાની પેટીઓને થાપણ તરીકે સ્વીકારવા સર્વાંગિલને ખુબ જ વિનંતિ કરવા લાગી તથા તેની પ્રશંસા કરવા લાગી. બ્રાહ્મણે વસન્તશ્રીની થાપણ સ્વિકારી અંતરમાં આનંદ માન્યો, વસન્તશ્રીએ કાર્પટિકની સાથે પ્રસ્થાન કર્યું. થોડાક ગાઉ ગયા બાદ બન્ને જણા નગરમાં પાછા ફર્યા, નગરમાં આવતાની સાથે બન્ને જણ પોતપોતાના માર્ગે અલગ ગયાં, વસન્તશ્રી લોકોને કહેવા લાગી કે મારી તીર્થયાત્રા નષ્ટપ્રાયઃ બની ગઈ, કારણ કે પ્રસ્થાન સમયે અને પછી પણ ઘણા જ અપશુકનો થવા લાગ્યા, જેનાથી મને મારા પ્રાણનાશનો શંસય થયો જેથી આગલા વર્ષે તીર્થયાત્રાનો નિર્ણય કરી હું પાછી આવી.

થોડાક દિવસો પછી થાપણ લેવા માટે સર્વાંગિલની પાસે વસન્તશ્રી ગઈ. અને પોતાને થયેલા ખરાબ શુકન કહ્યા, અને થાપણ પાછી આપવાની વાત કરી, બ્રાહ્મણને

કોઈ ઉપાય નહી જડવાથી પાંચે પેટીઓ પાછી આપી, વસંતશ્રીએ પોતાની દાસીઓને કહ્યું કે નીતિનું ઉલ્લંઘન નહીં કરવું જોઇએ. માટે પેટીઓ ખોલીને લેવી. પેટીઓને ખોલી તેના અંતર ભાગને જોઈ વસન્તશ્રી ચીડાઇને બોલી ઓ બ્રહ્મબંધુ ! નીચ ! રત્નને લઈ લીધા અને પથ્થરો મૂકયા ? બીજાની માફક વસન્તશ્રીને તું ઠગી નહી શકે. "ચણાની માફક મરી ન ચવાય" તે ધ્યાન રાખજે, હવે તો તને તેની મઝા બતાવું છું.

એમ કહી પોતાની દાસીઓને કહ્યું કે આ અન્યાયીને ઉઠાવી રાજસભામાં લઈ ચાલો, દાસીઓએ સર્વાંગિલ બ્રાહ્મણને ઉઠાવી રાજસભા તરફ પ્રસ્થાન કર્યું. નગરજનો બ્રાહ્મણની આ સ્થિતિ જોઈને હસવા લાગ્યા, પરંતુ શત્રુને સંકટમાં જોઇને લોભનન્દી પણ તેની પાછળ પાછળ ચાલ્યો. રાજાની પાસે ફરિયાદ થઈ, બ્રાહ્મણને રાજાએ પૂછયું છતાં બ્રાહ્મણ નિરૂત્તર રહ્યો. રાજાએ તેને દોષિત ઠરાવ્યો, નિષ્પક્ષપાત નિર્ણય મલવાથી સભાજનોની અનુમતિ મેળવી વસંતશ્રી નાચવા લાગી, તેની પાછળ મુંજ કાર્પટિક નાચવા લાગ્યો, તે બન્નેની પાછળ લોભનન્દી પણ નાચવા લાગ્યો, સર્વેની પાછળ સર્વાંગિલ બ્રાહ્મણ પણ નાચવા લાગ્યો, આ બધાને નાચતા જોઈ રાજા તથા સભાજનો આશ્ચર્યચકિત બન્યા. કારણ પૂછવાથી દરેક જણે પોતાનું કારણ બતાવવાનું શરૂ કર્યું.

વસન્તશ્રીએ પોતાની હકીકત બતાવી. મુંજ કાર્પટિકે

પાંચ રત્નોની પ્રાપ્તિ બતાવી. લોભનન્દીએ પોતાના ઉપર વિજય મેળવનાર સર્વાંગિલનો પરાજય. સર્વાંગિલે પોતાની ખિન્નતા દૂર કરવાનું કારણ બતાવ્યું. રાજાએ વસન્તશ્રી તથા મુંજ કાર્પટિકનું બહુમાન કર્યું અને લોભનન્દી તથા સર્વાંગિલને દેશનિકાલનો આદેશ કર્યો. આ બધું પતી ગયા પછી રાજાએ દેવનન્દીને બોલાવ્યા અને રાજ્યના ભંડારીનું પદ સંભાળવાની આજ્ઞા કરી તથા આગ્રહ કર્યો, દેવનંદીએ સંસારની અસારતાને બતાવી અને પોતાને દીક્ષા લેવાની ભાવના બતાવી, બાદમાં રાજાએ સુમતિને ખજાનાનો અધિકારી બનાવ્યો.

શ્રી શીલગુણસૂરિની પાસે દેવનન્દીએ દીક્ષા ગ્રહણ કરી, નિરતિચાર ચારિત્ર વ્રતનું પાલન કરી, સદ્ગતિને પ્રાપ્ત કરી, કથાની પૂર્ણાહૂતી કરી, વિશ્રાંતિ લેવાનો નાસિકયે વિચાર કર્યો, ત્યાં રત્નવતી પોપટના પીંછાને ખેંચતી ઉપર ક્ષાર રાખને નાખતી બોલવા લાગી. હે શુક! તહારૂં પાંડિત્ય ક્યાં ગયું ? ત્યારે પોપટ બોલ્યો કે પાંડિત્યપણું તો મહા સતી સુલોચનામાં છે. જેના બળે તેણીએ કામાંકુરાદિને ખાડામાં નાખ્યા, રત્નવતીએ કથા સાંભળવાની ઇચ્છા પ્રદર્શિત કરી, ત્યારે પોપટે કહ્યું કે જો તું મને પીડા ન આપે તો હું તને કથા કહું. રત્નવતીએ પોપટની વાતનો સ્વિકાર કર્યો અને કથા કહેવાની શરૂઆત કરી.

અવન્તિ દેશમાં દેવોની અમરાવતીના અભિમાનને દૂર કરનાર ઉજ્જયિની નામે નગરી છે. તે નગરીના મસ્તકના

અલંકારરૂપ નરવાહન નામે રાજા છે. પાલક નામનો રાજપુત્ર તે રાજાનો સેવક છે. સતી શિરોરત્ન સમાન સુલોચના નામે તેને પત્નિ હતી. પ્રવર્તિની મલયશ્રીના ઉપદેશથી તેણીએ શ્રી વિમલાચાર્યની પાસે દ્વાદશ વ્રત ગ્રહણ કર્યાં હતા, રૂપ અને ગુણથી અપ્સરાઓને જીતવાવાળી હોવા છતાં ઉત્તમ શિયલગુણયુક્ત હતી. એક દિવસ પાલક ચિંતાતુર વદને રાજસભામાંથી ઉઠીને ઘેર આવ્યો, ત્યારે સુલોચનાએ પોતાના પતિને પૂછયું કે આપ આટલા બધા ચિંતાતુર કેમ છો. ત્યારે પાલકે કહ્યું કે પ્રિયે ! આપણી સરહદની નજીકના રાજા ઉપર આક્રમણ કરવા માટે રાજા સૈન્ય સહિત પ્રયાણ કરશે. સમય વિનાની લડાઈ હોવાથી હું ચિન્તાતુર છું. કારણ કે તને સાથે લઈ જવાય નહી. અને તારી યૌવનાવસ્થા હોવાથી અહીં મૂકીને જવું ઉચિત નથી.

ત્યારે સુલોચનાએ કહ્યું કે હે નાથ ! જો આપને આ પ્રકારની ચિન્તા હોય તો આપ મને અહીંયાં મૂકીને લડાઈમાં જાવ, મારા ઉપર જરા પણ અવિશ્વાસ કરતા નહી. આપ એક કમલની માલા લાવીને મને આપો, જેનાથી આપના ચિત્તમાં થોડો વિશ્વાસ ઉત્પન્ન કરાવું. પાલકે તરત જ એક માલા લાવીને આપી, સુલોચનાએ તે માલાનો સ્પર્શ કરીને કહ્યું કે આ માલા જ્યાં સુધી મલીન ન થાય ત્યાં સુધી આપ મારા શિયલવ્રતને અક્ષય માનજો, પાલકે તે માળા લઈ લીધી, અને આશ્ચર્ય અનુભવતા પાલકે રાજાની સાથે

પ્રયાણ કર્યું, પ્રતિદિન માળાને વિકસિત જોઈને પોતાની પત્નિ પ્રત્યેનું બહુમાન વધારવા લાગ્યો, રાજાએ બહુ જલ્દીથી વિરોધી રાજાને પરાજિત કરી પોતાના ખંડીઆ રાજા બનાવ્યા.

ત્યાર બાદ પાછા ફરતી વખતે બાર યોજનના વિસ્તારવાળી ટંકા નામની મહાભયંકર અટવીમાં સૈન્યે પડાવ નાખ્યો. રાજાએ માલીને ફુલ લાવવા માટે કહ્યું તે વારે માલીએ કહ્યું કે રાજન્! બાર યોજનની અટવીમાં કયાંય પુષ્પો મલતાં નથી, ખીલતાં પણ નથી, ત્યારે રાજાએ નાગવલ્લીના પત્રોથી ઇષ્ટ દેવતાની પૂજા કરી, અને પુષ્પ શૃંગાર કર્યા વિના રાજા સભામંડપમાં આવ્યો, સામન્ત સચિવાદિ પુષ્પમાલા સિવાય આવી રાજાને નમસ્કાર કરી પોતપોતાના સ્થાને બેઠા.

એટલામાં માળાની સુગંધથી સભાખંડ સુગંધિત બનાવતો પાલક પણ આવી પહોંચ્યો, રાજાને ક્રોધ આવ્યો. રાજા તરફથી પુષ્પનું કારણ પૂછવાથી પાલકે કહ્યું કે આ માળા ઉજ્જયિની નગરથી લાવવામાં આવેલી છે. ત્યારે રાજાને ખુબ જ આશ્ચર્ય થયું. પાલકે શરૂથી અંત સુધી તમામ હકીકત કહી સંભળાવી, રાજાએ સુલોચનાની ખુબ જ પ્રશંસા કરી. પોતાના રાજ્યના આભૂષણ તરીકે સુલોચનાની પ્રશંસા કરી. તેણીની માતાની કુક્ષીને અપ્રતિમ કહી, તેણીને જંગમ તીર્થની પદવી આપી, વિજયપટ તેના ગળામાં પ્રથમ બાંધવાનો વિચાર કર્યો, ત્યારબાદ સામન્ત

સચિવાદિએ સુલોચનાની પ્રશંસા કરી, કારણ કે રાજાને માન્ય તે સર્વને માન્ય હોય છે.

એક દિવસ રાજા સભામંડપમાં કામાંકુર, અશોક, કેસર આદિ મન્ત્રિઓથી સ્વચ્છન્દ વાર્તાલાપ કરી રહ્યો હતો, એકાએક રાજાએ સુલોચનાની પ્રશંસા કરી, તે લોકોએ કહ્યું કે રાજન્ ! આ વાત વિશ્વાસ કરવા યોગ્ય નથી, કારણ કે ક્લીબનું કામીપણું, વિદ્વાનનું સુખી થવું, ધનવંતને નમ્રતા, પ્રભુની ક્ષમાશિલતા, કપટીને સરળતા, યાચકને માન્ય અને સ્ત્રીનું સતીપણું અસંભવિંત છે, નાગર જાતિ કદાચ શુદ્ધ થાય, અગ્નિ કદાચ શાંત બને, સમુદ્રનું પાણી કદાચ સ્વાદિષ્ટ બને, પરંતુ સ્ત્રી કદાપિ કાળે સતી હોઈ શકતી નથી. માટે જો આપ આદેશ આપો તો તેણીના શીયલને નષ્ટ કરીને આવી જાઉં. પરન્તુ આ કાર્ય કરવામાં દ્રવ્ય (લક્ષ્મી) ની જરૂર પડશે, રાજા પણ કૌતુકાધીન બની ગયો, અને કામાંકુરને જોઈતા લાખ સોનૈયા આપી વિદાય કર્યો. ત્યાંથી નીકળી નગરીમાં આવી સુલોચનાની બાજુમાં મકાન ખરીદ કરી રહેવા લાગ્યો. હંમેશાં ઝરૂખામાંથી સુલોચનાની તરફ જોતો હતો, પરંતુ સુલોચનાની દૃષ્ટિ કોઈ દિવસ કામાંકુર તરફ પડતી નહોતી, કામાંકુર સુલોચનાને કામાતુર બનાવવા ઇચ્છતો હતો. પણ સુલોચનાને જોઈ કામાંકુર કામાતુર બનવા લાગ્યો. તેને ભોજન, શયન સ્નાન ઉપર અભાવ થવા લાગ્યો. છેવટે કામાંકુરે પુટ્ટિલા નામની તાપસીને લાલચ આપી કહ્યું કે સુલોચનાથી મારો

મેળાપ કરાવી આપો. તાપસીએ જઈને કહ્યું કે હે વત્સે! સ્મર વિહ્વળ કામાંકુર નામનો પ્રતિવેશી તારી સાથે રમવાની ઇચ્છા કરે છે. માટે હે કૃશોદરી! સ્વાંગદાનથી તેના જીવનની રક્ષા કર, કારણકે જીવદયાને શાસ્ત્રમાં મહાન ધર્મ બતાવ્યો છે. તારો જન્મ અને યૌવનાવસ્થાનો ખોટો નાશ થઈ રહ્યો છે. પરપુરૂષના સંગમ સુખથી તું શા માટે અલિપ્ત છે? તું મારી સાથે તેના ઘેર ચાલ!

એમ કહી તાપસીએ સુલોચનાનો હાથ પકડયો, સુલોચનાએ મનમાં જ વિચાર કર્યો કે આ તાપસી પોતે જ ખરાબ છે. અને બીજાઓને પણ ખરાબ કરી રહી છે. આનું કહેવું ન માનવું તે પણ ઠીક નથી, માટે જઈને તે યુવકને પણ થોડો પ્રતિબોધ કરૂં. છેવટે તાપસીએ સુલોચનાને કામાંકુરના ઘેર લાવી કામાંકુરની પાસે બેસાડી, પોતે ત્યાંથી નિકળી ગઈ, કામાંકુરે એકાન્તમાં હર્ષોલ્લાસથી પૂર્ણ બની સુલોચનાને કહ્યું કે હે કૃશોદરિ! કામાગ્નિએ મારા રૂદયને બાળી મૂકયું છે, માટે તું તારા સંગમામૃતથી મારા અંગોને શિતલ બનાવ, સુલોચનાએ કહ્યું કે મહાભાગ! તમે પરદારિક દુઃખનો કોઈ દિવસ વિચાર કર્યો છે ખરો કે? બીલાડી દૂધ ઉપર જેમ નજર રાખે છે તેવી રીતે કામાંધ પરસ્ત્રીની ઇચ્છા કરે છે. પરંતુ પોતાની ઉપર પડનાર યમરાજના દંડનો કોઈ દિવસ વિચાર કરતો નથી- આ બધી કામદેવની લીલા છે, તે કામદેવે કોઈને છોડયા નથી. કામદેવના પ્રતાપથી પ્રજાપતિએ પુત્રીની સાથે, કમઠે પુત્ર–

વધુની સાથે રમણતા કરી, લલિતાંગ યુવાને બીજી સ્ત્રીની સાથે કામની ઈચ્છા કરવાથી લાંબા સમય સુધી દુઃખનો અનુભવ કર્યો.

આ જગત ઉપર લક્ષ્મીની લીલાથી ભરપૂર વસન્તપુર નામે નગર છે. મનુષ્યોમાં ઈન્દ્ર સમાન મૂર્તિમાં સાક્ષાત્ કામદેવ સમાન, લક્ષ્મીથી વિષ્ણુ સમાન, શતાયુધ નામે રાજા હતો. તેને લક્ષ્મીદેવી સમાન ચંદ્રમાથી અધિક લાવણ્ય યુક્ત, લલિતા નામે રાણી હતી. જેની કલ્પવૃક્ષ સમાન પ્રસિદ્ધિ હતી, એકદા મોતીના હારથી વિભૂષિત કલ્પવૃક્ષ સમાન પોતાના રૂપ અને ગુણથી દિશાઓને સુવાસિત કરતા લલિત અંગોવાળા લલિતાંગને એક દિવસ રાણીએ જોયો, તેને જોઈ રાણી વિચારવા લાગી કે જો વિધાતા મને પક્ષિણી બનાવે તો હું ઉડીને તેની પાસે ચાલી જાઉં. તેની ચેષ્ટા જોઈને તેની પાસે રહેવાવાળી દાસીએ વિચાર્યું કે કમલમાં ભ્રમરની જેમ રાણીની દૃષ્ટિ લલિતાંગમાં રહેલી છે. ચેટીએ કહ્યું કે દેવી ? લાવણ્ય સુધાપૂર્ણ ચન્દ્રમામાં કુમુદિનીની જેમ લાવણ્ય યુક્ત તે યુવાનમાં પ્રેમ થવો તે યુક્ત છે. રાણીએ ચેટી (દાસી)ની ખુબ જ પ્રશંસા કરીને કહ્યું કે તેની સાથે મારો સંયોગ કરી આપ, દાસીએ યુવાનનું ઠેકાણું શોધી કાઢી રાણીને કહ્યું કે આ નગરના સમુદ્ર સાર્થવાહનો આ સુન્દર પુત્ર છે. કુલીન છે. માટે આપ તેના નામથી પ્રેમપત્ર આપો, રાણીએ એક પત્ર લખીને દાસીને આપ્યો, દાસીએ એકાન્તમાં લલિતાંગને તે પત્ર આપ્યો, અને લલિતાંગે વાંચ્યો.

હે નરોત્તમ ! જ્યારથી તમે મારી દૃષ્ટિ ઉપર આવ્યા છો, ત્યારથી દરેક જગ્યાએ દરેક સમયે જ્યાં ત્યાં કેવલ હું તમને જ દેખું છું. માટે આપણા સંયોગને માટે આપ મારી ઉપર પ્રસંન્ન થાવ, લલિતાંગે મસ્તક હલાવતાં કહ્યું કે હે ભદ્રે ! કયાં હું વણિક પુત્ર અને કયાં અંતઃપુરમાં રહેવાવાળી તમારી રાણી, સિંહની કેશવાળી, ફણીધરનો મણી, શંકરની ચંદ્રકલા મેળવવા જેમ દુર્લભ છે. તેમ રાજરમણી મનુષ્યને મેળવવી દુર્લભ છે. દાસીએ કહ્યું કે આ બાબતમાં તમે ચિંતા કરશો નહિ, મારી સહાયતાથી તમે અંતઃપુરમાં કોઈ ન જોઈ શકે તેવી રીતે પ્રવેશ કરી શકશો, 'અવસરે મને બોલાવજો' આ પ્રમાણે દાસીએ જઈને રાણીને વાત કરી, તેજ અરસામાં નગરમાં કૌમુદી મહોત્સવનો પ્રારંભ થયો, જેમાં શૃંગારી પુરૂષો અનેક પ્રકારના શૃંગારમાં સજ્જ બની ચંદ્રમાનું અનુકરણ કરતા હોય તેમ તે ફરવા લાગ્યા.

સ્ત્રીઓએ પણ તિલક કરી ચિત્ર નક્ષત્રની માળાઓને ધારણ કરી તેની સુગંધથી સુવાસિત અને વિલસિત બની, રાજા પણ તે મહોત્સવથી વ્યગ્ર બની શિકાર કરવા બહાર જંગલમાં ગયો, અંતઃપુરમાં કોઇની વસ્તી નહિ હોવાથી દાસીએ લલિતાંગને બોલાવ્યો, અને નવિન યક્ષની પ્રતિમા લાવવામાં આવે છે તેમ કહી લલિતાંગને સન્ધ્યા સમયે અંતઃપુરમાં પ્રવેશ કરાવવામાં આવ્યો, પરસ્પર ઉત્કંઠિત લલિતારાણી તથા લલિતાંગે લતાવૃક્ષની માફક એકબીજાના

ગાઢ આલિંગનમાં સુખનો અનુભવ કર્યો, રાજમહેલના રક્ષકોના મનમાં પરપુરુષ પ્રવેશની શંકા આવી, એટલામાં રાજા પણ શિકારેથી આવી ગયો, કંચુકીઓએ પોતાની શંકા રાજાને કહી, રાજા હાથમાં શસ્ત્ર લઈને અંતઃપુર તરફ ચાલ્યો.

ચતુરદાસી રાજાના વિચારને જાણી ગઈ. તરત જ રાણીને ઈશારત કરી, રાણી તથા દાસીએ તે યુવકને ઉઠાવી બારીના રસ્તેથી કચરાની જેમ ફેંકી દીધો, ઘરની પાછળના ભાગમાં આવેલા કુવામાં પડયો, અને પર્વતની ગુફામાં જેમ ચોર તથા પક્ષી રહે છે તેમ કુવામાં રહેવા લાગ્યો, દુર્ગન્ધથી ભરપુર નરકની સમાન તે કુવામાં પૂર્વેના સુખોનું સ્મરણ કરતો અનેક પ્રકારે પશ્ચાતાપ કરતો સમય પસાર કરવા લાગ્યો, આઠ મહિના પછી વર્ષા ઋતુ આવી, વરસાદના પાણીથી તે કૂવો ભરાઇ ગયો, કુવામાં તરીને ઉપર આવ્યો. નાલીકા દ્વારા ગામ બહાર આવ્યો, ત્યાં અચાનક કુલદેવતાની માફક તેને તેની ધાવમાતા મલી ગઇ, લલિતાંગને ઓળખ્યો અને ઘેર આવી, અનેક ઉપચારોથી ઘણા દિવસો પછી પૂર્વવત્ લલિતાંગ સ્વસ્થ બન્યો; માટે લલિતાંગની દશાનું સ્મરણ કરીને તમે પર સ્ત્રી કામનાથી વિરક્ત થાઓ, જ્યારે કામાંકુર પોતાના આગ્રહમાંથી જરાપણ ચલાયમાન ન બન્યો, ત્યારે સુલોચનાએ મનમાં વિચાર કરી બીજો ઉપાય કરવાનું નક્કી કર્યું અને કામાંકુરની માગણીનો સ્વીકાર કર્યો.

ત્યારે કામાંકુરે એક લાખ સોનયા આપ્યા, સુલો-ચનાએ હર્ષપૂર્વક તે સોનૈયાનો સ્વીકાર કર્યો, અને પોતાના ઘેર રાતના કામાંકુરને આવવાનું કહી, સુલોચના ઘેર આવી મોટો ખાડો ખોદાવ્યો તેની ઉપર અત્યંત સુંદર પલંગ ઉપર ગાદલાં નંખાવી ગાલીચાથી સુશોભિત બનાવ્યો, ઘરને સુશોભિત બનાવ્યું, રાત પડી, દીપકની જ્યોતથી આખું મકાન ઝળહળી રહ્યું હતું, તે વખતે કામાંકુરે સુલોચનાના ઘરમાં પ્રવેશ કર્યો, ઘરના દ્વારે પગ ધોઈ કામાંકુર સુલોચનાના કહેવાથી ઓરડામાં રહેલા પલંગ ઉપર જઈને બેઠો, તેવો તરતજ નીચેના ખાડામાં પડયો, ઘણો સમય વહી જવાથી તેના ઘરના માણસો કામાંકુરને શોધવા લાગ્યા, પણ કયાંય પત્તો લાગ્યો નહીં.

આ બાજુ રાજા માલાની સુગંધીને દરરોજ વધતી જોઈને વ્યાકુલ બન્યો, કામાંકુર ન તો આવ્યો કે નથી તેના કોઈ સમાચાર, મને લાગે છે કે પ્રતિજ્ઞાનું પાલન નહિ થવાથી બીકનો માર્યો અહીં આવ્યો નહિ, રાજા વિચારતો હતો, વળી રાજાએ બે લાખ સોનામહોર આપી અશોકને સુલોચના પાસે મોકલવામાં આવ્યો, અશોકે વિશાળા નગરીમાં આવી સુલોચનાને વિનંતિ કરી, સુલો-ચનાએ વિષય સુખને તુચ્છ બતાવ્યો, અને કહ્યું કે ધનની ઈચ્છાથી દેશાન્તરમાં ભ્રમણ કરતો માનવી સાર્થની પાછળ અટવીમાં આવ્યો, લુટારાઓએ સાર્થને લુંટવાનો પ્રયાસ

કર્યો તે વખતે તે માનવ સાર્થથી છૂટો પડ્યો, અને ભયભીત મૃગની માફક મહાન જંગલમાં ભાગી છૂટ્યો.

એટલામાં ભાગ્યના યોગે એક હાથી તેની પાછળ પડ્યો, સામે એક કુવો દેખાયો, તેણે વિચાર કર્યો કે હાથી આજે મને મારી નાખશે, કુવામાં પડવાથી કદાચ બચવાનો સંભવ છે. માટે કુવાનું શરણુ લેવું સારૂં છે. આવો વિચાર કરી ઝડપથી તે કુવામાં પડ્યો. પડતાની સાથે તેના હાથમાં કુવાના કાંઠે રહેલા વડની કુવામાં પડતી બે વડવાઈઓ આવી અને ત્રિશંકુની જેમ તે વડવાઇઓને પકડી કુવામાં લટકતો રહ્યો. હાથી પોતાની શૂંઢથી તે માણુસના મસ્તકને પકડવા મહેનત કરતો હતો, પણુ જેવી રીતે ભાગ્યહીન માણુસ ધનને પ્રાપ્ત કરી શકતો નથી, તેવી રીતે હાથી પણુ તેના મસ્તકને ન પકડી શક્યો. તે માણુસે હાથીના ભયથી કુવામાં નજર નાખી તો એક વિચિત્ર અજગરને જોયો, તે મનુષ્યને ગળી જવા માટે કુવાની જેમ મોં ફાડીને પડ્યો હતો, વળી યમના ભાઈ જેવા ચાર સર્પોને જોયા, તે સર્પો પણુ તેને કરડવા માટે જીભો લાંબી કરતા હતા. તે માણુસે પકડેલી વડવાઇઓને ઉપરથી સફેદ અને કાળા રંગના બે ઉંદરો કાપી રહ્યા હતા, માણુસને નહી પકડી શકવાથી ક્રોધિત બનેલા હાથીએ વડના થડને જોરથી હલાવવા માંડ્યું.

વડવૃક્ષના હાલવાથી મધમાખીઓ ઝાડ ઉપરથી ઉડીને તેના શરીરને કરડવા લાગી, વડ ઉપરના મધપુડામાંથી

મધનાં ટીપાં કપાળ ઉપર પડવા લાગ્યા, ધીમે ધીમે તે ટીપાનો પ્રવાહ મુખ સુધી પહોંચ્યો અને મુખમાં મધનાં ટીપાંનો સ્વાદ આવવા લાગ્યો, મધના આસ્વાદમાં તે માણસને સર્વોત્તમ સુખ લાગ્યું. હે સભ્યધૂર્ય ! આ દૃષ્ટાન્તનો ભાવાર્થ એ છે કે કુવો તે મનુષ્ય જન્મ છે. અજગર નરક છે. મનુષ્ય એ સાંસારિક જીવ છે. અટવી તે સંસાર છે. હાથી તે ભયંકર મૃત્યુ છે. સર્પો તે ક્રોધાદિ છે. વડવાઈઓ તે આયુષ્ય છે. તેને કાપવાવાળા કાળો અને ધોળો ઉંદર તે કૃષ્ણપક્ષ અને શુકલપક્ષ છે. અને માખીઓ તે અનેક પ્રકારના રોગો છે. મધનું ટીપું તે વિષયજન્ય સુખ છે. એવો કયો વિવેકી આત્મા આવા ભયાનક સંસારમાં હર્ષ માને ? આવા સંસારમાં કોઈ કૃપાળુ દેવ અથવા વિદ્યાધર તેને બચાવી શકે.

આટલું કહેવા છતાં પણ અશોક માન્યો નહિ. ત્યારે અશોકની માગણીનો સ્વિકાર કરી, સુલોચના બે લાખ સોનામહોરો લઈ પોતાને ઘેર આવી. બાદ રાત્રિના વખતે અશોક સુલોચનાના ઘેર આવ્યો, કામાંકુરની જેમજ અશોક પણ ખાડામાં પડ્યો, જેવો અશોક ખાડામાં પડ્યો, તેવો તરત જ મૂર્ચ્છિત બની ગયો.

જ્યારે શુદ્ધિમાં આવ્યો. ત્યારે તેનો અવાજ જાણીને કામાંકુરે કહ્યું કે ભદ્ર ! તારી પણ આજ દશા બની ? એક બીજાએ પોત પોતાની વાત કરી. અશોકના કુટું-બીઓ અશોકને શોધવા નીકળ્યા. પણ કયાંય અશોકનો

મેળાપ થયો નહી, ઘણો સમય થયો હોવા છતાં રાજાએ કેસરને પૂછયું કે અશોકના કાંઈપણ સમાચાર નથી. પ્રાયઃ તે પણ પ્રતિજ્ઞાનો ભંગ થવાથી અહીંઆં આવી શકયો નથી. કેસરે કહ્યું કે દેવ ! આપ મને આજ્ઞા આપો, હું જાઉં છું, રાજાએ પહેલાં કેસરને 'ન, જવા માટે ખુબ સમજાવ્યો, પણ કેસરના આગ્રહને વશ બનીને રાજાએ ત્રણ લાખ સોનામહોરો આપી વિદાય કર્યો, તેણે પણ ત્યાં જઈને સુલોચના પાસે વિલાસની માંગણી કરી, તેણીએ કેસરને શિયલનું માહાત્મ્ય બતાવ્યું અને કહ્યું કે શિયલની રક્ષા કરનાર માણસને દેવતાઓ પણ પૂજે છે. અને લોકમાં ઉત્તમ ખ્યાતિને પ્રાપ્ત કરે છે, તેમાં એક સ્ત્રી પુરૂષનું દષ્ટાંત છે.

પશ્ચિમ સમુદ્રના કીનારે સુવર્ણ અને લક્ષ્મીની લતાઓથી સમૃદ્ધ કચ્છ નામે દેશ છે. તેમાં પરમાનંદને પ્રાપ્ત કરાવનાર આનંદપુર નામે નગર છે. તે નગરમાં ધર્મરૂપી કીલ્લાનાં જેવો ' દુર્ગ ' નામે બ્રાહ્મણ હતો, તે પૂર્વાવસ્થામાં વૈભવશાળી હતો, બાદ કર્મ સંયોગે દરિદ્રિ બની ગયો, તે બ્રાહ્મણ પોતાના સ્થાનને છોડી ' સ્થલ ' નામના નાના ગામડામાં ગયો, ત્યાં બ્રાહ્મણે લોકોના મૂખથી મહા પ્રભાવિક તેજસ્વી,સ્થૂલેશ્વર નામના દેવનું નામ સાંભળ્યું. બ્રાહ્મણ રાજત્વની ભાવનાથી સ્થૂલેશ્વરની સેવા માટે ગયો. પરંતુ દારિદ્રાવસ્થા હોવા છતાં પણ યથાર્થ સેવા કરવાનો વિચાર કરવા લાગ્યો, કે જગતમાં છ દ્રવ્યો હોવા છતાં 'કણાદ'ને દ્રવ્યને પ્રથમ સ્થાન વ્યર્થ આપ્યું છે. ત્રિકાલ સ્નાન,

ત્રિકાલ પ્રદક્ષિણા, ત્રણ પ્રકારની શુદ્ધિ કરીને બ્રાહ્મણે વિશેષ પ્રકારની ભકિતથી દેવની પૂજા કરવા માંડી.

એક મહિનાના અંતે દેવે પ્રસન્ન થઈને વરદાન માંગવા બ્રાહ્મણને કહ્યું. બ્રાહ્મણે ચિર સ્થાયી, અક્ષય દ્રવ્યની યાચના કરી, દેવે કહ્યું કે બ્રાહ્મણ અક્ષય દ્રવ્યને માટે યોગ્ય પાત્ર નથી અને થઈ શકતો પણ નથી, ત્યારે બ્રાહ્મણે કહ્યું કે અક્ષય દ્રવ્યપાત્ર કોણ છે. ? દેવે કહ્યું કે કચ્છ મંડલ મૂર્ધન્ય ' સુકચ્છ ' ગામમાં બહુલ અને શ્યામા નામના આભિર દંપતિ જેઓ ચુસ્ત શ્રાવક છે. અને આ લોકમાં તેઓજ સત્પાત્ર છે. માટે તું જઈને તેમની સેવા પૂજા કર. આ પ્રમાણે ઘણું દ્રવ્ય આપીને દેવે બ્રાહ્મણને વિદાય કર્યો, આશ્ચર્યયુક્ત બની દેવને નમસ્કાર કરી, ' સુકચ્છ ગામમાં આવ્યો.

બહુલ અને શ્યામાની ઘણું દ્રવ્ય મૂકી પૂજા કરી, અને ભોજન કરાવ્યું, બ્રાહ્મણે પોતાનું વૃત્તાંત બતાવી અંજલી જોડીને આહિર દંપતિને પૂછયું કે ' દેવે, આપ બન્નેને કયા ગુણોથી પૂજનીય કહ્યા, આપ કૃપા કરીને મને સમજાવો, મને સાંભળવાની ખુબજ ઉત્કંઠા છે, બહુલે કહ્યું કે અમે બન્ને શિયલગુણથી દેવોને પણ પૂજનીય છીએ. અહીંઆ સદ્‌ગુણો-થી યુકત શ્રેષ્ઠ એવા પદ્મદેવસૂરિ ગુરૂ મહારાજ આવ્યા હતા.

તેઓએ પોતાની અમૃતમયી દેશનાથી ધર્મસ્વરૂપનું નિરૂપણ કર્યું અને સર્વે આભિરોને શ્રાવક બનાવ્યા, અમે

બન્ને તેજ વંશના છીએ માટે અમારા બન્નેમાં જૈનત્વ છે, અમારા બાલ્યકાળમાં વર્ષાઋતુ (ચોમાસા)માં અત્રે મુનિશ્વરો રહ્યા હતા, તેઓએ દ્રષ્ટાંત આપીને વિષયસુખને તુચ્છરૂપે સમજાવ્યું હતું, ઘણાલોકે તેમની પાસે સંસારતરણી દીક્ષા ગ્રહણ કરી, તે સાંભળી હું પણ દીક્ષા લેવાની ભાવનાથી તેમની પાસે ગયો, તેઓએ કહ્યું કે ગૃહસ્થ પણ બ્રહ્મચર્યનું પાલન કરી ઉત્તમ ગતિને પ્રાપ્ત કરી શકે છે, બીજા શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે હે યુધિષ્ઠિર ! એક રાત્રીનો ઉપવાસ કરનાર બ્રહ્મચારીની જે ગતિ થાય છે તે ગતિ હજાર યજ્ઞો કરવાથી પણ પ્રાપ્ત થતી નથી. બ્રહ્મચર્ય-શીયલ સર્વ વ્રતોમાં ઉત્તમ છે. ધ્યાનમાં સર્વોત્કૃષ્ટ છે, સ્ત્રીની સાથે એકવાર મૈથુન સેવન કરવામાં સાડા નવ લાખ જીવોની હિંસા થાય છે.

ગહસ્થાશ્રમમાં રહીને પણ બ્રહ્મચર્યના પાલનથી તે મનુષ્ય વિદ્વાન, યશસ્વી, તેજસ્વી, રૂપવાન, બલવાન, અને ચિરાયુ તથા મૂકિતગામી બની શકે છે, વિહારના સમયે મુનિઓની પાસે બ્રહ્મચર્ય વ્રતનો અભિગ્રહ લીધો. બાદમાં ભવિતવ્યતાના યોગે શ્યામાની સાથે મારા લગ્ન થયા, પ્રથમ દિવસે તેને કામુકતા જાગી, મેં તેને ના કીધી. બીજે દિવસે તેણીએ મને નિષેધ કર્યો, આ રીતે અમે બન્ને જણા વૃધ્ધાવસ્થાએ પહોંચ્યા છીએ, કોઈપણ દિવસે અમો કામવિકારને આધીન બન્યા નથી. શિયલ ગુણના કારણે તે દેવ અમને બન્નેને બહુમાન આપે છે, પુરૂષોને માટે શીયલ ગુણ ચુડામણીરત્ન સમાન છે. ત્યારે ' દુર્ગે

કહ્યું કે હે શ્રાધ્ધવર્ય ! ગ્રહસ્થાશ્રમમાં રહીને બ્રહ્મચર્યનું પાલન કરવું અસંભવિત છે. નારદજીએ કહ્યું કે એકાંત સ્થાન, અવસર, પ્રાર્થના કરવાવાળા પુરૂષને સ્ત્રી નહી મલવાથી સ્ત્રીનું સતિત્વ કાયમ રહે છે.

બહુલે કહ્યું કે હે વિપ્રવર્ય ! મહાન પૂણ્યોદય વડે જ સ્ત્રી પુરૂષનું ચિત્ત વિશુધ્ધ બ્રહ્મચર્યમાં દૃઢ બને છે. લક્ષ્મી પણ બ્રહ્મચર્યથીજ શોભે છે. બ્રહ્મચર્ય સિવાય મોટું કોઈ આભુષણ નથી, માટે શિયલનો મહીમા ઘણો મોટો છે. મુક્તિમાં જવાનો માર્ગ છે. માટે મનુષ્યે હંમેશાં શિયલનું પાલન કરવું જોઈએ.

આ પ્રમાણે પ્રેમપૂર્વક શિયલનો મહિમા સાંભળી, દુર્ગે તે બન્નેને પ્રણામ કરી, ત્યાંથી પ્રસ્થાન કર્યું. એ પ્રમાણે દેવથી નિર્દિષ્ઠ શ્રાવકનો પ્રત્યક્ષ પરિચય કરી, જૈન મુનિઓ સુપાત્ર છે, તેવો નિશ્ચય કર્યો, અને ત્યારથી જૈન ધર્મમાં વિશિષ્ટ રૂપે અનુરાગવાળો બ્રાહ્મણ બન્યો, કથા સમાપ્ત થવા છતાં તેને કોઈ જાતનો બોધ થયો નહી ત્યારે સુલોચનાએ ત્રણ લાખ સોનૈયા લઈ લીધા અને કેસરને પહેલા બેની માફક ખાડામાં નાખ્યો, મૂર્છા શાંત થયા પછી, તેના વિલાપથી કામાંકુર તથા અશોકે તેને ઓળખ્યો, તે બન્નેની વાતચિત ઉપરથી કેસરે પણ બન્નેને ઓળખ્યા. ત્રણે જણા એક બીજાના ગળે વળગી ખુબ રડવા લાગ્યા, અને પોત પોતાની વિતક કથાઓ કહી નિગોદના જીવોની માફક આહાર નિહાર કરતા છતાં

દુઃખથી ક્યારેક ક્યારેક મૂર્છાને પામતા, વળી શુદ્ધિમાં આવતા ઘણો સમય પસાર કર્યો, ત્યારબાદ પૂર્વજોથી આ સ્થાપિત છે, તે પ્રમાણે કરીને ખાડાનું રક્ષણ કરવા લાગી, ઘણા ધનનો વ્યય કરીને તે જગ્યાએ મોટો મહેલ બાંધ્યો, રાજાને જ્યારે કેસરનો પણ મેળાપ તથા પત્તો ન લાગ્યો ત્યારે રાજા પણ દુઃખી બની વિશાલા નગરી આવ્યો, રાજાનો નગર પ્રવેશ થયા પછી ' પાલક, પોતાના ઘરના દ્વારે આવ્યો, ત્યાં તે આશ્ચર્યથી પડોશીઓને મહેલના વિષે પૂછવા લાગ્યો કે મારા ઘરની જગ્યાએ કોણે આ મોટો મહેલ બનાવ્યો છે. પડોશીદ્વારાથી સમાચાર મલ્યા કે આ મહેલ તમારી પત્નિએ બનાવ્યો છે.

આ સમાચાર સાંભળી ' પાલક, પોતાના મહેલમાં આવ્યો, એકાએક પોતાના પતિને જોઈ હર્ષથી અમિનેષ નયનોવાળી મહાસતીએ પ્રેમથી આતિથ્ય કર્યું અને પતિ પાસે આવીને બેઠી, મહેલના સમાચાર પૂછવાથી સુલોચનાએ ખાડામાં પડેલા ત્રણ જણાને તથા છ લાખ સોનૈયાને બતાવ્યા. માલાનો પ્રભાવ સાંભળી તે લોકો તમારી પરીક્ષા કરવા આવ્યા હતા, આટલુ દ્રવ્ય તે લોકો પાસે ક્યાંથી આવ્યું ! કહો કે ' ન, કહો તારા શબ્દોથી લાગે છે કે રાજાએ ધન આપી તે લોકોને તારી પાસે મોકલાવેલ છે. આ પ્રમાણે તર્ક વિતર્ક ' પાલક, કરતો હતો, તેવારે સુલોચનાએ સ્વામિને કહ્યું કે તમો નિમંત્રણ આપી રાજાને એક દિવસ જમવા આપણા ઘેર લાવો, કે જેનાથી આગળ

કામ સરળતાથી પતી જાય, પાલકે બીજે દિવસે રાજાને પ્રાર્થના કરી કે આપ પ્રસન્ન થાઓ.

સુખપૂર્વક દિગ્વિજય કરીને પાછા ફરેલા રાજાઓ પ્રત્યે સેવકે ઉચિત કાર્ય કરવું જોઈએ, માટે આપ મારા ઘેર ભોજન માટે પધારો, મારી વિનંતિનો આપ અસ્વિકાર નહી કરો તેવી મને આશા છે, રાજાએ કહ્યું કે તમારી આજીવિકા ઘણી અલ્પ છે. માટે મને ભોજન કરાવવું અશકય છે, માટે તું શા માટે આવું કામ કરે છે. તેવારે પાલકે કહ્યું કે આપની કૃપા મારા માટે કલ્પવૃક્ષ સમાન છે, રાજાએ કહ્યું કે થોડા આપ્ત જનોની સાથે ભોજન માટે આવીશ.

પાલકે ઘેર આવી સુલોચનાને વાત કરી. સુલોચનાએ પોતાના પતિને કહ્યું કે રાજાને ઉચિત તમામ ભોજન સામગ્રી તૈયાર છે. સમયસર રાજાને બોલાવી લાવો, પરંતુ અહીંઆ આવી કાંઈપણ પ્રશ્ન કરશે તો હું પોતેજ તેમને જવાબ આપીશ, સમયસર 'પાલક, રાજાને બોલાવવા ગયો. રાજા સુલોચનાના ઘેર આવ્યો, રાજાના મનમાં પહેલેથીજ સુલોચનાને જોવાની ઈચ્છા હતીજ, સુલોચનાએ રાજાનો સત્કાર કર્યો, રાજાએ સુલોચનાને નયનભરીને નિરખી લીધી, રાજા સપરિવાર ભોજન કરીને મહાસતીના પ્રભાવથી આશ્ચર્ય પામ્યો, ભોજન કર્યા પછી રાજાએ પાલકને પૂછયું કે આવી અસંભવિત વ્યક્તિ કયાંથી પ્રાપ્ત થઈ?

કેમક મારૂં ભોજન, આ મહેલ, વિગેરે તો લક્ષ્મીનો પ્રભાવ છે. પણ તું નિશ્ચિતતાથી કહે કે આવી સાક્ષાત્ લક્ષ્મી કયાંથી પ્રાપ્ત થઈ? ' પાલકે, કહ્યું કે હે દેવ! જેના શિયલના પ્રભાવથી મારા મસ્તકે રહેલી આ માળા આજે પણ કરમાઈ નથી, અને જેના મહિમાની પ્રશંસા મેં શિબીરમાં કહી હતી, સર્વે સતીઓમાં શ્રેષ્ઠ એવી મારી પ્રાણપ્રિયા સુલોચના છે, આપ પોતે જ તેને બોલાવી તે બાબતમાં પૂછો, હું તે બાબતમાં કંઈ જાણતો નથી, રાજાએ પાલકની સામે સુલોચનાને બોલાવી અને કારણ પૂછયું ત્યારે સુલોચનાએ કહ્યું કે આપ તો મારા પિતા સમાન છો, આપનાથી કાંઇ વસ્તુ છૂપાવવાની જરૂર નથી, મારા શિયલના પ્રભાવથી ત્રણ પિશાચોને મેં સાધ્યા છે. તે મારા ઘરમાં રહે છે. અને તેઓ અભિલાષા મુજબ મને ધન આપે છે.

રાજાને નિશ્ચય થયો કે શિયલના પ્રભાવથી જ આ બધું બનેલું છે, અને રાજાના મનનો સંદેહ દૂર થયો, રાજાએ મનમાં વિચાર કર્યો કે કામાંકુર આદિ ત્રણે જણા કપટથી ધન લઈને ચાલી ગયા છે, માટે સુલોચના પાસેથી આ પિશાચો લઈ જઉં કે જેથી મને યથેચ્છ ધન પ્રાપ્તિ થાય, તેમ વિચારીને રાજા બોલ્યો કે હે સુલોચના! આ ત્રણે પિશાચો મને આપ, કારણ કે તે તને જેવી રીતે આપે છે તેવી રીતે મને પણ આપે તો મારી ઉપર ઉપકાર કરીને ત્રણે પિશાચો મને આપ, સુલોચનાએ કહ્યું

કે, એમાં શું ? મારા પ્રાણ માંગો તો પણ આપવા તૈયાર છું.

પરંતુ આ પિશાચ દિવસના ચાલતા નથી માટે રાતના હું તેને લઈને આપના મહેલમાં આવીશ, અત્યન્ત પવિત્ર જગ્યામાં તેને સ્થાપિત કરવાથી મારી સમક્ષ તે પિશાચો પાસે આપ જે કાંઈ માગશો તે કાર્ય તરત જ સિદ્ધ થશે, ત્યારબાદ જલ્દીથી રાજા પોતાના મહેલમાં આવ્યો, અને બીજા દેવોને તે જગ્યામાંથી ખસેડી બીજી જગ્યાએ સ્થાપિત કર્યા બાદ દેવમંદિરને ચંદન મિશ્રિત કસ્તૂરીથી સુગંધિત બનાવી, તમામ કાર્યોને છોડી રાજા રાહ જોતો બેઠો હતો, સંધ્યા સમયે સુલોચનાએ પોતાના પતિ દ્વારા દુર્બળ શરીરવાળા ત્રણે જણાને ખાડામાંથી બહાર કઢાવ્યા, અને કહ્યું કે હવે હું તમને રાજાની પાસે લઈજવાની છું. મારા કહ્યા મુજબ તમો રાજાની સામે કાંઈ બોલતા નહી. નહી તો ફરીથી તમારી વિચિત્ર હાલત થશે.

તે લોકોએ ધીમા અવાજે સુલોચનાની વાતનો સ્વિકાર કર્યો. બાદમાં ત્રણે જણાને સ્નાન કરાવી, કસ્તૂરી આદિથી સુવાસિત બનાવી પુષ્પોથી સુસજ્જિત બનાવી અનુપમ પ્રકારના વેશને પહેરાવી, સુલોચના રાજકુલમાં આવી. ત્યાં જઈ દેવાલયમાં ત્રણે જણને બેસાડવામાં આવ્યા, આસનો ઉપર બેસાડીને દ્વાર બંધ કરી સુલોચના બહાર નીકળી ગઈ, અને બોલી હે રાજન્! પિશાચો આપની સેવામાં હાજર છે. રાજાએ હાથ જોડી પિશાચોને

પ્રાર્થના કરી કે હે દેવ ! સુલોચનાની માફક આપ પણ મારી ઉપર પ્રસન્ન થાવ, આ પ્રમાણે રાજાએ વારંવાર પ્રાર્થના કરી, પરંતુ તે લોકોએ સતીના ભયથી કાંઈ ઉત્તર આપ્યો નહી,

રાજાએ સુલોચનાને કહ્યું કે હે દેવ ! કેમ નથી બોલતા, શું હું અયોગ્ય છું. અથવા કાંઈ અવિધિ થઈ છે ? સતીએ કહ્યું. ઓ દુષ્ટ પિશાચ ! તમે કેમ નથી બોલતા ! આ પ્રમાણે નહિ બોલી તમો રાજાનું અપમાન કેમ કરો છો ? ત્યારે એકાએક અટ્ટહાસ્ય કરતા તે લોકો બોલ્યા કે હે દેવ ! અમે પિશાચ નથી પરંતુ આપના સેવક કામાંકુર, અશોક તથા કેસર છીએ. આ શું છે ? આ પ્રમાણે બોલતો રાજા આશ્ચર્ય પામ્યો, સુલોચનાની આજ્ઞાથી તે ત્રણે જણા દેવાલયમાંથી બહાર આવ્યા, રાજા વિષાદ, કૌતુક, અને આનંદના અતિરેકમાં આવી ગયો, તે લોકોએ આદિથી અંત સુધીનો વૃત્તાંત કહી બતાવ્યો, ત્યારે રાજા લજ્જિત બની સુલોચનાના ચરણમાં મસ્તક ઝુકાવીને નમી પડયો, પોતાની તથા ત્રણે જણા તરફથી માફી માંગી.

સુલોચનાએ કહ્યું કે આપ કોઈપણ પ્રકારનો ભય રાખશો નહી. તે ત્રણે જણાએ પોતાની જાતને કૃતકૃત્ય માની અને કહ્યું કે દેવી ! હવે અમે શું કરીએ. સતીએ તેઓને આર્હત્ ધર્મનો ઉપદેશ આપ્યો, રાજાએ બહુમાનથી ચન્દન, પુષ્પ, વસ્ત્ર, સુવર્ણાદિથી પતિ સહિત સુલોચનાની પૂજા કરી, ‘ પાલક ’ ને મંડલાધિપતિની પદવી આપી,

મરણ પર્યંત સુલોચનાની ઉપાસના કરી, કથા પૂર્ણ થવાથી રત્નવતીએ નાસિકય ( પોપટના )ના પીંછાઓને ખેંચવાની શરૂઆત કરી, અને તેની ઉપર ક્ષાર યુક્ત રાખ નાખવા લાગી, આ પ્રમાણે રત્નવતીએ નાસીકચના પાંચસો પીંછા ખેંચી કાઢચા, પોપટે પણ પાંચસો વાર્તાઓ કહી, એટલામાં પોપટની પીડાથી દુઃખી થયેલો હોય તેમ ચંદ્રમા પશ્ચિમ દીશામાં ડુબી ગયો.

રત્નવતી પોપટને બાળવા અગ્નિ લેવા ગઈ ત્યારે પોપટના પુણ્યોદયે અગ્નિ બુઝાઈ ગયો હતો, તેજ વખતે લક્ષ્મીના ત્યાંથી ધન શ્રેષ્ઠિ પોતાના ઘેર પાછો આવ્યો. કમાડ ઉઘાડવા માટે પુત્રવધૂને બુમ પાડી, ધન શ્રેષ્ઠિનો અવાજ સાંભળી રત્નવતી ચકિત બની, અને પોપટને ઉપાડી ઘરની પાછળના ભાગમાં ફેંકી દીધો અને જલદીથી રાખના વાસણને તથા પીછાઓને દૂર કરી અસ્વસ્થતાની માયા કરતી રત્નવતીએ દ્વાર ખોલ્યું, એટલામાં આકાશમાં ભમતા બાજ પક્ષી માંસનો લોચો સમજી પોપટને ચાંચમાં લઈ આકાશમાં ઉડી ગયો, શ્રેષ્ઠિએ ઘરમાં પ્રવેશ કરતાની સાથે પાંજરા તરફ દ્રષ્ટિપાત કરતાં પોપટ નહિ દેખાવાથી પૂત્રવધૂને પૂછયું કે નાસિકચ ( પોપટ ) કયાં ગયો, રત્નવતીએ કહ્યું કે પિતાજી ! હું કાંઈજ જાણતી નથી. માથાની પીડાથી કાલે મને ખુબ જ દુખતું હતું.

ત્યારે શ્રેષ્ઠિએ કહ્યું કે પોપટ ચાલ્યો ગયો તો પછી તમે ઘરની રક્ષા કેવી કરી ? આ પ્રમાણે કહીને શ્રેષ્ઠિ

સપરિવાર તેની તપાસ કરવા લાગ્યો. આમ તેમ પીંછાઓને જોઈ વિચાર્યું કે જરૂર બિલાડીએ આને મારી નાખ્યો લાગે છે, હે વિવેકશિરોમણી ! હે વિદ્વન્મુખ ! હે વાગ્મિકંઠાભરણ ! હે બ્રાહ્મિકર્ણકુંડલ ! હે વાગ્મિન્ ! પોપટ તું ક્યાં ચાલ્યો ગયો, તું મને જલ્દીથી તારા દર્શન આપ આ પ્રમાણે શોકાતુર બની શેઠ વિલાપ કરવા લાગ્યો. હાય ! કલ્યાણ બંધુ નાસિકય ( પોપટ )ના સિવાય મારૂં ઘર સ્મશાન જેવું અને નગર મહાભયાનક જંગલ જેવું લાગે છે.

હવે હું કોના ઉપદેશથી મારા દુ:ખ દગ્ધ આત્માને શાન્ત કરીશ ! તેના ગુણોનું વારંવાર સ્મરણ થવાથી બકુલ પણ વ્યાકુલ અને વ્યથા અનુભવતો હતો, ધનવતી શેઠાણી પણ મોટા અવાજે રડતી હતી, ઘણા દિવસ પછી 'દુ:ખનું ઓસડ દિવસો' એ કહેવત મુજબ પોપટના ગુણોને સંભારતા દુ:ખનું શમન કરતા ગયા, મંગળ માટે ચૈત્યમાં મહા પૂજા આદિ વિવિધ પ્રકારના ધર્મકાર્યો કર્યા.

આ બાજુ વેગથી ઉડીને ઈચ્છા મુજબ પ્રદેશમાં જતા બાજપક્ષીની ચાંચમાંથી ભવિતવ્યતાના યોગે 'નાસિકય' ( પોપટ ) છૂટી ગયો, પૂષ્પોથી ભરેલા કરંડીઆમાં પડયો, અને જીવતો રહ્યો, દૈવયોગથી તે નગરના સ્વામિ-ચન્દ્રચુડ રાજાના પુત્ર "તોસલિકુમારને જોઈ, પોપટે સ્પષ્ટવાણીથી તેને બોલાવ્યો, કુમાર પણ કૌતુકથી તેની પાસે આવ્યો, પોપટે તેનો પરિચય પૂછી પોતાનો વૃતાંત કહી

બતાવ્યો. અને કહ્યું કે હે કુમાર ! તમને મારી એક પ્રાર્થના છે. કે આપ બિલાડી વિગેરેથી મારી રક્ષા કરો, અને ઔષધિથી મારૂ દુઃખ મટાડો, રક્ષણ કરવું તે ક્ષત્રિયનો ધર્મ છે, હું પણ તમને ઉપકારનો બદલો અવશ્ય આપીશ.

કુમારે પોપટને પોતાના ઘેર લાવી સુંદર સોનાના પાંજરામાં રાખ્યો. ઉત્તમૌષધિ તથા પથ્યથી પોતેજ તેનો ઉપચાર કર્યો, ફરીથી નવા પીછાં આવવાથી નવા જન્મને પ્રાપ્ત કર્યો હોય તેવો પોપટ દેખાવા લાગ્યો, પહેલાની જેમજ પોપટે કથાઓ કહેવા માંડી, તોસલી કુમારે ઘણી ઉત્કંઠાથીકથાઓ સાંભળવા માંડી, ધીમેધીમે કુમારે સમ્યકત્વ પ્રાપ્ત કર્યું, અને પરમાર્હંત બન્યો, કથાના રસનો સ્વાદ આવવાથી કુમાર અન્ય કામો મૂકીને બહુમાન પૂર્વક દરરોજ પોપટનીઉપાસના કરવા લાગ્યો, એકદા ચન્દ્રચુડ રાજા રોગથી ઘેરાઈ ગયો અને ભયંકર માંદગીના બીછાને પડયો હતો, વૈદ્યોએ ઘણા ઉપચાર કરવા છતાં આરામ થયો નહી.

ત્યારે મન્ત્રિઓને પૂછયું કે કુમારોમાં સહુથી યોગ્ય કુમાર કોણ છે? મંત્રીઓએ પોતાને અનુકુળ એવા જુદા જુદાં કુમારોના નામ આપી વિવાદ ઉભો કર્યો, તોસલિ-કુમારને દુઃખી જોઈ પોપટે દુઃખનું કારણ પૂછયું. હે કુમાર ! આજે આપનું મૂખ દુઃખી કેમ જણાય છે ? તોસલિકુમારે કહ્યું કે ભાગ્યવશાત્ પિતાજી પોતાની જીંદગીની અંતિમ પળો વિતાવી રહ્યા છે. વળી એજ ખબર નથી. પડતી કે કુમારોમાં રાજા કોણ થશે, મારા મનમાં કોઈ જ નથી

એટલે રાજયલક્ષ્મી મને પ્રાપ્ત થવાનીજ નથી, આવી પરિસ્થિતિમાં બીજો રાજા બનશે તો મારી હાલત વિચિત્ર બનશે.

કારણ કે અહીંઆ રહેવાથી દુઃખનો અનુભવ કરવો પડશે, જે રાજા બનશે તેની આજ્ઞા સ્વિકારવી પડશે કે જેનાથી લઘુતા થવાનો ભય રહેલો છે, માટે મિત્ર, ભાઈ, પિતા, સ્વામી, ગુરુ તથા દેવની સમાન તમને આ વૃત્તાંત કહું છું અને મારો ભાર હઠાવી લઉં છું. પ્રસન્નતાથી પોપટે કહ્યું કે સૌમ્ય ! માટીના બનાવેલા મોરની અંદર મને મૂકી દેજે, અને ગુપ્ત રીતે રાજાના નિવાસ સ્થાનમાં મને છોડી દે કે જેથી હું બધું બરાબર કરી લઈશ, મારા ભાગ્યથી મને આજે પ્રત્યુપકાર કરવાનો અવસર પ્રાપ્ત થયો છે.

ત્યાર બાદ બુદ્ધિમાન તોસલિકુમાર રાતમાં તે પ્રમાણે કરી ને ઘણા સમય સુધી પિતાજીની શુશ્રુષા ને માટે ત્યાં રોકાઈને પોતાના ઘેર પાછો આવ્યો, મંત્રીઓના જુદા જુદા વિચારો હોવાના કારણથી કયા પુત્રને રાજા બનાવવો તે ચિન્તામાં રાત્રીના રાજાને ઉંઘ આવી નહી. ત્યારે પોપટે કહ્યું કે હે રાજન્! હું આપની કુલદેવી છું આપને ચિંતાતુર જોઈને હું અહીંઆ આવી છું. તારે તોસલી નામે જે કુમાર છે. તેને જ તું રાજા બનાવજે, તેમાં તારો વંશ ઘણી ઉન્નતિને પ્રાપ્ત કરશે.

આ સાંભળી રાજા વિસ્મિત બન્યો, અને આનંદિત

બની ઉંઘી ગયો. પ્રાતઃકાલમાં આવી તોસલિકુમાર પોતાના ઘેર પોપટને લઈ ગયો. સૂર્યોદય થતાંની સાથે રાજાએ તોસલિકુમારને બોલાવી રાજા બનાવ્યો. રાજા સમાધિપૂર્વક પરલોકના પંથે સિધાવ્યો. તોસલિકુમારે રાજાનો શોક પાળ્યો. શ્રાદ્ધ કર્યું. ત્યાર બાદ જઈને પોપટને કહ્યું કે આપ રાજ્યને ગ્રહણ કરો. હું તો આપના સેવક તરીકે આપની સેવા કરીશ, તોસલિકુમારના આગ્રહથી પોપટે રાજ્યનો સ્વિકાર કર્યો. સર્વે નાગરિકોની સમક્ષ પોપટનો રાજ્યાભિષેક કર્યો. રાજસિંહાસનની ઉપર બેસાડયો. નવા સામ્રાજયની ઘોષણા કરી, તે નિમિત્તે નગરમાં મોટો ઉત્સવ થયો.

સર્વ સામંતો પણ નવા રાજાની સેવા કરવા લાગ્યા. પોપટે પણ તીર્થંકર ભગવંતની તથા ગુરૂજનોની યથોચિત પૂજા કરી. પોતાના રાજયની સીમા પર્યંત અહિંસાની ઘોષણા કરી. જેથી રાજાની આજ્ઞા તથા કીર્તિ દશે દીશાઓમાં ફેલાઈ ગઈ. દૂર દૂરથી લોકો રાજાના દર્શન કરવા માટે આવવા લાગ્યા. કીર નૃપે ધનશ્રેષ્ટિને પુત્ર સહિત બોલાવવા પ્રતિહારને મોકલ્યો.

પ્રતિહારે જઇને ધનશ્રેષ્ઠિને રાજાનો આદેશ કહ્યો. શ્રેષ્ટિ વિચારમાં પડયો કે નવા રાજાએ મને પુત્ર સહિત કેમ બોલાવ્યો હશે ? ચિન્તાતુર ધનશ્રેષ્ઠિ પુત્ર સહિત રાજ્યકુલમાં આવ્યો, શ્રેષ્ઠિએ કહ્યું કે હે વત્સ ! આ નાસિકય તો નહિ હોય ને ? પુત્રે કહ્યું કે પિતાજી ! તે તો મરી ગયો છે ! હે પુત્ર આ કાણો અને લંગડો છે ! પુત્રે કહ્યું કે પિતાજી ! પૃથ્વી સમાન વસ્તુઓથી ભરપુર

છે. પિતાએ કહ્યું કે હે પુત્ર ! ભાગ્યની ગતિ ઘણી વિચિત્ર હોય છે, પુત્રે કહ્યું કે હે પિતાજી ! આ બધો ભ્રમ છે.

આ પ્રમાણે દૂરથી પોપટને દેખી પિતાપુત્રે તર્કવિતર્ક કર્યા, પોપટની યાદ આવવાથી ધનશ્રેષ્ઠિએ આંસુ ભરેલી આંખે ભેટણું મૂકી કીરરાજાને નમસ્કાર કર્યો, ધનશ્રેષ્ટિને આસન ઉપર બેસાડી શુક રાજાએ આદરપૂર્વક કહ્યું કે હે કલ્યાણિન્ ! તમો સપરિવાર કુશળ તો છોને ? તમારી આંખમાંથી આંસુ કેમ વહે છે ? ત્યારે ધનશ્રેષ્ઠિએ શુકની કથા કહી. તે વારે શુક રાજાએ કહ્યું કે તમે મને નાસિકય માનો. હું તમને મળવા માટે ખુબ જ અધીર હતો, આવો આપણે ભેટીએ, બકુલ ! તમને ઘણા દિવસો બાદ જોયા, ધનવતિ તો આનંદમાં છે ને ? કલ્યાણીની પુત્રવધૂ રત્નવતીએ મારા ઉપર ઘણો ઉપકાર કર્યો છે કે જેની કૃપાથી આજે હું રાજ્ય લક્ષ્મીનો અનુભવ કરૂં છું.

એ સાંભળીને આનંદમાં તરબોળ બનેલા પિતાએ પુત્ર સહિત શુક રાજાના ચરણુમાં મસ્તક નમાવ્યું. અને આલિંગન કર્યું.

શ્રેષ્ઠિના પૂછવાથી શુક રાજાએ પોતાનો તમામ વૃત્તાંત સભાજનો સમક્ષ કહી સંભળાવ્યો, અને કહ્યું કે સમર્થ હોવા છતાં હું રત્નવતી ઉપર ક્રોધ કરતો નથી, તમે પણ ક્રોધ કરતા નહી. શાસ્ત્રમાં આજ્ઞા છે કે સ્ત્રી બ્રાહ્મણ, અને તપસ્વીઓના હજારો અપરાધો હોવા છતાં વધ, બંધ અથવા અંગ વિચ્છેદ આદિનો દંડ આપી

શકાય નહી. કે કેવળ ઠપકો આપી શકાય છે, શુક રાજાએ ધનશ્રેષ્ઠિને કહ્યું કે હું તમને નગરશેઠની પદવી આપું છું. તેનો તમે સ્વિકાર કરો, સંસારથી વૈરાગ્ય પામેલા ધનશ્રેષ્ઠિએ નગરશેઠ પદ લેવાની 'ના કહી, તેથી નગરશેઠ પદ બકુલને આપ્યું.

શુક રાજાએ બન્નેનો સત્કાર કરી પોતાના સ્થાને જવા ભાવભારી વિદાય આપી. ઘેર જઈને તે બન્ને જણાએ રત્નવતીને ફીટકાર આપી કાઢી મૂકી, તેથી તે પોતાના પિતાને ઘેર ગઈ, શૂરદેવને પહેલથી ખબર હોવાથી તેણીને ત્યાંથી પણ કાઢી મૂકી. ત્યારબાદ ગામો ગામ ભટકતી રત્નવતી એક મંદિરમાં ગઈ, ત્યાં સર્પદંશ થવાથી મરીને નરકે ગઈ, ધનશ્રેષ્ટિએ સમુદ્રઘોષ સૂરિની પાસે દીક્ષા લીધી. ધનવતી તથા બકુલ શ્રાધ્ધ ધર્મનું પાલન કરી સદ્‌ગતિને પામ્યા, સાત દિવસ એક છત્રરાજય કરી ગુણનિધિ તોસલિકુમારને રાજ્ય સુપ્રત કરી અનશન કરી શુકરાજા સહસ્રાર દેવલોકમાં મહર્દ્ધિક દેવ થયા.

ત્યારબાદ ત્યાંથી ચ્યવી મનુષ્ય જન્મ પ્રાપ્ત કરી વ્રત ગ્રહણ કરી કેવલજ્ઞાન પામી મોક્ષે જશે, આ પ્રમાણે કહી. મોટાભાઈએ કહ્યું કે હે ગંગ! તું ચારિત્રધર્મનું બરાબર પાલન કર, આ પ્રમાણે શુદ્રક મુનિની વ્રતભંગ કથા સાંભળી ગંગદત્તે કહ્યું હે આર્ય! આપ શા માટે પ્રયત્ન કરો છો ? હું આ બધું સમજી શકું છું. પણ મારા ચિત્તને સ્થિર રાખી શકતો નથી.

આ રીતે સન્માર્ગથી વિમુખ ગંગદત્તની ઉપેક્ષા કરીને લલિત મુનિ વૈરાગ્યની ચરમ કોટી ઉપર સ્થીર બની ગુરૂમહારાજ પાસે આલોચના કરી સકામનિર્જરાએ કાળધર્મ પામ્યા, નાના ગંગદત્તે વ્રતની વિરાધના કરી. અકાળ નિર્જરાએ મૃત્યુ પામી બન્ને જણા સાતમા દેવલોકમાં રત્નાંગદ, હેમાંગદ નામે તે બંન્ને દેવોએ સત્તર સાગરોપમ સુધી અનુપમ સુખને ભોગવ્યું

**અમમસ્વામિ ચરિત્ર ત્રીજો સર્ગ સમાપ્ત**

# સર્ગ ૪.

## અમમસ્વામિ ચરિત્ર

વત્સદેશમાં અનુપમ શોભાયમાન સૂર્યપુત્રી યમુનાને કિનારે કૌશાંબી નામે અત્યંત રમણીય નગરી છે. ત્યાં સાક્ષાત્ બ્રહ્માસમાન વિદ્યાઓથી યુકત કીર્તિરૂપ મલ્લિ કુસુમથી દિશાઓને સુવાસિત કરનાર, યુદ્ધમાં શત્રુઓને મહાત કરનાર, શાસ્ત્રાસ્ત્રમાં અત્યંત કુશલ, દાન આપવામાં સાક્ષાત્ બીજો કર્ણ સુમુખ નામે રાજા છે. એકદા કવિઓથી ખુબજ વર્ણવાયેલા ઋતુરાજ (વસન્ત) નું આગમન થયું. સાક્ષાત્ ઈન્દ્ર નંદનવનમાં જતો હોય તેવી રીતે રાજા સુમુખ પણ હાથી ઉપર સ્વારી કરીને ક્રીડા કરવાની ઈચ્છાથી યમુના તીરે આવેલા રમણીય ઉદ્યાન તરફ ચાલ્યો,

રાજાએ માર્ગમાં ચન્દ્રશાળામાં વીર શાળાપતિની પ્રિયા વનમાલા ને જોઈ, રાજા વિચાર કરવા લાગ્યો કે કોઈના શ્રાપથી સ્વર્ગમાંથી ઉતરી આવેલી કોઈ દેવાંગના તો નહી હોયને ? વનલક્ષ્મી અથવા વસંત લક્ષ્મી મારી સામે તો આવી નથી ને ? વનમાલાના સૌંદર્યને જોઈ રાજા સુમુખ કામાતુર બની ગયો. આગળ વધવાની ઈચ્છા થતી નથી પણ મન્ત્રીની પ્રેરણાથી વગર ઈચ્છાએ યમુના ઉદ્યાન

સુધી પહોંચ્યો. પરંતુ આમ્રવૃક્ષ, બકુલ તથા આસોપાલવના મનોહર ઉદ્યાનમાં તેનું ચિત્ત લાગતું નથી ધારાગૃહ લતામંડપ, કેળનોમંડપ, શૈત્યમંડપ, પણ વનગૃહની માફક રાજાને સંતાપદાયક બન્યા.

હોશિયાર મન્ત્રિએ રાજાની ચેષ્ટા અને મનોભાવ જાણીને ઉદાસિનતાનું કારણ પૂછયું! રાજાએ સામાન્યતઃ કોઈ સુંદર સ્ત્રીનું કારણ બતાવ્યું. હસીને મન્ત્રીએ કહ્યું કે હે ભૂનાથ! રતિની રમણીયતાને હરણ કરવાવાળી વીર શાળાપતિની પ્રિયાએ આપના ચિત્તનું હરણ કર્યું છે. માટે હું તેણીને લાવી આપને સમર્પણ કરવાનો પ્રયાસ કરૂં છું; રાજા ત્યાંથી નીકળી પોતાના મહેલમાં આવ્યો, મન્ત્રીએ 'આત્રેયી' નામે તાપસીને આ કાર્ય માટે નિયુક્ત કરી, તાપસી વનમાલાના ઘેર ગઈ, વનમાલાએ ઉઠીને તાપસીને પ્રણામ કર્યા; આત્રેયીએ કહ્યું કે હિમ પડવાથી કુમુદિનીની જેમ શ્યામ અને મલીન થાય છે. તેમ તું આજે મલીન કેમ દેખાય છે? વનમાલા બોલી હે માતાજી! આપનાથી મને કોઇ વાત છુપાવાની જરૂર નથી, હું ભાગ્યવિહોણી છું; કેમકે પૃથ્વી ઉપર રહેવાવાળી હરિણી, ચંદ્રમામાં રહેલા મૃગની ઈચ્છા કરે છે. તેવી રીતે હું રાજાની ઈચ્છા રાખી રહું છું. હું હીન જાતિની છું મારા માટે રાજાનો યોગ સ્વપ્નમાં પણ અસંભવ છે.

'આત્રેયી'એ કહ્યું હે વત્સે! તું શા માટે ચિંતા કરે છે. મારી પાસે અપૂર્વ શક્તિવાળા મણિ, મન્ત્ર, તથા

ઔષધિઓ છે, હું ઇચ્છું તો સ્વર્ગમાંથી ઇન્દ્રને અને પાતાલમાંથી શેષ નાગને તારા માટે લાવી શકું છું. તો પછી રાજાને તારા માટે પ્રાપ્ત કરવો તે સહેલું છે. કાલે હું તને રાજાની સાથે મેળવી આપીશ, નહિતર હું અગ્નિ પ્રવેશ કરીશ, તું ચિન્તા ન કરીશ, વનમાલાને આશ્વાસન આપી આત્રેયીએ મન્ત્રીને વાત કરી, મન્ત્રીએ રાજાને સમાચાર આપ્યા, સન્ધ્યા સમયે ચન્દ્રોદય પછી 'આત્રેયી' એ વનમાલાને કહ્યું કે 'તારા માટે મેં રાજાને સ્નેહાળ બનાવ્યો છે. તું મારી સાથે ચાલ, કે જેથી ચન્દ્રમા અને કૌમુદીની જેમ તમારો સંયોગ અખંડ બને' વનમાલા રાજમહેલમાં આવી, રાજાએ નિઃસંકોચ બની તેણીને અંતઃપુરમાં રાખી, બીજી રાણીઓનો અનાદર કરતો રાજા વનમાલા સાથે હંમેશાં અનેક પ્રકારની કામક્રીડાઓને કરતો, પોતાના જીવનને, યૌવનને અને રાજ્યલક્ષ્મીને સફલ માનવા લાગ્યો,

ઇન્દ્ર સમાન રાજાએ ઇન્દ્રાણીતુલ્ય વનમાલા સાથે પર્વતોદ્યાનમાં અનેક પ્રકારે ક્રીડાઓ કરી, આ બાજુ વનમાલાનો પતિ પોતાની પત્નિના વિરહથી અગ્નિથી બળેલા ઝાડના ઠુંઠાની માફક અત્યન્ત દુર્બળ અને શ્યામ થઈ ગયો છે. બાળકની જેમ ધૂળ, માટીથી ખરડાયેલા શરીરવાળો, ફાટેલા કપડાંવાળો, વેરવિખેર વાળવાળો, દારૂડીઆની જેમ હે વનમાલા ! હે મનસ્વિનિ ! તું ક્યાં ચાલી ગઈ, મેં તારો શું અપરાધ કર્યો ! આ પ્રમાણે વિલાપ કરતો ભૂતની

જેમ નગરમાં આમતેમ ફરવા લાગ્યો, છોકરાઓ તેની પાછળ તાલીઓ પાડીને તેની મશ્કરી કરતા હતા, દયાળુ લોકોએ તેને સમજાવ્યો કે રાજાએ તારી પત્નિનું હરણ કર્યું છે. તેમાં તારૂં કાંઈ ચાલી શકે તેમ નથી, માટે હવે તું ચિન્તા છોડી દે, પરંતુ તે કાંઈ જ સમજ્યો નહિ, આ પ્રમાણે દુઃખી હાલતમાં ઘણો સમય વ્યતિત થયો.

એક દિવસ વનમાલાની ધૂનમાં રાજ્ય ભવનના આંગણાંમાં તે આવી પહોંચ્યો. વાનરની જેમ લોકોએ તેને ચારે તરફથી ઘેરી લીધો, લોકો જોરથી તાળીઓ પાડવા લાગ્યા, રાજા તથા વનમાલાએ મહેલના ઝરૂખામાંથી વિચિત્ર સ્થિતિમાં વિલાપ કરતો તેને જોઈ બન્ને પશ્ચાત્તાપ કરવા લાગ્યા. અને પરસ્પર વિચારવા લાગ્યા કે આપણે ચાંડાલથી પણ ક્રુર કાર્ય કર્યું છે.

મલેચ્છોથી પણ અધિક અનાર્ય એવા અમને બન્નેને ધિક્કાર હો, વિશ્વાસઘાતિઓમાં અગ્રગણ્ય એવા અમે બન્ને જણાએ જગતમાં અમારી અપકીર્તિના નગારા અમારા હાથે જ વગાડયા છે, અમારા બન્નેના ભયંકર કૃત્યથી આ પુરૂષનું જીવન વિષમય, દુઃખકર બની ગયું છે. અમને નરકમાં પણ સ્થાન મલવું મુશ્કેલ છે. કિંપાકના ફલની જેમ વિષમ વિષયોને છોડી ચતન્ય પૂર્ણ આત્મામાં લીન રહેનારા જીતેન્દ્રિય આત્માઓ ધન્ય છે, મારી ક્ષત્રિયતાને ધિક્કાર છે. રાજા તો અન્યાય કરવાવાળાને દંડ આપવાવાળા હોય છે. જ્યારે મેં તો ધર્મ, શલિ, કુલ

અને શિષ્ટાચાર વિગેરે સર્વ છોડીને મહાન અન્યાય કર્યો છે, જ્યારે વનમાલા વિચાર કરવા લાગી કે 'દરેક સ્ત્રીએ' પતિને ગુરૂ માનવા જોઈએ, આ શાસ્ત્ર વચનનો મેં લોપ કર્યો છે, પતિ દ્રોહિણી એવી મને ધિક્કાર છે.

આ પ્રમાણે પોતાની દુઃશીલતા તથા નિર્દયતાથી આત્માની નિન્દા કરતા શુભધ્યાનને પ્રાપ્ત કરતાં, કામ ભોગથી વિરક્ત બનેલા એવા બન્ને જણા ઉપર આકાશમાંથી વિજળી પડી અને બન્નેના શરીર બળીને ભસ્મ થઈ ગયા, અંત સમયે શુભધ્યાન તથા પરસ્પરના સ્નેહ પરિણામવાળા હોવાથી 'હરિવર્ષ' ક્ષેત્રમાં જોડકા સ્વરૂપે ઉત્પન્ન થયા, માતા પિતાએ 'હરી' અને 'હરિણી' તેઓના નામ રાખ્યા, ત્યાં દશ પ્રકારના કલ્પવૃક્ષોથી પ્રાપ્ત થતા ભોગોને ભોગવવા લાગ્યા, આ બાજુ 'વીરક' પણ અતિશય દુઃખિત બની અજ્ઞાન તપ કરીને સૌધર્મ દેવલોકમાં કીલ્બીષિયા તરીકે ત્રણ પલ્યોપમના આયુષ્યવાળો દેવ થયો, તે પોતાનો, હરિનો અને હરિણીનો પૂર્વ ભવ અવધિજ્ઞાનથી જાણીને તે બન્ને પ્રત્યે અત્યંત ક્રોધિત બન્યો, તેણે વિચાર કર્યો કે મારા આ બન્ને શત્રુઓ સ્વર્ગ સમાન આ લોકમાં સુખી કેમ ? શક્તિમાન હોવા છતાં ક્ષેત્રના પ્રભાવથી આ બન્નેને મારી શકાય તેમ નથી.

વળી અહીંથી મરીને તે બન્ને દેવલોકમાં જશે, જો હું તેઓના અપકારનો બદલો ન લઈ શકું તો મારૂં દેવત્વ અને મારી દિવ્ય શક્તિઓ વ્યર્થ છે, માટે પૂર્વભવનો

બદલો લેવા તે બન્નેને હું ભરતક્ષેત્રમાં લઈ આવું. આમ વિચાર કરીને યમરાજની જેમ લાલ વિકરાળ નેત્રવાળો તે દેવ બન્નેનું કલ્પવૃક્ષ સહિત હરણ કરીને ભરતક્ષેત્રમાં ચંપકોદ્યાનમાં લાવ્યો, થોડીવાર પછી ચંદ્રકીર્તિ નામના અપૂત્ર રાજાના મૃત્યુથી ખાલી પડેલી રાજગાદી માટે યોગ્ય રાજાની તપાસમાં મન્ત્રીઓ નવીન રાજાની શોધમાં, ફરતા હતા, ત્યાં મન્ત્રીઓની નજર હરિ ઉપર પડી, એટલામાં સુંદર કુંડલ તથા મૂક્તાહારથી શોભતા પોતાના તેજથી દીશાઓને તેજસ્વી બનાવતા, એક દેવે મંત્રિઓને કહ્યું કે તમને રાજા વિનાના અત્યંત દુઃખી જાણી, ઉપકારની આકાંક્ષા રાખ્યા વિના નવિન મેઘની જેમ હું આવ્યો છું. હરિવર્ષથી હરિણી તથા કલ્પવૃક્ષ સહિત અત્યંત કામાતૂર એવા હરિને ચંપકોદ્યાનમાં લાવીને મેં મૂક્યા છે. રાજ્ય લક્ષણોથી યુક્ત એ બન્નેની તમે સેવા કરો.

મંત્રીઓએ દેવની વાણીનો સ્વિકાર કર્યો. દેવને પ્રણામ કરી, ધૂપાદિ તથા સ્તુતિવડે મંત્રિઓએ દેવની ભક્તિ કરી. મોટા સત્કાર સમારંભથી, મણિ અને રત્નથી યુક્ત એવા રથ ઉપર બેસાડી, હરિ તથા હરિણીને તે લોકોએ ચંપાપુરીમાં પ્રવેશ કરાવ્યો, અમરાવતીમાં ઈન્દ્રની જેમ રાજમંદિરમાં રત્નના સિંહાસન ઉપર બેસાડી હરિનો રાજ્યાભિષેક કર્યો.

આ પ્રમાણે નરકમાં પ્રસ્થાન કરવા યોગ્ય ઉત્તમ સ્થાન આપી દેવ સ્વસ્થાને ગયો, સો ધનુષ્યની કાયાવાળા

હરિએ બહુ પરાક્રમથી ઘણા રાજાઓને જીતી તેમને ખંડીઆ બનાવ્યા તથા તેમની કન્યાઓની સાથે પાણી ગ્રહણ કર્યું. ઈન્દ્ર ઈન્દ્રાણીની જેમ ભોગોને ભોગવતાં દંપતિ યુગલ સમય પસાર કરવા લાગ્યા, ઈન્દ્રાણીએ જેમ જયન્તને જન્મ આપ્યો, તેવી જ રીતે હરિવલ્લભા હરિણીએ સમયાનુસાર પૃથ્વીપતિ નામે પુત્રને જન્મ આપ્યો, ભોગ લોલુપ હરિ મરિને પત્નિ સહિત નરકમાં ગયો.

આ અઘટિત બનાવ ( યુગલિકને ભરતક્ષેત્રમાં લાવવાનો ) શ્રી શીતલનાથ જીનેશ્વરના તીર્થમાં બન્યો, હરિ રાજાએ ચમ્પાનગરીમાં લાખો વર્ષ સુધી રાજ્ય કર્યું, ત્યારથી તેના નામ ઉપરથી હરિવંશ કાયમ રહ્યો. હરિરાજા પછી પૃથ્વીપતિ રાજા થયો, પૃથ્વીપતિએ પોતાના મહાગિરિ નામના પુત્રનો રાજ્યાભિષેક કરી વૈરાગ્યવંત બની સુંદર તપની આરાધના કરી સ્વર્ગમાં દેવપણાની પ્રાપ્તિ કરી, મહાગિરિએ પોતાના હેમગિરિ નામે પુત્રને ગાદી ઉપર બેસાડી પ્રવજ્યા ગ્રહણ કરી, તપની આરાધના કરી. કર્મ ક્ષય કરીને શાશ્વત સુખની પ્રાપ્તિ કરી.

હેમગિરિએ પોતાના પુત્ર વસુગિરિને રાજ્ય ભાર સુપ્રત કરી સંયમ ગ્રહણ કરી કર્મને ખપાવી મુક્તિસામ્રાજ્યની પ્રાપ્તિ કરી, વસુગિરિએ રાજ્ય કારભાર પોતાના મોટા પુત્ર ‘ ગિરિ ’ને સુપ્રત કરી દીક્ષા ગ્રહણ કરી, કર્મક્ષય કરી. અનંત સુખની પ્રાપ્તિ કરી, ગિરિરાજાએ પણ ઈન્દ્રગિરિ નામના પુત્રને રાજ્યનો ભાર સુપ્રત

કરી, ભાગવતી દીક્ષા અંગીકાર કરી સૂરલક્ષ્મીને પ્રાપ્ત કરી, આ પ્રમાણે હરિવંશમાં ઉત્તમ ચારિત્રથી જગતમાં વિખ્યાત એવા અસંખ્યાતા રાજાઓ થયા, તેઓ શ્રી જિનધર્મનું પાલન કરી કેટલાક મોક્ષે ગયા, અને કેટલાક દેવલોકે ગયા.

આ હરિવંશમાં વીશમા તીર્થપતિ શ્રી મુનિસુવ્રત સ્વામિ ઉત્પન્ન થયા, અહીંઆ સંક્ષિપ્તથી તેમના બે ભવોનું વર્ણન કરવામાં આવે છે,

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં મધ્ય ખંડમાં ચંપા નામે એક નગરી છે. અમરાવતીની સમાન તે નગરીમાં ઐરાવણ હસ્તિની ગતિ સદૃશ, વજ્રપાણી, ઈન્દ્રની સમાન, સુર શ્રેષ્ઠ નામે રાજા થયો, પોતાના પ્રતાપથી ઘણા રાજાઓને જીતી લીધા, એક દિવસ અશ્વારૂઢ બની શિકાર કરવા માટે રાજા નગરથી બહાર નીકળ્યો, પરિશ્રમથી થાકેલો રાજા ઈન્દ્ર જેમ નન્દનવનમાં જાય છે તેમ સૂરશ્રેષ્ઠ રાજવી નજદિકના ઉદ્યાનમાં ગયો, ત્યાં અત્યંત પ્રણેયી મિત્રની જેમ પવને રાજાને આલિંગન કર્યું, તેજ ઉદ્યાનમાં સ્ફટિકમય, મૂર્તિમાન પુણ્યસમાન શિલાતલ રૂપ આસન ઉપર બેઠેલા, દર્શનમાત્રથી હૃદયને આનંદ આપવાવાળા, નન્દન નામના મુનિન્દ્રને જોઈ વિદ્વાનોમાં અગ્રગણ્ય રાજાએ ભક્તિથી પ્રણામ કર્યા. ચાર જ્ઞાનથી પરિપુર્ણ મુનિશ્વરે ધર્મલાભ આપી રાજાને દેશના આપી, હે રાજન ! મનુષ્યતાને પ્રાપ્ત કરી, દુષ્કર્મ દુર કરવા માટે તથા ભવ-

જ્વરને શાન્ત કરવા માટે ઔષધરૂપ જીનેન્દ્ર પ્રરૂપિત ધર્મની ઉપાસના કરવી જોઈએ. સમુદ્રનું શોષણ કરવાવાળા અગસ્ત્ય મુનિએ પણ ભવાબ્ધિનું શોષણ કરવા માટે ધર્મનું શરણ ગ્રહણ કર્યું.

યુદ્ધમાં શત્રુઓને લાખોની સંખ્યામાં મારવાવાળા પણ અભ્યંતર કામ ક્રોધાદિ શત્રુઓનો નાશ કરવા માટે ધર્મવીરની સહાયતા ઇચ્છે છે. જેઓ સમસ્ત પૃથ્વીને ઋણ મુકત કરવાની ઇચ્છા રાખે છે તેઓ પણ ધર્મરૂપી શ્રીમંતનો આશરો ગ્રહણ કરી, કર્મરૂપી ઋણમાંથી મુક્ત બને છે. સ્વલ્પ આપવા જેવા કે કલ્પવૃક્ષ, કામધેનુ, ચિંતામણી રત્ન, આ બધું શાશ્વત સુખ આપનાર જિનેશ્વર પ્રણિત ધર્મના ચરણની રજ સમાન છે. જેમ તમામ વર્ણોમાં ક્ષત્રિય મૂખ્ય ગણાય છે. તેમ સર્વ પુરૂષાર્થોમાં ધર્મ પ્રથમ ગણાય છે. મનુષ્યરૂપ કલ્પ વૃક્ષના પુષ્પ સ્વરૂપે ધર્મ રહેલો છે. મોક્ષ, દેવપણું અને ચક્રવર્તિપણું અનુક્રમે ઉત્તમ, મધ્યમ અને અધમ સ્વરૂપે માનવામાં આવે છે.

દુર્લભ મનુષ્યત્વને પ્રાપ્ત કરી જે આત્માઓ ધર્મ આરાધના નથી કરતા, તેઓ દુર્ગતિને પ્રાપ્ત કરી, અત્યંત દુઃખી થાય છે. રાજાએ અમૃત તુલ્ય વાણીનું આદરપુર્વક પાન કરી સંસારરૂપી સર્પના વિષથી ઉત્પન્ન થનારી જે મૂર્ચ્છા તે મૂર્ચ્છાને ક્ષણવારમાં છોડી દીધી, રાજભવનમાં આવી. પુત્રને રાજ્યાસન સુપ્રત કરી, ગુરૂ મહારાજની

પાસે પ્રવજ્યા ગ્રહણ કરી, તીવ્ર તપસ્યાથી તપતા રાજર્ષિ અનુક્રમે અગ્યાર અંગરૂપ સમુદ્રના પારગામી બન્યા, ગુરૂ મહારાજ દ્વારા બતાવવામાં આવેલા વીસ સ્થાનકનું શ્રવણ કર્યું, રાજર્ષિએ વીસસ્થાનકમાંથી ઘણા એક સ્થાનોની આરાધના કરીને તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું.

શ્રી નન્દન ગુરૂની સાથે ભુમંડલ ઉપર વિહાર કરતા કરતા લક્ષ્મીના ધામરૂપ લક્ષ્મીપુર નામના નગરમાં પધાર્યા. અહીંયા પોતાનું એક માસનું આયુષ્ય જાણીને ગુરૂમહારાજ પાસે રાજર્ષિએ આલોચના લીધી, અતિચારોની આલોચના કરી, અનશન ગ્રહણ કર્યું. ગુરૂમહારાજની પાસે શ્રદ્ધાપૂર્વક સર્વ જીવોને ખમાવ્યા. પાપસ્થાનકોની નિંદા કરતા. શરીર પ્રત્યેનો મોહ છોડી, નમસ્કાર મહામંત્રમાં લીન બન્યા. શુભ ધ્યાન તથા બાર ભાવનાને ભાવતા કાળધર્મ પામીને પ્રાણુત નામના દશમા દેવલોકમાં મહાપ્રભ નામના વિમાનમાં વીસ સાગરોપમના આયુષ્યવાળા દેવ તરીકે ઉત્પન્ન થયા, ત્યાં દેવોથી સેવાતા, શુદ્ધ સમ્યકત્વને ધારણ કરતાં દીવ્ય ભોગોને સુખપૂર્વક ઉપભોગ કરતા આયુષ્યને ભોગવી રહ્યા છે.

સંપૂર્ણ ગોળાકારે આવેલા જંબુદ્વીપમાં અનેક વિશિષ્ટ પ્રકારના દેશોથી યુક્ત રાજાસમાન ભરતક્ષેત્ર બિરાજમાન છે. તેમાં યુવરાજપદે મગધ નામે દેશ છે. લક્ષ્મીના વિલાસ ભવન રૂપ તે મગધ દેશના શ્રૃંગારને કારણ સ્વસ્તિક સમાન રાજગૃહ નામે નગર છે. ત્યાં હરિવર્ષરૂપ ઉદયાચલ ઉપર

ઉદય થનારા સૂર્યની સમાન પ્રતાપી સુમિત્ર નામે એક રાજા રાજ્ય કરે છે. જેના ભયથી શત્રુઓ ભાગીને જંગલમાં ચાલી ગયા છે. યુદ્ધમાં જેની તલવારની તાકાત જોઈ શત્રુઓ પોતાના ભંડાર સુપ્રત કરતા હતા.

વળી શત્રુઓ બીકના માર્યા થરથર કંપતા હતા, ગળામાં શોભતા રત્નજડિત હારના મધ્યમાં અદ્‌ભૂત મણીની જેમ તે રાજા સમ્યક્ત્વ રત્નથી શોભતા દેશવીરતિ વ્રતનું વહન કરતો હતો, તેને ભુવનના અલંકારરૂપ સાક્ષાત્ પદ્‌મા (લક્ષ્મી)દેવીની સમાન પદ્માવતી નામે રાણી હતી. તેના શિયલગુણથી જિતાયેલા પૂર્ણચંદ્રે વિષાદથી પોતાના પેટ ઉપર કલંકરૂપી કીરપાણને ફેંકેલ છે. સહુથી વિચિત્ર વાત તો તેજ છે કે તેણીએ સ્ત્રી ચુડામણીનું બિરૂદ પ્રાપ્ત કર્યું છે. એક સમયમાં માતાની મમતા, પિતાની છાયા અને પત્નિનો પ્રેમ આપી શકતી હતી.

સ્ત્રી યોગ્ય સર્વ ગુણોથી ભરપુર પદ્માવતીને જોઈ પૃથ્વી પણ ગૌરવ અનુભવતી હતી, રાજા વિવિધ પ્રકારના ભોગો પદ્માવતીની સાથે ભોગવવા લાગ્યો. આ બાજુ આયુષ્ય પૂર્ણ થવાથી સૂરશ્રેષ્ઠ દેવનો જીવ પદ્માવતીના ઉદરમાં શ્રાવણ પૂર્ણિમાની મધ્યરાત્રિએ શ્રવણ નક્ષત્રમાં ચંદ્રમાનો યોગ થયે છતે શૂભ લગ્નમાં, ત્રણ જ્ઞાન સહિત પ્રાણત દેવલોકથી ચ્યવીને સંક્રમણ થયો, પદ્માવતીએ પાછલી રાત્રીએ હાથી, વૃષભ, સિંહ, લક્ષ્મીદેવી, પુષ્પની માલા, પૂર્ણચંદ્ર, સૂર્ય, ધ્વજા, કળશ, કમલથી વિકસિત

પદ્મસરોવર, ક્ષીરસમુદ્ર, દેવવિમાન, રત્નનો ઢગલો, નિર્ધુમ (ધુમાડા વિનાનો અગ્નિ) આ ચૌદ મહાસ્વપ્નો શ્રી તીર્થંકર જન્મ સૂચન કરનારા છે.

તે સમયે ત્રણે લોકમાં સર્વ જીવોને સુખકારક પ્રકાશ ઉત્પન્ન થયો, રાણીએ જાગીને તરત જ શય્યા છોડી રાજા તરફ પોતે જોયેલા સ્વપ્નોને કહેવા ગઈ, અને રાજા સમક્ષ સ્વપ્નોનું નિવેદન કર્યું, રાજા પોતાની બુદ્ધિ પ્રમાણે સ્વપ્નોની વ્યાખ્યા કરવા લાગ્યો, તેટલામાં સૂર્ય સમાન તેજસ્વી, કમલ સમાન કાંતિવાળા, ચંદ્રમાની સમાન શિતલ, એવા મુનિશ્વર આકાશથી ઉતરીને મહેલમાં આવ્યા, રાજાએ વંદન, નમસ્કાર કર્યા, સિંહાસન ઉપર બેસાડ્યા, હર્ષિત બનેલા રાજવીએ સ્વપ્નોનું ફળ કહેવા માટે મુનિશ્વરને વિનંતિ કરી.

મહામુનિએ ધર્મલાભ આપી કહ્યું કે હે રાજન્ ! તમે બન્ને ( રાજા–રાણી ) ત્રણે ભુવનમાં ધન્ય પુરૂષોમાં અગ્રગણ્ય છો, કેમકે રાણીને આવેલા સ્વપ્નોથી સૂચિત થાય છે કે ચૌદ ભુવનમાં, (ચૌદ રાજલોકમાં) ઈન્દ્રોને પૂજવા-યોગ્ય, ત્રૈલોક્યના આનંદરૂપ કંદને માટે નવીન મેઘની સમાન વીશમા તીર્થંકર પરમાત્મા આપ બન્નેના પુત્ર થવાના છે. આ પ્રમાણે કહ્યું અને રાજા રાણી હર્ષિત બન્યા. સ્વપ્નનું ફળ કહી મુનિશ્વર આકાશમાર્ગે ઉડી ગયા. ઈન્દ્રોના આસન કંપાયમાન થવાથી ઈન્દ્રે પણ આવી સ્વપ્નોની વ્યાખ્યા તેજ પ્રમાણે કરી સૂર્યોદય થતાંની

સાથે જ્યોતિષિઓએ આવીને તેજ પ્રમાણે સ્વપ્નનું ફળ બતાવ્યું.

પૂર્વ દિશાના બીજના ચંદ્રમાની જેમ રાણીએ ગર્ભને ધારણ કર્યો અને દિનપ્રતિદિન વૃદ્ધિ પામતો ગયો, દોહદ રૂપે સુંદર વ્રતોને ધારણ કર્યાં. ઈન્દ્રે પુંસવનાદિ કાર્ય કર્યું. કુબેરે રત્નાદિકની વૃષ્ટિદ્વારા રાજાના ભંડારની વૃદ્ધિ કરી. શ્રવણ નક્ષત્રમાં ચંદ્રમાનો યોગ પ્રાપ્ત થયે છતે વશાખ વદ ૮ ની મધ્યરાત્રીએ રાણીએ લક્ષ્મીકુળ ગૃહ રૂપ પુત્રને જન્મ આપ્યો. જરાયુ, લોહી આદિ મલીન વસ્તુથી રહિત એક હજાર આઠ લક્ષણયુક્ત એવા ત્રિભુવન દિવાકરને જન્મ આપ્યો, તે વખતે નારકીના જીવોને પણ વિચિત્ર પ્રકારનો હર્ષ ઉત્પન્ન થયો, બીજા અનેક આત્માઓને આનંદ થાય તેમાં નવાઈ નથી !

દશે દિશાઓ હસવા લાગી, આકાશમાં દેવ દુંદુભીના નાદ વાગવા લાગ્યા, પૃથ્વી ઉપર સુગંધિત જલવૃષ્ટિ થઈ, પવન પણ અનુકુળ થયો. છપ્પન દિક્કુમારિકાના આસન કંપાયમાન થયા. અવધિજ્ઞાનથી પ્રભુનો જન્મ જાણી પ્રભુની માતા પાસે આવી નમસ્કાર કરી પોતપોતાનું કાર્ય કરવા લાગી. જેમકેઃ સંવર્તવાયુ, સુગંધી જલવૃષ્ટિ, દર્પણ, ચામર, દીપક વિગેરે કાર્યો કરવા લાગી.

નાલચ્છેદ કર્યો, પ્રભુની માતાને સ્નાન કરાવી, વસ્ત્ર તથા આભૂષણ પહેરાવ્યા, ગોશિર્ષ ચંદન તથા રક્ષા

ભસ્મની તૈયારી કરી, પ્રસૂતિગૃહમાં દિક્કુમારિકાઓએ પોત પોતાનું કાર્ય કરીને માતા સહિત પુત્રને શય્યા ઉપર સુવાડ્યા, પ્રભુના ગુણોના ગીતો ગાવા લાગી, ત્યારબાદ આસન કમ્પાયમાન થવાથી અને અવધિજ્ઞાનથી સૌધર્માધિપતિ પાલક વિમાનાધિશ્વરે પ્રભુનો જન્મ જાણી તેમના હુકમથી હરિણગમેષી દેવવડે થયેલા ઘંટારવને સાંભળી દેવો એકત્રિત થયા, એકત્રિત થયેલા દેવોથી પરિવરેલો સૌધર્મેન્દ્ર રાજગૃહમાં આવી પ્રસુતિગૃહમાં પ્રવેશ કરી પ્રભુને તથા તેમની માતાને ત્રણ પ્રદક્ષિણા આપી સ્તુતિપૂર્વક નમસ્કાર કરીને માતાને અવસ્વાપિની નિદ્રા આપી, પ્રભુના કૃત્રિમ રૂપને માતાની પડખે મૂકી ઇંદ્રે પાંચ રૂપ કર્યાં. એક રૂપે હાથમાં પ્રભુને લીધા, બે રૂપે ચામર ધારણ કર્યાં, ચોથા રૂપે છત્ર અને પાંચમા રૂપે હાથમાં વજ્ર ધારણ કર્યું.

આ પ્રમાણે ઈન્દ્ર તથા દેવોથી સ્તુતિ કરાયેલા એવા પ્રભુને સુમેરૂ પર્વત ઉપર લાવ્યા, સિંહાસન ઉપર બેસાડ્યા, પોતાના બીજા રૂપો સહિત ઇંદ્ર પોતે બેઠા, ત્યારબાદ આસનના કંપવાથી કરીને પ્રભુના જન્મને જાણી અચ્યુતાદિ અન્ય ત્રેસઠ ઇન્દ્રો પણ પોતાના દિવ્ય વિમાનો વડે ત્યાં આવ્યા, વળી આભિયોગિક દેવો વડે લાવવામાં આવેલા માગધ, વરદામ અને પ્રભાસ તીર્થના પાણીથી પ્રભુજીનો જન્માભિષેક કર્યો, સ્નાત્ર પૂજન પછી ઈન્દ્રે પ્રભુજીની સ્તુતિ કરી, પહેલાંની માફક પાંચ રૂપને ધારણ કરી, પ્રભુજીને સુમેરૂ પર્વત ઉપરથી લાવી, માતાની પાસે મૂક્યા, માતાને

મૂકેલી અવસ્વાપિની નિદ્રા હરી લીધી, ઈન્દ્રે ઘોષણા કરી કે ત્રણે લોકમાંથી જે કોઈપણ પ્રભુની માતાનું અનિષ્ઠ કરશે તો તેના મસ્તકના સાત ટુકડા થશે. ઈન્દ્રે પ્રભુના જમણા અંગુઠે અમૃત મૂકયું તે અંગુઠો પ્રભુના મૂખમાં મૂકયો, કારણ કે તીર્થંકર પરમાત્માઓ સ્ત્રીના સ્તન પાન કરતા નથી. ઈન્દ્રે પાંચ અપ્સરાઓને ધાઈ તરીકે મૂકીને નંદીશ્વર તરફ પ્રયાણ કર્યું.

અને બીજા ઈન્દ્રો પણ મેરૂપર્વત ઉપરથી પોતપોતાના સ્થાને ગયા, પ્રાતઃકાલમાં જ્યારે રાણી પદ્માવતી નિદ્રામાંથી જાગ્યા ત્યારે દિવ્ય અંગ તથા સુંદર વસ્ત્ર યુક્ત પુત્રને જોઈ અત્યંત હર્ષિત બની દાસીઓએ રાજાને પુત્ર જન્મના વધામણાં આપ્યા, રાજાએ હર્ષિત બની યાચકોને દાન આપ્યું. જન્મ મહોત્સવ કર્યો, બારમા દિવસે પૂર્વ દોહદો અનુસાર રાજાએ પુત્રનું નામ મુનિસુવ્રત રાખ્યું.

શ્યામાંગ હોવા છતાં પ્રભુએ ચંદ્રમાની જેમ સકલ વિશ્વને પોતાના ગુણોંથી શીતળતામાં તરબોળ બનાવ્યું. ત્રણ જ્ઞાનથી યુકત હોવા છતાં પ્રભુએ બાલકોચિત અજ્ઞાન રમતોથી પોતાની બાલ્યાવસ્થા પૂર્ણ કરી, વીશ ધનુષ્ય પ્રમાણ કાયા સહિત યૌવનાવસ્થા વાળા શ્યામરંગ અને અપૂર્વ કાંતિવાળા શરીરને ધારણ કર્યું. તે વખતે તેમના શરીરને જગચિંતામણીના સ્થંભ સદૃશ ઉપમા આપવામાં આવી હતી, ત્રણે લોકના રાજ્યને પ્રાપ્ત કરનાર પોતાના પુત્રને યુવાન જાણી રાજાએ યુવરાજ પદે સ્થાપિત કર્યા,

વિવાહ યોગ્ય જાણીને પ્રભાવતી આદિ રાજપુત્રીઓ સાથે તેમનું પાણીગ્રહણ કરાવ્યું. સૌધર્મેન્દ્રની આજ્ઞાથી કુબેરે બનાવેલા મહાપ્રાસાદમાં માતાપિતાની આજ્ઞાથી પોતાની પત્નિઓ સહિત યુવરાજ આનંદ પૂર્વક રહેવા લાગ્યા. જીતેન્દ્રિય હોવા છતાં કર્માધીન માનીને પોતાની પ્રભાવતી આદિ સ્ત્રીઓની સાથે શ્રેષ્ઠતર ભોગોને ભોગવવા લાગ્યા.

અનુક્રમે પ્રભાવતીએ સૂર્ય સમાન પ્રતિભાશાળી પૂત્રને જન્મ આપ્યો, જેનું 'સુવ્રત' એવું નામ રાખવામાં આવ્યું. પુત્ર રાજ્યભાર વહન કરવા યોગ્ય થાય તેની રાહ જોઈને જ 'સુમિત્ર' રાજા દિવસો પસાર કરતા હતા, સાડા આઠ હજાર વ્યતિત થયા બાદ એકદા શ્રી 'સુમિત્ર' રાજાએ પુત્રને કહ્યું કે હવે મારૂં ચિત્ત રાજ્ય પાલનમાં લાગતું નથી, માટે તમો રાજ્યભાર વહન કરો, અને મુક્તિપંથનો આશ્રય કરવા માટે મને વનપ્રયાણ કરવા ખુશીથી રજા આપો, હે પુત્ર! સ્નેહવશ થઈને તમોને કાંઈક કહું છું. તે સાંભળો, પૃથ્વીનો ભાર તમારા ઉપર નાખવાથી શેષનાગ નિશ્ચિત બનીને રહે, તેમ ગુણોને ઉપાર્જન કરજો, હૃદયને સદ્ગુણ રૂપી હારથી વિભૂષિત કરજો, જેનું હૃદય સદ્ગુણ હારથી રહિત હોય છે તે નિર્નામ પુરૂષ નષ્ટ બને છે.

સર્વતન્ત્ર સ્વતંત્ર હોવા છતાં કદાપિ મન્ત્રિઓનું અપમાન કરતા નહી. ઈચ્છા મુજબ દાન આપજો. કીર્તિ-પાત્ર બનજો, કુમારને આ પ્રમાણે શિખામણ આપી શ્રી

સુમિત્ર રાજાએ શુભલગ્ને રાજકુમારને સિંહાસન પર સ્થાપિત કર્યા. અનેક પ્રકારના માંગલિક વાદ્યતંતુઓના ધ્વનિ પૂર્વક તીર્થજલથી પરિપૂર્ણ સુવર્ણ કલશ વડે અભિષેક કર્યો, જ્યારે સુંદર વસ્ત્ર તથા આભૂષણોથી તેમને શણગારવામાં આવ્યા, તે વખતે સાક્ષાત્ સુવર્ણ દંડના ધારક પિતૃવેત્રી સમાન દેખાવા લાગ્યા, મેરૂપર્વત ઉપર ત્રૈલોકય સામ્રાજ્ય પ્રાપ્તિ રૂપે દેવોએ પ્રથમથી જ જેમના અભિષેક કર્યા હતા છતાં હવે શા માટે અભિષેક થઈ રહ્યાં હશે ? તેમ જાણીને આકાશ દુંદુભિ નાદથી હસવા લાગ્યું. સામ્રાજ્ય પ્રાપ્તિના શુભ અવસરે પ્રભુએ દયામય બની, ક્રીડા પક્ષીરૂપ શત્રુ રાજાઓને કારાગાર રૂપ પિંજરાઓમાંથી મૂકત કર્યા. ઈન્દ્રની આજ્ઞાથી અનેક પ્રકારના વિભ્રમોને બતાવતી અપ્સરાઓ સવાર–બપોર અને સાંજના પ્રભુની સામે સંગીત કરવા લાગી.

અનેક પ્રકારના ઉત્સવોમાં ઘણા દિવસો વ્યતીત થયા બાદ પ્રભુના માતા–પિતાએ વ્રતને ગ્રહણ કર્યું. આયુષ્ય પૂર્ણ કરીને માહેન્દ્ર દેવલોકમાં ગયા. પ્રભુ નિર્મોહી હોવા છતાં પણ માતા–પિતાના વિયોગથી ખેદ પામ્યા. સ્વયં ભવસ્થિતિને જાણવા છતાં પણ પ્રભુએ રાજ્ય કાર્યમાં પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું. પ્રજા પણ પ્રશંસા કરવા યોગ્ય હતી કે જે પ્રજા હંમેશાં પ્રભુના સ્મરણમાં લીન હતી, પ્રભુના પુણ્યની પણ શું સ્તુતિ કરીયે ? જો કે તેઓ સ્વયં પ્રજાની દરેક પ્રવૃત્તિમાં સતત ધ્યાન રાખવાવાળા હતા.

આ પ્રમાણે પન્દર હજાર વર્ષ સુધી રાજ્યધૂરા વહન કરી પ્રભુએ પોતાના જ્ઞાનથી ભોગરૂપ ફલના ઉપભોગ કરવાથી કર્મ સ્થિતિને અત્યન્ત ક્ષીણ માની તે વખતે પ્રકાશમાન ચન્દ્રરૂપ મુખવાલી કાજળઘેરાં શ્યામલ નેત્રવાળી, હંસની ગતિવાળી, હંસના ધ્વનિથી મનોહર નક્ષત્ર માલાઓને અલંકારરૂપે ધારણ કરનારી, શંકરજીના અટ્ટહાસ્ય (તાંડવ)ની સમાન સફેદ કાશ પુષ્પોને ચામરના રૂપમાં ધારણ કરવાવાળી, શરદઋતુ સુવ્રતરાજાની આરાધના માટે આવી પહોંચી.

અને મુનિસુવ્રતસ્વામીએ સંસારના તમામ પદાર્થોમાં અનિત્યતાનું ચિંતન કરવા માંડ્યું. અનિત્યતાને કર્મપરિણામ રૂપ રાજાની દાસી માની, સહુથી પ્રથમ અનિત્યતાના સ્વામી કર્મ પરિણામને હણવાનો સંકલ્પ કર્યો. આ પ્રમાણે વૈરાગ્યવાસિત પ્રભુ મનમાં વ્રત લેવાનો વિચાર કરવા લાગ્યા, તે વારે બ્રહ્મલોકથી પોતપોતાના વિમાનમાં બેસી નવ લોકાંતિક દેવોએ આવીને પ્રભુને નમસ્કાર કર્યો, અને કહ્યું કે હે પ્રભુ! આપ ભવાબ્ધિ (સંસાર)ને પાર કરવા માટે તીર્થ (ચતુર્વિધ સંઘ)ની સ્થાપના કરો. આ પ્રમાણે કહીને જેઓનો કલ્પ છે તેવા નવે લોકાંતિક દેવો સ્વસ્થાને ચાલ્યા ગયા. બાદ પ્રભુ જેમ વાદળમાંથી જલધારા પડે છે તેમ તેઓએ દાન આપવાની શરૂઆત કરી.

તીર્થંકર પરમાત્માને ગૃહસ્થજીવનમાં બે મોટી ઉપમાઓ હોય છે (૧) મહાભોગી, (૨) મહાદાની, સંયમને

અંગીકાર કર્યા બાદ (૩) મહાત્યાગી, (૪) મહાતપસ્વી અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયા બાદ તીર્થંકર નામકર્મનો ઉદય થયેલો ગણાય તે વારે (૫) મહામાહણ (૬) મહાગોપ (૭) મહાનિર્યામક (૮) મહાસાર્થવાહ આ પ્રમાણે આઠ મહાન ઉપમાઓ હોય છે. નગારાઓથી રાજ્યમાં ઉદ્‌ઘોષણાઓ કરાવવામાં આવી. દરરોજ એક કરોડ આઠ લાખ સોનૈયાનું દાન પ્રાતઃકાળથી મધ્યાહ્ન સુધી એક વર્ષ સુધી આપ્યું. ઈન્દ્રના હુકમથી અલકાધીશ કુબેર સુવર્ણ, ચાંદી, રૂપુ, મણી, આદિ પ્રભુના મહેલમાં લાવીને મુકતા હતા. ચારે બાજુથી યાચકો આવતા હતા, તેઓને મનોવાંછિત પ્રભુ આપતા હતા. આ પ્રમાણે ત્રણસો અઠ્ઠાસી કરોડ અને અઠ્ઠાસી લાખ સોનામહોરનું દાન આપ્યું.

આ પ્રમાણે મુનિસુવ્રતસ્વામિ વિશ્વના દારિદ્રયને દૂર કરીને ભવ દોષોને છોડાવવા માટે વ્રત લેવા માટે ઉત્સુક બન્યા, અને ક્ષત્રિય ધર્મ પાલક પોતાના પૂત્ર સુવ્રતકુમારને રાજ્ય ગાદી ઉપર સ્થાપન કર્યો, પોત પોતાના આસનો કમ્પાયમાન થવાથી ઈંદ્રોએ પ્રભુ દીક્ષાનો અવસર જાણીને હર્ષપૂર્વક તેઓ ત્યાં આવ્યા, આવીને પ્રભુ તથા સુવ્રતાદિ રાજાઓને નમસ્કાર કરી, વ્રત રાજ્યાભિષેક માટે આદેશ માગ્યો. પ્રભુની આજ્ઞાથી સૌધર્મેન્દ્રે મુકતાફલ સમાન ઉજ્જવલ સુવર્ણ-કલશોથી અને તીર્થ જલોથી અભિષેકોસત્વ કર્યો, પ્રભુને દિવ્ય વસ્ત્રાલંકારોથી વિભૂષિત કર્યા, અપરાજીત વિમાનના જેવીજ અનુપમ શોભાયુકત હજ્જારો દેવો તથા મનુષ્યોથી

ઉચકવા યોગ્ય ઈન્દ્રથી તૈયાર કરવામાં આવેલી અપરાજીત શિબિકા ઉપર આરૂઢ બની પૂર્વાભિમૂખ સિંહાસન ઉપર બિરાજમાન પ્રભુ રાજગૃહ નગરના મધ્યભાગમાંથી સંયમ ગ્રહણ કરવા નીકળ્યા, તે વખતે દેવતાઓએ પ્રભુના મસ્તક ઉપર સફેદ છત્ર ધારણ કર્યું હતું. બે બાજુ ચામર ઢોળતા હતા, અપ્સરાઓ માંગલિક ગીતો ગાવા લાગી, સુવ્રતાદિ રાજપુરૂષો તથા અચ્યુતાદિ દેવેન્દ્રોએ તેમની પાછળ ચાલવા માંડયું.

આ પ્રમાણે મોટા દેવેન્દ્રોએ તેમની પાછળ ચાલવા માંડયું. આ પ્રમાણે મોટા મહોત્સવ પૂર્વક પ્રભુ નિલગુહા નામના ઉદ્યાનમાં આવ્યા, શિબિકામાંથી ઉતરીને આભૂષણોને ઉતારી, ઈન્દ્રે આપેલા દેવદુષ્યને ખભે મૂકયું. ફાગણ શુકલ દશમી તીથિને દિવસે ચંદ્રમાનો શ્રવણ નક્ષત્ર સાથે સુયોગ પ્રાપ્ત થયે છતે છઠ્ઠતપથી યુક્ત પ્રભુએ દિવસના પાછલા ભાગમાં પંચમુષ્ઠિ લોચ કરીને સિદ્ધાન્ત સાક્ષીએ ચારિત્ર ગ્રહણ કર્યું.

તે વખતે હંમેશના દુઃખીઆરા નારકીના જીવોને પણ એક ક્ષણને માટે અપૂર્વ સુખનો અનુભવ થયો, બીજા દેવ અને મનુષ્યના સુખની તો વાત જ શું કરવી ! તે વખતે પ્રભુને મનોદ્રવ્ય પ્રકાશને કરવાવાળું મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત થયું. પ્રભુની સાથે સંસાર પર સંવેગ ભાવ આવવાથી એક હજાર રાજાઓએ પ્રવજ્યા ગ્રહણ કરી, પ્રભુની સ્તુતિ અને પ્રણામ કરીને સુવ્રત રાજા પરિવાર સહિત

નગરમાં પાછો આવ્યો, ઈન્દ્રો નંદીશ્વર દ્વીપ જઈને અઠ્ઠાઈ મહોત્સવ કરીને પોતાના સ્વસ્થાને ગયા, દેવોથી પરિવરેલા ઈન્દ્રની જેમ, તારાઓથી પરિવરેલા ચન્દ્રની સમાન મુનિયો સહિત પ્રભુ ત્યાં જ પ્રતિમા ધારણ કરીને રહ્યા.

તે સમયે અન્ધકારના સમૂહને દૂર કરવામાં સમર્થ એવા પ્રભુના તપ તેજને જોઈ લજ્જાળુ બનેલ સૂર્યનારાયણ અસ્તાચળે જઈને સમુદ્રમાં ડુબી ગયા, અને પ્રસન્ન ચન્દ્ર મુખવાળી, જ્યોત્સ્ના, ચંદનના વિલેપન કરેલી નક્ષત્ર માલાઓથી સુશોભિત યામિની કામિનીએ પ્રવેશ કર્યો, કામીજનોના ચિત્તને માટે વૃદ્ધા સમાન, પ્રભુના ચિત્તમાં ક્ષોભ પમાડવામાં અસમર્થ થવાથી, સ્વયં આથમી ગઈ, બીજે દિવસે રાજગૃહી નગરીમાં બ્રહ્મદત્ત નામના રાજાને ઘેર ભવાબ્ધિતારણ પારણું કરવા માટે પ્રભુએ પ્રવેશ કર્યો, પોતાના આંગણામાં જંગમ કલ્પતરૂ સમાન પ્રભુને બિરાજમાન થયેલા જોઈને રોમરોમ રોમાંચને અનુભવતો આંખોમાંથી વરસતા હર્ષાશ્રુજલથી પ્રભુના પગનું પ્રક્ષાલન કરતો, માથાને ભૂતલ સૂધી સ્પર્શ કરીને પ્રભુને વંદના કરી, તે રાજાએ સુંદર પરમાન્નથી પ્રભુના પાત્રને તથા હર્ષોલ્લાસથી મનને સંપૂર્ણ ભરી દીધું. તે વખતે દેવતાઓએ આકાશમાં દેવદુન્દુભિનો નાદ ગજાવી મૂક્યો, અને **અહોદાનમ્** આ પ્રમાણે ઘોષણા કરવા લાગ્યા, સુગંધ જલની વૃષ્ટિથી પૃથ્વીને સુગંધમય બનાવી, પુષ્પવૃષ્ટિથી અલંકૃત કરી, તથા રત્નોથી શ્રૃંગારિક અને વસ્ત્રવૃષ્ટિથી સુવાસિત બનાવી, તે સમયે

સુરાસુર નરેશ્વરો ત્યાં આવી આશ્ચર્ય ચકિત બનીને બ્રહ્મદત્ત રાજાની પ્રશંસા કરવા લાગ્યા, અને કહેવા લાગ્યા કે તમારા સિવાય સ્વર્ગ અને મુક્તિની સંપદાઓ કોણ પ્રાપ્ત કરી શકે ?

કેમકે ત્રિલોકના નાથ પ્રભુ સ્વયં દાન પાત્ર બન્યા, બીજા રાજાઓની લક્ષ્મી વન્ધ્યા છે. આ પ્રમાણે બ્રહ્મદત્ત રાજાની પ્રશંસા કરીને સર્વે જણ પોતપોતાને સ્થાને ગયા, શ્રી બ્રહ્મદત્ત રાજાએ પણ તીર્થંકર પરમાત્માની ચરણ રેખાથી અંકિત બનેલી પૃથ્વી ઉપર રત્નોથી તીર્થ સમાન પીઠિકા સ્થાપિત કરી, ભગવાન પણ નિર્મમ બનીને પિંજરામાંથી મુક્ત બનેલા પક્ષીની જેમ, ત્યાંથી અન્યત્ર વિહાર કરી ગયા, જ્યાં જ્યાં ગયા, ત્યાં ત્યાં એકેન્દ્રિય વાયુએ (પવને) પણ પ્રતિકુળતા ન બતાવી, તો પછી પંચેન્દ્રિય સિંહાદિ જનાવરોની તો વાત જ શું કરવી, મહા મુશ્કેલીએ ક્ષય થઈ શકે તેવી કર્મની વેલીઓને તપરૂપ અગ્નિમાં સળગાવતાં થોડાક દિવસોમાં સજ્જનોથી ગુણવંત તરીકે પૂજાવા લાગ્યા.

પવનોથી મેરૂપર્વતની જેમ ઉપસર્ગ પરિસહોથી ન કમ્પાયમાન થાય તેવા, મોહરહિત, ભયરહિત, ક્રમશઃ પંચેન્દ્રિયો ઉપર વિજય પ્રાપ્ત કર્યો, ભૂતલ ઉપર પ્રત્યેક દેશ, પ્રત્યેક વનમાં મૌન ધારણ કરીને વિહાર કરવા લાગ્યા, પ્રભુએ છદ્મસ્થાવસ્થામાં અગ્યાર મહીના સુધી વિહાર કરી,

જ્યાં દીક્ષા લીધી હતી, તે જગ્યાએ નિલગુહા ઉદ્યાનમાં પધાર્યા, છઠ્ઠ તપથી યુક્ત, ચમ્પક વૃક્ષની નીચે, શાન્ત રસથી ઝરતા, પ્રતિમા ધારણ કરી, ધ્યાનમાં રહેલા છે. ફાગણ વદ બારસના શ્રવણ નક્ષત્રમાં ચન્દ્રમાનો યોગ થયે છતે શુકલ ધ્યાનમાં લીન બનેલા પ્રભુએ ઘાતીકર્મોનો ક્ષય કર્યો, અને લોકાલોક પ્રકાશિત નવીન સૂર્યની જેમ પ્રભુને કેવલજ્ઞાન અને કેવલદર્શનની પ્રાપ્તિ થઈ, સર્વજ્ઞ સર્વદર્શી, ભગવાને ત્રણે ભુવનને પોતાની જ્યોતિ વડે ત્રસ રેણુ કણોની જેમ જોયું. પ્રભુને કેવલજ્ઞાન પ્રાપ્ત થયું તે સમયે દેવેન્દ્રોના આસન કમ્પાયમાન થયા, અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકી ઈન્દ્રે પ્રભુને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થયેલી જાણી.

ત્યારે તમામ દેવો ઈન્દ્ર સહિત સંપૂર્ણ ઋદ્ધિ, સિદ્ધિ સહિત પ્રભુ પાસે આવ્યા, તે સમયે આખું નભમંડળ અદ્ભૂત પ્રકાશમય બની ગયું. ઈન્દ્રના આદેશથી વાયુ-કુમારોએ પૃથ્વીને પ્રમાર્જન કરી, મેઘકુમારોએ સુગન્ધી જલનો છંટકાવ કરીને પુષ્પવૃષ્ટિ કરી, વ્યન્તરદેવોએ રજતમય, સુવર્ણમય તથા રત્નમય ત્રણ પ્રકારનું સમવ-સરણ બનાવ્યું.

દેવોથી પરિવરેલા પ્રભુએ પૂર્વદ્વારથી સમવસરણમાં પ્રવેશ કર્યો, ચૈત્યદ્રુમને પ્રદક્ષિણા આપી, પૂર્વાભિમૂખ સિંહાસન ઉપર "નમસ્તીર્થાય" તીર્થને નમસ્કાર કરીને બેઠા, અન્ય દીશાઓમાં દેવોએ પ્રભુના ત્રણ રૂપો બનાવ્યા, ચતુર્ગતિ સંસાર તારક એવા પ્રભુ ચતુર્મુખ બન્યા, શ્રી

સૂવ્રત રાજાએ પણ દૂતો દ્વારા જાણી પ્રસન્ન બની, તે દૂતોને સાડા તેર લાખ સોનૈયા બક્ષીસ આપ્યા, પોતે ત્યાં આવી પ્રદક્ષિણા દઈ, "**નમુથ્થુણં**" થી પ્રભુની સ્તુતિ કરી, દેવેન્દ્રોને પ્રણામ કરીને બેઠા, પ્રભુએ સર્વ જીવોને પરિણામ થાય તેવી વાણીમાં સર્વવિરતિ તથા દેશવિરતિ ધર્મની પ્રરૂપણા કરી.

પ્રભુની દેશનાનું શ્રવણ કરીને ઘણા આત્માઓએ પ્રવજ્યા ગ્રહણ કરી, ઘણા આત્માઓ દેશવિરતિ ધર્મને પામ્યા, ઘણા આત્માઓએ સમ્યક્ત્વનો સ્વિકાર કર્યો, ત્રિપદીનું શ્રવણ કરી દ્વાદશાંગીની સૂત્રથી રચના કરવાવાળા **ઈન્દ્રાદિક** અઢાર ગણધરોની સ્થાપના કરી, પ્રભુએ સાધ્વી શ્રેષ્ઠ આર્યા **અનિલાને** મહત્તરા પદ આપ્યું. **ગંગદત્ત** આદિ શ્રાવકગણ અને **વિજ્યા** પ્રમુખ શ્રાવિકાગણ એ રીતે પ્રભુએ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી, તે વખતે પ્રથમ પોરસી પૂર્ણ થઈ અને દેશના પણ પૂર્ણ થઈ, રાજાની આજ્ઞાથી જ્યારે ઉપહાર દેવોની સામે મૂક્યો, ત્યારે અર્ધો ભાગ દેવોએ ગ્રહણ કર્યો, ચોથો ભાગ રાજાઓએ ગ્રહણ કર્યો, બાકીનો ભાગ બીજાઓએ ગ્રહણ કર્યો, ત્યારબાદ પ્રભુ ઉત્તર દિશાના દ્વારથી દેવોની સાથે નીકળી દેવછંદામાં ગયા, બીજી પોરસીની શરૂઆતમાં ગણનાયક '**ઈન્દ્રે**' પ્રભુની પાદપીઠ ઉપર આરૂઢ થઈને દેશના આપી, '**ઈન્દ્ર**' ગણધરની દેશનાની પૂર્ણાહૂતી બાદ વજ્રપાણી સુવ્રતાદિ પ્રભુને નમ-

સ્કાર કરીને પોતપોતાના સ્થાને ગયા, તેમના તીર્થમાં વરૂણ યક્ષ (ત્ર્યક્ષ) (શંકર) ચતુર્મુખાદિ ઉત્પન્ન થયા.

પુરૂષદત્તા તથા ગૌરી તે બન્ને શાસન દેવીઓ ઉત્પન્ન થઈ. જન્મથી ચાર, કર્મક્ષયથી અગીયાર, દેવતાઈ ઓગણીસ એમ કુલ ચોત્રીસ અતિશયોથી યુક્ત જઘન્યથી સવા ક્રોડ દેવતાઓથી પરિવરેલા પ્રભુ વિહાર કરતાં કરતાં પ્રતિષ્ઠાનપુર પધાર્યા, ત્યાં ઈશાન ખુણામાં દેવોથી નિર્માણ કરાયેલ સમવસરણમાં પ્રવેશ કરી સિંહાસન ઉપર આરૂઢ થઈને પ્રભુએ કલ્યાણકારી ધર્મ દેશના આપી, જનપદ તથા નાગરીકોની સાથે રાજ્યગણ આવ્યા, દેશના શ્રવણ કરી પોતપોતાની શક્તિ મુજબ પ્રભુની વાણીનો આદર કર્યો. (વ્રત લીધા). એક ઘોડાની ઉપર ઉપકાર કરવાની અપેક્ષાથી એક અહોરાત્રિમાં સાઠ યોજન ભૂમિ વિહાર કરી દેવો સહિત ભૃગુકચ્છ (ભરૂચ) નગરમાં આવ્યા, ઉન્નત શિખરોથી શોભતા મહાકાય ભવનોમાં લોકો દેવતાઈ સુખો ભોગવતા હતા, એવા ભરૂચ નગરની નજદીકમાં કોરંટક નામના ઉદ્યાનમાં શ્રી વીશમા તીર્થાધિપતિ મુનિસુવ્રત સ્વામિ સમોસર્યા, ઉદ્યાન પાલકે નગરમાં જઈ લોકોને તથા જિતશત્રુ રાજાને વધામણી આપી.

રાજાએ તેને ઘણું ધન આપી નગરમાં ઢંઢેરો પીટાવ્યો, રાજાએ વસ્ત્રાલંકારથી દેહ સુશોભન કરી પોતાના મનોરમ જાતિના અશ્વ ઉપર સ્વાર થઈને શ્રી જિનેશ્વર ભગવંતના દર્શન-વંદન ને માટે પ્રસ્થાન કર્યું.

સમસ્ત અંતઃપુર અને નગરજનો પણ રાજાની સાથે

આવ્યા, રાજાએ અશ્વ ઉપરથી ઉતરીને પ્રભુને પ્રદક્ષિણા દીધી, વંદન કર્યું. વિધિપૂર્વક ધર્મ દેશનાનું શ્રવણ કર્યું, તે વખતે ચિત્રામણમાં ચિત્રેલા ચિત્ર સમાન એક ચિત્તે મનોલ્લાસમાં તરબોળ બનેલા રાજાના ઘોડાએ પ્રભુની ધર્મદેશનાનું શ્રવણ કર્યું. તેજ સમયે ગણાધીશ ઈન્દ્ર ગણધરે પૂછ્યું કે હે ભગવન્! આ સમવસરણમાં કોણે ધર્મ પ્રાપ્ત કર્યો.

તે વારે પ્રભુ બોલ્યા કે રાજાના ઘોડા સિવાય બીજા કોઇએ ધર્મ પ્રાપ્ત કર્યો નથી, રાજાએ આશ્ચર્યથી પૂછ્યું કે હે ભગવન્! શ્રદ્ધાસંપન્ન, શુદ્ધચિત્ત, આ મારો અશ્વ પૂર્વ ભવમાં કોણ હતો? જિનેશ્વર ભગવંતે કહ્યું કે હે રાજન્! તમો એક ચિત્તે સાંભળો, હું તમને તેનો પૂર્વ-ભવ કહું છું.

પશ્ચિમ વિદેહમાં પદ્મિની ખંડ નામે નગરમાં, જિન-ધર્મ નામે એક શ્રાવક શિરોમણિ રહેતો હતો. તેને શિવધર્મી અને ભદ્રિક પરિણામવાળો સાગરદત્ત નામે એક મિત્ર હતો. તેણે જિનધર્મની સાથે જઇને સાધુના મુખથી સાંભળ્યું કે જે જિનબિંબની રચના કરાવે છે તેને માટે જ્ઞાન દુર્લભ નથી, તેણે સુવર્ણમય જિનબિંબ બનાવીને ચૈત્યમાં પ્રતિષ્ઠાપિત કરાવ્યા, મકર સંક્રાન્તિના દિવસે નગરની બહાર સાગરદત્તના બનાવેલા શિવમંદિરમાં બન્ને મિત્રો ગયા, ત્યાં તેને પૂજકોથી મૂકવામાં આવેલા ઘીના ઘડાની નીચે અસંખ્ય જીવોને કચડાતા જોઈ દયાથી તેને

બચાવવાનો વિચાર કર્યો, અને પૂજારીને જીવદયા પાળવા માટે કહ્યું. તે વખતે "**શું તમને શ્વેત કપડાવાળા ભિક્ષુકોએ ઉપદેશ આપ્યો છે?**" આમ બોલી એક પૂજારીએ પગવડે તમામ જીવોને કચડી નાખ્યા, સાગરદત્ત પૂજારીને લઈ તેના મોટા આચાર્ય પાસે ગયો, ત્યાં પણ સાગરદત્તની ઉપેક્ષા થઈ, ત્યારે સાગરદત્તે મનમાં વિચાર્યું કે આ પૂજારી તથા તેનો આચાર્ય કેટલા બધા નિર્દય છે? કે જે પોતાના શિષ્ય પરિવારને દુર્ગતિ પ્રાપ્ત કરાવે?

હું ગુરૂબુદ્ધિથી તેમની પૂજા કેમ કરી શકું. આ પ્રમાણે વિચારીને તેણે શિવધર્મ છોડી જૈન ધર્મનો સ્વિકાર કર્યો, ત્યારપછી વ્યવહારને માટે ચમ્પાનગરી ગયા. તેણે ચૈત્યવંદન કરી મુંજ રાજાને જોયા. મેં સાધર્મિક ભાવથી તેનો સત્કાર કર્યો, તેથી મુંજ રાજા તથા તેનામાં જૈન ધર્મ પ્રત્યેની શ્રદ્ધા અચળ બની, જ્યારે સાગરદત્ત પોતે પોતાના નગરમાં જઈ રહ્યો હતો. ત્યારે રસ્તામાં એકાએક બિમાર પડી ગયો, જેથી તેના સ્વજનોએ જૈન ધર્મની ખૂબ જ નિન્દા કરી, જેનાથી સાગરદત્ત અત્યંત દુઃખી થયો, સ્વજનોએ રૂદ્ર જાપ કરવા માટે સાગરદત્તને કહ્યું કે જેનાથી તે રોગમુક્ત થઈ શકે, તેણે પણ રૂદ્ર જાપ કર્યો, ભવિતવ્યતાના યોગે તે રોગમુક્ત થયો ત્યારથી જિનધર્મ પ્રત્યેનો આદર ઓછો થવા લાગ્યો, કેવળ દાક્ષિણ્યતાથી પ્રણામાદિ વ્યવહારનું પાલન કરવા લાગ્યો.

આ પ્રમાણે સમ્યક્ત્વને છોડી, મહા પરિગ્રહી બની મરીને અશ્વયોનિમાં ઉત્પન્ન થયો. રાજન્! પૂર્વ ભવમાં તેણે જે જિનબિમ્બ બનાવ્યા, તેના પ્રભાવથી, મારી વાણીનું શ્રવણ કરી બોધ પામ્યો છે, જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત કરી, મરીને આઠમા સહસ્રાર નામના દેવલોકમાં જશે, અને આ જગ્યાએ મારી પ્રતિમા સહિત સુંદર ચૈત્ય નિર્માણ કરશે, અને અશ્વાવબોધ તીર્થને પ્રસિદ્ધ કરશે, પ્રભુની વાણી સાંભળી રાજાએ ક્ષમા યાચના કરીને તે અશ્વને છોડી મૂક્યો, નગરમાં ઉદ્ઘોષણા કરાવી કે આ અશ્વને કોઇએ પકડવો નહિ, બાંધવો નહિ, મારવો નહિ, તેની ઉપર કોઇએ બેસવું નહિ, વાહનમાં તેનો ઉપયોગ કરવો નહિ, તેની ઇચ્છા મુજબ નગરજનોએ તેને ફરવા દેવો. ભગવાને ત્યાંથી બીજે વિહાર કર્યો, અશ્વ પણ સચિત્ત ઘાસ-પાણીનો ત્યાગ કરી, કેવલ અચિત્ત આહાર પાણી કરવા લાગ્યો.

અનુક્રમે મરીને સહસ્રાર નામના આઠમા દેવલોકે ગયો, તેણે અશ્વાવબોધ ક્ષેત્રમાં આવી ઉન્નત ચૈત્ય તથા વીશમા તીર્થપતિ શ્રી મુનિસુવ્રતસ્વામિના બિંબની સ્થાપના કરી, આજે પણ ભરૂચમાં અશ્વાવબોધ તીર્થ પ્રસિદ્ધ છે, આ પ્રમાણે કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી, સાડા આઠ હજાર વર્ષમાં અગ્યાર માસ ઓછા, એટલા સમય સુધી ભૂતલ ઉપર પ્રભુએ વિહાર કર્યો, તેમને ત્રીસ હજાર તપસ્વી શ્રમણ, પચાસ હજાર તપસ્વી સાધ્વીઓની સંપદા હતી, પાંચસો સાધુ ચૌદ પૂર્વધર હતા, અવધિજ્ઞાનીઓની સંખ્યા

અઢારસો હતી, પંદરસો મનઃપર્યવજ્ઞાની હતા, અઢારસો કેવલીઓ હતા, બે હજાર મુનિઓ વૈક્રિય લબ્ધિવાળા હતા.

વાદ કરવામાં લબ્ધિવંત એવા બારસો સાધુઓ હતા, એક લાખ બહોંતેર હજાર શ્રાવકનો પરિવાર હતો, ત્રણ લાખ શ્રાવિકાઓનો પરિવાર હતો, પ્રભુ એક મહિનાનું પોતાનું આયુષ્ય જાણીને એક હજાર મુનિઓ સહિત સમ્મેતશિખરજી પર્વત ઉપર આવ્યા અને બધાએ માસોપવાસની શરૂઆત કરી, આસન કંપાયમાન થવાથી ઈન્દ્રાદિકો આવ્યા, પ્રભુને નમસ્કાર કર્યો. જેઠ વદ નવમી તીથીને દિવસે શ્રવણ નક્ષત્રમાં ચંદ્રનો યોગ પ્રાપ્ત થયે છતે, માસોપવાસના અંતિમ દિવસે શુકલ ધ્યાનના છેલ્લા બે ભેદોનું ચિન્તવન કરતાં, કર્મ ક્ષયથી અનંત ચતુષ્ટયને પ્રાપ્ત કરી પ્રભુ નિર્વાણ પામ્યા યાને મુક્તિને પામ્યા.

ત્યારબાદ તેઓના પૂત્ર મહા પરાક્રમી સુવ્રત રાજાએ લાંબા સમયસુધી રાજગૃહમાં અખંડ સામ્રાજ્યનું પાલન કર્યું. કાશીદેશમાં ગંગા નદીના સામા કીનારા ઉપર વારાણસી નામે નગરીમાં ઈલાપતિ સુવ્રતવંશમાં ઉત્પન્ન થયેલો 'દક્ષ' નામે રાજા રાજ્ય કરે છે, તેમને ઈલાદેવી નામે રાણી છે, ઈલાદેવીને સત્ત્વશીલ 'ઐલ' નામે પુત્ર થયો, તથા યથાર્થ નામવાળી 'મનોરમા' નામે પુત્રી ઉત્પન્ન થઈ, તેના સૌંદર્યનું વર્ણન કોણ કરી શકે ?

ચતુર્મૂખ બ્રહ્મા પણ જેની સ્તુતિ કરવામાં અસમર્થ

છે, એવી મનોરમા બાલ્યાવસ્થાને છોડી યૌવનાવસ્થામાં આવી પહોંચી, જ્યારે તેના લગ્નનો સમય આવ્યો ત્યારે 'દક્ષરાજા' પોતે જ મનોરમા પ્રત્યે કામાતુર બન્યો.

તેણે અનેક ગુણોથી યુક્ત એવી મનોરમાને પોતાનું જ કન્યા રત્ન માન્યું, અને તેવી જ રીતે ઉપભોક્તા તરીકે પણ પોતે પોતાને માનવા લાગ્યો, જેમકે ભારતીનો ભોક્તા બ્રહ્મા પોતે પોતાની જાણે છે. દક્ષ રાજાએ પોતાના અંતરમાં નિશ્ચય કરીને માયા કપટથી મન્ત્રીઓને પૂછ્યું કે મારા ઘરમાં ઉત્પન્ન થયેલા રત્નોનો ભોક્તા કોણ ? તમે સર્વે વિચાર કરીને મને કહો, તે વારે મન્ત્રીઓએ કહ્યું કે સમસ્ત પૃથ્વી ઉપર ઉત્પન્ન થયેલ રત્નના અધિકારી આપ જ છો, તો પછી ઘરમાં ઉત્પન્ન થયેલા રત્નની તો વાત જ શું કરવી ?

આ પ્રમાણે કપટથી મન્ત્રીઓની સમ્મતિ મેળવીને રાજાએ મનોરમાની સાથે લગ્ન કર્યાં, અનેક પ્રકારના ઉપભોગ કર્યા, ત્યારથી લોકોમાં દક્ષ પ્રજાપતિની પ્રસિદ્ધિ થઈ, રાજાની દુશ્ચરિત્રતાથી વ્યાકુલ બની 'ઈલારાણી' પોતાના પુત્ર 'ઐલ' તથા નાગરિકોની સાથે દેશાન્તર ચાલી ગઈ, ઈલાવર્ધન નગરનો રાજા 'ઐલ' બન્યો.

તેણે વંગ દેશમાં તામ્રલિપ્તિ નામે નગરી બનાવી, નર્મદા નદીના કીનારે માહિષ્મતી નગરીને વસાવી, પોતાના પુત્ર કુણિમને ત્યાંનો રાજા બનાવ્યો, અને પોતે સ્વર્ગવાસી થયા, કુણિમે વિદર્ભ દેશમાં વર્ધા નદીના કીનારાના અલં-

કારરૂપ કુંડિનપુર નગર વસાવી રાજ્યપાલન કર્યું. આ પ્રમાણે તેમના વંશમાં અનેક પ્રતાપી રાજાઓ થયા, અનુક્રમે હરિવંશમાં મુકતારત્ન સમાન અભિચન્દ્ર નામે અત્યંત ગુણવંત રાજા થયો, જેઓએ વિન્ધ્યાચલ ભૂમિમાં ચેદિ દેશમાં શુક્તિમતી નગરી વસાવી, તેને 'વસુ' નામે બુદ્ધિમાન્, ધીમાન્ પુત્રરત્નની પ્રાપ્તિ થઈ.

તેજ નગરમાં ક્ષીરકદમ્બ નામે એક વેદપાઠક બ્રાહ્મણ અધ્યાપન કરાવે છે. અધ્યાપક તરીકે જગપ્રસિદ્ધ છે. તેણે રાજપુત્ર વસુ, નારદ તથા પોતાના પુત્ર પર્વતને યથાવિધિ અભ્યાસ કરાવ્યો, એકદા રાત્રિના વિષે પોતાના ઘરના ઉપરના ભાગમાં સૂતા હતા, તે વખતે આકાશમાર્ગે જતા બે વિદ્યાચારણ મુનિઓ વાત કરતા હતા કે સૂતેલામાંથી બે નરકે જશે, અને એક સ્વર્ગે જશે. જાગ્રતાવસ્થામાં ઉપાધ્યાયે સાંભળી મનમાં વિચાર કર્યો કે મારી પાસે વિદ્યાભ્યાસ કરીને બે શિષ્યો નરકગામી બનશે? મને ધિક્કાર છે.

પરંતુ મારે જાણી લેવું જોઇએ કે આ ત્રણમાં સ્વર્ગે કોણ જશે અને નરકમાં કોણ જશે. સવારમાં એ ત્રણેને લાખના રસથી ભરેલો લોટનો એક એક કુકડો દરેકને આપી કહ્યું કે તમે ખૂબ દૂર એકાંતમાં જ્યાં તમને કોઈ જોઈ શકે નહી ત્યાં જઇને તેને મારી નાખશો. વસુ અને પર્વત એકાંત જંગલમાં કોઈ ન જોઈ શકે તે જગ્યામાં જઇને કુકડાને મારી નાખ્યા, પાછા આવી ગુરૂજીને વાત

કરી, ગુરૂજીએ મનમાં જ નિર્ણય કર્યો કે આ બન્ને નરકગામી છે.

અને બન્નેની ગુરૂજીએ નિન્દા કરી, નારદજીએ એકાન્ત સ્થાનમાં જઈને ગુરૂજીના વચનનું તાત્પર્ય સમજવા માટે ચિંતન કર્યું, કે જ્યાં કોઈપણ દેખાતું ન હોય, ત્યાં જઈને મારજો, ગુરૂમહારાજના આદેશનો અમલ થઈ શકતો નથી, એવું કોઈ સ્થાન નથી, કે જ્યાં સિદ્ધના જીવો, લોકપાલ, ખેચરાદિ દેખતા ન હોય, આ તો ગુરૂજીએ મારી બુદ્ધિની પરીક્ષા કરવા માટે જ આવી યોજના બનાવી લાગે છે.

આ પ્રમાણે નિશ્ચય કરીને તે પાછો આવ્યો, ગુરૂમહારાજ સમક્ષ પોતાની ભાવનાઓ પ્રગટ કરી, ગુરૂજીએ તેની ખૂબ જ પ્રશંસા કરી. પરંતુ પોતાનો પુત્ર નરકગામી થશે, તે જાણીને પોતાને ખૂબ જ વૈરાગ્ય આવ્યો, પોતાના સ્થાને પર્વતને બેસાડી પોતે દીક્ષા ગ્રહણ કરી, રાજા અભિચંદ્ર પણ સંસારથી વૈરાગ્ય પામી વસુને રાજ્યગાદી સુપ્રત કરી ક્ષીરકદંબ તથા રાજા અભિચંદ્રે પ્રવજ્યા ગ્રહણ કરી, જગતમાં વસુ 'રાજાની સત્યવાદી તરીકે ખ્યાતિ ફેલાઈ ગઈ, મેળવેલી પ્રતિષ્ઠાને સાચવવા માટે અત્યન્ત સાવધાનીપૂર્વક વસુરાજા રહેવા લાગ્યા, એક સમયે એક શિકારી જંગલમાં શિકાર કરવા માટે ગયો, તેણે એક મૃગને મારવાને માટે બાણ માર્યું.

પરંતુ બાણ વિન્ધ્ય પર્વતના શિખર સાથે અથડાઈ નીચે પડયું, તેનું કારણ જાણવા માટે તેણે શિલાનો સ્પર્શ કર્યો, તે શિલા અત્યન્ત તેજોમયી હતી, તેણે વિચાર કર્યો કે આ શિલારત્ન અવશ્ય વસુ રાજાને યોગ્ય છે. ત્યાંથી આવીને શિકારીએ રાજાને વાત કરી, રાજાએ તે શિલાને પોતાના સિંહાસનમાં જડાવીને તે સિંહાસન ઉપર બેસીને ન્યાય આપવાનો વિચાર કર્યો, પ્રજાજનો તે ઉંચ સિંહાસન ઉપર બેઠેલા રાજને દેવસમાન માનવા લાગ્યા, અને કહેવા લાગ્યા કે વસુરાજાના સત્યવ્રતથી આકર્ષાઈ દેવતાઓ પણ પ્રાતિહાર્ય (દ્વારપાલ)નું કાર્ય કરે છે. એ જાણી શત્રુ રાજાઓ પણ તેનાથી ભય પામવા લાગ્યા.

એક સમયે નારદ ઉપાધ્યાય શ્રી પર્વત પાસે ગયા, પર્વત પોતપોતાના શિષ્યોને ઋગ્વેદનો પાઠ ભણાવતો હતો, નારદજી પણ સાથે બેસી સાંભળવા લાગ્યા, "અજૈર્યષ્ટવ્યમ્" અહીંઆ પર્વત ઉપાધ્યાયે અજપદનો અર્થ બકરો બતાવ્યો, તે વારે નારદજીએ તેમને કહ્યું કે ભાઈ! તમે ભૂલી ગયા લાગો છો, ગુરૂજીએ તો આજ શબ્દની વ્યાખ્યા કરતી વખતે કહ્યું હતું કે ત્રણ વર્ષના જુના (જેને વાવવાથી પણ ન ઉગે તેવા ધાન્ય) શાળીને 'અજ' કહેવાય છે. તે શું તમે ભૂલી ગયા? ત્યારે પર્વતે કહ્યું કે પિતાજી-(ગુરૂજી) એ અજનો અર્થ મેષ (બકરો) કહેલ હતો, તે વાતને તમે ભૂલી ગયા છો, નિઘણ્ટુમાં અજપદનો અર્થ મેષ બતાવવામાં આવેલ છે. તો હે દેવાનુપ્રિય! તમે આટલું પણ નથી જાણતા?

નારદજીએ પણ ક્રોધમાં આવીને કહ્યું કે શબ્દની બે વૃત્તિઓ થઈ શકે છે, એક વૃત્તિ મુખ્ય હોય છે. જ્યારે બીજી વૃત્તિ ગૌણ હોય છે. તો અહીંઆ ગૌણવૃત્તિ લેવી જોઈએ, એટલે જ અજપદ ધાન્યના અર્થમાં જ અહીં લેવું જોઈએ, શિષ્યોની સામે પ્રતિષ્ઠા ભંગ ન થાય તે માટે પર્વતે નારદજીની વાતનો સ્વિકાર કર્યો નહી. અને તેણે જિદ્દ કરી, કે ગુરૂજીએ અજપદનો અર્થ બકરો જ બતાવેલ છે. હે નારદજી ! તમે યુક્તિથી ગુરૂ વાણીનો ભંગ કરી રહ્યા છો, માટે તમો જરૂરથી નરકગામી બનશો, અથવા વ્યર્થ વિવાદ શા માટે કરો છો, રાજાની પાસે જઈને તેમની સમક્ષ નિર્ણય કરાવીએ, આપણા બન્નેમાંથી જેનો પરાજય થાય તેની જીભ કાપી લેવી.

આપણે બન્ને વિવાદ કરવાવાળા છીએ, માટે આપણી વચ્ચે માધ્યસ્થી તરીકે વસુરાજા સહઅધ્યાયી હોવાથી બરાબર છે, નારદજીએ પર્વત પંડિતની વાતનો સ્વિકાર કર્યો. વેદાર્થને જાણવાવાળી ગુરૂપત્નિ ( પર્વતની માતા ) એ પર્વતને એકાન્તમાં કહ્યું કે પુત્ર ? તેં ક્રોધમાં આવી આ શું કર્યું ? નારદજીની વાત સત્ય છે. વળી વસુરાજા પણ સત્યવાદી છે. આ પરિસ્થિતિમાં તારો વિજય કેમ થઈ શકે ? પર્વતની માતાએ વિચાર કર્યો કે પુત્રનો પરાજય નિશ્ચિત છે. જીભ કપાશે. માટે તેણી પુત્રના મોહથી વસુરાજા પાસે ગઈ. રાજાએ ગુરૂપત્નિનું અપૂર્વ સન્માન કર્યું. રાજાએ પ્રણામ કર્યા. તેણીએ આશિર્વાદ આપ્યા, ત્યારે રાજાએ વિનંતિ કરી કે આજે મારો પુણ્યોદય છે કે ગુરૂતુલ્ય આપનું મને

દર્શન થયું. આપ મને આજ્ઞા કરો કે આપનું કેવી રીતે અને કેવા પ્રકારે સ્વાગત્ અને સત્કાર કરૂં.

ગુરૂપત્નિએ કહ્યું કે હે વસુ! તું મને પુત્રમયીની ભિક્ષા આપ, ત્યારે રાજાને આશ્ચર્ય થયું કે પર્વત મારો સહ અધ્યાયી ગુરૂપુત્ર જીવંત હોવા છતાં આવી યાચના કેમ ? ત્યારે ગુરૂપત્નિએ નારદજી અને પર્વતની વાતને સ્પષ્ટ રીતે રાજાને કહી. ત્યારે વસુરાજાએ કહ્યું કે ખોટું કેમ બોલી શકાય ?

મારા પ્રાણ ચાલ્યા જાય, મારૂં રાજ્ય ચાલ્યું જાય, તો પણ હું ખોટું બોલીશ નહી. ખોટું બોલીને મારી જીભને હું કલંકિત નહી કરૂં, તેમાં પણ ગુરૂ વાણીનો તિરસ્કાર તથા ખોટી સાક્ષી મહાપાપ છે, જ્યારે ગુરૂપત્નિએ નિરાશ બનીને ચાલવા માંડયું ત્યારે વસુરાજાએ વિચાર કર્યો કે ભયંકર કષ્ટનું કારણ છે.

હવે હું શું કરૂં, એકતો ગુરૂપત્નિનું કહ્યું નહિ કરૂં તો મારી અપકીર્તિ ફેલાવશે. બીજુ આર્તત્રાણ વ્રત છે. મારી પાસેથી ગુરૂપત્નિ નિરાશ બનીને ચાલી જાય તે પણ જુઠું બોલવા કરતાં વધારે દુઃખદાયક છે. આ પ્રમાણે વિચારતો વસુરાજા બોલી ઉઠચો કે "આપ ચિન્તા ન કરતા, આપનો મનોરથ પૂર્ણ થશે, મારા ખોટા બોલવાથી આપના પુત્રનું કલ્યાણ થાવ," તેની વાણીથી આનંદિત બની ગુરૂપત્નિ પોતાના ઘેર પાછી આવી, પોતાના પુત્ર પર્વતને બધી વાત જણાવી.

ત્યારબાદ નારદજી અને પર્વત બન્ને વાદવિવાદ કરવા માટે રાજ્ય સભામાં ઉપસ્થિત થયા, સર્વ શાસ્ત્ર પારંગત મહાકુલિન, વસુરાજાને મધ્યસ્થ રાખવામાં આવ્યા, મોટા મોટા વિદ્વાન સભાસદો વિવાદ સાંભળવાને માટે ઉત્સુક બનીને રાજ્ય સભામાં આવ્યા હતા, બધાએ રાજાની પ્રશંસા કરી અને કહ્યું કે આપ ઉત્તમ સત્યવાદી છો, અવશ્ય સત્યની રક્ષા કરશો, એવી અમોને ખાત્રી છે, બન્ને જણાએ પોત-પોતાની વાતને સભા સમક્ષ કહી બતાવી, સહ અધ્યાયી હોવાથી રાજાને ગુરૂપાઠિત અર્થ કરવાનું જ્યારે કહ્યું ત્યારે રાજાએ પર્વતનો પક્ષ માન્ય રાખી અર્થ કર્યો, વસુરાજાએ ખોટી સાક્ષી આપી તેનાથી દેવતાઓએ ક્રોધાયમાન બનીને સ્ફટિક શિલા ભાંગીને ભૂકો કરી નાખી, વસુરાજા ધરતી ઉપર ઢળી પડ્યો, નારદજી તેની નિન્દા કરતાં પોતાના સ્થાનકે ગયા, દેવતાઓથી મરાયેલો વસુરાજા મરીને નરક-ગામી બન્યો, નાગરિકોએ ક્રોધમાં આવી પર્વતને નગર બહાર કાઢી મૂક્યો, તો પણ પોતાની વાતને માન્ય કરાવવા માટે સહાયક શોધવા લાગ્યો.

વસુરાજાને ઐશ્વાકી અને કૌરવી નામે બે રાણીઓ હતી અને બૃહદ્વસુ, ચિત્રવસુ, વાસવ, અર્ક, મહાવસુ, વિશ્વાવસુ, રતિ, સૂર્ય, સુવસુ, બૃહદ્ધ્વજ એ દશ પુત્રો હતા, જેમાંથી આઠ પુત્રો વસુરાજાના મૃત્યુ વખતે જ દેવ-તાઓથી માર્યા ગયા હતા, બાકીના બે પુત્રો ભાગી ગયા હતા, તેમાંથી સુવસુ નાગપુરનો રાજા બન્યો, અને બૃહદ્-

ધ્વજ મથુરાનો રાજા બન્યો, તેમાં અનુક્રમે સુબાહુ, દીર્ઘ-બાહુ, લષ્ટબાહુ, ભાનુક, મધુ, સુભાનુ, ભીમ, વિગેરે રાજાઓ થયા, ભીમથી .હરિવંશ રૂપ આકાશમાં ચન્દ્રમાની જેમ સાર્વભૌમ, યદુ, નામે રાજા થયા.

તેમને શૂર નામે પુત્ર થયો, શૂર રાજાને શૌરિત તથા સુવીર નામે બે પુત્રો થયા. રાજ્યપદ ઉપર શૌરિ અને યુવરાજપદ સુવીરને સુપ્રત કરી, શૂર રાજાએ પ્રવજ્યા ગ્રહણ કરી, અંતે દેવલોક ગયા, શૌરિને અન્ધકવૃષ્ણિ આદિ ઘણા પુત્રો થયા અને સુવીરને ભોજવૃષ્ણિ આદિ પુત્રો થયા, શૌરિ રાજાએ પોતાના ભાઈ સુવીરને મથુરાનું રાજ્ય આપ્યું. કુશાર્ત દેશમાં યમુના નદીના કીનારે શૌરિપુર નગર વસાવ્યું.

સુવીરે પણ ભોજવૃષ્ણિને મથુરાનું રાજ્ય આપી સિન્ધુ દેશમાં સૌવીર નામનું નગર વસાવ્યું, શૌરિએ શૌરિપુરનું રાજ્ય પોતાના પુત્ર અન્ધકવૃષ્ણિને આપી સુપ્રતિષ્ઠ મુનિની પાસે દિક્ષા ગ્રહણ કરી, તપોગ્નિથી સમસ્ત કર્મોને બાળી નાખી કેવળલક્ષ્મીને પ્રાપ્ત કરી, સિદ્ધિ ગતિએ ગયા.

મથુરા નગરીમાં અતિ પરાક્રમી ભોજવૃષ્ણિને ઉગ્રસેન નામે પુત્રરત્નની પ્રાપ્તિ થઇ, અન્ધકવૃષ્ણિને દેવી સુભદ્રાથી કલ્પવૃક્ષ સમાન સમુદ્ર વિજયાદિ દશ પુત્રો થયા, જેઓ દશાર્હ નામથી લોકમાં પ્રસિદ્ધ થયા, કુલચન્દ્રિકા સમાન કુન્તી અને માદ્રી નામે બે પુત્રીઓ ઉત્પન્ન થઈ, પિતાએ

કુન્તીના વિવાહ હસ્તિનાપુરના પાંડુ રાજાની સાથે ધામ-ધૂમથી કર્યા, અને " દમઘોષ "ની સાથે માદ્રીના વિવાહ થયા.

એક સમય અવધિજ્ઞાની સુપ્રતિષ્ઠ મુનિ શૌરિપુરના ઉદ્યાનમાં આવ્યા, ઉદ્યાનપાલકોએ મુનિના આગમનના સમાચાર મંગલમય જાણીને અન્ધકવૃષ્ણિને આપ્યા, અન્ધકવૃષ્ણિ રાજા મહામુનિરાજને વંદન કરવા માટે ગયા, પિતા અને દાદાના દીક્ષા ગુરૂ સુપ્રતિષ્ઠ મુનિને રાજાએ નમસ્કાર કર્યો, પ્રદક્ષિણા આપી, યથાસ્થાને બેઠા, ત્યારે સંસારથી મુક્ત કરાવનાર શમ, સંવેગ, નિર્વેદ, વૈરાગ્યરસથી ભરપૂર દેશનાનું શ્રવણ કરી મુનિશ્વરને પૂછયું હે મહારાજ ! મારા બધા પુત્રો લોકોત્તર ગુણોવાળા છે. પરંતુ સૌભાગ્યાદિ ગુણોથી રહિત કેમ છે ? મુનિએ અવધિજ્ઞાનનો ઉપયોગ કરી 'આનકદુન્દુભિ'ના પૂર્વભવમાં કરેલા કર્મનો વિપાક છે.

જંબુદ્વીપના મધ્યભરતમાં ભરત નામે દેશ છે. તેમાં પૃથ્વીના કાનોના કુંડલ સદશ નન્દીગ્રામ નામે નગર છે. ત્યાં દારિદ્રથી ભરપુર સોમ નામે એક બ્રાહ્મણ છે. તેને સોમિલા નામે સ્ત્રી હતી, પુણ્યહીનમાં અગ્રગણ્ય એવો નંદીષેણ નામે પુત્ર હતો. નંદીષેણ જ્યારે ગર્ભમાં હતો ત્યારે તેના પિતા મરી ગયા, જન્મતાની સાથે માતા પણ મૃત્યુ પામી. માસીએ તેને પાલન કરવા માંડયો, થોડાક સમયે માસી પણ મૃત્યુ પામી, પગથી માથા સુધીના તમામ અવયવો કદરૂપા હોવાથી કુષ્ઠીની જેમ તે અત્યન્ત નિંદનીય બન્યો, દુર્ભાગ્યના દોષથી કોઈપણ શુભ લક્ષણ તેને પ્રાપ્ત થયું જ નહોતું.

કેવલ દુર્ભાગ્યથી ભરપુર નન્દીષેણ સર્વત્ર દોષિત અને જન સમાજમાં અપ્રિય થઈ પડયો હતો, બીજાઓના કાર્યો કરી દ્રવ્યોપાર્જન કરતો નંદીષેણ પોતાની આજીવિકા ચલાવવા લાગ્યો, ગદ્દાની સમાન કદરૂપતા ને અતિ ભયંકર દરિદ્રતાથી કંટાળેલો, ઉદ્વેગ પામેલો, નંદિષેણ પરદેશ જવાને માટે તૈયાર થયો, અત્યંત દુઃખી જોઈ તેના મામાએ એક દિવસ તેને બોલાવ્યો અને કહ્યું કે મારે સાત કન્યાઓ છે. તેમાંથી કોઈ પણ એકની સાથે તારૂં લગ્ન કરાવીશ, તું ચિન્તા ન કરીશ, બીજે જવાનો વિચાર પણ છોડી દે, મારા ઘેર તારી ઇચ્છા મુજબ અન્નવસ્ત્રનો ઉપભોગ કરતો રહેજે.

આ પ્રમાણે સમજાવી ‘ મામા ’એ નંદીષેણને પોતાના ઘેર રાખ્યો. વિવાહની આશાથી મામાને ઘેર નોકરની સમાન રહેવા લાગ્યો, એક દિવસ તેના મામાએ પોતાની સૌથી મ્હોટી દીકરીને નંદીષેણ સાથે લગ્ન કરવા માટે કહ્યું. પરંતુ તેણીએ સ્પષ્ટ શબ્દોમાં ‘ના’ કહી દીધી. અને નંદીષેણ સાથે મારા લગ્ન કરશો તો હું મારો પ્રાણ ત્યાગ કરીશ, મામાની પુત્રીના આવા શબ્દો સાંભળી નંદીષેણ અત્યંત દુઃખી થયો, ત્યારે મામાએ તેને કહ્યું કે હે નંદીષેણ ! તું જરા પણ ચિંતા કરીશ નહી. બાકીની છ પુત્રીમાંથી કોઈ પણ એકની સાથે તારા લગ્ન કરાવી આપીશ, પરંતુ દરેક પુત્રીઓને પૂછવાથી બધી જ પુત્રીઓએ નંદીષેણ સાથે લગ્ન કરવાની ‘ના’ કહી. ત્યારે નંદીષેણની આશા

તુટી પડી. ત્યારબાદ તેના મામાએ ધન ખર્ચીને પણ કોઈ કન્યા સાથે પરણાવવાનું આશ્વાસન આપ્યું. પરંતુ હવે નંદીષેણના મનમાં જરાપણ આશા ન હોતી, તેથી ઝેર ખાઇને મરવાનો વિચાર કર્યો, અને કોઇને પણ કહ્યા સિવાય મામાના ત્યાંથી ભાગી છૂટયો.

રખડતો રખડતો નંદીષેણ રત્નપુર નગરની બહાર ઉદ્યાનમાં આવ્યો, લતાઓથી શોભતા વૃક્ષોની જેમ સ્ત્રીઓથી આલિંગિત પુરૂષોને જોઈ નંદીષેણ અધિક દુઃખી થયો, અને ઝાડ ઉપર ગળે ફાંસો નાખી મરવા માટે તૈયાર થયો, જ્યારે ઝાડ તરફ મરવા માટે જઈ રહ્યો હતો, ત્યારે ઝાડની નીચે બિરાજમાન પ્રશમ રસામૃત, સમુદ્રરૂપ, જ્ઞાન-રત્ન નિધાનયુક્ત, તપના તેજથી સૂર્યસમાન, જંગમ તીર્થ સ્વરૂપ, એક મહા મુનિશ્વરને જોયા, મહા મુનિશ્વરના દર્શન થતાંની સાથે જ નંદીષેણને અપૂર્વ પ્રકારનો આનંદ પ્રાપ્ત થયો, મુનિશ્વરને વંદન કર્યું. જમીન ઉપર બેઠો, મુનિશ્વરે જ્ઞાનબળથી તેની ભાવના જાણીને કહ્યું કે હે નંદીષેણ ! દુઃખથી આર્દ્ર બનીને મૂર્ખ ! તું શા માટે મૃત્યુ ઇચ્છી રહ્યો છે.

આવી રીતે મરવાથી પ્રાણીઓ દુઃખથી મુક્ત થતા નથી. દુઃખ અને દુર્ભાગ્યાદિ તો પૂર્વજન્મના અશુભ કર્મોનો વિપાક છે. તું આત્મહત્યા કરીને દુઃખ મુક્ત થવા તૈયાર થયો છે પણ ! નવું દુઃખ શા માટે ઉપસ્થિત કરે છે. અશુભ કર્મના વિપાકને તો કેવલ ધર્મ મટાવી શકે

છે. દૂર કરી શકે છે. દુઃખરૂપ દાવાગ્નિને શાંત કરવા માટે 'ધર્મ' વર્ષા ઋતુના મેઘની સમાન છે. મનુષ્ય રૂપ વૃક્ષનું ફલ 'ધર્મ' છે. અને ધર્મના બે ભેદ છે. ગૃહસ્થ ધર્મ અને સાધુ ધર્મ. પરંતુ બન્નેમાં સાધુ ધર્મ જલ્દીથી ફળ આપનાર બને છે, મુનિના ધર્મોપદેશથી નંદીષેણના ચિત્તને મોહ છોડવા લાગ્યો, તેણે મુનિની પાસે સંયમ અંગીકાર કરવાની ભાવના પ્રગટ કરી.

મુનિએ તેને યોગ્ય જાણી દીક્ષા આપી. નંદીષેણ મુનિએ અગ્યાર અંગનો અભ્યાસ કર્યો. તપદ્વારા લબ્ધિઓની પ્રાપ્તિ કરી, છઠ્ઠ આદિ અનેક તપોદ્વારા કર્મમલને દૂર કરવા લાગ્યા, એક દિવસ વૈયાવૃત્યનું સ્વરૂપ ગુરૂ ભગવંતને પૂછયું ગુરૂ ભગવંતે કહ્યું કે વૈયાવૃત્યને અંતરંગ તપનો પ્રકાર બતાવવામાં આવ્યો છે. તે દ્વારા ઉત્પન્ન થયેલ પુણ્યનો નાશ થતો નથી. શાસ્ત્રાભ્યાસ, તપ અને પરિસહ ઉપસર્ગો સહન કરવા તે બધુ દરેકથી બની શકે છે. પરંતુ વૈયાવચ્ચનું તપ તો કોઈક જ પુણ્યવાન કરી શકે છે.

ગુરૂ મહારાજના વચન સાંભળીને નંદીષેણ મુનિએ વૈયાવચ્ચ કરવાનો અભિગ્રહ ધારણ કર્યો, વૈયાવચ્ચ દ્વારા પૂર્વ જન્મના કરેલા કર્મોનો છેદ કરવા લાગ્યા, એક સમયે 'ઇન્દ્રે' અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકી વિચાર્યું કે ભરતક્ષેત્રમાં સર્વથી વિશિષ્ઠ તપસ્વી કોણ છે? તે વારે નંદીષેણ મહા તપસ્વી જાણી સભામાં નંદીષેણ મુનિશ્વરની 'ઇન્દ્રે'

પ્રશંસા કરી. કોઈ એક દેવથી 'ઈન્દ્રે' કરેલી પ્રશંસા સહન ન થઈ શકવાથી મુનિની પરીક્ષા કરવા માટે દેવલોકમાંથી નીકળીને રત્નપુરમાં આવ્યો.

અસ્વસ્થ એક મુનિને ઉદ્યાનમાં મૂકી બીજા મુનિનું રૂપ ધારણ કરી, નગરની મધ્યમાં આવ્યો, ભૂતાવહ જેવા અને ભિષણ સ્વરૂપવાળા દેખાતા દેવસ્વરૂપ મુનિએ ઉપાશ્રયના દ્વારે આવીને કહ્યું કે નંદીષેણ ક્યાં છે? મહામુનિ નંદીષેણ તેજ વખતે આહાર લાવી ગુરૂ ભગવંતને બતાવી છઠ્ઠ તપનું પારણું કરવા માટે બેઠા હતા, એટલે આવનાર માયાવી સાધુને જોયા નહોતા, જ્યારે માયાવી મુનિની તરફ દૃષ્ટિ ગઈ ત્યારે હાથમાં આહાર માટે લીધેલો પહેલો કવળ પાત્રમાં પાછો મૂકી માયાવી સાધુને બોલાવવા માટે તેની પાસે જઈને કહેવા લાગ્યા. હે યતિન્દ્ર ! આપ આવો પધારો.

પરંતુ માયાવી સાધુએ નંદીષેણની નિન્દા કરવાની શરૂઆત કરી, કહેવા લાગ્યો કે તારા રાક્ષસી પેટને અભિગ્રહ શું થઈ શકે ? પરંતુ જેમ વડવાનલથી સમુદ્રને કાંઈજ નુકશાન થતું નથી તેમ માયાવી સાધુના કટુ વચનો અને નિન્દાથી નંદીષેણ મુનિને કાંઈજ અસર થઈ નહી. ઉલટું માયાવી મુનિને પ્રસન્ન કરવા માટે તેની નજદીકમાં જઈ કહ્યું કે મારા અકાર્ય માટે મને મિથ્યા દુષ્કૃત હો, હે ક્ષમાસાગર ! આપ મારા અપરાધને ક્ષમા આપશો. પોતાના દુર્વચનથી જરા પણ ચલિત નહી થયેલા નંદીષેણ મુનિને જોઈ પોતાની પ્રતિજ્ઞા તુટી જશે એવી બીક માયાવી સાધુને

સતાવી રહી હતી. ફરીથી તેણે વિચાર કર્યો કે શસ્ત્રના જેવી તીક્ષ્ણ કડવી વાણીથી તેના હૃદયને ઘા મારૂં અને રૂક્ષ ક્રિયારૂપ તેની ઉપર રાખ નાખું.

આ પ્રમાણે વિચારી માયાવી સાધુ બોલ્યો કે હે નીચ! તેં દુર્બલ ગ્લાનની વૈયાવચ્ચ કરવાની પ્રતિજ્ઞા કરી છે. તેનો જરા પણ ખ્યાલ કર્યા સિવાય તું રંકની માફક પેટ ભરવા બેઠો છે. નિર્લજ્જ! તું તો તારૂં પેટ ભરવા બેઠો છે. જ્યારે બહાર તો ભૂખ અને તરસથી પીડિત અતિસારના રોગથી વ્યાપ્ત સાધુ આવેલ છે. નંદીષેણ આહારને પાત્રમાં ઢાંકી વૈયાવચ્ચ કરવાના હર્ષથી પુલકિત બની, પાણી માટે જ્યાં બહાર ગયા ત્યાંજ માયાવી મુનિએ કહ્યું કે શ્રાવકના ઘરનું પાણી નહિ ચાલે. અમોઘ લબ્ધિ-વડે નંદીષેણ મુનિએ શુદ્ધ પાણીની પ્રાપ્તિ કરી લીધી, ત્યાંથી નીકળીને બન્ને જણા દુર્બળ ગ્લાન અને રોગીષ્ટ મુનિની પાસે આવ્યા. ત્યાં તો બન્ને જણાએ નંદીષેણ મુનિને કડવા વચનોની ઝડી વરસાવવા માંડી. હું રોગથી પિડાઉં છું જ્યારે તું તો તારૂં પેટ ભરવા બેઠો હતો. શું તું મને મારી નાખવા માગે છે? શા માટે મોડું કર્યું? તારી સાધુતાને તથા વૈયાવચ્ચની પ્રતિજ્ઞાને ધિક્કાર છે. તારૂં મુખ જોવામાં પણ ભયાનક પાપ છે.

હે નિર્દય! તું મારી સામેથી દૂર ભાગી જા, તું તો કાગડાથી પણ ખરાબ સ્વભાવનો છે. તારાથી પ્રતિજ્ઞાનું પાલન કેમ થઈ શકે? નંદિષેણ મહામુનિએ કહ્યું કે મને

ક્ષમા કરો, આપ શાંત થાવ, હું આપને હમણાં જ સ્વસ્થ કરૂં છું. આ પ્રમાણે કહી પોતે માયાવી સાધુને પાણી પીવડાવી હાથનું આલંબન આપી કહ્યું કે હે સાધો! આપ ઉઠો, હું હવે આપને સ્થાનમાં લઈ જાઉં. ગ્લાન-મુનિએ કહ્યું કે પાપી! તું મને જોઈ શકતો નથી. કે હું ચાલી શકું તેમ નથી.

તારી વૈયાવચ્ચનું પાલન કરવું અતિ કઠણ છે. તેનો ક્રોધ જોઈને નંદિષણ મુનિએ પોતાના ખભા ઉપર તે માયાવી મુનિને બેસાડી જલદી ચાલવા માંડયું. ત્યાં ફરીથી માયાવી સાધુએ નિન્દા શરૂ કરી કે નીચ! પવનની જેમ ઝડપી ચાલ કેમ ચાલે છે? ધીમે ધીમે ચાલ, નંદિષેણ મુનિ ધીમે ધીમે ચાલવા લાગ્યા, માયાવી સાધુએ નંદિ-ષેણના ખભા ઉપર વિષ્ટા કરવા માંડી, કહ્યું કે તું શા માટે અટકતો અટકતો ચાલે છે? તું ધીમે ધીમે કેમ ચાલે છે? માયાવી સાધુને જલ્દીથી સ્થાનમાં લઈ જવાની ચિંતામાં નંદિષેણ મહામુનિ વ્યગ્રતા અનુભવતા હતા.

નંદિષેણ મુનિ પોતાની પ્રતિજ્ઞાના પાલનને માટે વિષ્ટાને ચંદન તથા ખરાબ વચનોને હિતશિક્ષા તરીકે માનવા લાગ્યા, 'ઈન્દ્રે' અવધિજ્ઞાનથી નંદિષેણ મુનિના ચિત્તને વિશુદ્ધ સમજીને પુષ્પવૃષ્ટિ કરી, માયાવી મુનિએ પણ ક્ષમા યાચના કરીને કાંઈક માગવાનું કહ્યું. તે વારે નંદિષેણ મુનિ બોલ્યા કે સર્વ પ્રકારના કલ્યાણને આપવા-

વાળો ધર્મ મને મલી ચુકયો છે. તો તેથી વધારે મને શું જોઈએ ?

બાર હજાર વર્ષનું નિરતિચાર તપ કરી, અનશન ગ્રહણ કર્યું, અન્ત સમયે પોતાના દુર્ભાગ્યનું સ્મરણ થયું. તે સમયે "આ તપના પ્રભાવથી હું ઘણી સ્ત્રીઓનો ભર્તાર બનું" આ પ્રમાણે નિયાણું બાંધી કાળધર્મ પામી દેવલોકમાં ઉત્પન્ન થયા, ત્યાંથી ચ્યવીને હે રાજન્ ! તપ અને ત્યાગથી સ્ત્રીવલ્લભવસુદેવ તમારા પુત્રપણે ઉત્પન્ન થયેલ છે.

અન્ધકવૃષ્ણિએ સમુદ્રવિજયને રાજગાદી ઉપર પ્રતિષ્ઠિત કરીને પોતે વ્રતને ગ્રહણ કર્યું. ભોજવૃષ્ણિએ પણ તેમનું જ અનુકરણ કર્યું. બન્ને જણાએ કલ્યાણ માર્ગની સાધના કરી, ભોજવૃષ્ણિનાં પૂત્ર ઉગ્રસેન મથુરામાં રાજા બન્યા, તેમને ધારિણી નામે રાણી હતી. રાજાએ એક દિવસ બહાર જતી વખતે માસોપવાસી મુનિશ્વરને જોયા, મુનિશ્વરને અભિગ્રહ હતો કે માસક્ષમણના પારણે એક જ ઘેર જે કાંઈ આહાર મળે તેનાથી પારણું કરવું. બીજા ઘેર જવું નહિ.

આ પ્રમાણે દર મહીને એક ઘેરથી જે કાંઈ મળે તે આહાર લઈને પારણું કરતા હતા. ઉગ્રસેન રાજાએ માસોપવાસી મુનિવર્યને વિનંતિ કરી કે હે મહાતપસ્વી યતિન્દ્ર ! આ માસક્ષમણના અંતે આપ મારા ત્યાંથી આહાર ગ્રહણ

કરીને પારણું કરો, પરંતુ સંયોગવશાત્ રાજા આ વાતને માસક્ષમણના પારણા વખતે ભૂલી ગયો.

મુનિશ્વર ઉગ્રસેન રાજાના મહેલમાં જઈને ગોચરી વિના આશ્રમમાં જ પાછા ફર્યા, અને બીજા માસ-ક્ષમણની શરૂઆત કરી, રાજાને વાત યાદ આવી અને પશ્ચાતાપ કર્યો, ફરીથી પારણા માટે રાજાએ મુનિશ્વરને આમંત્રણ આપ્યું. ફરીથી રાજા પણ ભૂલી ગયો. ભાવી કર્મના ઉદયથી તપસ્વીને ક્રોધ આવ્યો, "તપના પ્રભાવથી મરીને રાજાને મારવાવાળો થાઉં." એવું નિયાણું બાંધી અનશન કરી મૃત્યુ પામી ઉગ્રસેન રાજાની રાણી ધારિણીના ઉદરમાં ગર્ભપણે તે જીવ ઉત્પન્ન થયો. ધારિણી રાણીને પોતાના પતિનું માંસ ખાવાનો દોહદ ઉત્પન્ન થયો, તેણીએ રાજાને વાત કરી, રાજાએ મંત્રીઓને વાત કરી, મંત્રીઓએ બુદ્ધિપૂર્વક રાજાને એક જગ્યાએ એકાંતવાસમાં રાખ્યો, અને સસલાના માંસને લાવી ધારિણી રાણીને આપ્યું. ધારિણી રાણીનો દોહદ પૂર્ણ થયો, પતિના માંસ ભક્ષણથી બેહોશ બનેલી 'રાણી' શુદ્ધિમાં આવી ત્યારે પતિ મૃત્યુના આઘાતથી અતિ કલ્પાંત કરવા લાગી, અને મરવા માટે તૈયાર થઈ.

મન્ત્રિઓએ તેને આશ્વાસન આપ્યું. અને કહ્યું કે આજથી સાતમા દિવસે રાજા તમોને મલશે, આ પ્રમાણે સાતમા દિવસે તેણીને રાજાના દર્શન થયા, મોટો મહોત્સવ કરાવ્યો, ગર્ભાવાસ સમય પૂર્ણ થયેથી મૂલ નક્ષત્રમાં

ચંદ્રમાનો યોગ પ્રાપ્ત થયે છતે પોષ માસના કૃષ્ણ પખવાડીઆની ચતુર્દશીની રાત્રીને સમયે વિષ્ટિયોગમાં તેણીએ પુત્રને જન્મ આપ્યો.

પતિના માંસ ભક્ષણના દોહદથી જ ધારિણી તે ગર્ભથી ગભરાવા લાગી, અગાઉથી જ તેણીએ એક કાંસાની પેટી તૈયાર કરાવી રાખી હતી, તેમાં તરત જન્મેલા બાળકને મૂકી પોતાની તથા રાજાના નામની મુદ્રિકા મૂકી પેટીને રત્નોથી ભરી દીધી, અને દાસી દ્વારા જમુના નદીમાં પેટીને તરતી મૂકી દીધી. અને રાજાને કહેવડાવ્યું કે પુત્રનો જન્મ થતાંની સાથે જ પુત્ર મૃત્યુ પામ્યો છે. સુભદ્ર નામના રસવણિકે યમુનાનાં જલમાં વહેતી પેટીને જોઈ બહાર કાઢી, પેટીને ખોલીને જુએ છે તો તેમાં ઉગતા સૂર્યના જેવો તેજસ્વી બાળક જોયો, અને મુદ્રિકાના ઉપરના નામ વાંચી રસવણિક આશ્ચર્ય અનુભવવા લાગ્યો.

પેટી સહિત બાળકને વણિક ઘરે લાવ્યો, પોતાની પત્નિ "નિન્દુ" ને પ્રેમથી પુત્રના સ્વરૂપે સમર્પણ કર્યો, તે બન્ને જણાએ તે બાળકનું નામ "કંસ" રાખ્યું. પૂણ્યના યોગે બાળક દૂધ, દહીં, ઘી આદિનો આહાર કરતો મોટો થવા લાગ્યો, કુમારાવસ્થામાં કલહ પ્રેમી 'કંસ' બીજા બાળકોને મારવા લાગ્યો, જેથી લોકો તેના પાલક માત પિતાને ઠપકો આપવા લાગ્યા, જ્યારે તે દશ વર્ષનો થયો ત્યારે કુમાર વસુદેવનો અત્યંત પ્રિય મિત્ર બન્યો, તમામ પ્રકારની ક્રીડાઓ, કલાઓ શિક્ષણ વિગેરે બન્ને

જણા સાથે જ શિખ્યા, બન્ને જણા યૌવનાવસ્થાએ આવીને ઊભા.

વસુરાજાના મરણ બાદ તેનો પુત્ર બૃહદ્ધ્વજ નામનો પુત્ર ભાગીને મથુરા નગરીમાં ચાલ્યો ગયો હતો, તેને રાજગૃહમાં પોતાનું રાજ્ય સ્થાપન કર્યું. તેની સન્તાન પરંપરામાં અપ્રતિરથ અને બૃહદ્રથ નામના રાજાઓ અનુ-ક્રમે થયા, તેમનો પુત્ર ત્રિખંડ ભરત ક્ષેત્રનો અધિપતિ પ્રતિવાસુદેવ અલંઘ્ય અનુશાસનવાળો 'જરાસંઘ' નામે થયો, એક વખત તેણે દૂત દ્વારા સમુદ્રવિજય રાજાને હુકમ કર્યો કે વૈતાઢ્ય પર્વતની નજીકમાં શ્રી સિંહપુર નગરના નાયક 'સિંહ સ્વરૂપ' સિંહરથ, રાજવીને બાંધી મ્હારી સમક્ષ હાજર કરો, જો તમો તેને બાંધીને લાવશો તો તમને મારી જીવયશા પુત્રી તથા એક સમૃદ્ધ નગરી આપીશ. જરાસંઘનો આદેશ અતિદુષ્કર હોવા છતાં કાર્ય કરવા માટે વસુદેવ તૈયાર થયા, સમુદ્રવિજયના રોકવા છતાં પણ અતિ આગ્રહી વસુદેવે મોટી સેના સહિત સમુદ્ર-વિજયની આજ્ઞા લઈ પ્રયાણ કર્યું.

વસુદેવ ઝડપી પ્રયાણ કરીને શત્રુની સીમા સુધી આવી પહોંચ્યા, સિંહ સમાન બલવાન સિંહરથ રાજા પણ સામે આવ્યો, બન્ને સેનાઓ વચ્ચે તુમુલ યુદ્ધ થયું. સમુદ્રના તરંગોની જેમ વિજયલક્ષ્મિ પણ ચંચળ બની ગઈ. વિજયમાળા કોના કંઠ શોભાવશે તે પણ મુશ્કેલ હતું.

બન્ને જણાએ વિજયમાલા પરિધાન કરવા અથાગ પ્રયત્નો આદર્યા, કંસ સારથી વસુદેવે સિંહરથને મારવાની ઈચ્છાથી બાણો વડે ઢાંકી દીધો. રથથી ઉતરીને 'કંસે' ચક્રથી પાપડની જેમ સિંહરથ રાજાને કચડી નાખ્યો, અને ઉઠાવી પોતાના રથમાં નાંખ્યો, વિજયલક્ષ્મિને પ્રાપ્ત કરી.

વસુદેવ શૌર્યપુર આવી ગયા, સિંહરથ રાજાને બંધનાવસ્થામાં સમુદ્રવિજયની આગળ હાજર કર્યો. સમુદ્રવિજયે એકાંતમાં વસુદેવને કહ્યું કે નિમિત્તિઆઓએ જરાસંઘની પુત્રી જીવયશાને નિર્લક્ષણા બતાવી છે. તે પિતાના તથા શ્વસુરના કુલનો નાશ કરવાવાળી છે. જરાસંઘ તારા કાર્ય ઉપર પ્રસન્ન થઈને તને આપવા માટે તૈયાર થશે. માટે આવી લક્ષણ વિનાની કન્યા ન લેવી પડે તેનો ઉપાય શોધી કાઢજે, વસુદેવે કહ્યું કે સિંહરથ રાજાને 'કંસે' બાંધેલ છે. માટે તે કન્યા 'કંસ'ને જ આપવી જોઈએ,

રાજાએ કહ્યું કે 'કંસ' વણિકપુત્ર છે. તે કેવી રીતે જરાસન્ધની કન્યા સાથે લગ્ન કરી શકે? 'હા, પણ શુરવીરતાથી ક્ષત્રિયની જેમ જ દેખાય છે, ત્યારે વસુદેવે કહ્યું કે તમે તે વણિકને બોલાવી સૌગંદ પૂર્વક પૂછો કે તે પુત્ર કોનો છે? રાજાએ રસવણિક સુભદ્રને બોલાવી પૂછવાથી વણિકે કંસની સામે પત્રિકા તથા બન્ને મુદ્રિકાઓ બતાવી શરૂઆતથી બનેલી તમામ હકીકત કહી સંભળાવી, રાજાએ નિશ્ચર્ય કર્યો કે 'કંસ' ઉગ્રસેન રાજાનો પુત્ર છે.

માટે જ આટલો શૂરવીર છે. તેમાં જરા પણ શંકા નથી. કંસની સાથે સમુદ્રવિજયે રાજગૃહી જઈને 'કંસ'ની વિરતાનું વર્ણન કર્યું.

બંધનાવસ્થામાં રહેલા સિંહરથ રાજાને જરાસંઘને સમર્પણ કર્યો, જરાસંઘે પોતાની પુત્રી જીવયશાનું લગ્ન 'કંસ'ની સાથે કર્યું. પિતાની ઉપર ક્રોધાવેશ આવવાથી જરાસંઘ તરફથી મળેલું સૈન્ય પોતાની સાથે લઈને 'કંસ' મથુરા આવ્યો, 'કંસે' શનિની જેમ પિતાના પ્રત્યે ક્રોધ પ્રગટ કર્યો, કેમકે પૂર્વે કરેલા કર્મ અવશ્ય ફલ સ્વરૂપે ભોગવવા પડે છે. પોતાના પિતાને બલવાન્ સમજી કંસે છળકપટ વડે કારાગારમાં નાખ્યા, કંસને અતિમુક્તાદિ ભાઈઓ હતા, તેમાં પિતાનું દુઃખ સહન ન કરી શકવાથી અતિમુકતે પ્રવ્રજ્યા ગ્રહણ કરી, રસવણિક સુભદ્રને શૌર્ય-પુરથી બોલાવી કંસરાજાએ કૃતજ્ઞતાપૂર્વક સુવર્ણાદિ બહુ-મૂલ્ય વસ્તુઓવડે સત્કાર કર્યો. ધારિણીએ એકાંત સ્થાનમાં પોતાના પતિને છોડી દેવા માટે પુત્રને ખૂબ જ સમજાવ્યો, પરંતુ કંસ કાંઈપણ સમજ્યો નહી અને ઉગ્રસેન રાજાને પણ બંધનમુક્ત કર્યા નહિ.

જરાસંઘ પાસેથી સત્કાર પામીને સમુદ્રવિજય પોતાના નગરમાં આવ્યા, ભાઈની સાથે આનન્દપૂર્વક રાજ્યલક્ષ્મીનો ઉપભોગ કરવા લાગ્યા, વસુદેવને યૌવનાવસ્થામાં જોઈને તથા પૂર્વભવના તપના પ્રભાવથી મેળવેલી (ખરીદેલી) સૌભાગ્ય-લક્ષ્મી અધિક પ્રમાણમાં વૃદ્ધિ પામી, વસુદેવની વધતી

જતી સૌંદર્યતાથી લોકો તેને ચન્દ્ર, અશ્વિનીકુમાર, સૂર્ય, કામદેવ, નલકુબેર, સુધારસ, આદિની ઉપમાઓ આપવા લાગ્યા, ઉગ્ર હોવા છતાં પણ રાજા વસુદેવને સ્વચ્છન્દતાપૂર્વક વિહરવા દેવા લાગ્યા, વસુદેવ પણ મિત્રોની સાથે ઉદ્યાનોમાં જઈ અનેક પ્રકારની ક્રીડાઓ કરવા લાગ્યા.

ઉદ્યાનમાં આવતા જતાં વસુદેવને જોઈ નગરની યુવતિઓ અત્યન્ત મુગ્ધ બની કાર્યો છોડી તેના તરફ દોડવા લાગી, વળી વસુદેવને જોવા ઉત્સુક બનેલી સ્ત્રીઓ, આભૂષણોનો ભાર ન લાગતો હોય! તેમ આભૂષણોનો ત્યાગ કરી દોડવા લાગી છતાં પણ વસુદેવને જોઈ શકતી નહિ. ત્યારે પોતાના વિશાલ સ્તન અને નિતમ્બ પ્રદેશની નિન્દા કરતી. આ'ઓ' આ'ઓ' દોડો દોડો, ત્રણે લોકને મોહિત કરનાર રૂપને જુઓ.

આ પ્રમાણે નગરમાં ચારે તરફ સ્ત્રીઓનો કોલાહલ મચી ગયો, કેટલીક મુગ્ધાઓ વસુદેવને જોવા માટે પોતાના સંતાનને ભૂલી વાંદરાના બચ્ચાને કમ્મર ઉપર બેસાડી દોડતી લોકોમાં હાંસીરૂપ બની, મંત્રથી મુગ્ધ બનેલી હોય તેવી રીતે નગરની મુગ્ધાઓ પોતાના ઘર કામ છોડી દઈ વસુદેવના રૂપને નીરખવા માટે પાછળ પાછળ ભટકવા લાગી, આ પ્રમાણે સમુદ્રવિજયના નાના ભાઈ હોવા છતાં મોટાભાઈની સમાન વસુદેવે અખંડિત સુખનો ઉપભોગ કરવા માંડયો.

એક દિવસ નગરના મોટા મોટા મહાજન ભેગા

થઈને સમુદ્રવિજયની પાસે આવ્યા, અને નિવેદન કર્યું કે નિષ્પાપ, કુલિન, સ્વભાવથી નિર્મલ, હોવા છતાં પણ વસુદેવના સૌન્દર્યે નગરની તમામ સ્ત્રીઓના ચિત્તને સમુદ્રના તરંગોની જેમ ડોલાયમાન કર્યું છે. જાણે કે સ્ત્રીઓ ઠગાઈ ન હો ? વાગ્બદ્ધ ન હો ? દાસી ન હો ? ખરીદેલી ન હો ? ભૂત ન હો ? આકર્ષણ મંત્રથી આકર્ષાયેલી ન હો ? એવી રીતે માર્ગમાં જતા આવતા કુમાર વસુદેવને જોઈ પાગલ ( ગાંડીતૂર ) બની જાય છે. વધારે તો હમો તમને શું કહીએ ? સ્વપ્નમાં પણ એ સ્ત્રીઓ વસુદેવ જુએ છે અને પથારીઓ છોડીને ચાલી જાય છે, સૌભાગ્યકોશથી ભરપુર એવા વસુદેવને જોઈ રતિ–કામને, ગૌરી–શંકરને, અરૂન્ધતી–વશિષ્ઠને પણ છોડી દેવા તૈયાર થઈ શકે છે. માટે આ પ્રમાણે વસુદેવથી કદાચ અમારી સ્ત્રીઓ અપહરણ થઈ જાય તો હમે બધા શું બ્રહ્મચર્યનું પાલન કરીએ કે વનમાં ચાલ્યા જઈએ ? હવે તો બીજો કોઈ ઉપાય દેખાતો નથી.

રાજાએ મહાજનને આશ્વાસન આપી કહ્યું કે હું કુમારને રોકીશ, તમે ચિન્તા કરશો નહિ, પરંતુ તમારી અને મારી વાત કુમારને કોઈ કહેશો નહિ. રાજાઓની રાજ્યલક્ષ્મી જનતાને અનુકુળ અને વશીભૂત હોવી જોઇએ, એ પ્રમાણે વિચારી સમુદ્રવિજયે દેવદુર્લભ, પ્રાણપ્રિય બન્ધુ વસુદેવના સુખપૂર્વકના સ્વેચ્છા વિહારને રોકવાની વાત કરી, સત્કારપૂર્વક મહાજનોને વિદાયગીરી આપી.

॥ ચોથો સર્ગ સંપૂર્ણ ॥

# સર્ગ ૫

સમુદ્રની ગંભીરતાથી પણ અધિક ગંભીરતાને ધારણ કરવાવાળા સમુદ્રવિજય રાજવી પ્રાતઃકાલના કાર્યથી પરવારીને વસ્ત્રાભૂષણોથી અલંકૃત બનીને ઈન્દ્રનીસમાન પોતાની રાજ-સભામાં બેઠા હતા, તે સમયે વસુદેવ નમસ્કાર કરવા માટે રાજસભામાં આવ્યા, રાજાએ પ્રેમથી પોતાની પાસે લઈને કહ્યું કે વત્સ ! પૂર્ણચંદ્રમાની સમાન સુંદર કાન્તિવાળા તમે આમ તેમ શા માટે ફરીને તમારા શરીરને અને કાંતિને નિસ્તેજ બનાવો છો, માટે તમો મારી પાસે રહો. દીવસના સૂર્યના પ્રચંડ તાપમાં ક્યાંય જશો નહી. કરેલા વિદ્યાભ્યા-સનું ચિંતન તથા નવીન કલાઓનું અધ્યયન કરવું જોઈએ, કલાવિંદોની સાથે વાદવિવાદ કરવામાં તમોને ખૂબ જ આનંદ આવશે. ચન્દ્રિકા અને અમૃતની જેમ મારી આંખોને તારા મૂખ ચન્દ્રમાંથી પરમપ્રીતિ પ્રાપ્ત થશે.

વિનયિ અને સરલ એવા વસુદેવે પ્રકૃતિથી અથવા અંગમરોડ દ્વારા પણ કોઈપણ પ્રકારનો અવિનય કર્યા સિવાય રાજાની વાણીનો સ્વિકાર કર્યો.ભાઈના મહેલમાં રહેતા વસુદેવ અનેક પ્રકારના કુતુહલદ્વારા આનંદ કરવા લાગ્યા, કલાઓનો અભ્યાસ કરતા ઘણા દિવસો વ્યતિત થયા.

એક દિવસ કુબ્જિકા નામની માલણને કુમારે પૂછ્યું કે આ સુગંધિત પુષ્પો તથા દ્રવ્યો કોના માટે લાવી છે?

માલણે કહ્યું કે હે કુમાર ! શ્રી શિવાદેવીએ મહારાજાશ્રી સમુદ્રવિજયના માટે આ મોકલાવેલ છે.

"આ વસ્તુઓ મારા માટે પણ છે." આ પ્રમાણે બોલી કુમારે તે વસ્તુઓ માલણના હાથમાંથી ઝુંટવી લીધી. ચીડાઈને માલણે કહ્યું કે "તમારા આવા કાર્યોથી કંટાળીને રાજાએ તમને વાંદરાંની માફક નિયંત્રણમાં રાખ્યા છે. તે વારે કુમારના પૂછવાથી કરીને માલણે તમામ હકીકત કહી બતાવી, ત્યારે કુમારે વિચાર્યું કે જો રાજાને મારા માટે આવા પ્રકારની ધારણા છે, તો પછી મારે અહીં રહેવું પણ નકામું. છે.

આ પ્રમાણે મનોમન મંથન કરતા કુમારે માલણને વિદાય કરી, દિવસનો નાથ અને જગતને પ્રકાશ આપનાર સૂર્ય સંધ્યાની પેલે પાર નીકળી ગયો હતો, કાજળઘેરી ઘોર અંધકાર રાત્રીએ પોતાનું સામ્રાજ્ય અવનિ ઉપર સ્થાપ્યું હતું તે વખતે વસુદેવ રૂપપરાવર્તની ગુટીકાને મૂખમાં રાખી કોઇ જોઈ ન શકે તેવી રીતે બીજુ રૂપ ધારણ કરીને નગરમાંથી પ્રસ્થાન કર્યું.

નગરબહાર સ્મશાનમાં જઈને વસુદેવે અર્ધ સળગેલા લાકડાની એક ચિતા બનાવી એક અનાથ શબને અગ્નિસંસ્કાર કરી ચિતાની બળેલી રાખની શાહી બનાવી પત્ર ઉપર લખ્યું કે—

**"લોકોએ મોટાભાઇની પાસે મારા ગુણો ને દોષ રૂપ વર્ણવ્યા છે, માટે જીવવા કરતાં મરવું વધારે શ્રેષ્ઠ**

**છે. આ સમજી હું અગ્નિમાં બળી મર્યો છું. મારો દોષ હોય અથવા ન પણ હોય તો પણ મારા મોટા ભાઇ તથા સમસ્ત નાગરિકો મને ક્ષમા કરજો.”**

આ પ્રમાણે પત્ર ઉપર લખીને કપડાની સાથે એક થાંભલા ઉપર લબડાવી દીધું. પોતે સ્મશાનમાંથી ઔષધીના બળે બ્રાહ્મણનું રૂપ ધારણ કરી જુદા રસ્તે ચાલી નીકળ્યા.

પ્રાતઃકાળે રાજમહેલમાં તથા આજુબાજુ વાસુદેવને નહી જોવાથી દાસીઓએ રાજાને વિનંતિ કરી કે હે રાજન્ ! સુકુમાર વસુદેવને આપે રાતના કયાંય જવા માટે આજ્ઞા આપી છે કે ? મહેલમાં, બીજી જગ્યાઓમાં,વિરામસ્થાનોમાં, મિત્રોના ઘરમાં, કોઈ પણ જગ્યાએ તેઓ જોવામાં આવતા નથી. વિનયિ અને ચતુર એવા કુમાર વસુદેવ રાત્રીના કયાંય જતા નથી. કોઈપણ મનુષ્યની તાકાત નથી કે તેમનું હરણ કરી શકે ? માનો યા ન માનો પણ તેમના મનોહર ગુણોની ગંધ કોઈ દેવ ગાન્ધર્વોને આવી હોવી જોઈએ અને તેમને સુતેલા જોઈ તેઓ તેમનું હરણ કરી ગયા લાગે છે.

પ્રાણથી પણ અધિક પ્રિય પોતાના નાનાભાઈની વાત સાંભળી રાજા સમુદ્રવિજય અત્યંત દુઃખી થયા, મૂર્ચ્છિત બનીને જમીન ઉપર ઢળી પડયા, શીવાદેવી આદિને ખબર પડી. રાજાને શીતોપચાર કરી શુદ્ધિમાં લાવ્યા, મંત્રિઓએ આવી સમુદ્રવિજય રાજવીને ધીરજ આપી કહ્યું કે હે રાજન્ ! વિષ્ણુના સમાન પરાક્રમવાળા આપના ભાઈને દેવ, દાનવ માનવ કાંઈજ કરી શકતા નથી, કામદેવની સમાન

અત્યંત કામકલા પ્રેમી પોતાની ઈચ્છાથી નગરમાં અથવા નગરની બહાર કયાંય ફરતા હશે, હજુ પ્રાતઃકાળ હમણાં જ થયો છે. થોડીવાર પછી હે રાજન્! આપ્તજનોને નગરમાં અને નગર બહાર મોકલી તપાસ કરાવીએ, મન્ત્રીઓની વાતને બધાએ સંમતિ આપી.

રાજાએ સૂર્યોદય બાદ એક પ્રહર વ્યતિત થયા બાદ આપ્તજનોને તપાસ કરવા માટે મોકલ્યા, હાથી, ઘોડા રથ વિગેરે ઉચિત વાહનો પર બેસીને તે લોકો નગરમાં અને નગરની બહાર કુમાર વસુદેવને શોધવા લાગ્યા, કોઈ જગ્યાએ વસુદેવનો પત્તો ન લાગવાથી કલાન્ત રૂદયે રાજાની પાસે પાછા આવી પોતાનો વૃત્તાંત કહેવા લાગ્યા.

તે વખતે કુમાર વસુદેવનો એક મિત્ર એક વનમાંથી બીજા વનમાં શોધતો શોધતો સ્મશાનમાં આવી પહોંચ્યો, ત્યાં સળગતી ચીતા જોઈને થાંભલા ઉપર બાંધેલા વસ્ત્ર ઉપર નજર ગઈ, તેની સાથે બાંધેલાં પત્રને છોડી વાંચી મિત્રનું મૃત્યુ જાણી રોતો રોતો રાજા પાસે આવ્યો, વાત કરી અને પત્ર આપ્યો, રાજાએ રૂંધાતા કંઠે પત્ર વાંચી યાદવોની સભામાં લખાણ વંચાવ્યું, અને કહ્યું કે વસુદેવ કેટલો સ્વમાની અને કોમલ હૃદયવાળો છે, હે બંધુ! તેં આ શું કર્યું. તું તો કોળાના કોમળ ફળ કરતાં પણ અત્યંત કોમળ નીકળ્યો, તારૂં પરાક્રમ બતાવતા પહેલાં જ તેં તો તારા પ્રાણ છોડી દીધા, વડીલો તથા નાગરિકો તરફ ક્ષમાપના કરીને, લખીને તેં તો અગ્નિ પ્રવેશ કર્યો. તમે

તો તમારી તથા રાજ્યકુલની અને નગરજનોની કીર્તિને પ્રદર્શિત કરી છે.

હે બંધુ! આજ તમારા વિના સામ્રાજ્યની તથા રાજ્યકુલની શોભા અસ્ત પામી ગઈ છે. તારા વિના સૌભાગ્ય ચાલ્યું ગયું છે. કરૂણા ક્ષીણ થઈ ગઈ છે. ગુરૂતા નષ્ઠપ્રાય: બની ગઈ, વિનય વિવેક તો ભાગી ગયા છે, ક્ષમા તો દેખાતી જ નથી, સર્વે કલાઓ નષ્ટપ્રાય: થઈ ગઈ, હમારી સાથે તમારા સિવાય પુણ્ય પણ રહેવા તૈયાર નથી, તમારી ઉપર હે કુમાર! અતિશય પ્રેમ હોવાથી વિનિતતા, સુજનતા, નીતિ, સત્ય, આ બધું હોવા છતાં પણ પ્રિય અને મિષ્ટ વચનો તમારી સાથે જ ચાલી ગયાં છે. કુલનારીઓ નગરની યુવતિઓ, તમારૂં સ્મરણ કરીને ચોધાર આંસુએ રડી રહી છે, પરંતુ તમારી કીર્તિ તમારા વિના શોકરહિત બનીને સમસ્ત વિશ્વમાં વધી રહી છે.

પણ હાય! આજે સમસ્ત જગત જિર્ણોદ્યાનની જેમ મને આનંદ આપી શકતું નથી, વિશ્વરૂપ મહેલના મુકુટના મણીની જેમ આપણો હરિવંશ છે. તેમાં તમો અતિશય ગુણવાન ધજાના વસ્ત્ર સમાન હતા, આજે તે હરિવંશ તમારા વિના નિસ્તેજ અને શોભારહિત બન્યો છે.

હું નિર્ભાગ્ય ધુરંધર મૂર્ખ છું, કે માતાપિતાની પ્રિય થાપણ તથા ગુણ અને લાવણ્યના ખજાનારૂપ નાના સુકુમાર ભાઈ વસુદેવને સાચવી શકયો નહિ.

આ પ્રમાણે નાના ભાઈના અનેક ગુણોનું સ્મરણ

કરતાં બીજા નાના ભાઈઓની સાથે હૃદયમાં શોકને ધારણ કરતાં સમુદ્રવિજય રાજા ચોધાર આંસુઓ વડે રોવા લાગ્યા, રાજાના રોવાનો અવાજ સાંભળી વસુદેવના આકસ્મિક મૃત્યુના બનાવથી નાગરિકો પણ શોકાતુર બની બોલવા લાગ્યા કે "આજે હમારા સૌભાગ્યનો સમુદ્ર સુકાઈ ગયો, કલાકોશ ખલાસ થઈ ગયો, વસન્તના ચંદ્રમાનું તથા કામદેવનું સામ્રાજ્ય વધી ગયું. આજે સ્ફટિક રત્ન સમાન શૃંગાર રસ ભંગાર બનીને ફુટી ગયો, જેમ શેરડીમાંથી રસ ચાલ્યો જાય છે તેન સંસારમાંથી સાર ચાલી ગયો, અને અસારતા વધી ગઈ છે, પરસ્ત્રીસહોદરરૂપ કુમારની વાતમાં થોડાક દોષોને જોતાં અમો તે દોષો રાજાને બતાવી કુમારના મૃત્યુમાં કારણરૂપ બન્યા.

આ પ્રમાણે પશ્ચાતાપ રૂપ વિલાપ કરતાં લોકો ક્ષણ માત્ર તો નિશ્ચેતન બની ગયા, કુમાર વસુદેવના સમાચાર જાણી નગરની સ્ત્રીઓ અત્યન્ત શોકાતુર અને કલાન્ત ચિત્તવાલી બની જમીન ઉપર આળોટવા લાગી, દુઃખાબ્ધિને દૂર કરવા માટે પોતાના બન્ને હાથો ઉંચા કરી, વાળને છૂટા મૂકી, ભૂતાવળ સમાન દેખાવા લાગી.

હે કામદેવને લજ્જાળુ બનાવનાર ! નાથ ! સૌભાગ્ય સુંદર ! ફરીથી આપનું દર્શન ક્યારે થશે ? આ પ્રમાણે ઉંચા અવાજે આંસુઓથી કપડાંને ભીંજાવતી વિલાપ કરવા લાગી, જેના અવાજથી જાણે કે પત્થર પણ રોવા લાગ્યા, અને વજ્ર પણ જીર્ણ થવા લાગ્યું.

આ પ્રમાણે શૌર્યપુર કરૂણરસથી વ્યાપ્ત બની ગયું. થોડા એક માણસો તો કલ્પાંત કરતાં કરતાં મરણને શરણ બન્યા, ઘણાએક પ્રજાજનો તપ તથા ક્રિયા કરવા લાગ્યા. મોટા મોટા વિદ્વાનોથી પ્રતિબોધિત બની અન્તમાં સંસાર અસાર છે તેમ ઘણા માનવા લાગ્યા, સંયોગ અને વિયોગ એક બીજાની પાછળ રહેલા છે અને બન્ને દુઃખના કારણ રૂપ છે, એમ જાણી યાદવોની સાથે વસુદેવનું મૃત કાર્ય પતાવી વસુદેવના ગુણોને સંભારતા શોકમુક્ત બની પોતાના રાજ્યપાલનાદિ કાર્યમાં ઓતપ્રોત બન્યા.

ફરીથી દોષરહિતપણે, ક્ષત્રિય મર્યાદાસંપન્ન, સજ્જન-રૂપ ચક્રવાક પ્રત્યે પ્રીતિવર્ધક શૌર તેજ વધવા લાગ્યું.

## વસુદેવનું વર્ણનઃ-

રાત્રી પૂર્ણ થયા બાદ શંકા, સંતાપ, અને દુઃખરહિત-પણે સુકુમાર વસુદેવ સીધા માર્ગે ચાલ્યા જતા હતા, એટલામાં રથમાં બેસીને પોતાના પીયર જતી કોઈ સ્ત્રીએ પોતાની માતાને કહ્યું કે માતાજી ! વધારે દૂર જવા માટે માર્ગમાં ચાલતા અને થાકેલા બ્રાહ્મણને આપણા રથમાં બેસાડી લો કે જેથી અનાયાસે મળેલા લાભથી પુણ્યની પ્રાપ્તિ થાય, તે વૃદ્ધાએ પણ પુત્રીનું કહ્યું માનીને બ્રાહ્મણને રથમાં બેસાડી પોતાના ગામ આવી, કુમાર પણ ત્યાં સ્નાનાદિ ક્રિયાથી નિવૃત્ત થઈ, ભોજન કરી સાંજના યક્ષ-મંદિરે ગયો. ત્યાં લોકોના મુખથી એવું સાંભળ્યું કે વસુદેવ ચિતામાં બળી મર્યા છે. અને યાદવોએ તેની મૃતક્રિયા

કરી લીધી છે, સંતોષી અને મજબુત મનના વસુદેવે રાત્રી ત્યાં જ પસાર કરી.

સવારના કૌતુક જોવાની ઇચ્છાથી પૃથ્વી ઉપર પરિભ્રમણ કરવાની ભાવનાપૂર્વક ત્યાંથી નીકળીને 'વિજયખેટ' નગરમાં ગયા, ત્યાં સુગ્રીવ રાજાની અદ્‌ભૂત ગુણોથી યુક્ત શ્યામા તથા વિજયસેના નામની બે કન્યાઓને કલાયુદ્ધમાં જીતીને તે બન્નેની સાથે લગ્ન કરી, રતિ પ્રીતિની સાથે ક્રીડા કરતા કામદેવની જેમ અનેક પ્રકારની ક્રીડાઓને કરતા વસુદેવ ઘણા લાંબા સમય સુધી સુખપૂર્વક રહ્યા.

સેનામાં સંજયની જેમ, વિજય સેનામાં શૂરવીરતાથી ક્રૂર બનેલા હોય તેમ 'અક્રુર' નામના પુત્ર રત્નની પ્રાપ્તિ થઈ, કર્મથી પ્રેરિત વસુદેવ ત્યાંથી નીકળીને સિંહોની ગર્જનાથી ગાજતા ભયંકર જંગલમાં આવી પહોંચ્યા, પાણી પીવાની ઇચ્છાથી જલાવર્ત નામના સરોવરમાં પાણી પીવા માટે ગયા, એટલામાં એક પહાડ સમો પડછંદ શ્યામવર્ણવાળો ગજરાજ દોડતો દોડતો વસુદેવ તરફ આવ્યો, હાથીની કલામાં નિપુણ એવા વસુદેવ સિંહની જેમ તેની ઉપર ચઢી ગયા, મહા મુશ્કેલીથી ન જીતી શકાય તેવી વસ્તુને કલા પારંગતો ક્ષણ માત્રમાં જીતી શકે છે.

અર્ચિંમાલી તથા પવનંજયનામના બે વિદ્યાધરોએ પોતાના સ્વામિના હુકમથી વસુદેવનું હરણ કરી, કુંજરાવર્ત નામના ઉદ્યાનમાં લઈ જઈ મૂકી દીધા, તે ઉદ્યાનમાં અશનિવેગ નામના વિદ્યાધર પતિએ સુંદર અંગોવાલી શ્યામા

નામની પોતાની કન્યા સાથે વસુદેવનો વિવાહ કર્યો. શ્યામાના વિણાવાદનથી પ્રસન્ન થયેલા વસુદેવે વરદાન માગવાનું કહ્યું. તેવારે શ્યામાએ કહ્યું કે "**હંમેશને માટે આપણે સાથે જ રહીએ**" એક બીજાનો વિયોગ ન થવો જોઈએ, આ પ્રમાણે શ્યામાના વચન સાંભળી વસુદેવ બોલ્યા કે હે શ્યાંમા ! આવું વરદાન માંગવાનું કારણ શું ? ત્યારે શ્યામાએ કારણ બતાવ્યું કે—

વૈતાઢ્ય પર્વત ઉપર કિન્નર ગીત નામના નગરમાં અર્ચિમાલી નામના વિદ્યાધર રાજા હતા, તેમને જ્વલનવેગ અને અશનિવેગ નામના બે પુત્રો હતા, અર્ચિમાલીએ જ્વલનવેગને રાજ્ય આપી સંયમ અંગિકાર કર્યો, જ્વલન-વેગને વિમલા નામે અત્યંત પ્રેમાળ અને ગુણવંતી રાણી હતી, અંગારક નામે પુત્ર હતો, અશનિવેગને સુપ્રભા નામે પત્ની હતી, અને શ્યામા નામની હું તેમની પુત્રી છું. જ્વલનવેગ યુવાન રાજાને રાજ્ય આપી સ્વર્ગે ગયા, સહજ શત્રુ અંગારકે થોડાક દિવસો પછી વિદ્યાબલે કરી કૂટનીતિથી પિતાનું રાજ્ય લઈ લીધું. રાજ્ય વિહોણા મારા પિતાજી અષ્ટાપદ ઉપર ચાલી નીકળ્યા, ત્યાં તેમણે અંગિરસ નામનાં ચારણ મુનિને ફરીથી રાજ્ય પ્રાપ્તિને માટે પૂછ્યું. તેવારે મુનિએ કહ્યું કે તમારી પુત્રી શ્યામાના પતિના વૈભવથી ફરીથી પ્રાપ્ત થશે. જે કોઈ જલાવર્ત સરોવરના હાથીનો નિગ્રહ કરશે તે જ શ્યામાનો પતિ થશે.

સાધુના વચન ઉપર વિશ્વાસ હોવાથી મારા પિતાજી

અહીંઆ રહેવા લાગ્યા, અને દરરોજ બે વિદ્યાધર એમને તપાસ માટે મોકલવા લાગ્યા, હાથીને વશ કરી તેના ઉપર બેઠેલા આપને જોઈ તે બન્ને વિદ્યાધરો આપને અહીંઆ લઈ આવેલા છે. અને આપની સાથે મારા લગ્ન પિતાજીએ કર્યાં છે. પહેલાના વખતમાં ધરણેન્દ્ર અને નાગેન્દ્ર વડે અહીંઆ એવી વ્યવસ્થા કરાયેલી છે. જીનમંદિરની સમીપમાં સ્ત્રી સહિત રહેલા કોઈને પણ મારવા નહી. જો મારશે તો તે વિદ્યાધરની વિદ્યા ચાલી જશે. અને અવિદ્યાધર હશે તેની પાસે તે વિદ્યા આવશે. એટલે જ સ્વામિન્! મેં આપની પાસે 'અવિયોગ'નું વરદાન માંગ્યું છે. અહીંઆ રહેવાથી દુષ્ટ એવો અંગારક આપને કાંઈ નહિ કરી શકે. આ વૃત્તાંત જાણીને વસુદેવ ત્યાં જ રહેવા લાગ્યા.

એક કાજળઘેરી કાળરાત્રીએ દુષ્ટ અંગારકે વસુદેવનું હરણ કર્યું. જ્યારે શુદ્ધિમાં આવ્યા ત્યારે વિચાર્યું કે કોણ મારૂં હરણ કરે છે? પછી જ્યારે આંખ ઉઘાડીને વસુદેવ જુએ છે તો શ્યામા સમાન મૂખ જોઈને ઓળખે છે. પાછળથી 'ઉભો રહે' ઉભો રહે, બોલતી હાથમાં તલવારને ધારણ કરવાવાળી, મૂખરૂપી ચંદ્રમાંથી આકાશમાં પ્રકાશ કરવાવાળી શ્યામાના જેવી જ બીજી શ્યામાને જોઈ શ્યામાના રૂપમાં રહેલા અંગારકે તેણીના બે ટુકડા કરી નાખ્યા, બે શ્યામાઓને લડતી જોઈ વસુદેવ સમજી ગયા કે આ માયા છે. વસુદેવે અંગારકને જોરથી મૂઠી મારી, મારથી ત્રાસી ગયેલા અંગારકે વસુદેવને આકાશમાંથી છોડી દીધા, વસુદેવ

પક્ષીની જેમ આકાશમાંથી ચમ્પાપુર નગરની બહારના સરોવરમાં આવીને પડયા, હંસની જેમ સરોવરની બહાર આવી નજીકમાં આવેલા વનમાં મણિદિપક ચૈત્યમાં પ્રવેશ કર્યો, મહાતીર્થ સમજી ભક્તિભાવથી નમ્ર બનેલા વસુદેવે વાસુપૂજ્યસ્વામિને હર્ષથી નમસ્કાર વંદન કર્યું. કૃતાર્થ બની ત્યાંથી નીકળીને બાકી રહેલી રાત્રી વીતાવી, સૂર્યોદય થતાની સાથે એક બ્રાહ્મણની સાથે ચમ્પાનગરીમાં આવી પહોંચ્યા.

નગરમાં ઠેકઠેકાણે ગાંધર્વલોકથી આવેલા હોય તે પ્રમાણે નગરના યુવાન પુરૂષોને હાથમાં વીણા લઈને ફરતા જોયા, વસુદેવના પૂછવાથી બ્રાહ્મણે કહ્યું કે સાક્ષાત્ કુબેર સમાન ચારૂદત્ત નામે નગર શ્રેષ્ઠિ છે. જેમ રત્નાચલને રત્નની કીંમત નથી, સમુદ્રને પાણીની કીંમત નથી, તેવી જ રીતે ચારૂદત્ત શેઠને ધનની કોઈ કીંમત નથી. અઢળક ધન સંપત્તિ ચારૂદત્ત શેઠના ચરણમાં આળોટે છે. તેને ગાન્ધર્વસેના નામે એક પુત્રી છે. અત્યંત વિનય ગુણની ખાણ સમાન છે. સકલ કલાઓની અધિષ્ઠાત્રિ સમાન છે. રૂપમાં તો જાણે ઈન્દ્રાણી, અપ્સરાઓ અને વિદ્યાધર પત્નિઓ તેની આગળ દાસી તુલ્ય અને શ્યામ જણાય છે. પદવાકય પ્રમાણ શાસ્ત્રમાં પોતે અધિક પ્રસિદ્ધ થઈ ચૂકેલી છે.

ગાંધર્વકલામાં તો સરસ્વતી સમાન છે, તેણીની ગાંધર્વકલાને જીતવામાં અસમર્થ એવી સરસ્વતી હાથમાં

વિણા અને પુસ્તક લઈને ફરી રહેલી છે, તેણીની પ્રતિજ્ઞા છે કે જે કોઈ પુરૂષ ગાંધર્વ વિદ્યામાં મને જીતે તે જ મારો ભર્તાર બને, એટલા માટે અહીંના સમસ્ત યુવકો તથા બહારના દેશોમાંથી આવેલા યુવકો ગાંધર્વ વિદ્યાભ્યાસ કરતા નજરે દેખાય છે.

સુગ્રીવ તથા યશોગ્રીવ નામના બે ગાંધર્વ પંડિતોની સામે દરેક મહીને પરીક્ષા લેવામાં આવે છે. આજ સુધી જેટલા યુવકો પરીક્ષામાં બેઠા છે એટલા તમામ યુવકો પરીક્ષામાં પરાજિત બનેલા છે બ્રાહ્મણે આ પ્રમાણે કુમાર વસુદેવને સઘળો વૃત્તાંત કહીને પોતાના નગર તરફ પ્રયાણ કર્યું.

કાંઈક નાવિન્ય કરી બતાવવાની ઈચ્છાવાળા વસુદેવે મૂખમાં ગુટીકા રાખી, જેના પ્રભાવથી તે જ વખતે કુબ્જ વામન બ્રાહ્મણનું રૂપ ધારણ કરી, વિશેષ ગુણવાન સુગ્રીવ નામના ઉપાધ્યાયના પગ પકડીને હાથ જોડી વસુદેવે પ્રાર્થના કરી કે હે પંડિતવર્ય ! હું ગૌતમગોત્રમાં ઉત્પન્ન થયેલો સ્કન્દિલ નામનો બ્રાહ્મણ છું. ગાંધર્વ સેનાની ઈચ્છાથી આપની પાસે ગાંધર્વ વિદ્યા શિખવા માટે ઘણા દૂર દેશાં-તરથી હું આવ્યો છું. તો આપશ્રી મને આપનો શિષ્ય બનાવશો, એવી મારી વિનંતિ છે.

ઉપાધ્યાયજીને ખુબ જ આજીજી કરવાથી ઉપાધ્યાય-જીએ પોતાની સાથે રહેવા માટે પરવાનગી આપી. ઉપા-ધ્યાયજીને મૂર્ખ બનાવવા માટે ગધેડાના જેવા અવાજથી

ગાવા લાગ્યા, વીણાને ઉલ્ટી પકડી, તુંબડામાં પગ ભરાવી તંતીને જોરથી ખેંચી કે જેથી દંડ તૂટી ગયો. સુંદર એવી ગાન્ધર્વ વિદ્યાની કુબ્જ વામનના રૂપમાં રહેલા વસુદેવે ખુબ જ નિન્દા કરી અને પોતાની પ્રશંસા અનેક પ્રકારથી કરવામાં લીન બની ગયો. સર્વ વિદ્યાર્થીઓમાં અવેતન હાસ્યાસ્પદ બન્યો. હસવાનું અને આનંદનું પાત્ર માની સર્વ વિદ્યાર્થીઓએ તેનું ગૌરવ કર્યું. વાદનો દિવસ આવ્યો. બન્ને ઉપાધ્યાયોની સામેના આસનો ઉપર નગરના અને બીજા દેશોમાંથી આવેલા તથા ગાંધર્વ વિદ્યામાં પારંગત વળી ગાંધર્વસેનાને હરાવવાની ઇચ્છાવાળા વિદ્યાર્થીઓ આવીને વિનયપૂર્વક બેસવા લાગ્યા.

સ્કંદિલ પણ લાંબા સમયથી ગાન્ધર્વસેનાને પરાજિત કરવાની ઈચ્છાથી વિદ્યાર્થીઓથી હાંસીપાત્ર બનીને, સુગ્રીવ ઉપાધ્યાયની સ્ત્રી વડે સ્નેહપૂર્વક બહુમૂલ્ય વસ્ત્રોથી સુસજ્જિત, નેપથ્યધારી, ચંદન આદિના વિલેપનથી ચર્ચિત, પુષ્પ-માલાથી શોભિત, અલંકારોથી અલંકૃત રથમાં બેસીને વાદસભામાં હાજર થયો.

‘આઓ’ ‘આઓ’ આજ તમે તમારી વિદ્યાથી અવશ્ય ગાંધર્વસેનાને જીતવાના છો, આ પ્રમાણે બોલતા બધા યુવકો તેની મશ્કરી કરવા લાગ્યા, મોટા મંચ ઉપર કલ્પિત મહાસન ઉપર તેને બેસાડ્યો, અધ્યાપકોએ તથા પંડિતોએ તેનો મોટો સત્કાર કર્યો, સભાની વચમાં, સાહે-લીઓથી શોભતી, સુંદર માળાઓથી યુક્ત, દાસીઓ દ્વારા

જેના ગુણો ગવાય છે તેવી ગાન્ધર્વસેના, ડાબા હાથમાં વિણાને ધારણ કરી, સાક્ષાત્ દેવી સદશ દેખાતી શિબિકામાંથી ઉતરીને સભામાં રત્નાસન ઉપર આવીને બેઠી, ને બ્રાહ્મીની જેમ વીણા વગાડવા લાગી.

ગાન્ધર્વ વિદ્યાના રચયિતા શ્રી ભરતમુનિએ જાણે કે સ્ત્રી રૂપ ધારણ ન કર્યું હોય? તેવાં તે સાક્ષાત્ દેવી સ્વરૂપમાં લાગતી હતી, તેણીની વિણાવાદન કલાથી સંતોષ પામેલા અને આનંદિત થયેલા તમામ યુવકોએ તાલીઓ પાડી તેણીનો જયધ્વનિ પોકાર્યો, તેણીને વિજેતા તરીકે જાહેર કરી, અહો! ગાન્ધર્વસેનાનું વિણાવાદન અદ્ભૂત અને અલૌકિક છે, અમો તમામ 'વાદી'ઓ તેની સામે અમારી 'હાર' કબુલ કરીએ છીએ અને તેણીની જીતને જાહેર કરીએ છીએ.

ત્યારબાદ નગરના અને પરદેશથી આવેલા વિણાવાદનમાં પ્રૌઢ બનેલા યુવાનોએ હસીને વૃષ્ણિનન્દન (વસુદેવ)ને કહ્યું કે કલાપટુ સ્કન્દિલ! ગંધર્વસેનાને જીતવાને માટે તું તારી કલા કેમ નથી બતાવતો, તે લોકોના કહેવાથી વિચક્ષણ શક્તિશાળી વસુદેવે મુખમાંથી ગુટીકા કાઢી પોતે ઈચ્છાનુસાર દેવોથી અને તપોલક્ષ્મીથી પણ અધિક એવા રૂપને પ્રકટ કર્યું.

વિશ્વના લોચનને લોભાવવાને યોગ્ય રૂપ જોઈને, ચન્દ્રમાની જ્યોતિ સદૃશ રૂપ જોઈને, ક્ષીરસાગરના ખાબોચીઆની જેમ ગન્ધર્વસેના ક્ષોભિત બની ગઈ,

અભિમાન રહિત આશ્ચર્યથી ચકિત સભાજનો પણ અરે આ કોણ છે ? શું કોઈ દેવ છે ? શું કોઈ અસુર છે ? આ પ્રમાણે તર્ક વિતર્ક કરવા લાગ્યા.

વસુદેવે વિણાની માંગણી કરી, બધા સભાજનો પોતપોતાની વિણા આપવા તૈયાર થયા, પરંતુ વસુદેવે દરેક વિણાને ખામી ભરી બતાવી, ત્યારબાદ ગાન્ધર્વસેનાએ પોતાની મણીમય વિણા વસુદેવને આપી, તે વિણાનો સ્વિકાર કરી કુમારે કહ્યું કે સુભ્રુ ? બોલો શું ગાઉં ? ત્યારે ગાન્ધર્વસેનાએ કહ્યું કે નવમચક્રી મહાપદ્મના મોટાભાઈ મહામુનિ શ્રી વિષ્ણુકુમારના ત્રિવિક્રમ કથા ચરિત્રનું વર્ણન કરો. સભા સમક્ષ વસુદેવે વીણા વગાડવાનું અને ચરિત્રનું વર્ણન શરૂ કર્યું.

આ જંબુદ્વીપના પૂર્વવિદેહમાં સુકચ્છ વિજય દેશમાં શ્રીનગર નામે નગર છે. લક્ષ્મીથી કુબેર સમાન ત્યાં પ્રજાપાલ નામના રાજવી રાજ્ય કરે છે. એકદા રાજાએ વિદ્યુત્નો ઉત્પાત જોયો, અને રાજ્ય ઉપરથી વૈરાગ્ય ભાવ ઉત્પન્ન થયો. સમાધિગુપ્તર્ષિની પાસે પ્રવજ્યા ગ્રહણ કરી. લાંબા કાળ સુધી તપસ્યા કરીને કાલધર્મ પામી અચ્યુતેન્દ્ર થયા.

આજ જંબુદ્વીપના ભરતક્ષેત્રના હસ્તિનાપુર નામના નગરમાં ઇક્ષ્વાકુ વંશમાં વિલાસના ઘર સમાન પદ્મોત્તર નામે રાજા હતો. ઇન્દ્રની પત્નિ સમાન તેને જ્વાલા નામની

પટ્ટરાણી હતી, તે રાણીએ સિંહના સ્વપ્નથી સુચિત વિષ્ણુ-કુમાર નામના પ્રથમ પુત્રરત્નને જન્મ આપ્યો.

તે પ્રજાપાલ રાજાનો જીવ અચ્યુત દેવલોકમાંથી ચ્યવીને ચૌદ મહાસ્વપ્નોથી ચક્રવર્તિના વૈભવને બતાવવા વાળો મહાપદ્મ નામે જ્વાલાદેવીના બીજા પુત્ર રત્નપણે ઉત્પન્ન થયો. અનુક્રમે બન્ને ભાઈઓ મોટા થવા લાગ્યા, સર્વ પ્રકારની કળાઓ શીખ્યા, તેમાથી સૌથી મોટાભાઈ ધીર, ઉદાર અને સંપૂર્ણ અંગોપાંગ વિકસિત દેહવાળા, શાંત, રસ નિમગ્ન, કામ ક્રોધાદિ અંતર્વૈરીને જીતવામાં ઉદ્યમવંત બન્યા. રાજા પદ્મોતરે વિજિગીષુ ગુણોથી યુક્ત મહાપદ્મને યુવરાજ પદે સ્થાપ્યા.

અવન્તિ નગરીમાં શ્રી વર્મા નામે રાજા રાજ્ય કરતા હતા. તેને બુદ્ધિમાનોમાં શિરોમણી નમુચિ નામે મંત્રી હતો, એક વખતે શ્રી સુવ્રતસ્વામીના શિષ્ય આચાર્ય શ્રી સુવ્રતસૂરિ વિહાર કરતા કરતા તે નગરમાં સમોસર્યા, રાજ-મહેલના ઝરૂખામાંથી રાજા શ્રીવર્માએ સર્વસમૃદ્ધિ સહિત મુનિને વંદન કરવા માટે જતા નાગરિકોને જોયા, રાજાએ મહામંત્રી નમુચિને પૂછયું કે—નગરજનો કયાં જાય છે? મંત્રીએ કહ્યું કે નગરની બહાર આવેલા શ્રમણ ગુરૂદેવને વંદન કરવા માટે જઈ રહ્યા છે, "હે રાજન્! શું આપની ઈચ્છા ધર્મ શ્રવણ કરવાની છે કે? રાજાએ! હા, કહી ત્યાં જવાનો પોતાનો નિશ્ચિત વિચાર કહ્યો ત્યારે મંત્રીએ કહ્યું કે રાજન! આપ માધ્યસ્થ રહેશો. આપની સમક્ષ

તે લોકોને વાદમાં નિરૂત્તર કરીશ, રાજાએ મંત્રીની વાતનો સ્વિકાર કર્યો. રાજા, મંત્રી અને પરિવાર શ્રી સુવ્રતાચાર્યની પાસે આવ્યા, અને વંદના કરી ઉચિત સ્થાને બેઠા.

પ્રસંગોપાત રાજાએ મુનિને ધર્મસ્થિતિ વિષે પ્રશ્ન કર્યો, કાગડાની સમક્ષ હંસ જેમ મૌન સેવે છે. તેમ મુનિએ મૌન ધારણ કર્યું. એટલામાં જૈનોની નિન્દા કરનારો મંત્રી ક્રોધ લાવીને બોલ્યો મુંડ! તું શું જાણે છે? તું તો બે પગવાળો બળદીઓ છે? અનાર્ય મંત્રીને પણ આચાર્ય ભગવંતે કહ્યું કે હે સચિવ! જો તમારો વાદ સાચો હશે તો વૈદની માફક હું તેને માટે પ્રયત્ન કરી તમને શંકામાંથી મુક્ત કરીશ, એટલામાં એક ક્ષુલ્લક મુનિએ આચાર્યને કહ્યું કે હે પ્રભો! આ અભિમાની પંડિતની સાથે હું બોલીશ તે યોગ્ય ગણાશે. આપની સામે હું વાદમાં તેને જીતી લઈશ, તે પૂર્વ પક્ષ કરે હું તેનું ખંડન કરીશ, મંત્રીએ પૂર્વ પક્ષમાં કહ્યું કે "જૈનો પાખંડી અશૌચ હોવાથી દેશવાસને માટે યોગ્ય નથી. તે વારે ક્ષુલ્લક મુનિએ કહ્યું કે વેદમાં કહ્યું છે કે પાણીનો ઘડો, ખાંડણીઓ, પ્રેષણીઓ, ચુલો, પ્રમાર્જની એ પાંચે ગ્રહસ્થને માટે વધસ્થાન છે.

એ પાંચેની જે સેવા કરે છે. તે ત્રયી બાહ્ય છે તેનાથી વર્જિત એવા હમે લોકો ત્રયી બાહ્ય કેમ હોઈ શકીયે? એટલે નિર્દોષ એવા મુનિઓને સદોષ એવા તે લોકોમાં નિવાસ કરવો તે અનુચિત છે. આ પ્રમાણે ક્ષુલ્લક

મુનિની પ્રૌઢ યુક્તિઓથી મૂંગો બની મંત્રી રાજાની સાથે પોતાના નિવાસસ્થાને ગયો. રાક્ષસ સમાન મંત્રી રાતના મુનિઓને મારવા માટે ચાલ્યો, પરંતુ શાસનદેવીએ તેને રસ્તામાં જ સ્તંભિત બનાવી દીધો, સવારના લોકો મંત્રીને સ્તંભિત થયેલો જોઈને આશ્ચર્ય ચકિત બની ગયા, અને રાજાસહિત બધા નાગરિકોએ જૈન ધર્મનો સ્વિકાર કર્યો.

આ પ્રમાણે અપમાનિત થયેલો મંત્રી લજ્જાળુ બનીને રાજ્ય છોડી હસ્તિનાપુર ચાલી ગયો, કેમકે સ્વમાનભંગ માણસોએ સ્થાન છોડી બીજા સ્થાનમાં ચાલ્યા જવું જોઈએ. યુવરાજ મહાપદ્મે તેને પોતાના રાજ્યનો મહામન્ત્રી બનાવ્યો, ત્યારે સિંહબલ રાજાએ મોટી સેના તૈયાર કરી, યુવરાજ ઉપર ચઢાઈ કરી, ક્રોધમાં આવી કુમારે નિયોગીઓને આદેશ આપ્યો કે સિંહબલને પકડીને અહીં લાવો, પરંતુ તે લોકોએ ભયભીત બનીને રાજાને ના, કહી. ત્યારબાદ નમુચિએ કહ્યું કે રાજન્! જો તમારો આદેશ હોય તો હું તેને બાંધીને આપની પાસે લઈ આવું છું; ખૂશી થઈને મહાપદ્મે તેને બીડું આપ્યું. બન્ને પ્રકારે મહાબળવાન નમુચિએ પવન વેગથી આવીને તેના કીલ્લાને તોડી બળથી સિંહબલને બાંધી લાવી યુવરાજને સમર્પિત કર્યો.

કુમારે નમુચિને વરદાન માગવા માટે કહ્યું ત્યારે નમુચિએ કહ્યું કે હે સ્વામિન્! આપ મને ભૂલશો નહી. સમય આવશે ત્યારે હું આપની પાસેથી વરદાન માંગી લઈશ, કુમાર તે મંત્રીની ઉપર સમસ્ત રાજ્યનો ભાર સોંપી અચ્યુતેન્દ્રની માફક રાજ્ય લક્ષ્મીના વિલાસોમાં પોતાના

દિવસો વિતાવવા લાગ્યા, દઢ સમ્યક્ત્વને ધારણ કરવાવાળી કુમારની માતા જ્વાલાદેવીએ નવીન સૂર્યરથની સમાન જૈન રથ બનાવ્યો, મિથ્યાત્વ દ્રષ્ટિવાળી કુમારની પત્નિ લક્ષ્મીદેવીએ સ્પર્ધાવશ બ્રાહ્મ્ય રથ બનાવ્યો, લક્ષ્મીએ રાજાને એકાન્તમાં પ્રાર્થના કરીકે બ્રાહ્મ્ય રથને નગરમાં પ્રથમ ફેરવવો, અને પછી આપની આજ્ઞાથી જૈન રથ પણ ફેરવવો.

જ્વાલાએ પણ રાજાને આજ્ઞા કરી કે "પ્રથમ જૈન રથયાત્રા નહીં કરવામાં આવે તો હું અનશન કરીશ." માધ્યસ્થ વૃત્તિવાળા રાજાએ બન્ને રથયાત્રાઓ બંધ રખાવી. માતાના દુઃખથી દુખિત બનેલો મહાપદ્મ રાજ્ય છોડીને રાતોરાત હસ્તિનાપુરથી ભાગી છૂટચો, ચાલતાં ચાલતાં એક મહા ભયાનક જંગલમાં તેણે પ્રવેશ કર્યો. ફરતાં ફરતાં તેણે એક તાપસ આશ્રમ જોયો, તાપસોએ અતિ સુંદર તેનું આતિથ્ય કર્યું કે જેથી મહાપદ્મ પોતાના ઘરની જેમ રહેવા લાગ્યો.

આ તરફ નામથી અને બલથી કાલરાજાના આક્રમણ કરવા વડે કરીને ચમ્પાનરેશ જનમેજય યુદ્ધમાં હારીને ભાગી ગયા, જંગલના કપાવાથી કરીને જેમ મૃગલાઓ નાસી જાય તેમ અંતઃપુરની સ્ત્રીઓ દશે દિશાઓમાં ભાગી ગઈ, ચંપાનગરીના રાજાની પુત્રી મદનાવલી ભાગ્યવશાત્ તે તાપસાશ્રમમાં આવી ગઈ, કુમાર અને મદનાવલી એક બીજાને જોવાથી પરસ્પર અનુરાગવાળા થયા, કુમાર પ્રત્યે પોતાની પુત્રી મદનાવલીને અનુરાગવાળી જાણી માતા નાગવતીએ સંકેતથી કહ્યું કે—

નિમિત્તિઆના વચનને યાદ કરી તું ચપળતા ન કર ! નિમિત્તિઆઓએ જન્મ સમયે કહ્યું હતું કે છ ખંડ ભરત-ક્ષેત્રના અધિશ્વરનું સ્ત્રી રત્ન તું બનીશ, માટે સ્ત્રીત્વ સુલભ ચપલતાથી કોઈ પુરૂષની સાથે અનુરાગ ન કર, કોઈપણ દિવસ રત્ન મનુષ્યની માંગણી કરે નહીં પણ મનુષ્ય રત્નની માગણી કરે છે. માટે શાંત બની તાપસની જેમ તારે રહેવું જોઈએ, સમય આવે ચક્રવર્તિ તારી સાથે લગ્ન કરશે. વિપ્લવની શંકાથી આશ્રમના કુલપતિએ કુમારને કહ્યું કે હે વત્સ ! તમારું કલ્યાણ થાવ ! તમે જ્યાં જવા માટે ઇચ્છા રાખતા હો ત્યાં જલદીથી પ્રયાણ કરો, તાપસના વચનો સાંભળી વિચાર્યું કે એક સમયમાં બે ચક્રવર્તિઓ સાંભળી શકતા નથી, માટે ભાવીમાં હું અવશ્ય ચક્રવર્તિ થવાનો છું. આ મદનાવળી મારી પત્ની બનવાની છે. એવો નિશ્ચય કરીને ત્યાંથી નીકળીને સિન્ધુ સદન પટ્ટણમાં ગયો, નગરની બહાર ઉદ્યાનમાં સ્ત્રીઓનો વસંતોત્સવ આનંદ પૂર્વક ચાલતો હતો તેના કોલાહલને સાંભળી રાજાનો પટ્ટ-હસ્તિ આલાન સ્તમ્ભને ઉખાડી નાંખી બેફામ મસ્તીએ ચઢયો, ઉપર બેસવાવાળાને નીચે પછાડી મશકની જેમ કચડી નાખ્યા, હાથીનો પ્રતિકાર કોઇ નહી કરી શકવાથી તે હાથી નગરની સ્ત્રીઓને મારી નાખવાની ઇચ્છાથી ઉદ્યાન તરફ ભાગ્યો, પ્રતિકાર કરવામાં અસમર્થ નગરની સ્ત્રીઓ ભયથી વિહ્વલ બની મૂઢની જેમ ઉભી રહી. અને મોટા સ્વરે રોવા લાગી, કુમારે તેમનો સ્વર સાંભળીને નગરની સ્ત્રીઓને બચાવા માટે સિંહની માફક દોડી સિંહનાદથી

હાથીની તર્જના કરી, હાથી પણ રોષમાં આવી કુમારની તરફ દોડયો, સ્ત્રીઓએ બુમરાણ મચાવ્યું કે હમને બચાવવાવાળા કોઈ મહાપુરૂષને હાથી મારી નાખે છે.

ઘણો શોરબકોર સાંભળી નગરજનો પણ આવી પહોંચ્યા. રાજાએ કુમારને આવા પ્રકારના દુઃસાહસથી રોકયો, પરંતુ કુમારે માન્યું નહી. અને રાજાને કહ્યું કે કુલીન પુરૂષો કાર્યને શરૂ કર્યા પછી તે કામને છોડતા નથી. અને વજ્રસાર મુઠીના પ્રહારથી હાથીને માર્યો, જ્યાં કુમારને પકડવા માટે હાથી દોડયો, ત્યાં જ કુમાર ચાલાકી પૂર્વક હાથીની પીઠ ઉપર ચઢી બેઠો અને મંડુકાદિ આસનોથી, ચપેટાથી, પગનાઘાતથી હાથીને વશ કર્યો, લોકોએ મુક્તકંઠે કુમારની પ્રશંસા કરી. રાજાએ રૂપ તથા શૌર્યથી રાજકુમાર માની પોતાની સો કન્યાઓની સાથે તેના લગ્ન કર્યા, હાથણીઓની સાથે રહેતા હાથીની માફક સો સ્ત્રીઓની સાથે સતત ક્રીડાઓને કરતો કુમાર ચિત્તમાં મદનાવલીનું સ્મરણ કરતો હતો, એક દિવસ રાતના પોતાના પલંગ ઉપર સૂતેલા કુમારનું વેગવતી વિદ્યાધરીએ હરણ કર્યું. કુમાર જાગ્રતદશામાં આવ્યા ત્યારે વિદ્યાધરીએ કુમારને સમજાવ્યા, કે આપ ક્રોધ ન કરશો, અને આપશ્રી એકાગ્રચિત્તે મારી વાતને સાંભળો.

વૈતાઢય પર્વત ઉપર સૂરોદય નામે એક સુંદર નગર છે, ઇન્દ્રધનુ નામે વિદ્યાધર ઇન્દ્રની સમાન ત્યાંના રાજા છે.

તેને શ્રીકાન્તા નામે પત્નિ છે. જયચન્દ્રા નામે પુત્રી છે. પોતાને યોગ્ય પતિ નહિ મલવાથી જયચન્દ્રા પુરૂષદ્વેષિણી બની છે. એક દિવસ ભરતક્ષેત્રના તમામ રાજાઓના ચિત્રો તેને બતાવવામાં આવ્યા, તેમાં એક પણ રાજા તેને પસંદ પડયો નહી. બીજે દીવસે મેં આપનું રૂપ ચિત્રમાં દોરીને બતાવ્યું. ચિત્ર દેખતાની સાથે તેણીના ચિત્તમાં કામસંચાર થવા લાગ્યો, તેણીએ નિશ્ચય કર્યો કે હું જો લગ્ન કરીશ તો પદ્મોત્તર પુત્ર મહાપદ્મની સાથે જ કરીશ, નહિતર પ્રાણ ત્યાગ કરીશ, મેં તેણીના માતા પિતાને આપની પ્રત્યેનો અનુરાગ બતાવ્યો, તે બન્નેએ તે કાર્ય માટે અનુમોદન કર્યું. તેમની આજ્ઞાથી હું વેગવતી નામે વિદ્યાધરી વિવાહ માટે આપને ત્યાં લઈ જાઉં છું. માટે આપશ્રી ક્રોધ કરશો નહી.

મહાપદ્મકુમારને સૂરોદયપુરમાં પ્રાતઃકાલ થતાંની સાથે જ વિદ્યાધરીએ શ્રીઈન્દ્રધનુ વિદ્યાધરની પાસે લાવીને મૂકયા, ખેચરેન્દ્ર ઈન્દ્રધનુએ પોતાની પુત્રી જયચન્દ્રાનું પાણીગ્રહણ મહાપદ્મકુમારની સાથે કરાવ્યું. તેણીના વિવાહના સમાચાર સાંભળી જયચન્દ્રના મામાના પુત્ર વિદ્યા તથા બાહુબળના અભિમાની શ્રીગંગાધર તથા મહીધરે જયચન્દ્રાની ઈચ્છાથી મહાપદ્મ ઉપર આક્રમણ કર્યું. સસરાના લશ્કરની સહાયતાથી અને પોતાના પરાક્રમથી તે બન્નેને પરાજિત કરી ભગાડી મૂકયા, અસાધારણ પુણ્યની રાશીએ આપેલી દીવ્યશક્તિવડે હજારો યક્ષોથી સેવાતા, ચૌદ મહાસ્વપ્નોથી,

ચક્રાદિ ચૌદ મહારત્નોથી સેવાતા શ્રી મહાપદ્મ ચક્રવર્તિએ અનુક્રમે છ ખંડ ભરતક્ષેત્રનો વિજયોત્સવ કર્યો, પ્રથમ જોવામાં આવેલ સ્ત્રીરત્ન મદનાવલીને સ્મરણ કરતો ચક્રવર્તિ ફરીથી એ જ તાપસ આશ્રમમાં આવ્યો, તાપસોએ તેનો આદર સત્કાર કર્યો, ફરતાં ફરતાં ત્યાં આવેલા જનમેજય રાજવીએ પોતાની કન્યા મદનાવલી મહાપદ્મ ચક્રવર્તિને આપી, આ પ્રમાણે ચક્રવર્તિની સંપૂર્ણ લક્ષ્મીથી યુક્ત મહાપદ્મ હસ્તિનાપુરમાં આવ્યા, પ્રસન્ન ચિત્તે માતાપિતાને નમસ્કાર કરી, આનંદ પ્રાપ્ત કર્યો. પોતાના ચરિત્રરૂપ અમૃતના સિંચનથી તેમના કર્ણને તૃપ્ત કર્યા.

આ વખતે નમુચિને જીતવાવાળા મુનિસુવ્રત સ્વામિના શિષ્ય શ્રી સુવ્રતાચાર્ય શ્રેષ્ઠ સાધુઓ વડે પરિવરેલાં ત્યાં આવ્યા, સર્વસમૃદ્ધિથી સપરિવાર શ્રીમદ્ પદ્મોત્તર રાજાએ નજીક આવી આનંદપૂર્વક વંદન કર્યું. આચાર્ય ભગવંતે રાજાને સંસ્કારરૂપ મહાભયાનક અટવીમાં પરિભ્રમણ કરવાથી લાગેલા થાકને દૂર કરનારી દેશના આપી, તેઓની દેશનાથી વૈરાગ્યને પ્રાપ્ત થયેલા રાજાએ ગુરૂમહારાજને પ્રાર્થના કરી કે જ્યાં સુધી હું પુત્રને રાજ્યકારભાર સુપ્રત કરીને ન આવું ત્યાં સુધી આપ અન્યત્ર વિહાર ન કરતા. આચાર્ય મહારાજે કહ્યું કે રાજન્! પ્રમાદ છોડીને ઉદ્યમ કરવો જરૂરી છે.

રાજા આચાર્ય મહારાજને વંદન કરી હર્ષોલ્લાસ પૂર્વક પોતાના મહેલમાં આવ્યો, રાજાએ આપ્તજનોને બોલાવી

પોતાના મોટા પુત્ર વિષ્ણુકુમારને પોતાની દીક્ષા લેવાની ભાવના જણાવી અને રાજ્યાસન પર બેસવા જણાવ્યું. વિષ્ણુકુમારે કહ્યું કે તમો બધા મારા કલ્યાણને કરવાવાળા નથી. રાજ્યભાર વહન કરવાથી અનિષ્ઠ અને ભયંકર ભવ–વૃદ્ધિનું કારણ બને છે. મને રાજ્ય જોઈતું નથી, હું તો પિતાજીના માર્ગે જવાનો છું. ત્યારબાદ રાજાએ મહાપદ્મને બોલાવી પોતાનો તથા વિષ્ણુકુમારનો દીક્ષા માટેનો વિચાર જાહેર કર્યો, મહાપદ્મે સમ્મતિ સૂચક મૌન ધારણ કર્યું.

પદ્મોત્તર રાજાએ મહાપદ્મનો ચક્રવર્તિપદ અને રાજ્ય-પદનો અભિષેક કર્યો, મહાપદ્મકુમારે રાજ્યપદને પ્રાપ્ત કરી માતા તરફથી બનાવવામાં આવેલ જૈન રથયાત્રા મહોત્સવ નગરમાં અદ્ભૂત રીતે કર્યો. સુવર્ણ, પુષ્પ વિગેરેથી માતા જ્વાલાદેવીની પૂજા કરીને કહ્યું કે માતાજી! આપ આજ્ઞા આપો કે હું આપનું કયું કાર્ય કરૂં? માતાએ કહ્યું કે હે વત્સ! રથયાત્રાથી વધીને આગળ કોઈ પ્રિય વસ્તુ નથી, તને ધર્મવીર જોઈને મારા મનના મનોરથો પૂર્ણ થયા છે. દાનવીર, યુદ્ધવીર પુત્રોને જન્મ આપવાવાળી માતાઓ ઘણી હોય છે. પણ ધર્મવીર પુત્રને જન્મ આપ-નારી માતા વિરલ જ હોય છે.

રાજાના આગ્રહથી સુવ્રત સૂરિ રથયાત્રાના દિવસ સુધી પદ્મોત્તરાદિ સાધુઓની સાથે ત્યાં જ રહ્યા હતા. ચક્રવર્તિ મહાપદ્મ રાજાએ સ્થાને સ્થાને નવિન જીનમંદિરોથી પૃથ્વીને શોભાયમાન બનાવવાની શરૂઆત કરી, પોતાની,

વંશની અને જિનશાસનની ઉન્નત્તિમાં જ પોતાની પ્રવૃત્તિ ચાલુ રાખી હતી, પદ્મોત્તર રાજર્ષિ ઉત્તમ વ્રતનું સમ્યક્ પ્રકારે પાલન કરી કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરી અંતે સિદ્ધિ-ગતિએ પહોંચ્યા.

તપના પ્રભાવથી વિષ્ણુકુમાર મુનિને વાયુથી પણ વેગવાન, સમુદ્રના તરંગોથી પણ અધિક શક્તિશાળી એવી ઘણી લબ્ધિઓની પ્રાપ્તિ થઈ. તેઓશ્રી લબ્ધિ દ્વારા મેરૂ-પર્વત જેવડું અને પરમાણુ જેવડું પણ શરીર બનાવી શકતા હતા, અત્યંત શક્તિશાળી હોવા છતાં પોતાના તપો-વ્યયના ભયથી અનુચિત સમયે અને સ્થાને પોતાની લબ્ધિનો વ્યય કરતા નહોતા. અને સુવ્રતાચાર્ય સહિત ઘણા સાધુ-ઓની સાથે પોતે હસ્તિનાપુર ચાતુર્માસ પધાર્યા, તેઓના આગમનની વાત સાંભળી મન્ત્રી નમુચિને પૂર્વનું વૈર યાદ આવ્યું અને બદલો લેવાની ઇચ્છાથી મહાપદ્મ રાજાને કહ્યું કે યુવરાજ પદના વખતે આપે જે વરદાન આપ્યું હતું તે વરદાન મને હવે જોઈએ છે. તો આપશ્રી મને આપશો.

કેમકે સત્પાત્રમાં રાખેલી વસ્તુ યુગના અંતમાં પણ વિનાશ પામતી નથી. રાજાએ વરદાનમાં માંગવાનું કહ્યું. નમુચિએ વરદાનમાં રાજ્યની માંગણી કરી.

સત્યવાદી રાજાએ નમુચિને રાજ્ય આપી દીધું. અને પોતે અન્તઃપુરમાં જઈને યોગીની જેમ નિષ્ક્રિય બનીને રહેવા લાગ્યા.

જ્યારે નમુચિનો રાજ્યાભિષેક થયો તે સમયે શ્વે-

તાંબરો સિવાય તમામ પ્રજા એકત્રીત થઇ હતી, બધા જ આવ્યા પણ શ્વેતાંબરો નહિ આવવાથી ક્રોધિત થયેલા નમુચિએ સુવ્રતાચાર્યની પાસે જઈને કહ્યું કે અરે! લોક-વ્યવહારથી અજ્ઞાત! તપોવનની રક્ષા પણ રાજા જ કરે છે. તપસ્વીઓની પણ રક્ષા રાજા કરે છે. માટે તપસ્વી-ઓએ પણ રાજાના અભિષેક સમયે આવી મંગલ આ-શિર્વચન અવશ્ય આપવા જોઈએ. અને દરરોજ તપસ્યાનો છઠ્ઠો ભાગ પણ આપવો જોઈએ.

પરંતુ તમે લોકો તે પ્રમાણે નહીં કરતાં નિશ્ચિંત રીતે મારો વિરોધ કર્યો છે. માટે વિરોધી બનીને મારા રાજ્યમાં તમે નહી રહી શકો, જલ્દીથી તમે મારા રાજ્યની હદ છોડીને ચાલ્યા જાવ, જો તમે નહી ચાલ્યા જાવ તો તમોને સર્વને હું મારી નંખાવીશ, આચાર્ય મહારાજે કહ્યું કે અમારો આચાર નહી હોવાથી અમો અભિષેકમાં આવી શકયા નથી. તેમાં વિરોધનું કોઈ કારણ નથી. અમે લોકો સ્વભાવથી જ કોઇના વિરોધી નથી, તેમાં પણ સજ્જનોની રક્ષા કરવાવાળા રાજાની સાથે તો વિરોધ હોઈ શકે જ નહિ, ફરીથી નમુચિએ ક્રોધથી કહ્યું કે હે આચાર્ય! મિથ્યા વચનોના આડમ્બરથી કાંઈ જ વળવાનું નથી.

આઠ દિવસમાં મારા રાજ્યની હદ છોડીને ચાલ્યા જાવ, નહિ જાઓ તો ચોરની જેમ ગુનેગાર માનીને તમોને શિક્ષા કરવામાં આવશે, આ પ્રમાણે કહીને નમુચિ પોતાના સ્થાને ગયો, આચાર્ય મહારાજે પોતાના સાધુઓને કહ્યું કે

પદ્મરાજાના મોટાભાઈ મુનિ છે. જેઓએ ૭ હજાર વર્ષ સુધી ઉગ્ર તપ કરેલ છે. તેઓ હમણાં મન્દરાચલ પર્વત ઉપર છે.

તેમના વચનથી જ નમુચિ શાંત બની શકે તેમ લાગે છે કારણકે તે પણ પદ્મરાજની જેમજ નમુચિના સ્વામી હતા, તેમને લઈ આવવા માટે ચારણ લબ્ધિવાળા સાધુ જ જઈ શકે તેમ છે. કેમકે સંઘના કાર્ય માટે લબ્ધિનો ઉપયોગ કરવામાં કોઈપણ પ્રકારનો દોષ નથી. એક સાધુએ કહ્યું કે હું આકાશમાર્ગે મેરૂ પર્વત ઉપર જવા માટે તયાર છું પરંતુ પાછા આવી શકાય તેમ નથી. માટે આપશ્રી ઉચિત આદેશ આપો, ગુરૂજીએ કહ્યું કે આવવાની ચિન્તા કરતા નહી. વિષ્ણુકુમાર તમોને લઈ આવશે.

તે સાધુ મુનિરાજ ગરૂડવેગે મેરૂ પર્વત ઉપર વિષ્ણુકુમારની પાસે ગયા, સાધુને આવેલા જોઈ વિષ્ણુકુમારે વિચાર કર્યો કે સંઘનું કોઈપણ મહાન કાર્ય આવી પડ્યું છે. માટે જ વર્ષાકાલમાં મુનિરાજ અહીંઆ આવ્યા છે. સાધુએ પોતાનું આવવાનું કારણ બતાવ્યું. અને તરત જ બંને મહામુનિઓ હસ્તિનાપુરમાં આવ્યા. ગુરૂમહારાજને વંદન કરી, સાધુઓની સાથે નમુચિની પાસે ગયા, નમુચિ સિવાય રાજાદિ સર્વે જણાએ વિનમ્રભાવે મુનિઓને વંદના કરી.

વિષ્ણુકુમાર મુનિએ સાધુધર્મના કહેવા મુજબ નમુચિને કહ્યું કે–" આ બધા મુનિઓ કાર્તિક મહીના સુધી

અત્રે રહેવાના છે, સાધુઓ વર્ષાઋતુમાં ઘણા જીવોની ઉત્પત્તિ થાય છે. તમારા શહેરમાં તેઓના રહેવાથી કોઇપણ પ્રકારે તમોને નુકશાન થવાનું નથી. પરંતુ દિનપ્રતિદિન શોભામાં વૃદ્ધિ થવાની છે. ભરતેશ્વરાદિ રાજાઓએ પહેલાના સમયમાં મુનિઓની સેવા કરી હતી, તો તમો ઓછામાં ઓછું રહેવા પુરતી તો જગ્યા આપો, નમુચિએ જવાબ આપ્યો કે તમો અધિક પ્રયાસ ન કરશો, હું કોઇપણ પ્રકારે તેઓને અહીંઆ રહેવા દઈશ નહિ. ત્યારે વિષ્ણુકુમારે કહ્યું કે તેઓને ઉદ્યાનમાં રહેવા જગ્યા આપો.

વિષ્ણુકુમાર મુનિની શક્તિને નહી જાણતો નમુચિ બોલ્યો કે નીચ! ગરીબની માફક જગ્યાની માંગણી શા માટે કરે છે. શ્વેતાંબરોને માટે મારા રાજ્યમાં સ્થાન નથી. તમને જીવવાની ઇચ્છા હોય તો મારા રાજ્યમાંથી ચાલ્યા જાવ, નહિતર સર્વેનો વધ કરીશ, નમુચિની વાણી સાંભળી વિષ્ણુકુમાર મુનિને ભયંકર ક્રોધ આવ્યો. પરંતુ પોતાના મુખના ભાવમાં જરા પણ ફેરફાર ન કરતાં કહ્યું કે હે સચિવ! ઓછામાં ઓછી ત્રણ ડગલાં ભૂમિ આપ, ત્યારે નમુચિ જગ્યા આપવા માટે તૈયાર થયો, અને કહ્યું કે ત્રણ ડગલાં ભૂમિની બહાર કોઈ સાધુ આવશે તો હું મારી નાખીશ.

ત્યારે વિષ્ણુકુમાર મુનિએ કહ્યું કે—' અસ્તુ, ત્રણ પાદ ભૂમિ આપો, આ પ્રમાણે બોલી વિષ્ણુકુમાર મુનિએ પોતાની લબ્ધિવડે શરીરને મોટું બનાવ્યું, ધનુષ્ય, વજ્ર, તલવારને

હાથમાં ધારણ કરી, મુગટ, કુંડલ અને માલાઓથી વિભૂષિત પગના પછાડવાથી કરીને ભૂમિને ધ્રૂજાવતા. ફુત્કારના અવાજથી ખેચરોને ધ્રૂજાવતા, તરણાંની માફક પર્વતો પડવા લાગ્યા, દશે દિશાઓમાં હાહાકાર થવા લાગ્યો, ત્રણે લોકમાં મહાભયંકર એવું રૂપ વિષ્ણુકુમાર મહામુનિએ ધારણ કર્યું. ઋષિ મુનિઓ, વિદ્યાધરો વગેરે મહામુનિની પ્રાર્થના કરવા લાગ્યા, વિષ્ણુકુમાર મુનિએ પૂર્વ–પશ્ચિમ સમુદ્રની મધ્યમાં રહેલી ભૂમિ ઉપર પોતાના પગ મૂક્યા, તે વાત જાણી પદ્મરાજ પોતાની બેદરકારીથી ભયભીત બનીને ધ્રુજતા શરીરે મુનિની પાસે આવી હાથ જોડી, નમસ્કાર કરી પોતાના ઉષ્ણાશ્રુથી મુનિશ્વરના પાદનું પ્રક્ષાલન કરતા બોલ્યા કે આપને વિજયી જોઈને સ્વયં મારા પિતાજી અહીંઆ હાજર હોય તેમ મને લાગે છે.

મને આવી ખબર નહોતી કે આ દુષ્ટ મંત્રી શ્રી સંઘનું અને મુનિઓનું આવું ભયંકર અપમાન કરશે. દુષ્ટ મંત્રી મૃત્યુ દંડના દંડથી પણ અધિક દોષિત છે. સજ્જનોના ચિત્તમાં કુતૂહલ ઉત્પન્ન કરતા વિષ્ણુકુમાર મુનિએ પોતાના શરીરને મૂલ સ્વરૂપમાં લાવીને મૂક્યું. વિષ્ણુકુમાર મુનિએ રાજા દ્વારા પ્રબંધ કરાવી નમુચિ મંત્રીને દેશનિકાલ કરાવ્યો, ત્યારથી ત્રણલોકમાં અચ્યુત મુનિ ત્રિવિક્રમ તરીકે ઓળખાવા લાગ્યા.

આ પ્રમાણે સંઘકાર્ય કરીને, તપથી ઘાતીકર્મનો ક્ષય કરીને મહામુનિ વિષ્ણુકુમારે કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરી. અનુક્રમે અઘાતિકર્મનો ક્ષય કરી મુક્તિના પંથે સિધાવ્યા.

મહાપદ્મ ચક્રવર્તિ પણ સંસારથી નિર્વેદ પામીને સુગુરૂ પાસે સંયમ ગ્રહણ કરી કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરી મુક્તિએ ગયા, મહાપદ્મ ચક્રવર્તિ યુવરાજ પદે તથા માંડલિકપદે પાંચસો પાંચસો વર્ષ રહ્યા, ષટ્‌ખંડ સાધવા માટે ત્રણસો વર્ષ, ચક્રવર્તિ પદ ઉપર અઢાર હજાર સાતસો વર્ષ અને સંયમ માર્ગમાં દશ હજાર વર્ષ એ પ્રમાણે ત્રીસ હજાર વર્ષનું આયુષ્ય મહાપદ્મ ચક્રવર્તિએ ભોગવ્યું. પ્રાયઃ તેટલું જ આયુષ્ય શ્રી વિષ્ણુકુમાર મહામુનિએ પણ ભોગવ્યું હતું. " તત્ત્વં તુ કેવલી ગમ્યં "

ત્યારબાદ વસુદેવે કામદેવની સેના સમાન ગન્ધર્વ-સેનાને કહ્યું કે હે કલ્યાણિ ! મારી જેમ તમે પણ તે ચરિત્રને વિણાવાદન દ્વારા કહો. ચતુર હોવા છતાં પણ સાત્વિક ભાવોદયથી કંપિત શરીરવાળી હોવાથી વસુદેવની સ્પર્ધા કરી શકે તેમ નહી હોવાથી ગન્ધર્વસેનાએ સભા સમક્ષ પોતાનો પરાજય સ્વિકારી લીધો, ગન્ધર્વસેનાએ કહ્યું કે આપ વેશાન્તરને ધારણ કરવાવાળા બ્રહ્મા છો ! અથવા ભૂમિલોક ઉપર રહેવાવાળા અદ્‌ભૂત કલાસૃષ્ટા છો ! અથવા ગાંધર્વ સ્વર્ણ નિર્માણ પારદ નારદ છો ! આપની સાથે મારી પ્રતિભા કોઈ દિવસ કામ નહી કરી શકે, આ પ્રમાણે કહેતી ગાન્ધર્વસેનાએ નિઃસંકોચપણે પોતાની જાત અને કુળને છૂપાવવાવાળા વસુદેવના ગળામાં વરમાળા નાંખી.

સભામંડપમાં બેઠેલા તમામ સભ્યો આનંદથી વિભોર

બની ગયા, બન્ને પંડિતો સંતોષ પામ્યા, સભાજનોએ હર્ષથી મોટા અવાજો કર્યા, ચારૂદત્તે બધા વાદીઓને સન્માન પૂર્વક વિદાય કરી, ગૌરવ સહિત વસુદેવને પોતાના મહેલમાં લાવ્યા, વિધિપૂર્વક લગ્ન કરતાં પહેલાં ચારૂદત્તે વસુદેવને પૂછ્યું કે વત્સ! 'કયા ગૌત્રનું નામ બોલીને કન્યાદાન આપું.' વસુદેવે હસીને કહ્યું કે હે તાત! 'આપને જે ઠીક લાગે તે ગૌત્રનું નામ આપશ્રી બોલી શકો છો.' તે વારે શ્રેષ્ઠિએ કહ્યું કે વંત્સ! તમારા હસવાનું કારણ હું સમજું છું કે ગાન્ધર્વસેના વણિકપુત્રી છે. તેમ માની તમો તેનું અપમાન કરશો નહી.

તેણીની વિસ્તૃત કથા હમણાં કહેવાનો સમય નથી પણ સમય આવેથી આપને જરૂર કહીશ, આ પ્રમાણે કહીને ચારૂદત્તે વસુદેવ અને ગાન્ધર્વસેનાના લગ્ન કર્યા, સુગ્રીવ તથા યશોગ્રીવ નામના બન્ને પંડિતોને પણ સંતોષપામી ચારૂદત્તે પોતાની બે પુત્રીઓ શ્યામા તથા વિજયા આપી, ઘણો સમય વ્યતિત થયા બાદ એક દિવસ શ્રેષ્ઠિએ કહ્યું કે હે આયુષ્યમાન્ આજે તમે શરૂઆતથી લઈને આજ સુધીનો ગન્ધર્વસેનાનો વૃતાન્ત સાંભળો—

ઘણા સમય પહેલાં આ નગરમાં ભાનુ નામે ધનાઢય શ્રેષ્ઠિ રહેતો હતો, અઢળક ધનનો માલીક હતો. તેને સુભદ્રા નામે ભક્તિપરાયણ સ્ત્રી હતી, સર્વ પ્રકારની સમ્પત્તિ હોવા છતાં સન્તાન સુખ નહી હોવાથી તેઓ બન્ને અત્યંત દુઃખી રહેતા હતા, સ્ત્રી પુરૂષ બ્રહ્મચર્યનું પાલન કરે તે

વસ્તુ સર્વ શ્રેષ્ઠ છે. પણ જો મૈથુનાદિના સેવન કરવા છતાં વંધ્યત્વની પ્રાપ્તિ થાય છે ત્યારે તે નિંદનીય બને છે.

એક વખતે ભાગ્યવશાત્ ચારણ મુનિને તે બન્ને પતિ પત્નિએ પુત્રને માટે પૂછ્યું ત્યારે 'અવશ્ય પુત્ર પ્રાપ્તિ થશે.' એ પ્રમાણે કહીને મુનિ વિહાર કરી ગયા, અનુકુળ સમયે હૃદયમાં આનંદ આપવાવાળા પુત્રરત્નની પ્રાપ્તિ થઈ, વંશવૃદ્ધિની સાથે વર્દ્ધનાદિ ઉત્સવ કર્યો, બારમા દિવસે તેનું નામ ચારૂદત્ત રાખવામાં આવ્યું. ધાવ-માતાઓથી પાલન કરાતો તે પુત્ર જેમ બગીચામાં વૃક્ષો મોટા થાય તેવી રીતે મોટો થયો, યૌવનાવસ્થાએ પહોંચ્યો. એક દિવસ મિત્રોની સાથે નદીની રેતીમાં સુકવિની સમાન કોઈ વ્યક્તિના પગલાં જોયાં, તે જોયાં અને વિચાર્યું કે જનાર વ્યક્તિની સાથે રહેવાવાળી કોઈ કામિની હોવી જોઈએ, તપાસ કરવાનો નિર્ણય કરી બધા મિત્રો જે બાજુ પગલાં જતાં હતાં તે બાજુએ આગળ વધ્યા, ઘણે દૂર ગયા પછી કેળનું વન દેખાયું. બધા મિત્રો વનમાં ગયા.

ઘણે દૂર સુધી પથરાયેલા વનમાં તપાસ કરતાં વનના મધ્ય ભાગમાં કેળના પાનનું બનાવેલું ઘર જોવામાં આવ્યું, જેની મધ્યમાં પુષ્પશૈયા હતી, તેની સમીપમાં એક વૃક્ષની સાથે લોખંડની ખીલીથી જડાયેલા એક મનુષ્યને જોયો. ચારૂદત્તનું હૃદય દયાથી ભરાઈ આવ્યું, તે પુરૂષને મુક્ત કરવાની ચિન્તા તેના દુઃખી હૃદયને સંતાપી રહેલ હતી, બંધનાવસ્થામાં રહેલા પુરૂષની પાસે તલવાર પડેલી હતી.

ચારૂદત્તે તે તલવારના મ્યાનને ખોલીને જોયું તો તેમાં ત્રણ ઔષધીઓ હતી, ઔષધીઓનો પ્રભાવ અચિન્ત્ય હોય છે તેમ જાણીને એક ઔષધી ઘસીને તેના અંગ ઉપર લગાડવાથી ખીલી નીકળી ગઈ, બીજી ઔષધી ઘસીને લગાડવાથી ઘા રૂઝાઈ ગયો, ત્રીજી ઔષધીએ શ્રેષ્ઠ વૈદ્યની માફક તેને સચેતન બનાવી દીધો, તેણે પ્રાણદાનના ઉપકાર કરવાવાળા ચારૂદત્તની સામે બન્ને સગાભાઈઓ હોય તેવી રીતે પોતાનો સઘળો વૃત્તાંત કહી બતાવ્યો.

શિવમન્દિર વૈતાઢય ઉપર રહેવાવાળા ખેચરાધીશ મહેન્દ્રવિક્રમનો હું પુત્ર છું. મારૂં નામ અમિતગતિ છે. એક વખત મારી પોતાની ઇચ્છાથી ધૂમશિખ અને ગૌરમુંડ નામના મિત્રોની સાથે ક્રીડા કરતા કરતા અમે હિમવંત પર્વત ઉપર ગયા, ત્યાં હિરણ્યરોમ નામના તપસ્વી મામાની સુન્દર અંગોવાળી સુકુમાલિકા નામની પુત્રીને જોઈ. તેના પ્રત્યે અનુરાગ ઉત્પન્ન થવાથી કામાધીન બનીને ઘેર ગયો.

મૂઢ ચિત્તવાળો મને જોઈને મારા મિત્ર દ્વારા પિતાજીએ કારણ જાણી લીધું. તે કન્યાને બોલાવી તેણીની સાથે મારા લગ્ન પિતાજીએ કરાવી આપ્યા, પિતાજીની છત્રછાયામાં અનેક પ્રકારનાં સુખો અમો બન્ને ભોગવતાં હતાં. ભાગ્યવશાત્ ધૂમશિખ સુકુમાલિકા પ્રત્યે અનુરાગી બન્યો, તેઓની ચેષ્ટાઓથી મને ખબર પડી ગઈ, છતાં મિત્ર હોવાથી દાક્ષિણ્યતા વડે મેં તેને રોકયો નહી. અને તેની સાથે અમે અહીંઆ આવ્યા, કેળનું ઘર બનાવી પ્રિયાની સાથે ક્રીડા

કરવા લાગ્યો. મારી આ સ્થિતિ ધૂમશિખે કરી છે, મારી પ્રાણપ્રિયા સુકુમાલિકાનું હરણ કરીને ભાગી ગયો છે.

કોઈ પણ જાતના આપણા સંબંધ નહિ હોવા છતાં એક નાનોભાઈ માની તમોએ મને છોડાવ્યો છે, માટે બોલો હું શું તમારૂં કાર્ય કરૂં કે જેથી આપના ઉપકારનો કિંચિત બદલો વાળી શકું. ત્યારે ચારૂદત્તે કહ્યું કે હે મિત્ર ! તમારા દર્શનથી હું કૃતાર્થ છું. આનંદમાં તલ્લીન છું. ચારૂદત્તના કહેવાથી અમિતગતિ ખેચર પોતાના સ્થાને ગયો, ઉદારચરિત ચારૂદત્ત પણ પોતાના ઘેર આવ્યો.

પિતાજીની આજ્ઞાથી ચારૂદત્તે પોતાના સર્વાર્થનામના મામાની અત્યન્ત રૂપવતી કન્યા 'મિત્રવતી'ની સાથે લગ્ન કર્યા, કેવળ કલાપ્રેમિ હોવાથી આખો દિવસ ફરવામાં, નવિન વસ્તુઓ જોવામાં પેતાનો સમય વિતાવતો હતો, માતાએ ખિન્ન થઈને 'ભાનુ' શ્રેષ્ઠિને કહ્યું કે નાથ ! મુગ્ધ પુત્રને વિષય માર્ગે પ્રવૃત્તિ કરાવો. તેની મનોદશા વિચિત્ર છે. "મેરૂના જેટલી લક્ષ્મી હોય તો પણ નકામી છે." માટે પુત્રને વિલાસમાં અને ઉપભોગના માર્ગે વાળો, ત્યારે શ્રેષ્ઠિએ કહ્યું કે જંગલના પશુપક્ષિઓમે પોતાની સ્ત્રી સાથે ઉપભોગનું શિક્ષણ કોણ આપવા જાય છે.

શેઠાણીના વારંવાર આગ્રહથી શેઠે ચારૂદત્તને ભોજ-નાદિ વિવિધ પ્રકારોથી આકર્ષણ કર્યો, લલિતા નામની કુટ્ટીનીને ભોજન માટે પોતાના ઘેર નિમંત્રણ આપ્યું. ભોજનાદિથી નિવૃત્ત થઇને શેઠે લલિતાને પોતાના પુત્ર-

સંબંધીની હકીકત કહી બતાવી, અને વિષય વિવિધ્ય શિખવવાને માટે વિનંતિ કરી. લલિતાએ શેઠની વાતનો સ્વિકાર કરી ચારૂદત્તને પોતાની સાથે આવવા કહ્યું તે વારે ચારૂદત્તે પિતાને પૂછયું ત્યારે પિતાએ તેને જવા માટે કહ્યું. "પિતાજીની આજ્ઞા શિરોમાન્ય છે." સમજીને ચારૂદત્ત કુટ્ટીનીની સાથે ઉદ્યાનોમાં, સાગરકીનારે, દરરોજ પરિભ્રમણ કરવા લાગ્યો.

એક દિવસ લલિતા કામરાજની સેના જેવી યોગિનીની જેમ પ્રસિદ્ધ, કલિંગ સેનાની પુત્રી વસન્તસેનાના ઘેર ચારૂદત્તને લઈ ગઈ, પહેલેથી જ સંકેત કર્યા મુજબ વેશ્યાએ અત્યન્ત હાવભાવ તથા સ્નેહાદિથી જેમ બારીક વસ્ત્ર શરીરે ચોંટી જાય છે તેવી રીતે દઢરાગ ચારૂદત્તમાં ઉત્પન્ન કર્યો, વૈશ્યામાં ચારૂદત્તને અત્યંત આસક્ત જાણી લલિતા ત્યાંથી નીકળી ગઇ, ભાનુશ્રેષ્ઠિ તથા સુભદ્રાની પાસે આવી સઘળી હકીકત કહી બતાવી, તે બન્ને જણાએ આનંદ પામી લલિતાને પારિતોષિક આપી તેણીને વિદાય કરી.

ખરેખર ! સંસારમાં માતા-પિતાની કેવી કામબુદ્ધિ હોય છે ! કલિંગસેનાએ એક દિવસ એકાન્તમાં પોતાની પુત્રિ વસન્તસેનાને કહ્યું કે વત્સ ! તું તો પોતે કલાઓમાં નિપુણ છે. તો પછી વેશ્યાઓમાં જે વસ્તુની અધિક આવશ્યક્તા રહેલી છે તે વસ્તુ સ્થિતિ હું તને સમજાવું છું તે તું સંભાળ. ગરૂડ પક્ષિઓ જેવી રીતે સર્પ જાતિને ખાય છે. તેવી રીતે વેશ્યાઓએ પણ પોતાનામાં મોહાંધ

બનેલા પુરૂષનું ભક્ષણ (સર્વ લઇ લેવું) કરવું જોઇએ. માતા–પિતાએ ચારૂદત્તને બાર વર્ષમાં સોલ કરોડ સોના-મહોરો ઉપભોગ માટે આપી, જેવી રીતે કવિ રસમય ભાવનાથી એકચિત્ત બનીને કમાણીનો વિચાર નથી કરતા તેવી જ રીતે કામાંધ પુરૂષો પણ કોઈ દિવસ અર્થ-ક્ષયનો વિચાર કરતા જ નથી. માતા–પિતાના મૃત્યુના સમાચાર, વિષયી અને લંપટ ચારૂદત્તના કાનને સ્પર્શ પણ ન કરી શકયા. મૃત્યુ વખતે ભાનુશ્રેષ્ઠિ અને સુભદ્રાએ પુત્ર-વધૂ મિત્રવતીને શિખામણ આપેલી કે જેથી તે કુલીન મિત્રવતીએ થોડુંક ધન ચારૂદત્તને મોકલાવેલું, ત્યારબાદ કલિંગસેનાથી આજ્ઞા અપાયેલી દૂતી ધન લેવા માટે મિત્ર-વતીના દ્વારે ગઈ, મિત્રવતીએ પોતાના શરીર ઉપરના તમામ આભૂષણો ઉતારીને તથા કપાસ કાંતવાના (રેંટી-આદિ) તમામ સાધનો એક પેટીમાં ભરી, તે પેટી દૂતીને આપી, દૂતીએ દ્રવ્યનો અંત આવી ગયો છે જાણીને દયાથી તે પેટી મિત્રવતીને પાછી આપી, અને દૂતિએ જઈને વસન્તસેનાને કહ્યું કે હે માતા! ધન સમાપ્ત થયું છે. હવે ચારૂદત્તને અહીંથી કાઢી મૂકો. દેવતાઓ પણ હિમાદ્રિ-ને છોડી હેમાદ્રિને સેવે છે. તો પછી અર્થ લુબ્ધ ચિત્ત-વાળી વેશ્યાઓને તો કહેવાનું હોય જ નહી ?

ચારૂદત્ત પ્રત્યે અનુરાગવાળી વસન્તસેનાએ તેને છોડ-વાની ના, કહી ત્યારે કલિંગસેનાએ તેનું ખૂબ જ અપમાન કર્યું. અપમાનિત ચારૂદત્ત ત્યાંથી નીકળીને ઘર તરફ ચાલ્યો,

પોતાના જિર્ણ થયેલા મકાનને પણ પોતે ઓળખી ન શકયો, ઘણા દિવસો બાદ ઘર પાસે આવવાથી પોતે પોતાને ભ્રાન્તિમાં છે તેમ માનીને અજાણ માણસની જેમ કોઇ એક ભદ્રપુરૂષને પૂછયું કે આ ઘર કોનું છે? તે પુરૂષે હસતાં હસતાં કહ્યું કે મૂર્ખ! તું શું પરદેશી છે! શું તું નથી જાણતો કે વિશ્વવિખ્યાત ભાનુશ્રેષ્ઠિનું આ મંદિર છે? ચારૂદત્ત મૌન રહ્યો.

તે વારે ભદ્રપુરૂષે કહ્યું કે હે સૌમ્ય! તું સાંભળ, ભાનુશ્રેષ્ઠિનો કુલાંગાર ચારૂદત્ત નામે પુત્ર હતો. વેશ્યાના ઘેર રહીને બાર વર્ષોમાં સોલ કરોડ સોનૈયાનો ઉપભોગ કર્યો, તે પાપીને ખબર પણ નથી કે મારા કુટુંબનું કે મારા ઘરનું શું થયું હશે. તેનું નામ લેવું તે પણ પાપ છે.

આમ કહીને તે માણસ ચાલ્યો ગયો, શોકાતુર ચારૂદત્ત પોતાના ઘરમાં ગયો, મિત્રવતીએ આનંદ અને હર્ષપૂર્વક ચારૂદત્તનો સ્નાન તથા ભોજનાદિથી સત્કાર કર્યો, પૂર્વ દિશાને છોડી સૂર્ય પશ્ચિમમાં જાય છે તો પણ પૂર્વ દિશા તેના પ્રત્યે પ્રેમ રાખે છે. કારણ કે બીજે દિવસે સૂર્ય ત્યાંથી જ જગતને પ્રકાશ આપે છે. તેવી જ રીતે પોતાનો પતિ પોતાને ત્યજી ગયેલ હોવા છતાં પણ મિત્રવતી પોતાના પતિ ચારૂદત્ત પ્રત્યે અનહદ પ્રેમભાવ હૃદય પૂર્વક બતાવે છે. રાત્રિએ ચારૂદત્તના પૂછવાથી મિત્રવતીએ

માતા-પિતાનો સર્વ વૃત્તાંત કહી બતાવ્યો, ત્યારે ચારૂદત્ત શોકાતુર બની રડવા લાગ્યો.

મિત્રવતીએ તેને સમજાવ્યો, અને કહ્યું કે હે આર્ય-પુત્ર! તમે સ્ત્રીની માફક શા માટે રડો છો? કરોડોની સંપત્તિને ઉપાર્જન કરનાર પિતાજીની માફક તમે પણ વૈભવશાળી બની શકો છો, ચારૂદત્તે કહ્યું કે હે કાન્તે! ધન વિના ધનની પ્રાપ્તિ થઈ શકતી નથી. હાથી વડે જ હાથીને વશ કરી શકાય છે, તેમ ધન હોય તો જ ધનની પ્રાપ્તિ થઈ શકે છે. માટે હું તો નિર્ધન છું. તો શું કરી શકું? કોઈ ઉપાય દેખાતો નથી. મારી બુદ્ધિ પણ કેમ કામ કરી શકે!

મિત્રવતીએ કહ્યું કે હે નાથ! તમે ચિન્તામાંથી મુક્ત થાઓ, કુટ્ટીનીએ જે આભૂષણો મને પાછા આપ્યા છે. તે આભૂષણો આપશ્રી લો. અને તેને વેચી નાખી વ્યાપાર કરીને દ્રવ્ય પ્રાપ્તિ કરો, પિતાજીની સમાન પ્રતિ-ષ્ઠિત બનો, પુરૂષાર્થ કરો કે તરત જ લક્ષ્મી તમારી દાસી બનીને તમારા ત્યાં આવશે.

ગૃહલક્ષ્મી મિત્રવતિએ દ્રવ્ય અને પુરૂષાર્થ કરવા માટેની હિંમત આપી એટલે ચારૂદત્તે અવિરત પુરૂષાર્થ કરવા માંડ્યો, ચિત્તની સ્થિરતા પૂર્વક ધંધો કરવા માંડ્યો, પોતાના મામા અને મિત્રવતીના પિતા હોવાથી સસરાની સગાઈએ બન્ને જણાએ કપાસનો ધંધો શરૂ કર્યો, એકદા કપાસની ખરીદી માટે બન્ને જણા ઉશીરાવર્ત નગર ગયા.

ત્યાંથી તામ્રલિપ્તિ નગર તરફ જતી વખતે દાવાગ્નિથી કપાસના બધા જ ગાડા બળી ગયાં, દુર્ભાગી સમજીને મામાએ (સસરાએ) પણ તેને છોડી દીધો. એકલો ચારૂદત્ત અશ્વારૂઢ બનીને પશ્ચિમ દિશા તરફ ચાલ્યો, ભાગ્યવશાત્ અશ્વ પણ રસ્તામાં મરી ગયો.

ચારૂદત્ત પગે ચાલતો ચાલતો ભૂખ, તરસ અને માર્ગના શ્રમથી વ્યાકુલ બની પ્રિયંગુ નગર આવ્યો. બપોરના સમયે બજારમાં ચાર રસ્તા ઉપર ફરતા ફરતા પિતાના મિત્ર સુરેન્દ્રદત્તનો ભેટો થયો, તેઓ ચારૂદત્તને પોતાના ઘેર લઈ ગયા, ભોજનાદિથી તેનો સત્કાર કર્યો, પુત્રની સમાન ચારૂદત્ત રહેવા લાગ્યો, કોઈ એક વણિક પાસેથી વ્યાજે લાખ સોના મહોર લીધી, સાગરદત્તના ના કહેવા છતાં ચારૂદત્તે વહાણો તૈયાર કરી સમુદ્ર માર્ગે પ્રયાણ કર્યું.

ઘણા દિવસોની મુસાફરી બાદ યમુનાદ્વિપ નામના એક બેટ ઉપર ચારૂદત્ત પહોંચ્યો, ત્યાં ક્રયવિક્રયનો વ્યવહાર કરતાં આઠ કરોડ સોનૈયા કમાયો, ખુશી થતો ચારૂદત્ત ત્યાંથી પોતાના દેશ આવવા માટે નીકળ્યો, પરંતુ દુર્ભાગ્ય વશતાથી પીડિત ચારૂદત્તનું વહાણ રસ્તામાં ડુબી ગયું, શુભ પૂણ્યોદયના વિપાકે કરીને તેને એક લાકડું મલ્યું જેના આધારે ચારૂદત્ત તરતો તરતો સાતમા દિવસે ઉદુમ્બરાવતી વેલા નામના પ્રદેશમાં આવી પહોચ્યો, નદીમાં સ્નાન કરી, શરીરને સ્વચ્છ બનાવી આગળ ચાલવા લાગ્યો.

રાજપુર નગરની સમિપમાં એક આશ્રમ જોયો, ત્યાં ચારૂદત્તે દીનકરપ્રભ નામના એક પરિવ્રાજકને જોયો, પરિવ્રાજકે કરેલા ઉપચારથી ખુશી થયેલા ચારૂદત્તે પોતાનો સમસ્ત વૃત્તાન્ત કહી બતાવ્યો, તેના સ્વસ્થ થયા પછી એક દિવસ પરિવ્રાજકે કહ્યું કે હે વત્સ! ધનના માટે તું શા માટે આટલી બધી ચિન્તા કરે છે. તું ચાલ મારી સાથે આ પર્વત ઉપર તને સિદ્ધકોટીવેધીરસ પ્રાપ્ત કરાવી આપું. તે રસ કલ્પવૃક્ષ સમાન અનેક વખત કોટી સુવર્ણને પ્રાપ્ત કરાવવાવાળો છે. જેનાથી તમે ઇચ્છા મુજબ ઉપભોગ ભોગવી શકશો, આ પ્રમાણે પરિવ્રાજકની વાણી સાંભળી ચારૂદત્ત ખુશી થયો. અને પરિવ્રાજકની સાથે ચાલ્યો, માંચી અને તુંબડીની સહાયતાથી પર્વતના શિખર ઉપરથી મોટી ગુફામાં ઉતર્યા, અનેક પ્રકારની શિલાઓથી વ્યાપ્ત તે ગુફા દુર્ગપાતાળના નામથી પ્રસિદ્ધ હતી. તેનું દ્વાર જગતમાં ભયંકર એવા યમરાજના મુખ જેવું હતું. ધૂર્તરાજ ત્રિદંડીએ મંત્રના બળથી તે ગુફામાં રહેલા દ્વારને ખોલ્યું, સાહસ કરીને જ્યારે બન્ને જણા તેની અંદર ગયા તો ચાર હાથ વિસ્તારવાળો એક કુવો જોયો, ત્રિદંડીએ પ્રસન્ન થઈને ચારૂદત્તને કહ્યું કે મહાભાગ્યથી આપણે બન્ને આનન્દપૂર્વક અહીં આવી પહોંચ્યા છીએ.

તો હે વત્સ! "હું આ માચીના દોરને ગ્રહણ કરૂં છું તું માંચી ઉપર બેસી કુવામાં જા, અને તુંબડી વડે રસને ગ્રહણ કર." કાર્ય સિદ્ધ થાય ત્યારે માંચીની દોરી

તું હલાવજે. એટલે હું તને ઉપર ખેંચી લઈશ. ત્રિદંડીના કહેવા મુજબ ચારૂદત્ત માંચિ ઉપર બેસી હાથમાં તુંબડી રાખી કુવામાં ઉતર્યો, એટલામાં અંદરથી અવાજ આવ્યો "કુવામાં આવીશ નહી." ત્યારે ચારૂદત્તે કહ્યું કે તમો કોણ છો? મને કેમ રોકો છો? હું ભાનુપુત્ર ચારૂદત્ત વણિકજાતિનો છું. રસ ગ્રહણ કરવા માટે ત્રિદંડી દીનકરપ્રભની આજ્ઞાથી આવી રહ્યો છું ત્યારે કુપમાં રહેલા માનવીએ કહ્યું કે હે આર્ય! હું પણ આપની માફક ધનાર્થી હતો, મને પણ ત્રિદંડીએ રસના માટે કુવામાં ઉતાર્યો.

મેં રસ કાઢી તુંબડી તેને આપી અને "મનુષ્યનું બલિદાન આપીને રસ કાઢવો જોઇએ" આ નિયમને આધીન તેણે દોરડું છોડી દીધું. પાપી ત્રિદંડી ભાગી ગયો, આલંબન વિનાનો હું કુવામાં પડ્યો. મારા શરીરનું ભક્ષણ 'રસ' દ્વારા થઈ રહ્યું છે. હું અતિશય દુઃખી છું તું અંદર આવીશ નહી. મારા જેવી દશા તારી ન થાય માટે હું તને કહી રહ્યો છું. હવે મારૂં મૃત્યુ નજદીક છે. માટે તું મને તુંબડી આપ, હું રસ ભરીને તે તુંબડી તને પાછી આપું છું. તું બહાર નીકળ્યા પછી તે તુંબડી ત્રિદંડીને આપજે, તે પહેલાં આપીશ નહી. કુવામાં રહેલા માનવીએ તુંબડીને રસથી ભરી માંચીની નીચે બાંધી દીધી.

ભાનુપુત્ર ચારૂદત્તે માંચીને હલાવી, ત્રિદંડીએ પહેલાં રસની તુંબડી માંગી, પણ ચારૂદત્તે તે તુંબડી આપી નહી. પાપી ત્રિદંડીએ ચારૂદત્તને બહાર કાઢ્યો નહી. ચારૂદત્તે

ત્રિદંડીની ધૃષ્ટતા, દુષ્ટતા જાણીને રસને કુવામાં ફેંકી દીધો. માંચીનું દોરડું ત્રિદંડીએ છોડી દીધું, ચારૂદત્ત માંચી સહિત અંદર પડ્યો, ત્રિદંડી ભાગી ગયો. ભાનુપુત્ર ચારૂદત્ત કુવાની વેદિકા ઉપર પડવાથી મૂર્છિત બન્યો, થોડીક ક્ષણો બાદ શુદ્ધિમાં આવ્યો. અને જોરથી શ્વાસોશ્વાસ લેવા લાગ્યો.

નીચેથી તે વ્યકિતએ કહ્યું કે હે સાધુ! તું રસમાં નથી પડયો, પણ વેદિકા ઉપર પડયો છે. માટે દુઃખી થઇશ નહી. ચારૂદત્તે કહ્યું કે ભાઈ! જ્યારે બહાર નીકળવાનો કોઇ ઉપાય નથી તો પછી વેદિકા ઉપર પડવાનો અર્થ શું? મરવાનું તો નિશ્ચિંત છે. રસમાં પડેલા પુરૂષે કહ્યું કે હું તમને બહાર નીકળવાનો ઉપાય બતાવું છું. તે તમે સાંભળો.

જ્યારે રસ પીવાને માટે મોટી ગાય આવે છે ત્યારે તમો તેનું પૂછડું પકડીને બહાર નીકળી જજો, તમે આંખો બંધ કરીને તેને આવવાની રાહ જુઓ, તેના વચનથી પ્રસન્ન થયેલો ચારૂદત્ત પંચપરમેષ્ઠિનું સ્મરણ કરતો સુખ પૂર્વક રહેવા લાગ્યો, અને રસમાં રહેલો માનવી મૃત્યુને શરણ થયો, બીજે દિવસે ભયંકર અવાજ સાંભળી ચારૂદત્ત ડરી ગયો, પણ પછીથી રસમાં મૃત્યુ પામેલા પુરૂષના વચનોને યાદ કરી મોટી ગાયનું આગમન જાણી લીધું. રસ પીને જ્યારે ગાય બહાર જવા લાગી તે વારે ચારૂદત્તે સાવધાની પૂર્વક તેનું પૂછડું પકડી લીધું. ઘણી જગ્યાએ શરીર ઉપર વાગવા છતાં પણ પૂછડું છોડયું નહી.

બહાર આવ્યા બાદ પૂછડું છોડયું. અનેક જગ્યાએ પછાડ લાગવાથી તથા શરીર ઉપર લાગવાથી ચારૂદત્ત બેભાન બની ગયો, થોડીક વારમાં જંગલના શિતલ વાયુ વડે તે શુદ્ધિમાં આવ્યો, ત્યાંથી ચાલવા માંડયું. એક જંગલી પાડાએ તેના ઉપર આક્રમણ કર્યું, ચારૂદત્તે વાંદરાની માફક કુદીને એક શિલા ઉપર ચઢી મૃત્યુથી બચવાની કોશિશ કરી, જંગલી પાડાએ શિલાને તોડવાનો પ્રયત્ન કર્યો.

તેટલામાં એક અજગરે આવી પાડાને ભરડો દીધો, અજગર અને પાડાની વચ્ચેના યુદ્ધની તક સાધી ચારૂદત્ત પ્રાણ રક્ષાને માટે ભાગી છૂટચો, જંગલની બહાર નીકળ્યો, અને નજીકના ગામમાં ભટકવા લાગ્યો, તે સમયે તેના મામા (સસરા) નો મિત્ર રૂદ્રદત્ત મલ્યો, રૂદ્રદત્તે ચારૂદત્તનો ભોજનાદિથી સત્કાર કર્યો, જેનાથી ચારૂદત્ત સ્વસ્થ બન્યો, એક દિવસ રૂદ્રદત્તે કહ્યું કે હે વત્સ ! શરીરને કષ્ટ આપવાવાળા જ મનુષ્યો લક્ષ્મી પ્રાપ્ત કરી શકે છે, માટે આપણે સમુદ્રની મધ્યમાં રહેલા, સ્વર્ણભૂમિ નામના દ્વીપમાં જઈએ, તે દ્વીપ વહેપારીઓ માટે રત્નની ખાણ સમાન છે. ચારૂદત્ત રૂદ્રદત્તની વાત માનીને " અલતા " આદિ ઘણી વસ્તુઓ લઈને રૂદ્રદત્તની સાથે સ્વર્ણભૂમિ દ્વીપમાં જવા નીકળ્યો. રસ્તામાં ઈષુવેગ નામની નદીને પાર કરી, પર્વતમાલાઓની વચમાં થઈને વેત્રવનમાં બન્ને જણા પહોંચ્યા.

અનુક્રમે બન્ને જણા ઢંકણદેશમાં આવ્યા, જ્યાંથી માર્ગ વાહનો માટે નિરૂપયોગી હોવાથી ફક્ત બકરા માટેના યોગ્ય માર્ગથી પ્રસિદ્ધ હતો, ત્યાં તે બન્ને જણાએ બે બકરાને ખરીદી આશામાં અને આશામાં અતિદુસ્તર માર્ગ કાપી બહાર નીકળ્યા, રૂદ્રદત્તે કહ્યું કે હે વત્સ! આની આગળનો માર્ગ પગે કરી જઈ શકાય તેમ નથી. માટે આ બન્ને બકરાને મારી નાખી તેના માંસને ભારંડ પક્ષી દેખે તેવી રીતે રાખીએ કે જેથી તે ભારંડ પક્ષી માંસ ખાવાની લાલચે અહીં આવે એટલે આપણે બન્ને જણા તેની પાંખમાં ભરાઈ જઈશું.

તે પક્ષીઓ આપણને સ્વર્ણદ્વીપમાં લઈ જશે. જ્યાં આપણા બન્નેના અર્થ પ્રાપ્તિ માટેના મનોરથો પૂર્ણ થશે. ત્યારે કરૂણારસ ભંડાર ચારૂદત્તે કહ્યું કે હે મામા! આપનો આ વિચાર અતિ ખરાબ છે. કૃતઘ્ન વિચાર છે, જે બકરાઓની સહાયતાથી આપણે બન્ને આ દુર્ગભૂમિને પસાર કરી અહીં સુધી આવી પહોંચ્યા છીએ. તે બકરા આપણા ભાઈ જેવા છે. ઉપકારી છે. સાધુઓની સમાન મૌન ધારણ કરેલા આ બકરા મારા માટે સર્વથા પૂજ્ય છે. બીજી વાત એ છે કે મને મારો પ્રાણ પ્રિય છે તેમ તેને પણ તેનો પ્રાણ પ્રિય છે. બધા જ ધર્મશાસ્ત્રોએ દયાને મહાન ધર્મ બતાવેલો છે.

માટે મામા! તમે આવું અકાર્ય ન કરો! આ દુર્વ્યવસાયથી દૂર રહો, કેમકે વિવેકી આત્મા પોતાની માફક

સર્વે જીવોના આત્માને પોતાના આત્માની જેમ માને છે. કર્મથી અને નામથી રૌદ્ર સ્વરૂપી રૂદ્રદત્તે કહ્યું કે આ બકરા તમારા નથી. આ બાબતમાં તમને બોલવાનો કોઈ અધિકાર નથી. આ પ્રમાણે કહીને ક્રોધાવેશમાં આવી પોતાના બકરાને પહેલો માર્યો, ધનાર્થી આત્માઓને ધિક્કાર છે. કે કર્તવ્યનું ભાન રાખતો નથી. ભયથી કંપતો બીજો બકરો વક્ર નજરે ચારૂદત્ત તરફ જોતો ઉભો રહ્યો અને કાંઈક કહેતો હોય તેમ નજર ફેરવતો હતો ?

દયાળુ ચારૂદત્તે કહ્યું કે હે ભદ્ર ! હું તને રૌદ્ર મુદ્રાવાળા રૂદ્રદત્તથી બચાવી શકતો નથી. તારૂ મૃત્યુ તો અવશ્યભાવી ભાવ નિર્માણ જેવું છે. ભવિતવ્યતાના આધાર ઉપર કોઈપણ દેવ તમારી રક્ષા કરનાર નથી, કર્મની ગતિને કોઈ રોઈ રોકી શક્યું નથી. અને રોકી શકે તેમ પણ નથી. માટે તું આર્તધ્યાન છોડી દે, ચારે શરણ અંગિકાર કર, દુષ્કૃત્યોની નિંદા કર, સુકૃત્યોની અનુમોદના કર, સર્વ જીવોને અંતરથી મિચ્છામિ દુક્કડંઆપ. કષાયો, વિષયો અને શરીરાદિની મમતાને છોડી દે.

અઢાર પાપસ્થાનકોને સર્વથા છોડી, અનિત્યાદિ બાર ભાવનામાં લયલીન બનો, ખાસ કરી મૃત્યુ સમીપ લઈ જનાર રૂદ્રદત્ત પ્રત્યે દ્વેષભાવના રાખશો નહી, બકરાએ પણ મસ્તક નીચુ કરીને જાણેકે સાંભળેલો ધર્મ અંગીકાર કાર્યો હોય તેવી રીતે અનિમેષ નજરે સ્થિર ઉભો રહ્યો, તેને સંભળાવવામાં આવતો સુધાસાર નમસ્કાર મહામંત્રનું પાન

કરવા લાગ્યો. આ પ્રમાણે સ્થિર અને શુદ્ધચિત્ત બકરાને રૂદ્રદત્તે માર્યો, મરીને તે બકરો દેવગતિમાં ઉત્પન્ન થયો.

ત્યારબાદ રૂદ્રદત્ત છરી (ચાકુ) લઈને બકરાને સાફ-સૂફ કરવા લાગ્યો, સ્વર્ણભૂમિમાં જવાવાળા બે ભારંડ પક્ષીઓએ મરેલા બકરાની ભસ્ત્રાઓને ઉઠાવી જેમાં બન્ને જણા જુદી ભસ્ત્રામાં હતા. રસ્તામાં ચારૂદત્તની ભસ્ત્રાને બીજા ભારંડ પક્ષીએ લેવાનો વિચાર કર્યો જેથી બન્ને વચ્ચે ઘોર લડાઈ થઈ. તે વારે ચારૂદત્ત જેમાં છે તે ભસ્ત્રા એક મોટા સરોવરમાં પડી. ચારૂદત્તે અંદર બેઠા બેઠા તે ભસ્ત્રાને છરીથી કાપી પોતે બહાર નીકળ્યો, અગાધ પાણીથી ભરપુર તે સરોવરમાંથી તરીને ચારૂદત્ત બહાર આવ્યો.

ઘણા સમય સુધી સરોવરના કીનારે વિશ્રાંતિ લીધા બાદ આગળ મુસાફરી કરવાની શરૂઆત કરી. સિંહોથી વ્યાપ્ત ભૈરવસમાન ભયાનક જંગલમાં ચારૂદત્તે પ્રવેશ કર્યો, સંસારની સમાન દુસ્તર એવા જંગલમાં ભટકતા ચારૂદત્તે કોઈ પહાડ જોયો, અને તેના ઉપર ગયો તો કાયોત્સર્ગમાં લીન એવા મહામુનિને જોયા, પુણ્ય વિના તીર્થની પ્રાપ્તિ થતી નથી તેમ જાણી હર્ષોલ્લાસ પૂર્વક મહામુનિને વંદન કરી ચારૂદત્ત બેઠો, મુનિશ્વરે કાયોત્સર્ગ પાળીને આશીર્વાદ રૂપી ધર્મલાભ આપ્યો, અને બોલ્યા હે ચારૂદત્ત ! આવી ભયંકર દુર્ગભૂમિમાં તું કેવી રીતે આવ્યો ?

આકાશમાં વિહાર કરતા વિદ્યાધરો, દેવ, દાનવ સિવાય અહીંઆં કોઈપણ મનુષ્ય કે ભૂચર પ્રાણીઓ આવી

શકતા નથી. ચારૂદત્ત વિચારવા લાગ્યો કે વિધાતાનો વિલાસ પણ અજબ પ્રકારનો છે. "કયાં મહા ભયંકર ઘોર જંગલ" કયાં આ મહામુનિશ્વર" આ મહામુનિશ્વર મને કયાંથી ઓળખે? ફરીથી મુનિ બોલ્યા હે કલ્યાણિન્! સિન્ધુના કીનારા ઉપર જે ખેચરને છોડવેલ હતા, તે હું જ અમિતવેગ નામનો વિદ્યાધર છું. સ્ત્રી હરણ કરવાવાળા ધૂમશિખની પાછળ હું પડયો, તેને મેં અષ્ટાપદની પાસે પકડયો હતો. મારી સ્ત્રીને મારી બીકથી છોડીને તે ભાગી ગયો હતો, અને અષ્ટાપદ ઉપર ચાલ્યો ગયો હતો.

હું મારી પ્રાણ પ્રિયાને લઈને મારા નિવાસસ્થાને આવ્યો, શાન્ત સ્વભાવ હીરણ્યકુંભ અને સ્વર્ણકુમ્ભ નામના બે ચારણમુનિ નગરના શિવમંદિરમાં સમોસર્યા, પિતા મહેન્દ્ર વિક્રમ તેમની દેશના સાંભળી વૈરાગ્ય વાસિત બન્યા, મને રાજ્ય આપી પિતાજીએ તેમની પાસે દીક્ષા લીધી, મનોરમાથી મારે ત્યાં સિંહયશ અને અવરોહગ્રીવ નામે બે પુત્રો થયા, અને વિજયસેના નામની પત્નિથી સર્વ ગાન્ધર્વ વિશારદા ગાન્ધર્વસેના નામની પુત્રી થઈ.

અનુક્રમે બન્ને પુત્રોને રાજ્ય અને યુવરાજપદ આપીને ધર્મ શ્રવણ દ્વારા ઉપદેશ પ્રાપ્ત કરી મેં દીક્ષા ગ્રહણ કરી છે. ક્ષીરોદધિસમુદ્રની મધ્યે કુમ્ભકંઠ નામના દ્વીપને વિષે અલંકારરૂપ આકર્કોટક નામના પહાડ ઉપર ગુરૂમહારાજની આજ્ઞાથી તપસ્યા કરૂં છું. હે ચારૂદત્ત! મેં તને મારો જીવન વૃતાંત કહ્યો. હવે તું તારો વૃતાન્ત મને કહે. આ

પ્રમાણે મુનિના પૂછવાથી ચારૂદત્તે પણ આદિથી અંત સુધી પોતાનો જીવન વૃતાંત કહ્યો. એટલામાં અમિતગતિ મુનિન્દ્રને વંદન કરવા માટે સમાનરૂપ અને સમ્પતિવાળા તેમના બન્ને પુત્રો આકાશ માર્ગેથી ઉતર્યા, મુનિશ્વરને વંદન કરીને બેઠા, રૂપની સમાનતાથી ચારૂદત્તે બન્ને ભાઈઓને ઓળખી લીધા.

મુનિએ પણ પુત્રોને ચારૂદત્તનો પરિચય કરાવ્યો. તે બન્નેએ પણ 'તાત, તાત' કહીને ભક્તિથી નમસ્કાર કર્યો, તે જ વખતે આકાશથી એક વિમાન નીચે આવ્યું. તેમાંથી નીકળીને એક દેવે પ્રથમ ચારૂદત્તને નમસ્કાર કર્યો, પછી હર્ષથી ત્રણ પ્રદક્ષિણા આપી મહામુનિશ્વરને નમસ્કાર કર્યો, વંદનમાં વ્યુત્ક્રમ થવાથી વિદ્યાધરોએ કહ્યું કે અમોને આશ્ચર્ય થાય છે કે આપે પ્રથમ મુનિને વંદન ન કરતાં ગૃહસ્થને કેમ કર્યું ? દેવે કહ્યું કે મહાભાગ ! આપ બન્નેનું કહેવું યુક્ત છે. પરંતુ આ ચારૂદત્ત મારા ધર્માચાર્ય તથા પૂર્વજન્મના ઉપકારી છે. માટે પ્રથમ વંદનને પાત્ર છે. ત્યારે બન્ને ભાઇઓએ પૂછયું કે કેવી રીતે ? ત્યારે દેવે પોતાની કથા કહેવાની શરૂઆત કરી.

વારણયુગલ નામના નગરમાં સૂર્યવંશરૂપ આકાશમાં ચન્દ્રમાંરૂપ અયોધન નામે એક રાજા હતો, સોમવંશમાં ઉત્પન્ન થયેલી અને સાક્ષાત્ રતિના અવતારસમી ! અદિતિ, નામે રાણી હતી, તે બન્નેને સુલસા નામે પુત્રી હતી. પિતાએ તેણીનો સ્વયંવર રચ્યો.

જેટલા રાજાઓને બોલાવવામાં આવ્યા હતા તે બધામાં સગરરાજા સર્વ શ્રેષ્ઠ હતો, એક દિવસ ક્રીડાના ઉપવનમાં કદલીગૃહને વિષે બેસીને અદિતિએ પોતાની પુત્રી સુલસાને કહ્યું કે વત્સે ! યુગાદિનાથને ભરત અને બાહુબલી નામે બે પુત્રો હતા, તેઓને આદિત્યયશા અને સોમયશા પુત્રો થયા, તે બન્નેના નામથી અનુક્રમે સૂર્યવંશ અને ચંદ્રવંશનો પ્રારંભ થયો, સૂર્યવંશી તારા પિતાની બ્હેન સત્યયશા ચન્દ્રવંશી મારાભાઈ તૃણબિન્દુને પરણી હતી. સત્યયશાની કુક્ષીથી ઉત્પન્ન થયેલ તૃણબિન્દુનો પુત્ર મધુ-પિંગ નામનો રાજા છે. તે તારો પતિ થવાને યોગ્ય છે. તે તારા પિતાનો ભાણેજ છે. તેની સાથે તારા લગ્ન થઈ શકે છે.

તો પછી શા માટે તારો સ્વયંવર તારા પિતાએ રચ્યો હશે ? મારી સલાહ માનીને તું બીજા રાજાઓને છોડી મધુપિંગને જ તારો પતિ બનાવજે, સુલસાએ માતાની વાતનો સ્વિકાર કર્યો, અદિતિ, ખુશી થઈ, બન્ને મા-દિકરી પોતપોતાને સ્થાને ચાલ્યાં ગયા, સગરરાજાની પ્રતિહારિણી મન્દોદરી કોઈ કામના માટે ત્યાં આવી હતી, તેણીએ બન્નેના રહસ્યને જાણી લીધું. મન્દોદરીએ જઈ સગરરાજાને વાત કરી, ત્યારે સગરરાજાએ વિચાર કર્યો કે મારી હયા-તિમાં સુલસા મારા સિવાય મધુપિંગની સાથે લગ્ન કેમ કરી શકે ?

“ ધીક્કાર છે મારી જીંદગીને ” મધુપિંગ તો સઘળાં

પ્રકારે રાજલક્ષણોથી રહિત છે. તે દોષથી તેનો ત્યાગ થઈ શકે છે. ત્યારબાદ શિઘ્રકવિ વિશ્વભૂતિ નામના પુરોહિતે "રાજલક્ષણ સંહિતા" ની રચના કરી જુના પત્રોમાં લખીને પુરાણની માફક બહુમૂલ્ય વસ્ત્રમાં લપેટીને પેટીમાં સંહિતા રાખી. બીજે દિવસે સગરના આદેશથી સભામાં બેઠેલા સઘળા રાજાઓની સામે પુરોહિતે સંહિતા બહાર કાઢી, સગરરાજાએ પહેલેથી જ શરત મૂકી હતી કે જો ગ્રન્થ લિખિત લક્ષણોથી જે કોઈ રાજા હીન હશે તેનો પ્રથમથી જ સર્વથા ત્યાગ કરવામાં આવશે, અમારા બધાથી વધ્યને યોગ્ય ગણાશે.

ત્યારબાદ પુરોહિતે સંહિતા વાંચવા માંડી, જેમ જેમ સંહિતા પુરોહિત વાંચતા ગયા તેમ તેમ નિર્લક્ષણ મધુ-પિંગલ લજ્જિત બનતો ગયો, મધુપિંગલ પોતાના મૂખને શરમથી નીચું રાખી સભાની બહાર ચાલ્યો ગયો, સુલસાએ સગરના ગળામાં વરમાળા નાંખી, સગર અને સુલસાના લગ્ન થયા બાદ બધા રાજાઓ પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા, મધુપિંગલ પોતાનું અપમાન થવાથી રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરી અજ્ઞાન કષ્ટતપ તપીને મૃત્યુ પામી મહાકાલ નામે વ્યંતર થયો, વિભંગજ્ઞાનથી સુલસાના લગ્ન સગરની સાથે થયેલા જાણી તેને પોતાના અપમાનનું સ્મરણ થયું.

ક્રોધથી સગર તથા બીજારાજાઓને મારવાથી ઇચ્છાથી શુક્તિમતી, નદીના કીનારા ઉપર રહેતા નાગરિકોથી કાઢી મૂકાયેલા દુઃખી પર્વત ને જોયો, બ્રાહ્મણરૂપ ધારણ કરીને

સવિનય બોલ્યો કે હું ક્ષીરકદમ્બ પંડિતનો શાંડિલ્ય નામનો મિત્ર છું. ગૌતમ પંડિતની પાસે તમારા પિતાજી અને હું બન્ને સાથે ભણતા હતા, નારદજી વડે આપનો તિરસ્કાર સાંભળીને હું તમારી વાતને સમર્થન કરવા માટે અહીં આવ્યો છે. મન્ત્રદ્વારા જગતને મોહિત કરી શકું છું.

આ પ્રમાણે કહીને મહાકાલ વ્યંતરે પર્વત પંડિતની સહાયતાથી કુધર્મની આરાધના દ્વારા લોકોને નરકગામી બનવાને માટે મોહાંધ બનાવ્યા, તે મહાકાલ વ્યંતરે જગતમાં રોગ અને ભૂતાદિ દોષોને બતાવવા માંડ્યાં. સર્વે જગ્યાએ પર્વતના મતને દોષ રહિત બતાવ્યો, શાંડિલ્ય (મહાકાલ વ્યંતર)ની આજ્ઞાથી પર્વતે પણ રોગ શાંતિ કરી લોકોને પોતાના માર્ગ ઉપર ચઢાવ્યા, દુષ્ટ મહાકાલવ્યંતરે સગરરાજાના અંતઃપુરમાં, રાજ્ય પરિવારમાં તથા નગરમાં ભયંકર રોગો ફેલાવ્યા.

સગરરાજાએ પણ પવર્તને બોલાવ્યો, પર્વતે શાંડિલ્યની આજ્ઞાથી રોગની શાન્તિ કરી, સૌત્રામણીમાં શુરાપાન કરવું જોઈએ, માતૃમેઘ યજ્ઞમાં માતાનું, પિતૃમેઘ યજ્ઞમાં પિતાનું બલિદાન આપવું જોઈએ, આ પ્રમાણે સાગરને કહી કુરૂક્ષેત્રાદિ તીર્થોમાં અનેક યજ્ઞો કરાવ્યા, યજ્ઞમાં મરેલા આત્માઓને મહાકાલ વ્યંતરે માયાથી વિમાનમાં બેઠેલા બતાવ્યા, લોકોને પર્વતના સિદ્ધાંતમાં શ્રદ્ધા બેસી ગઈ, અને લોકો યજ્ઞમાં જીવહિંસા કરવા લાગ્યા.

આ પ્રમાણે જોઈ નારદજીએ દિવાકર વિદ્યાધરને કહ્યું

કે યજ્ઞમાં બલિદાન આપવા માટે લાવવામાં આવેલા પશુઓનું તમે હરણ કરો, મહાકાલે વિભંગજ્ઞાનથી પશુ-ઓનું હરણ કરનાર વિદ્યાધરને ઓળખ્યો, મહાકલ વ્યંતરે વિદ્યાધરની વિદ્યા નષ્ટ કરવા માટે ઋષભદેવ પ્રભુની પ્રતિમા રાખી. જેનાથી તે ખેચર ચાલ્યો ગયો. નારદજી પણ બીજી જગ્યાએ ચાલ્યા ગયા, મહાકાલ વ્યંતરે માયાથી સુલસા સહિત સગરને યજ્ઞમાં બાળી નાખી પોતે આનંદ માનતો ચાલ્યો ગયો, આ પ્રમાણે મહાકાળના બળથી પર્વત દ્વારા પ્રવર્તેલી જીવ હિંસાવાળા યજ્ઞો આજે પણ લોકો કરી રહ્યા છે. આ પ્રમાણે પરંપરાથી આવતા મન્ત્રોને, શાસ્ત્રોના પાઠોને વિકૃત રીતે રજુ કરવાવાળાઓ પણ ઘણા છે. મન્ત્રોનો ઉદ્ધાર કરી પિપ્પલાદે અથર્વવેદની રચના કરી, તેની ઉત્પત્તિ આ પ્રમાણે છે.

કાશીનગરમાં સુભદ્રા અને સુલસા નામની વિદુષિઓ વેદવેદાંત પારંગત, તર્ક તથા શાસ્ત્રોમાં નિષ્ણાત ઘણી શિષ્યાઓથી પરિવરેલી બે પરિવ્રાજિકાઓ રહેતી હતી, તે નગરના ઘણા વાદીઓ તે બન્નેની સાથે વાદ કરતાં હારી ગયા હતા.

એક વખતે યાજ્ઞવલ્કય નામના પારિવ્રાજક પણ તે બન્નેની સાથે વાદ કરવા માટે ત્યાં આવ્યા, તેમાં સુલસા હારી ગઈ, અને યાજ્ઞવલ્કયની દાસી બની, યાજ્ઞવલ્કય અને સુલસા બન્ને કામાધીન બની ગયા, અનુક્રમે તે બન્નેથી એક પુત્રનો જન્મ થયો, લોકોપવાદના ભયથી તરતજના

જન્મેલા બાળકને પીપળાના ઝાડ નીચે મૂકી, તે બન્ને જણા નાસી ગયાં. સમાચાર જાણી સુભદ્રા ત્યાં આવી, નવજાત શિશુના મૂખમાં પડેલા પિંપળાના ફળને ખાતો જોઈ તેણીએ તે બાળકનું નામ પિપ્પલાદ રાખ્યું, લોકોમાં તેણીએ કહ્યું કે ગંગા નદીના કીનારા ઉપર મેં તેને જોયો એટલે હું ઘેર લાવી છું, તેણીએ ઘણા પ્રયત્નો કરી તેને મોટો કર્યો, વેદાદિ શાસ્ત્રોમાં પારંગત બનાવ્યો.

એક દિવસ કંટાળીને સુભદ્રા બોલી કે તું બીજાનો પુત્ર હોવા છતાં શા માટે મને આટલો બધો સંતાપ કરાવે છે? ત્યારે પિપ્પલાદે કહ્યું કે હે માત! હું કોનો પુત્ર છું? સુભદ્રાએ સાચી હકીકત કહી દીધી, ત્યારે સુલસા અને યાજ્ઞવલ્કયની ઉપર ક્રોધિત થઈને તેણે અથર્વવેદની રચના કરી, તે મહાવિદ્વાન હતો.

એક વખતે સુલસા તથા યાજ્ઞવલ્કય વાદમાં પિપલાદની સાથે હારી ગયા, જ્યારે પિપ્પલાદે જાણ્યું કે આજ મારા પિતા છે એટલે માતૃ-પિતૃમેધ યજ્ઞની ઘોષણા કરી, તે બન્નેનો વધ કર્યો, હું પિપલાદનો વાડુલી નામે શિષ્ય થયો, પશુમેધાદિ અનેક યજ્ઞો કરાવતો મરીને નરકે ગયો, ત્યારબાદ હું પાંચ વખત પશુયોનિમાં ઉત્પન્ન થયો. અને દરેક ભવમાં બીજી જાતિઓ દ્વારા હું મરાતો હતો, ત્યારબાદ હું ઢંકણ દેશમાં બકરો બન્યો, પૂર્વના પાપોદયથી ચારૂદત્ત શેઠનું વાહન બન્યો, તેઓએ મને બચાવવાનો ખુબ જ પ્રયત્ન કર્યો, તો પણ હું તેમના દ્વારા ધર્મશ્રવણ

કરીને રૂદ્રદત્તના હાથે મરી, સૌધર્મ દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયો, તેથી આ દયાળુ ચારૂદત્ત મારા ધર્મગુરૂ છે. એટલે મેં તેમને પહેલો નમસ્કાર કર્યો છે. મેં ક્રમનું ઉલ્લંઘન કર્યું નથી. તેની વાણી સાંભળી તે વિદ્યાધરોએ કહ્યું કે ઉપકારી ચારૂદત્તનું જે જીવન છે તે જ શ્રેષ્ઠ જીવન છે. કેમકે મારા પિતાજી જેઓ હાલમાં મુનિ અવસ્થામાં છે. તેઓની ઉપર પણ દીક્ષા પહેલાં ચારૂદત્તે ઉપકાર કર્યો હતો, અને તમારા પણ પ્રાણદાતા છે. દેવે ચારૂદત્તને પ્રાર્થના કરી કે આપના ઉપકારનો બદલો હું વાળી શકતો નથી તો પણ આપ મને અવશ્ય કાંઈ પણ કાર્ય કરવાનું કહો "તમારા માટે આ લોકમાં કઠીનમાં કઠીન કામ કરવા તૈયાર છું." ચારૂદત્તે કહ્યું કે "જ્યારે કોઈ કામ માટે હું સ્મરણ કરૂં ત્યારે તમારે હાજર થવું," દેવ પોતાના સ્થાને ગયો.

વિદ્યાધરો ચારૂદત્તને વૈતાઢ્ય પર્વત ઉપર શિવમન્દિર નગરમાં લઈ ગયા. વિદ્યાધરો તથા તેની માતા તરફથી સત્કાર પામેલો ચારૂદત્ત આનંદપૂર્વક રહેવા લાગ્યો, વિદ્યાધરોએ પોતાની બ્હેન ગન્ધર્વસેના ચારૂદત્તને બતાવી કહ્યું કે દીક્ષા લેતી વખતે પિતાજીએ આજ્ઞા કરી છે કે "ગાન્ધર્વ-વિદ્યામાં જીતનાર પૃથ્વી ઉપર રહેવાવાળા વસુદેવની સાથે ગાન્ધર્વસેનાનું લગ્ન થશે," એ પ્રમાણે જ્ઞાનીઓનું કથન છે. તમે પૃથ્વી ઉપર રહેવાવાળા ચારૂદત્તને આ કન્યા આપજો. કારણકે તેની સહાયતાથી વસુદેવ સાથે તેના લગ્ન

થશે, માટે આપશ્રી આપની સાથે અમારી બેન ગન્ધર્વસેનાને સાથે લેતા જાવ.

આ પ્રમાણે કહીને તેઓ જવા નીકળ્યા, ત્યાં દેવ પોતાના વિમાન સહિત ચારૂદત્તની પાસે આવ્યો, દેવ તથા પરિવાર સહિત વિદ્યાધરોએ આકાશ માર્ગે વિમાનદ્વારા ચારૂદત્તને ચમ્પાપુરી પહોંચાડયા, તે દેવે સુવર્ણ, મોતી, રત્નો વિગેરે ખુબ જ ધન આપ્યું. રાજા તથા નગરજનોની સામે દાસીઓ દ્વારા સ્તુતિ કરાતા ચારૂદત્તને પોતાના ઘરમાં પ્રવેશ કરાવ્યો, હે સાધો ! હું જાઉં છું. આ પ્રમાણે કહીને વિદ્યાધરો સહિત તે દેવ પોતાના સ્થાનકે ગયો.

આખા જગતને આનંદ આપવાવાળા કલાનિધિ ચંદ્રમાની જેમ પોતાના પતિ ચારૂદત્તને જોઈ મિત્રવતીએ હર્ષોલ્લાસ પૂર્વક સ્વાગત્ કર્યું. મામા ( સસરા )એ સવારે સૂર્યોદય વખતે આવીને પ્રસન્નતાપૂર્વક ચારૂદત્તના આગમનને વધાવી લીધું. નદીની જેમ નાની વેણીને બાંધીને વિરહથી દુઃખિત અને કૃશ વસન્તસેનાને પણ ઇચ્છાનુસાર ધન આપી વિદાય કરી, હે વસુદેવ ! હું તે જ ચારૂદત્ત છું કે જે ચારૂદત્તનું મેં જીવન વૃત્તાંત તમોને કહ્યું. આ ગન્ધર્વસેના એ જ છે કે જે અમિતગતિ વિદ્યાધરની પુત્રિ છે. માટે મેં આપને કહ્યું હતું કે આપ આને વણિકપુત્રી સમજીને અપમાનિત કરશો નહી. અને આટલા માટે જ તેણીએ વિણાવાદનમાં જીતે તેને પરણવું એવો નિયમ રાખ્યો હતો, અને દર મહીને કલાવિદોની પરીક્ષા એટલા

માટે જ થતી હતી, આપને અત્રે બોલાવવા માટે જ મેં આ બધું કર્યું હતું કેમકે નિમિત્તીઆએ આપનું આગમન અહીંઆ થશે જ તેમ અગાઉથી જણાવી દીધું હતું.

ચારૂદત્તે આ પ્રમાણે ગન્ધર્વસેનાનું વૃત્તાંત કહી બતાવ્યું. જેનાથી વસુદેવ પ્રભાવિત બન્યા, અને બહુમાન-પૂર્વક ગન્ધર્વસેનાની સાથે ક્રીડાઓ કરવા લાગ્યા.

વસન્તોત્સવને માટે ગન્ધર્વસેનાની સાથે રથ ઉપર આરૂઢ થઈ ઉદ્યાનમાં જતી વખતે વસુદેવે માતંગોથી પરિવરેલી રૂપયૌવના માતંગ કન્યાને જોઈ, ગાન્ધર્વસેનાએ પરસ્પર બન્નેને સવિકાર જોઈને કોપદૃષ્ટિથી સારથીને રથ જલ્દીથી ચલાવવા માટે કહ્યું. વસુદેવ ઉપવનમાં જઈને ગન્ધર્વસેનાની સાથે ફરીને તથા અનેક પ્રકારની ક્રીડાઓને કરી ચંપાપુરીમાં આવ્યા, ત્યાં તે માતંગના ટોળામાંથી આવી વૃદ્ધમાતંગીએ આશીર્વાદ આપી વસુદેવને કહ્યું કે:—

પ્રાચીન સમયમાં દીક્ષા ગ્રહણ કરતી વખતે શ્રીઋષભ-દેવ પ્રભુએ રાજ્યનું વિભાજન કરી પોતાના સો પુત્રોને જુદા જુદા દેશો આપી દીધા, તે વખતે નમિ–વિનમિ પ્રભુની સાથે નહોતા, પ્રભુએ દીક્ષા લીધી ત્યારબાદ તેઓ બન્નએ રાજ્યના માટે વ્રતસ્થ પ્રભુની સેવા કરવા માંડી, તે બન્નેની પ્રભુભક્તિથી પ્રસન્ન થઈને ધરણેન્દ્રએ તે બન્નને વૈતાઢ્ય પર્વત ઉપર વિદ્યાધર શ્રેણીઓથી ઉર્જીત આધિપત્યવાળું રાજ્ય આપ્યું. ઘણા સમય સુધી રાજ્યધુરા વહન કર્યા બાદ

પોતાના પુત્રોને રાજ્ય આપી આદિનાથ પ્રભુની પાસે સંયમ અંગીકાર કરી તે બન્ને કર્મક્ષય કરીને મુક્તિએ ગયા.

નમિપુત્ર માતંગ સંયમ ગ્રહણ કરી દેવલોક ગયા, તેમના વંશમાં પ્રહસિત નામના ખેચરેન્દ્ર અતિ પ્રસિદ્ધિને પામ્યા, હિરણ્યવતી નામની હું તેમની પત્નિ છું. મારા પુત્ર સિંહદંષ્ટ્રની પુત્રી નીલયશા જેણીએ આપને રસ્તામાં જોયા ત્યારથી તેણી કામવિકારથી ઘવાયેલી છે. તેને આપ બચાવો, અત્યારની વેળા અતિ શુભ છે, કારણ કે તેણી વિલમ્બ સહન કરી શકે તેમ નથી, વસુદેવે કહ્યું કે હું વિચાર કરીને જવાબ આપીશ, માતંગી ચાલી ગઈ. ઉન્હાળાના દિવસો હતા, વસુદેવ અને ગાન્ધર્વસેના જલ-ક્રીડા કરીને સૂઈ ગયા, ભરનિદ્રામાં સૂતેલા વસુદેવને હાથ પકડી 'ઉઠો, ઉઠો,' કહી કોઈ અદૃશ્ય વ્યક્તિએ ઉઠાડ્યા. કોઈ પ્રેત તેમનો હાથ પકડીને સ્મશાનમાં લઈ ગયું. હિરણ્યવતીએ કહ્યું કે હે દશાર્હ! તે વખતે તમોએ કાંઈ વિચાર કર્યો નહી. હવે તો હું આપને અનુરોધ કરૂં છું કે આપ વિચાર કરો, તે જ વખતે સખીઓની સાથે નીલયશા પણ આવી.

પિતામહી હિરણ્યવતીએ કહ્યું કે વત્સે! લે તારો પતિ, નિલયશા તે જ વખતે વસુદેવને લઈ આકાશ માર્ગે ઉડી ગઇ. પ્રાતઃકાલે હિરણ્યવતીએ કહ્યું કે આ હ્રીંમાન, નામે પર્વત છે. ચારણમુનિઓથી સેવિત આ પર્વત ઉપર

જ્વલનપુત્ર અંગારક ખેચરેન્દ્ર નિસ્તેજ બનીને વિદ્યાઓ સાધે છે. તેની વિદ્યાઓ મહામુશ્કેલીએ સિદ્ધ થાય તેમ છે. પરંતુ તમારા દર્શનથી તેની વિદ્યાઓ જલ્દીથી સિદ્ધ થશે, પરોપકાર પ્રેમી તમારે ત્યાં જલ્દીથી જવું જોઈએ. ત્યાં જવું ઠીક નથી તેમ કહેવા છતાં પણ તેણી વસુદેવને ત્યાં લઈ ગઈ.

વૈતાઢ્ય પર્વત ઉપર શિવમન્દિર નગરમાં શ્રી સિંહ દંષ્ટ્રની વિનંતિથી વસુદેવે નિલયશાની સાથે લગ્ન કર્યું. તે વખતે ' મોટા, કલરવનો અવાજ આવવાથી વસુદેવે પૂછ્યું તો પ્રતિહારીએ કહ્યું કે આ પર્વત ઉપર અતિ વિશાલ શકટમૂખ નામે એક નગર છે. નીલવાન્ નામે તે નગરનો રાજા છે, તેને નિલવતી નામે રાણી છે. નીલ નામે પૂત્ર છે. અને નિલંજના નામે પૂત્રી છે. તે બન્ને ભાઈ બ્હેને પ્રતિજ્ઞા કરી હતી કે આપણા સ્નેહ વૃદ્ધિના કારણરૂપ આપણા પૂત્ર પૂત્રીના વિવાહ પરસ્પર કરવા, આપની આ પત્નિ નિલયશા તે નિલાંજનાની પૂત્રી છે. નિલયશાના મામા નિલને નિલકંઠ નામે પૂત્ર છે. નિલે પૂર્વ પ્રતિજ્ઞા અનુસાર પોતાના પૂત્રની સાથે વિવાહ કરવા માટે નિલાં-જના પાસે નિલયશાની માંગણી કરી, નીલયશાના પિતાએ બૃહસ્પતિ મુનિને પૂછેલું કે આ મારી પૂત્રીનો ભર્તાર કોણ થશે ? તે વારે બૃહસ્પતિ મુનિએ કહેલું કે યદુવંશી અર્ધા ભરતના અધિપતિ 'કેશવ, ( કૃષ્ણ ) ના પિતા સાક્ષાત્ દેવસ્વરૂપ વસુદેવ તેના પતિ થશે.

રાજાએ વિદ્યાબળથી આપને અહીં બોલાવી પોતાની સાથે આપના વિવાહ કરાવેલ છે. તે કન્યા લેવા માટે આવેલા 'નીલ'ને જીતી લીધો છે. તેનો આ કોલાહલ છે. વસુદેવે તેની સાથે અનેક પ્રકારે ક્રીડાઓ કરતાં એક વર્ષ વિતાવ્યું, ત્યારબાદ તેની સાથે વિદ્યા સાધનને માટે, અને ઔષધીઓના સંગ્રહને માટે 'હ્રીમાન' પર્વત ઉપર જઈને આકાશમાં વિદ્યાધરોને જોયા, વસુદેવ પોતાની પત્નિને કહ્યું કે તમે મને વિદ્યાદાન આપો, અને મારા વિદ્યાગુરૂ બનો, તેણીએ તે વાતનો સ્વિકાર કર્યો, તેણીએ કદલીગૃહ બનાવ્યું. એક દિવસ ડરતી એવી નિલયશાએ એક 'મોરને જોયો. આની કલા કેટલી સુંદર છે.' આ પ્રમાણે કહીને કૌતુકથી તે મોરને લેવા માટે તેણી મોરની પાછળ પાછળ ઘણે દૂર સુધી ચાલી ગઈ.

ત્યારબાદ તે ધૂર્ત મોર અદૃશ્ય બની ગયો, તેની પાછળ દોડતા વસુદેવે સાંજના એક ગોકુળમાં ગયા, ત્યાં ગોપીઓએ તેમનો સત્કાર કર્યો. અને સુખપૂર્વક રાત વિતાવી, પ્રાતઃકાળે તેઓ દક્ષિણ દિશા તરફના એક ગામમાં ગયા, ત્યાં તેઓએ વેદનો ધ્વનિ સાંભળી એક બ્રાહ્મણને પૂછ્યું. ત્યારે બ્રાહ્મણે કહ્યું કે દશગ્રીવના સમયમાં દિવાકર નામના એક વિદ્યાધરે પોતાની પૂત્રી નારદજીને આપી હતી. આ ગામનો નાયક સૂરદેવ પણ તેજ વંશનો છે, તેની ક્ષત્રિય પત્નીથી સોમશ્રી નામે પૂત્રી છે. સર્વે વેદોમાં પારંગત થયેલી સાક્ષાત્ સરસ્વતી સમાન

દેખાય છે. તેના પિતાના પૂછવાથી કરાલ નામના જ્યોતિષિએ કહેલું કે તેણીને વેદમાં જે પુરૂષ જીતશે તે પુરૂષ તેણીની સાથે લગ્ન કરશે. તે માટે અહીંના યુવકો બ્રહ્મદત્ત નામના વેદોપાધ્યાય પાસે નિરંતર વેદાભ્યાસ કરે છે.

તે સાંભળીને વસુદેવે પણ બ્રાહ્મણનું રૂપ ધારણ કર્યું. અને ઉપાધ્યાયની પાસે જઈને પોતાની જાતને ગૌતમ ગોત્રના સ્કન્દિલ નામના બ્રાહ્મણ તરીકે ઓળખાવી, વેદાભ્યાસની ઇચ્છા પ્રગટ કરી. ઉપાધ્યાયે પોતાના પૂત્રની માફક તેને વેદાધ્યયન કરાવ્યું. થોડા દિવસોમાં વસુદેવ વેદરહસ્યજ્ઞાતા બની ગયો, વાદમાં સોમશ્રીને જીતી તેની સાથે લગ્ન કર્યા, કુતુહલ પૂર્વક તેણીની સાથે વસુદેવ ઉદ્યાનમાં ગયા, ત્યાં તેમણે ઈન્દ્રશર્મા નામના ઈન્દ્રજાલિકને જોયો, તેની ચિત્રકરી વિદ્યા જોઈને વસુદેવે તે વિદ્યાની માંગણી કરી, ઈન્દ્રશર્માએ તે માંગણીનો સ્વિકાર કર્યો, અને કહ્યું કે સન્ધ્યા સમયથી સૂર્યોદય સુધી સાધના કરવાથી આ વિદ્યા સિદ્ધ થાય છે. તેમાં અનેક વિઘ્નો આવે છે. માટે સહાયકની જરૂર રહેશે.

'હું પરદેશી છું. સહાયક ક્યાંથી લાવું? આ પ્રમાણે વસુદેવના કહેવાથી તેણે કહ્યું કે હું પ્રિયાની સાથે તમને સહાયતા કરીશ. તેનાથી ઉત્સાહિત બની વિદ્યા ગ્રહણ કરી જાપની શરૂઆત વસુદેવે કરી, રાતના ઈન્દ્રશર્માએ વસુદેવનું હરણ કર્યું. ઉપસર્ગ સમજીને વિશ્વાસ પૂર્વક જાપ ચાલુ રાખ્યા, પ્રાતઃકાલ થતાની સાથે જ ઈન્દ્રજાલિક

ઈન્દ્રશર્મા વસુદેવને છોડી ભાગી ગયો. ઈન્દ્રશર્માને પકડવા માટે વસુદેવ પાછળ પાછળ ગયા પણ સાંજ પડી ગઈ, ત્યારે તૃણશેષ નામના સન્નિવેશમાં વસુદેવ ગયા. રાત્રીએ બહારના દેવમંદિરમાં સૂઈ ગયા, એક રાક્ષસે આવી વસુદેવને ઉઠાવ્યા, તેની સાથે હાથોહાથ, મુષ્ઠી મુષ્ઠીએ, ભૂજાએ ભૂજાવડે યુદ્ધ કરીને વસુદેવે તે રાક્ષસને કૃતાન્ત કરીને અતિ શિથિલ બનાવ્યો, પ્રાતઃકાળ થતાની સાથે લોકો એકત્રિત થયા, વસુદેવની સાથે રાક્ષસને જોઈ લોકો હર્ષમાં આવી વસુદેવની સ્તુતિ કરવા લાગ્યા.

સીતાજીના ઉદ્ધાર માટે રાક્ષસને મારી વિશ્વમાં અભયદાન આપવાવાળા આપ સાક્ષાત્ 'રામ છો' એ પ્રમાણે બોલતાં નગરજનો વાજીંત્રના નાદથી આકાશમાં કલરવના પડઘા પાડતા નગરજનોએ વસુદેવને નગર પ્રવેશ કરાવ્યો, જાણે કે લગ્ન કરવા માટે જ' ન આવ્યા હોય તેવી રીતે તે લોકોએ વસુદેવને પાંચસો કન્યાઓ બતાવી, પરંતુ તેમણે તે વાત ત્યાંથી અટકાવી શરૂઆતથી રાક્ષસ સુધીનો વૃત્તાંત પૂછ્યો.

કલિંગ દેશભૂષણ શ્રીકાંચનપુર નગરમાં પ્રથમ જિતશત્રુ નામના રાજા હતા, તેમને પોતાના દેશમાં 'અ'મારીપડહ વગડાવી હતી, પરંતુ સોદાસ નામે તેમનો પુત્ર માંસભક્ષણમાં અતિ પાવરધો હતો, માંસભક્ષણ સિવાયનું ભોજન તેને રૂક્ષ લાગતું હતું. તેણે પિતા પાસે દરરોજ એક મોરનું માંસ ખાવાની આજ્ઞા માગી. રાજાનો વિચાર

ન હોવા છતાં પણ મન્ત્રિઓના દબાણથી, રાજાએ તેને પરવાનગી આપી, તેનો રસોયો દરરોજ તેના માટે વંશગિરિ પર્વત માળામાંથી એક ‘ મોર ’ લાવી તેનું માંસ રાંધીને આપતો હતો.

એક દિવસ તેના માટે લાવવામાં આવેલા મોરને બિલાડી ખાઈ ગઈ, ત્યારે રસોઈઆએ મરેલા બાળકનું માંસ રાંધીને તેને આપ્યું. આજે માંસ આટલું બધું સ્વાદિષ્ટ કેમ લાગે છે? સોદાસના પૂછવાથી રસોયાએ સાચી વાત કહી બતાવી, તે વારે સોદાસે પ્રસન્ન થઈને કહ્યું કે આજથી મારા માટે ‘ મોરના, બદલે મનુષ્યનું જ માંસ બનાવજે, રસોઈઆએ તે પ્રમાણે નહી કરવાથી સોદાસ પોતે જ બાળકોનું હરણ કરવા લાગ્યો, જ્યારે રાજાને સોદાસની કાર્યવાહીની ખબર પડી ત્યારે તેને દેશનિકાલ કર્યો, ત્યારથી સોદાસ રાક્ષસ સ્વરૂપે દુર્ગમાં આવીને રહ્યો છે. દરરોજ પાંચ છ મનુષ્યોને મારીને ખાવા લાગ્યો, તેના દુર્ભાગ્યથી જ આજે સોદાસ મરાયો છે, ત્યારબાદ તે લોકોની વિનંતિથી તે કન્યાઓની સાથે વસુદેવે લગ્ન કર્યા. રાત્રીભર ત્યાં રહીને પ્રાતઃકાળે અચલ ગ્રામમાં ગયા.

ત્યાં તેઓએ જ્ઞાનીના આદેશથી સાર્થવાહની કન્યા મિત્રશ્રીની સાથે લગ્ન કર્યા, ત્યાંથી વેદસામક નામના નગરમાં ગયા, ત્યાં તેને ઈન્દ્રજાલિક ઈન્દ્રશર્માની પત્નિ વનમાલા મલી, આવો દિયર ! આ પ્રમાણે કહીને પોતાના ઘેર લઈ ગઈ. આ વસુદેવ છે. એ પ્રમાણે પોતાના પિતાને કહી, કુશલાદિ સમાચાર પૂછીને તેના પિતાએ કહ્યું

હતું કે અહિંઆ કપિલ નામે રાજા છે, અત્યન્ત ઉજ્જવલ લાવણ્યમયી કપિલા નામે તેને પુત્રી છે. જ્ઞાનીએ રાજાને કહ્યું હતું કે આપની કન્યાનો પતિ વસુદેવ થશે, તે પોતે જ અહીં આવશે, તેનું લક્ષણ એ છે કે તે સ્ફુલિંગ વેદન નામના ઘોડાનું દમન કરશે, મારા જમાઈ ઈન્દ્રશર્મા તમને લેવા માટે આવ્યા હતા, પરંતુ તેના આગમન પહેલાં જ આપ અહીં પધાર્યા છો.

વસુદેવે અશ્વદમન કરી કપિલા સાથે લગ્ન કર્યાં, રાજા તથા તેના પુત્ર અંશુમાને વસુદેવનો સત્કાર કર્યો, ઘણા દિવસ ત્યાં રહ્યા બાદ કપિલાની કુક્ષીને વિષે 'કપિલ' નામના પુત્રનો જન્મ થયો, એક દિવસ વસુદેવે હસ્તિ-શાળામાં જઈ એક હાથીને આલાન સ્થંભથી છોડી તેના ઉપર બેઠા, એકાએક તે હાથી આકાશમાર્ગે જવા લાગ્યો, વસુદેવે મુષ્ટિથી માર્યો, સરોવર કીનારે વસુદેવને ફેંકી દઈ 'હાથી' પોતાના મૂલ સ્વરૂપ વિદ્યાધરના રૂપે ચાલી ગયો, નીલયશાની ઈચ્છાવાળો વસુદેવથી હારી ગયેલો નીલકંઠ હાથીનું રૂપ ધારણ કરીને આવ્યો હતો.

વસુદેવ ત્યાંથી સાલગુહા નામના નગરમાં ગયા, ત્યાં ભાગ્યસેનની પાસે ધનુર્વિદ્યા શીખ્યા, ભાગ્યસેનની સાથે લડાઈ કરવા માટે મેઘાસન નામે રાજા આવ્યો, વસુદેવે લડાઈમાં મેઘાસનને જીતી લીધો, ભાગ્યસેને પદ્માવતી અને મેઘાસેને અશ્વસેના નામની પોતાની કન્યાઓ 'વસુદેવ'ને આપી. પોતાની બન્ને વલ્લભાઓના આગ્રહથી ત્યાં ઘણા

લાંબા સમય સુધી રહી ત્યાંથી મલયાચલના અલંકારરૂપ 'ભદ્રીલ' નામના નગરમાં આવ્યા, ત્યાં આવી પુણ્ડ્ર રાજાની પુત્રી પુણ્ડ્રાની તરફ અત્યંત અનુરાગ ઉત્પન્ન થવાથી તેણીની સાથે લગ્ન કર્યા, તેનાથી ઉત્પન્ન થયેલ પુણ્ડ્રીક નામના પુત્રને રાજ્ય ઉપર બેસાડ્યો, ત્યાં પહેલાંનો વૈરી અંગારક નામે વિદ્યાધર હંસના સ્વરૂપે આવ્યો, વસુદેવનું હરણ કરી ગંગા નદીમાં ફેંકી દીધા, ગંગા નદી પાર કરી, થોડીવાર વિશ્રાંતિ લઈ ઈલાવર્ધન નામના નગરમાં ગયા, એક સાર્થવાહની દુકાનના ઓટલા ઉપર જઈને બેઠા, તે દિવસે સાર્થવાહને ત્રણ લાખનો વહેપારમાં નફો થયો.

વસુદેવના પ્રભાવથી આશ્ચર્ય અનુભવતો સાર્થવાહ પાલખીમાં બેસાડી વસુદેવને પોતાના ઘેર લાવ્યો, રત્નવતી નામે પોતાની પુત્રી સાથે તેના લગ્ન કર્યા.

બીજે દિવસે મહાપુર નગરમાં ઈન્દ્ર મહોત્સવ થવાનો છે તે સાંભળીને શ્વસુરની સાથે વસુદેવ રથમાં બેસી મહાપુર નગરમાં આવ્યા, નગરની બહાર મોટા પ્રાસાદો જોઈને શ્વસુરને પૂછ્યું કે આ શું બીજું નગર છે? શ્વસુરે કહ્યું કે અહીંઆં સોમદત્ત નામે રાજા છે. તેને ચંદ્રમાને લજ્જાળુ બનાવે તેવી મુખકાંતિવાળી સોમશ્રી નામે પુત્રી છે. તેના સ્વયંવરને માટે આ પ્રાસાદો(મહેલો) બનાવ્યા છે. પરંતુ આવેલા રાજકુમારો રાજકુમારીને માટે યોગ્ય નહી હોવાથી તેઓને વિદાયગીરી આપી દીધી છે, તે સાંભળીને વસુદેવે ઈન્દ્રસ્થંભને નમસ્કાર કર્યો, જ્યારે અન્તઃપુરની સ્ત્રીઓ

ઈન્દ્રસ્થંભની પૂજા કરવા જઈ રહી હતી, તેટલામાં એક હાથીએ આલાનસ્થંભને તોડી વસુદેવને રથમાંથી ફેંકી દીધા, એકલવાયી સ્ત્રીઓને જોઈ વસુદેવે હાથીને પડકાર કર્યો, ક્રોધથી ધમધમતો તે હાથી વસુદેવ તરફ દોડ્યો, પરંતુ મહાબલિષ્ઠ વસુદેવે તે હાથીને ક્ષણવારમાં મહાત કર્યો, ગભરાઈ ગયેલી તે સ્ત્રીઓને જ્યાં ત્યાં પડી જવાથી વાગ્યું હતું. તે સ્ત્રીઓને નજીકમાં રહેલા સ્થાનમાં લઈ જઈ ઉપચાર કરાવી દાસીઓની સાથે મહેલમાં મોકલી આપી.

કુબેર સાર્થવાહ વસુદેવને શ્વસુર સહિત પોતાને ઘેર લાવ્યો, સ્નાન ભોજન વિગેરે કાર્યોથી નિવૃત્ત થઈને બધા બેઠા હતા, તે વારે રાજપ્રતિહારી મનોહારીએ કહ્યું કે આપ સોમશ્રીના સ્વયંવરમાં પધારો કારણકે તેણીને ખબર છે કે આપ તેના પતિ થવાના છો, કેમકે 'સર્વાણુ' સાધુના કેવલજ્ઞાન મહોત્સવ વખતે આવેલા દેવોને જોઈ તેણીને જાતિસ્મરણ જ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી, ત્યારથી તેણી યોગિનીની સમાન મૌન ધારણ કરીને રહેતી હતી, બીજે દિવસે તેણીએ મને એકાંતમાં કહ્યું કે શુક્ર કલ્પમાં એક દેવ હતા, હું તેમની પત્નિ હતી, તેમની સાથે અનેક પ્રકારના ભોગોનો ઉપભોગ કર્યો, મારી સાથે તેઓ નંદીશ્વરાદિ દ્વીપોની યાત્રા કરીને પાછા વળતા હતા, ત્યારે બ્રહ્મલોક નજીકમાં આવતા તેમનું ચ્યવન થયું. બે કેવળી મુનિઓને જોઈ મેં તેમને પૂછ્યું કે મારા પતિ સ્વર્ગથી ચ્યવીને ક્યાં ગયા, ત્યારે તેઓએ કહ્યું કે તમારો પતિ હરિવંશમાં વૃષ્ણિ રાજકુલમાં ઉત્પન્ન થયો છે.

તું પણ ચ્યવીને સોમ રાજાની પુત્રી થઈશ, ઈન્દ્રાન્ત્સવના સમયે હાથીના તોફાનમાંથી જે તમને બચાવશે તેજ તારો પતિ થશે.

તે બન્નેને પ્રણામ કરી હું મારા સ્થાનમાં આવી, ત્યાંથી ચ્યવીને હું સોમદત્ત રાજાની સોમશ્રી નામે પુત્રી ઉત્પન્ન થઈ છું. તેણીના મુખથી આ વાત સાંભળી મેં રાજાને વાત કરી, એટલે તે કારણથી સર્વે રાજકુમારોને સોમદત્ત રાજાએ વિદાય કર્યા છે. આપે તેની હાથીના તોફાનમાંથી રક્ષા કરી છે. એટલે રાજાને વાત ઉપર વિશ્વાસ આવી ગયો છે.

આપને રાજમહેલમાં લઈ આવવા માટે મને રાજાએ મોકલ્યો છે, તો આપ શ્રી મારી સાથે મહેલમાં પધારો અને રાજકુમારી સાથે લગ્ન કરો, પ્રતિહારીના કહેવાથી તેની સાથે વસુદેવ રાજમહેલમાં ગયા, સોમશ્રી સાથે ધામધૂમ પૂર્વક લગ્ન કરવામાં આવ્યા, લાંબા સમય સુધી ભોગોપભોગ ભોગવ્યા, એક દિવસ વસુદેવ ઉંઘીને ઉઠ્યા ત્યારે સોમશ્રીને નહી જોવાથી વ્યાકુળ બની ત્રણ દિવસ સુધી શુન્ય મનસ્ક બની ગયા, ચોથે દીવસે ઉપવનમાં ફરતાં ફરતાં તેણીને પૂછ્યું કે "મારો શું અપરાધ હતો કે તું ત્રણ દિવસ સુધી અદ્રશ્ય રહી." તેણીએ કહ્યું કે આપના માટે ત્રણ દિવસ સુધી મૌન રહીને વિશિષ્ટ પ્રકારની ક્રીયા અને નિયમનું પાલન કરતી હતી, આપ આ દેવતાની પૂજા કરી ફરીથી મારી સાથે લગ્ન કરો, મારા વ્રતનો આ નિયમ છે.

વસુદેવે તે પ્રમાણે ફરીથી લગ્ન કર્યું. દેવીનો પ્રાસાદ છે એમ કહીને તેણીએ મદિરા પીવરાવીને નિર્જર કન્દર્પિણીની જેમ તેણી વસુદેવની સાથે ભોગ રમણતા કરતી હતી, રાતના સુતી વખતે તેણીને જુદુ રૂપ જોઈ વાસુદેવે પૂછ્યું કે તું કોણ છે? તેણીએ કહ્યું કે વૈતાઢ્ય પર્વત ઉપરની દક્ષિણા શ્રેણીમાં સુવર્ણાભપુર નામે નગરમાં ચિત્રાંગ નામે રાજા છે. અંગારવતી તેની પ્રિયતમા છે. તેને માનસવેગ નામે પૂત્ર છે. હું તેની પૂત્રી છું. મારૂં નામ વેગવતી છે. હું કૌમાર્ય વ્રતનું પાલન કરૂં છું. ચિત્રાંગ વિદ્યાધરે પોતાના પૂત્ર માનસવેગને રાજ્ય સુપ્રત કરી દીક્ષા અંગીકાર કરી છે. મારા ભાઈએ આપની પ્રિયા સોમશ્રીનું હરણ કરેલું છે. ભોગ માટે ઘણી પ્રાર્થના કરવા છતાં પણ તેણીએ માનસવેગની માગણીનો સ્વિકાર કર્યો નથી. અને આપને લાવવા માટે મને કહેવામાં આવ્યું અને હું આપને લેવા માટે અહીં આવી છું. આપને સુતેલા જોઈ હું કામાતુર બની ગઈ. એટલે મેં આપની સાથે આ પ્રમાણે માયાજાળ કરી, હવે આપ મારા પતિ બની ગયા છો.

સવારના બધાએ વેગવતીને જોઈ અને તેણીએ પોતાનું અહીં આવવાનું કારણ સમજાવ્યું. વસુદેવે કામાંધ માનસવેગ ખેચરને મૂઠી મારી માર્યો, તે ખેચરે વસુદેવને ગંગા નદીમાં ફેંકી દીધા, ગંગામાં વિદ્યાસાધના કરતા ચંડવેગના ખભા ઉપર વસુદેવ પડચા, જેનાથી ચંડ-

વેગની વિદ્યા, સાધ્ય બની, ચંડવેગ વિદ્યાસાધકે ખુશી થઈને વસુદેવને આકાશગામિની વિદ્યા આપી, ચંડવેગના ગયા બાદ વસુદેવ ગંગાના કીનારે એકાગ્ર ચિત્તથી વિદ્યા-સાધન કરી રહ્યા હતા.

તે વખતે વિદ્યુત્વેગની પૂત્રી વિદ્યાધરી મદનવેગા કામાતુર બનીને વસુદેવને વૈતાઢ્ય પર્વત ઉપર લઈ ગઈ, ઉદ્યાનમાં વસુદેવને પુષ્પશૈયા ઉપર મૂકીને તેણી અમૃત-ધ.રા નગરમાં ગઈ. પ્રાતઃકાલે મદનવેગાના ભાઈ દધિમૂખ, દંડવેગ અને ચંડવેગે આવી વસુદેવને નમસ્કાર કરી પોતાના નગરમાં સન્માન સહિત પ્રવેશ કરાવ્યો, અને મદનવેગા સાથે વસુદેવના લગ્ન કરવામાં આવ્યા.

એક દિવસ વસુદેવને નમસ્કાર કરીને દધિમૂખે કહ્યું કે તિલકપતન નામના નગરમાં ત્રિશિખર નામે રાજા છે. મારા પિતા વિદ્યુત્વેગ પાસે તેણે પોતાના પૂત્ર સૂર્યકને માટે અભિમાનથી મદનવેગાની માંગણી કરી, મારા પિતાએ તેને પોતાની કન્યા આપવાની ના કહી, કારણ કે ભાગ્ય-વશાત્ એક વખત મારા પિતાજીએ મદનવેગાના વિવાહને માટે એક ચારણ ઋષિને પૂછ્યું હતું. તેમણે હરિવંશમાં મોતી સમાન વસુદેવનું નામ કહ્યું હતું. તેઓએ કહ્યું હતું કે ચંડવેગને ગંગાનદીમાં વિદ્યા સાધતી વખતે તેના ખભા ઉપર પડવાથી વિદ્યા સિદ્ધ થશે, અને ખભા ઉપર પડનાર જ વસુદેવ હશે. આ વાતને જાણી વિદ્યુત્વેગે ખાસ કરીને સૂર્યકની વાતનો અસ્વિકાર કર્યો.

બળવાન ત્રિશિખર ક્રોધમાં આવી, માતા અને

પિતાજીને બાંધી લઈ ગયો છે. તો આપ આપના શ્વસુરને બંધનમાંથી મૂક્ત કરાવી અમને બધાને આનંદિત બનાવો. હમારા વંશમાં આદિ પુરૂષ નમિ અને તેમના પુત્ર, પૌત્રો થયા છે. તેના વંશમાં અરિંજયપુરના સ્વામિ મેઘનાદાદિ થયા. સૂભૂમ ચક્રવર્તિએ તેમના જમાઈને બ્રાહ્મ, આગ્નેયાદિ દિવ્યાસ્ત્રોની સાથે બે શ્રેણિઓનું રાજ્ય આપ્યું. તેમના વંશમાં રાવણ રાજા થયા, તેમના ભાઈ વિભીષણના કુળમાં મારા પિતા વિદ્યુત્વેગ થયા.

આ પ્રમાણે વંશપરંપરાથી આવેલા શસ્ત્રોને આપ ગ્રહણ કરો. આ પ્રમાણે કહીને દધીમૂખે દિવ્યાસ્ત્રો વસુદેવને આપ્યા, વસુદેવે વિધિપૂર્વક ઉત્તર ક્રિયાઓથી તેને સાધ્ય કર્યા.

મદનવેગાના લગ્ન વસુદેવની સાથે થયેલા સાંભળી ક્રોધ રૂપી પર્વતના શિખર ઉપર બેઠેલા ત્રિશિખરે સ્વર્ણમુખ માયાવી રથ ઉપર બેસીને યુદ્ધનું આવ્હાન આપ્યું. દધિમુખ સહિત વસુદેવે યુદ્ધ કર્યું. અને ઈન્દ્રાસ્ત્રથી તેના માથાને કાપી નાંખ્યું. તેના નગરમાં જઈ વસુદેવે પોતાના સસરા વિદ્યુત્વેગને મુક્ત કર્યા, બાદમાં વિદ્યાધરોની સાથે ચૈત્યોની યાત્રા કરી ત્યાંથી પાછા આવી મદનવેગાને વેગવતી કહીને બોલાવી, જેનાથી તે કોપાયમાન થઈ.

ત્રિશિખરની પત્ની સુપર્ણખાએ મદનવેગાનું રૂપ ધારણ કરી વસુદેવના ઘરને સળગાવ્યું. વસુદેવને લઇ તેણી આકાશમાં ઉડી ગઈ, પોતાના પતિના મૃત્યુનો

બદલો લેવા માટે ઉપરથી વસુદેવને ફેંકી દીધા, પરંતુ રાજગૃહ નગરની બહાર ઘાસની ગંજી ઉપર પડ્યા, જરાસંઘ રાજાની પ્રશંસા સાંભળી તેના નગરમાં ગયા, ત્યાં જુગાર રમી કરોડ સોનૈયાની જીત મેળવી, જીતના સોનૈયા યાચકોને આપી દીધા.

જરાસંઘના સેવકો વસુદેવને બાંધી રાજ્યસભામાં લાવ્યા, રાજસભામાં વસુદેવે કહ્યું કે–

"હું નિરપરાધી છું, મને કેમ બંધનાવસ્થામાં નાંખવામાં આવ્યો છે."

એવો પ્રશ્ન પૂછવાથી તે લોકોએ કહ્યું કે કોઈ જ્ઞાનીએ જરાસંઘને કહ્યું છે કે "જે કોઈ પુરૂષ જુગારમાં ક્રોડ સુવર્ણમુદ્રા જીતીને યાચકોને આપશે તેનો પુત્ર આપને મારશે." રાજાની આજ્ઞાથી હે ભદ્ર ! તું નિરપરાધ હોવા છતાં પણ તને મારવામાં આવશે.

આ પ્રમાણે કહીને વસુદેવને કોથળામાં નાખી મારવાની ઇચ્છાથી પર્વતની તરફ લઈ ગયા, વેગવતીની ધાવમાતા ભાગ્યવશાત્ જોઈ ગઈ. અને કોથળાસહિત વસુદેવને લઈ ઉડી ગઈ, અને વેગવતીના આવાસમાં આવી, વસુદેવ વેગવતીના પગરવને જાણી કોથળો ફાડી બહાર આવ્યા.

"નાથ, નાથ" બોલતી અને રડતી વેગવતી વસુદેવને બાઝી પડી, વેગવતીએ બધી હકીકત બતાવી દીધી, અને કહ્યું કે જ્યારે સૂપર્ણખાએ તમારા નિવાસસ્થાનવાળા

ઘરને સળગાવી નાખી આકાશમાંથી તમને નીચે ફેંકી દીધા, તે વખતે આપને બચાવવા માટે મારા ભાઈ માનસ-વેગનું રૂપ ધારણ કરી હું નીચે આવી, તેણે મારો પીછો પકડયો, હું મારા રક્ષણ માટે ચૈત્યમાં ગઈ, અને મુનિને વળગી પડી, જેનાથી મારી વિદ્યા નષ્ટ થઈ ગઈ, ત્યારથી પૃથ્વી તથા ધાવમાતાનું આશ્રય સ્વીકાર્યું છે. ધાવમાતા-દ્વારા આપના દર્શન થયા, વસુદેવ તથા વેગવતી આનંદ-પુર્વક તાપસાશ્રમમાં રહેવા લાગ્યા.

કોઈ એક કન્યાને બંધનાવસ્થામાં નદીમાં ફેંકી દીધેલી જોઈને દયાળુ વસુદેવે વેગવતીની પ્રેરણાથી તે કન્યાને બહાર કાઢી સ્વસ્થ બનાવી.

તેણીએ વસુદેવને કહ્યું કે વૈતાઢય પર્વત ઉપર ગગન-વલ્લભ નામે એક નગર છે. નમિના વંશજ વિદ્યુદંષ્ટ્ર નામે રાજા છે. તેમણે પ્રત્યગ્‌વિદેહમાં પ્રતિમાસ્થ મુનિને જોયા, ઉત્પાદ્દભૂતની બુમરાણ મચાવી ખેચરોને બોલાવ્યા, ધરણેન્દ્રે આવીને વિરોધીઓની વિદ્યા નષ્ટ કરી નાખી, તે લોકોની વિનંતિ સાંભળી ધરણેન્દ્રે કહ્યું કે કેવળજ્ઞાનના મહોત્સવ માટે હું આવ્યો હતો તેથી તમને માર્યા નથી. જ્યારે ખેચરોએ કલ્પાંત કરતાં કરતાં કાલાવાલા કર્યા, ત્યારે કહ્યું કે તમારી વિદ્યાઓ કોઈ સાધુપુરૂષ અથવા ઉત્તમ પુરૂષના યોગથી સિદ્ધ થશે, કહીને ધરણેન્દ્ર સ્વસ્થાને ગયા.

વિદ્યુદ્દંષ્ટ્રના વંશમાં ઉત્પન્ન થયેલી અને વિદ્યાઓને

સાધતી કેતુમતીના લગ્ન પુંડરિકની સાથે થયાં, આપના પ્રભાવથી મારી વિદ્યા સિદ્ધ થઈ છે. હું પણ વિદ્યુદ્દંષ્ટ્રના વંશની બાલચન્દ્રા નામે કન્યા છું. આપ મારી સાથે લગ્ન કરો, વસુદેવે તેની સાથે લગ્ન કર્યા, ત્યારે બાલચન્દ્રાએ કહ્યું કે વિદ્યાસિદ્ધી કરવામાં સહાયભૂત એવા આપને હું શું આપુ? વસુદેવે કહ્યું કે તમે વેગવતીને વિદ્યા આપો, વેગવતીને લઈ તેણી ગગનવલ્લભ નગરમાં ગઇ, વસુદેવ તાપસાશ્રમમાં પાછા આવ્યા.

તે વખતે તાપસ બનેલા અને નિંદા કરતા બે રાજાઓને જોઈ નિંદા કરવાનું કારણ પૂછયું. ત્યારે તેઓએ કહ્યું કે:

શ્રાવસ્તિ નગરીમાં એણીપુત્ર નામના રાજા છે. તેમણે પોતાની પુત્રી પ્રિયંગુસુંદરીના સ્વયંવરમાં રાજાઓને બો-લાવ્યા, તે કન્યાએ તે બધા રાજાઓમાંથી કોઇની પસંદગી કરી નહિ તેથી તે બધા રાજાઓએ એકમત બની તેની સાથે યુદ્ધ કર્યું. પરંતુ સિંહસમાન પરાક્રમી એણીપુત્રે બધાને જીતી લીધા, જેમ સિંહની બીકે મૃગલાઓ ભાગી જાય તેમ તે બધા દશે દિશામાં ભાગી ગયા, કેટલાક તો જંગલમાં ગયા, તો કેટલાક પહાડોની ગુફામાં ભરાઇ ગયા. અમે બન્ને જણા ભાગીને તાપસ બની ગયા છીએ.

વસુદેવે તે બન્નેને ઉપદેશ આપી આર્હતધર્મ પ્રવ્રજ્યા ગ્રહણ કરાવી, વસુદેવ શ્રાવસ્તી નગરીમાં આવ્યા અને

ઉદ્યાનમાં એક વિચિત્ર દેવમંદિરને જોઈ અંદર ગયા તો તેમાં એક ગૃહસ્થ, ઋષિ અને ત્રણ પગવાળા પાડાની મૂર્તિ જોઈ આશ્ચર્યથી પૂછયું કે આ શું ?

વસુદેવના પુછવાથી બ્રાહ્મણે જવાબ આપ્યો કે અહીંઆ જિતશત્રુ નામે રાજા છે. તેને મૃગધ્વજ નામે પુત્ર હતો, અને નગરમાં કામદેવ નામે એક ધનવાન શ્રેષ્ઠિ હતો. તે એક દિવસ પોતાના ગોકુળમાં આવ્યો, દંડક નામના ગોકુળના અધિકારીએ કહ્યું કે આ ભેંસના પાંચ પુત્રોને મેં મારી નાખ્યા છે. આ છઠ્ઠો પુત્ર અતિ સુંદર છે. તેણે બીકના માર્યા મસ્તક ઝુકાવી મારા ચરણોમાં પ્રણામ કર્યા છે, જાતિસ્મરણ થયેલું હોવાથી મેં તે પાડાનું રક્ષણ કર્યું. માટે આપ પણ તેને અભયદાન આપો.

શ્રેષ્ઠિએ દંડકની વાતને માન્ય રાખી પાડાને શ્રાવસ્તિ નગરીમાં લાવ્યા, રાજા તરફથી પણ અભયદાન આપવામાં આવ્યું. નગરમાં તે પાડાને છૂટો મૂકવામાં આવ્યો, મૃગધ્વજ કુમારે એક દિવસ તેનો પગ કાપી નાખ્યો, રાજાએ કુમારને કાઢી મૂક્યો, રાજકુમારે વૈરાગ્યવાસિત બનીને પ્રવ્રજ્યા ગ્રહણ કરી, અઢાર દિવસે તે પાડો મરી ગયો, દીક્ષા લીધા બાદ બાવીસમા દિવસે મૃગધ્વજ મુનિને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ, સુરાસુર નરેન્દ્રોએ ભક્તિથી આવી મહોત્સવ કર્યો અને વંદના નમસ્કાર કર્યો.

પિતાજીએ પાડાની સાથેના વેરનું કારણ પૂછયું. કેવળી ભગવંતે કહ્યું કે અશ્વગ્રિવ નામે પ્રતિવાસુદેવ હતા,

તેમને નાસ્તિક અને ધર્મનિન્દક હરિશ્મશ્રુ નામે મંત્રી હતો, રાજા હંમેશા ધર્મારાધનમાં ચિત્તને સ્થિર કરતા, બન્નેમાં પૂર્ણિમા અને અમાવાસ્યા જેટલું અંતર હતું, ત્રિપુષ્ઠ અને અચલથી મરાયેલા અમે ભવભ્રમણ કરી રહ્યા છીએ, અશ્વગ્રિવનો જીવ 'હું' આપનો પુત્ર થયો, જ્યારે મંત્રીનો જીવ પાડો બન્યો છે. પૂર્વજન્મના વૈરભાવથી મેં તેનો નાશ કર્યો છે. પાડો મરીને લોહિતાક્ષ નામે વ્યંતર થયો છે. મને વંદન કરવા માટે અહીં આવ્યો.

હે રાજન ! સંસારના નાટક અતિવિચિત્ર છે, તે વ્યંતરે પ્રાસાદ બનાવી મૃગધ્વજ ઋષિની અને ત્રીપાદ પાડાની રત્નમય મૂર્તિઓ સ્થાપિત કરી છે. કામદેવના વંશમાં હમણાં કામદત્ત નામે શ્રેષ્ઠી છે, તેને બંધુમતી નામે અત્યંત સુંદર પુત્રી છે, તેના લગ્નને માટે જ્ઞાનીએ કહ્યું હતું કે જે પુરૂષ દેવગૃહના મુખ્ય દ્વારને ખોલશે તે તેનો પતિ થશે.

બ્રાહ્મણના મુખથી વાત સાંભળી વસુદેવે તેના દ્વાર ખોલી નાખ્યા, અને કામદત્ત શ્રેષ્ઠીએ આવી હર્ષથી પોતાની પુત્રીના લગ્ન વસુદેવની સાથે કર્યા, આશ્ચર્યને જોવા માટે પ્રિયંગુસુંદરી સહિત એણીપુત્ર રાજા પણ આવ્યો, વસુદેવને જોઈ પ્રિયંગુસુંદરી કામાધીન બની ગઈ, દ્વારપાલે આવી વસુદેવને રાજકન્યા બોલાવે છે. તે પ્રમાણે સમાચાર આપ્યા, અને પોતાના સ્થાનકે ગયો.

તે વારે વસુદેવે એક નાટક જોયું. તેમાં 'નમિ'નો

પુત્ર વાસવ ખેચર હાથી ઉપર સ્વારી કરી, ગૌતમના આશ્રમે ગયો. ત્યાં અદ્ભુત રૂપ અને લાવણ્યમય ગૌતમની પત્નિ અહલ્યાને જોઈ કામાતુર બનેલા વાસવ ખેચરે તેની સાથે સંભોગ કર્યો.

તે દુષ્કર્મથી વાસવ ખેચરની વિદ્યા નાશ પામી, અને ગૌતમ તાપસે ક્રોધ કરી તેનું લિંગ કાપી નાખ્યું. વસુદેવે નાટક જોઈને પ્રિયંગુસુન્દરી પાસે 'ન' જવાનો નિર્ણય કર્યો, રાતના બન્ધુમતીની સાથે વાર્તા વિનોદ કરતા સૂઈ ગયા, ઉંઘ ઉડી જવાથી રાતના એક દેવીને જોઈ. આ કોણ હશે ? તે પ્રકારનો વિચાર કરવા લાગ્યા. તે વારે દેવી બોલી વત્સ । તું શું વિચારે છે ? આ પ્રમાણે કહીને વસુદેવનો હાથ પકડી દેવી અશોકવનમાં લઈ ગઈ, અને કહેવા લાગી.

આ ભરતક્ષેત્રમાં ચન્દનપુર નગરમાં 'અમોઘરત્ન' નામે રાજા હતા, તેમને ચારૂમતી નામે રાણી હતી, અને ચારૂચન્દ્ર નામે પૂત્ર હતો, અનંગસેના વેશ્યાની પૂત્રી કામપતાકાની સાથે ચારૂચંદ્રને પ્રેમ હતો.

એક સમય યજ્ઞમાં તાપસો આવ્યા, તેમાં કૌશિક તથા તૃણબિન્દુ ફળો લઈને આવ્યા હતા, આ ફળો ક્યાંથી આવ્યા ? આ પ્રમાણે રાજાના પૂછવાથી તે બન્ને તાપસોએ કહ્યું કે હરિવંશમાં આવેલા કલ્પવૃક્ષમાંથી આ ફળો આવ્યા છે. સભામાં નાચતી કામપતાકાએ ચારૂચંદ્ર તથા કૌશિકના મન રંજિત કર્યા.

યજ્ઞ પૂર્ણ થયેથી યુવરાજે કામપતાકાને પોતાના અધિકારમાં રાખી, તાપસ કૌશિકે રાજાની પાસે ફરીથી કામપતાકાની માંગણી કરી, રાજાએ કહ્યું કે તેણી શ્રાવિકા બની છે. અને કુમારે તેણીને ગ્રહણ કરી છે. માટે હવે તે બીજા પતિને ગ્રહણ કરી શકે નહી એટલું જ નહિ, મનથી પણ નહિ ઈચ્છે.

આ પ્રમાણે રાજાના કહેવાથી કૌશિક તાપસને ક્રોધ આવ્યો. અને શ્રાપ આપ્યો કે જ્યારે તમે સ્ત્રી સેવન કરશો તે વખતે જ તમારૂં મૃત્યુ થશે, ચારૂચંદ્રને રાજ્ય આપી રાજાએ તાપસી દીક્ષાનો સ્વિકાર કર્યો, અને વનમાં ચાલી ગયા, પરંતુ રાણીને પ્રથમથી ગર્ભ રહેલો હોવાથી પૂર્ણ માસે પૂત્રીને જન્મ આપ્યો, તેનું નામ ઋષિદત્તા રાખ્યું.

ચારણશ્રમણોપાસનાથી તેણે શ્રાવક ધર્મ અંગિકાર કર્યો. તેણી યૌવનાવસ્થામાં આવી ત્યારે તેની માતા અને ધાવમાતાનો સ્વર્ગવાસ થયો, રાજા શિલાયુધ શિકારને માટે ત્યાં આવ્યા. કામથી મોહિત બનીને તેની સાથે વિષય-ભોગની માંગણી કરી. તેણીએ કહ્યું કે "હું ઋતુવંતી છું." જો ગર્ભ રહી જાય તો તેનો ઉપાય શું કરવો ? રાજાએ કહ્યું કે હું શ્રાવસ્તિ નગરીમાં શતાયુધરાજાનો પૂત્ર શિલાયુદ્ધ છું; જો તમને પુત્રરત્નની પ્રાપ્તિ થાય તો તમે તેને લઈને મારી પાસે આવજો કે જેથી હું તેને રાજ્યગાદી આપીશ.

તેણીએ અમોઘરત્ન તાપસને વાત કહી બતાવી,

અનુક્રમે પૂત્રને જન્મ આપ્યો અને તેણી મૃત્યુ પામીને જ્વલનપ્રભ નાગની મૂખ્ય મહિષી બની, 'અમોઘરત્ન' તાપસ તે બાળકને લઈ ખુબ જ કલ્પાંત કરવા લાગ્યો, જ્વલનપ્રભની દેવીએ અવધિજ્ઞાનથી જાણીને હરિણીના રૂપે આવી દરરોજ દૂધપાન કરાવવા લાગી, તે બાળક મોટો થયો અને 'એણીપૂત્ર' નામથી પ્રસિદ્ધ થયો, કૌશિક મરીને પિતાજીના આશ્રમમાં નેત્રવિષ સર્પ બન્યો, તેં મારા પિતાજીને કરડ્યો, મેં પિતાજીને ચઢેલા ઝેરનું નિવારણ કર્યું. ત્યારબાદ તે મરીને 'બલ' નામે દેવ થયો, ઋષિદત્તાના રૂપમાં મેં શિલાયુદ્ધ રાજાને શ્રાવસ્તિ નગરીમાં જઈ તે એણીપૂત્રને સોંપ્યો, પરંતુ રાજાને વિસ્મૃતિ થવાથી તેનો સ્વિકાર કર્યો નહી.

મેં પૂત્રને ત્યાં મૂકી આકાશવાણીથી પહેલાંની બનેલી તમામ વાત કહી બતાવી, રાજાએ પૂત્રનો સ્વિકાર કર્યો, તેને રાજ્યગાદી સુપ્રત કરી શિલાયુદ્ધ રાજવીએ પ્રવ્રજ્યા ગ્રહણ કરી. અંતે સ્વર્ગે ગયા, ત્યારથી 'એણીપૂત્ર' શ્રાવસ્તિ નગરીના રાજા તરીકે પ્રસિદ્ધ થયો.

સંતાનની ઈચ્છાથી અઠ્ઠમતપ કરીને મારી આરાધના કરી, મેં તેને પ્રિયંગુસુંદરી નામની પૂત્રી તેને આપી, સ્વયંવરમાં તેણીએ કોઈ રાજપૂત્રનો સ્વિકાર કર્યો નહી. તે આપને જ પરણવાની ઈચ્છાવાળી છે. માટે આપ મારા આદેશથી ત્યાં જાઓ, અને એણીપૂત્રની તે પૂત્રીની સાથે લગ્ન કરો, આપને જરૂર હોય તે બીજું કાંઈ મારી પાસે

માંગી લો, વસુદેવે કહ્યું કે હું સ્મરણુ કરૂં ત્યારે તમારે આવવું. વસુદેવને વચન આપી તે ચાલી ગઈ, વસુદેવે ત્યાં જઈને પ્રિયંગુસુંદરીની સાથે લગ્ન કર્યા.

વૈતાઢ્ય પર્વત ઉપર ગંધસમૃદ્ધ નગરમાં 'ગાન્ધાર પિંગલ નામે રાજાની પૂત્રી મશ્કરી કરતાં સુવર્ણાભપુરમાં સોમશ્રીને મિત્રાચારીના ભાવે બોલી કે 'હું તારા પતિને લઈ આવું', તેણી શ્રાવસ્તિ જઈને ત્યાંથી વસુદેવને લાવી સોમશ્રીને સમર્પણુ કર્યા, વસુદેવ સોમશ્રીની સાથે અન્ય સ્વરૂપે રહેવા લાગ્યા. આ વાત જાણીને માનસવેગે તેમની ઉપર આક્રમણુ કર્યું. બન્નેમાં ભયંકર વિવાદ નિર્માણુ થયો, બન્ને જણા સિંહ રાજાની પાસે ગયા, સૂર્યક આદિ પણુ આવી ગયા, બન્ને જણે પોતપોતાની વાતો કહી સંભળાવી, માનસવેગ સૂર્યકાદિની સાથે મળીને લડાઈ કરવાને માટે તૈયાર થયો, વેગવતીના માતા અંગારવતીએ બે ધનુષ અને બે તૃણુ (તીર) જો કે તે દિવ્ય હતા તે આપ્યા, તેના બળથી વસુદેવે બધાને જીતી લીધા, સોમશ્રીની સામે માનસવેગને મજબુત બંધનથી બાંધી લીધો, પરંતુ પોતાની સાસુ અંગારવતીના કહેવાથી તેને છોડી દીધો. ત્યાંથી બધા મહાપુરનગરમાં આવ્યા.

સૂર્યકે ઘોડાના રૂપમાં વસુદેવ ઉપર આક્રમણુ કર્યું. વસુદેવે મુઠીઓના ઘાતથી ખુબ માર્યો, વસુદેવને ગંગા નદીમાં ફેંકી દીધા, ગંગા નદી પાર કરીને વસુદેવ તાપસાશ્રમમાં આવ્યા, ત્યાં તેણે કંઠમાં હાડકાની માળા નાખેલી એક સ્ત્રી જોઈ.

તાપસોને પૂછવાથી ખબર પડી કે આ સ્ત્રી જરાસંઘની પૂત્રી નંદીષેણા છે. અને જીતશત્રુ રાજાની પત્નિ છે. કોઈ તાપસે મંત્ર તંત્રથી તેણીને બુદ્ધિહીન બનાવી હતી, વસુદેવે વિદ્યાશક્તિથી તેની ઉપર થયેલી મંત્રીક અને તંત્રિક ક્રિયાને દૂર કરી, જિતશત્રુ રાજાએ પ્રસન્નતાથી પોતાની બેન કેતુમતીનું લગ્ન વસુદેવ સાથે કર્યું. દૂત દ્વારા જરાસંઘને ખબર પડી કે આપની પૂત્રી સ્વસ્થ બની ગઈ છે. ત્યારે જરાસંઘે આદર સત્કાર સહિત વસુદેવને બોલાવ્યા. નિમિત્તઆના કથનાનુસાર નંદિષેણાને સ્વસ્થ કરનારનો પૂત્ર જરાસંઘને મારશે, એ દ્વેષથી જરાસંઘના રક્ષકો વસુદેવને મારવા માટે તયાર થયા, એટલામાં ગૃન્ધસમૃદ્ધ દેશના રાજા ગંધારપિંગલે મોકલેલી ભાગીરથી જરાસંઘના રક્ષકો પાસેથી ઝુંટવીને વસુદેવને 'ગન્ધસમૃદ્ધ, નગરમાં લાવી, અને પ્રભાવતીની સાથે વસુદેવના લગ્ન થયા.

આ પ્રમાણે પૂર્વ જન્મના તપદ્વારા બાંધેલા નિયાણાના યોગે વસુદેવ હજારો વિદ્યાધર પૂત્રીઓના ભર્તાર બન્યા, વળી કૌશલ વિદ્યાધરની પૂત્રી કૌશલ્યાની સાથે પણ લગ્ન કર્યાં.

॥ ઇતિ પાંચમો સર્ગ સંપૂર્ણ ॥

॥ શ્રી અમમસ્વામિ પ્રથમ ભાગ સંપૂર્ણ ॥

યશો ... શનનાં પ્રકાશનોઃ

**૧ મહા ... ી નર્મદાસુંદરી.**

લેઃ ભાનુચંદ્રવિજયજી મહારાજ

શીયલવંતી ધન્ય નારીના જીવન સૌરભથી શણગારાયેલી કથાઃ દ્વિરંગી ભાવવાહી સુંદર જેકેટ સાથે પાકું બાઈન્ડીંગ પૃ. ૩૨૦ કિંમત : ૨–૫૦

**૨ બારપર્વની કથા.**

સંપાદકઃ મુનિ ભાનુચંદ્રવિજયજી ... રાજ જેમાં બારપર્વની કથાઓ ... રાતી ભાષામાં પત્રાકારે કિં. રૂા. ૬–૦૦

**૩ સાગરનાં મોતી.**

લે. મુનિ ભાનુચંદ્રવિજયજી મહારાજ

જે સંસ્કૃતિએ આર્યાવર્તના માનવજાતને આદર્શ અમૃતપાન કરાવી શાંતિ અને સુખના માર્ગો બતાવ્યા છે. એવી કથાઓનો સંગ્રહ કિં. રૂા. ૧–૫૦

**૪ સિરિસિરિવાલકહા (શ્રીપાલ કથા)**

અક્ષરસઃ ગુજરાતી ભાષાંતર પત્રાકારે લેજર પેપર ઉપર મૂલ્ય રૂા. ૩–૦૦

**શ્રીમહાચાર્યવિજયરત્નશેખરસૂરિ વિરચિત–સિરિસિરિવાલકહા ( શ્રીપાલ ...**

મૂળ પ્રાકૃત શ્લોકો, સંસ્કૃત અને અવચૂર્ણિ, સંસ્કૃત ટીપ્પણ ભા. ૧–૨ કિં. રૂા. ૧૨–૦૦

પ્રતાકારે લેજર પેપર ઉપર ગ્રંથ તૈયાર ...

પ્રાપ્તિસ્થાન—

**જસવંતલાલ ગિરધરલાલ શાહ**

૩૦૯/૪ ડોશીવાડાની પોળ, અમદાવાદ-૧

# અમારાં નૂતન પ્રકાશનો

| | મૂલ્ય |
|---|---|
| ૧ વિવિધ પૂજા સંગ્રહ ભા. ૧ થી ૬<br>જેમાં પ્રાચિન પૂર્વાચાર્ય વિરચિત<br>પૂજાઓનો સંગ્રહ છે. | ૩-૫૦ |
| ૨ વિવિધ પૂજા સંગ્રહ ભા. ૧ થી ૯ | ૫-૦૦ |
| ૩ વિવિધ પૂજા સંગ્રહ ભા. ૧ થી ૧૧ | ૬-૦૦ |
| ૪ નિત્ય સ્વાધ્યાય સ્તોત્રાદિ સંગ્રહ | ૪-૫૦ |
| ૫ જૈન સજ્ઝાયમાળા (સચિત્ર) | ૩-૦૦ |
| ૬ દેવવંદનમાળા (કથાઓ સહિત) | ૨-૫૦ |
| ૭ પંચપ્રતિક્રમણ વિધિ સહિત | ૨-૫૦ |
| ૮ બે પ્રતિક્રમણ વિધિ સહિત | ૧-૨૫ |
| ૯ જિનેન્દ્રદર્શન ચોવીશી (પરિકરયુક્ત) | ૧-૫૦ |
| ૧૦ નવસ્મરણ (સચિત્ર) | ૧-૦૦ |
| ૧૧ નવસ્મરણ (પોકેટ) | ૧-૦૦ |
| ૧૨ સ્નાત્રપૂજા | ૦-૨૫ |
| १ सामायिक सूत्र | ०-२५ |
| २ सामायिक सूत्र (सचित्र) | ०-५० |
| ३ देवसिराई ( ,, ) | ०-७५ |
| ४ बे प्रतिक्रमण विधि सहित | १-५० |
| ५ पंचप्रतिक्रमण विधि सहित | ३-०० |
| ६ विविध पूजा संग्रह भाग १ थी ७ | ५-०० |
| ७ विविध पूजा संग्रह भा. १ थी १० | ७-०० |
| ८ पंचप्रतिक्रमण मूळ | १-५० |

તે સિવાય જૈનધર્મનાં તમામ પ્રકારનાં પુસ્તકો, પ્રતો વિગેરે મળશે.

શ્રી જૈન પ્રકાશન મંદિર અમદાવાદ

વધુ વિગત માટે સૂચિપત્ર મંગાવો.

**જસવંતલાલ ગિરધરલાલ શાહ**

ઠે. જૈન પ્રકાશન મંદિર, ૩૦૯/૪ ડોશીવાડાની પોળ,
અમદાવાદ-૧


મુદ્રક: ઇમ્પીરીયલ પ્રિન્ટરી, ઘીકાંટા રોડ, અમદાવાદ.